'કોમન વેલ્થ ગેમ્સ' ગુજરાતની યશ કલગીમાં મોરપિચ્છ | અમદાવાદ રેડ ક્રોસની ગૌરવશાળી સિદ્ધિઓ | કેન્દ્રશાસિત પ્રદેશોના શિલ્પકાર શ્રી પ્રફુલ પટેલ | યુવા નેતૃત્વના ઉત્તમ આદર્શ શ્રી નરેશ કેલા | નીતિમત્તાના રાજમાર્ગ પર રાજાણી ગ્રુપ



'રંગોળી'ની રંગીન દુનિયામાં મલકાતી હૃષિતા ભટ્ટ



# શ્રી ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

મે-૨૦૨૬ | કિંમત ₹ ૬૦/-

Global Edition

# તક, તાકાત અને તમન્નાઓની પાંખે ઊડતું મારું ગુજરાત...

Read online : www.feelingsmultimedia.com


NSE
IPFT

Soch kar
Samajh kar
Invest kar

# રોકાણ કરતા પહેલાં
# સેબી ની વેબસાઇટ પર બ્રોકરની
# માહિતી તપાસી લો




સમજદાર બનો
હમણાં સ્કેન કરો


जागो ग्राहक जागो !
नमक कम ही खाएँ
पर अच्छा खाएँ ...
OVER 25 YEARS OF TRUST
Ankur SALT
अंकुर नमक
असली नमक™
अच्छे लोग... अच्छी पसंद...
Ankur Committed to Better Quality
For Trade Inquiry Please Contact :
+91 98252 30857
info@ankurgroup.in | www.ankurgroup.in

# અ નુ ક્ર મ ણિ કા

'Feelings'-International Gujarati Family Magazine
ફીલિંગ્સ
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન


**૧૦**
તક, તાકાત અને
તમન્નાઓની પાંખે ઉડતું
મારું ગુજરાત... વિકસિત ગુજરાત...
- પ્રદીપ ત્રિવેદી



**૨૪**
ગુજરાતના સંગ્રહાલયોમાં
જીવંત ઈતિહાસની સફર
વારસો, વિજ્ઞાન અને સંસ્કૃતિનું અદ્ભૂત વિશ્વ
- કેતન નાણાવટી



**૩૮**
સોફ્ટ કોટનથી સેમિકંડક્ટર સુધી
ગુજરાતની ઔદ્યોગિક વિકાસયાત્રા
- સંજય થોરાત 'સ્વજન'




**૪૬**
મી મુંબઈકર ગુજરાતી
- દીપા દેસાઈ



**૫૮**
અમેરિકામાં ગુજરાતનું નામ રોશન
કરતી આકાશગંગા પરી
**ડૉ. એકતા શાહ**
- પ્રદીપ ત્રિવેદી



**૬૨**
કેન્દ્રશાસિત પ્રદેશોની
કાયાપલટ કરતાં
શ્રી પ્રફુલ કે. પટેલ
- ચાણક્ય



૦૮ દંડ - ડૉ. આઈ. કે. વીજળીવાળા

30 સફળતાના 'શોર્ટકર્ટ'ને બદલે નીતિમત્તાના રાજમાર્ગ પર દોડતું રાજાણી ગ્રૂપ - મુકેશ પારેખ

૩૨ ૨030ની કોમનવેલ્થ ગેમ્સ : ગુજરાતની યશ કલગીનું નવું મોરપિચ્છ - ભવેન કચ્છી

૩૪ ગુજરાતને ગૌરવ અપાવતી વિશેષ ઘટનાઓ અને વ્યક્તિઓ - દિપક જગતાપ

૩૬ યુવા નેતૃત્વનો ઉત્તમ આદર્શઃ શ્રી નરેશ કેલા રાજનીતિ, ઉદ્યોગ તથા સમાજ સેવાનો સમન્વય... - ફીલિંગ્સ ટીમ

૪૨ 'મારું આતિથ્ય એ જ મારી ઓળખ...' ગુજરાતનું આતિથ્ય દેશ-વિદેશને આવકારે છે - નરેશ અંતાણી

૪૪ અમદાવાદને ભારતની રક્તદાનની રાજધાની તરીકે અનોખી ખ્યાતિ અપાવનાર અમદાવાદ રેડ ક્રોસની ગૌરવવંતી સિદ્ધિઓ - પૂરક માહિતી શ્રી મુકેશ પટેલ

૪૮ હવે લતા શું કરશે? - સંગીતા જોશી

૫૦ રંગોળીની રંગીન દુનિયામાં હષિતા ભટ્ટનો મલકતો પ્રવાસ - દીપા દેસાઈ

૫૨ આવો જાણીએ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી છૂટા પડેલા 'ડાંગ' સાથેના મહાગુજરાત ચળવળના કેટલાક અંશો - મનોજ ખેંગાર

૫૪ ધંધાનું મેનેજમેન્ટ નેક્સ્ટ જનરેશનને સોંપવું અનિવાર્ય છે? - સંજય શાહ, SME બિઝનેસ કોચ

૫૬ અમેરિકામાં સ્થાયી ગુજરાતણ ફોરમ શાહે કેન્સરગ્રસ્ત બાળકો માટે ૨૫,૦૦૦ ડોલર એકત્ર કર્યા - યજ્ઞેશ આચાર્ય

૬૦ કોલંબિયા વિશ્વ પુસ્તકમેળામાં કવયિત્રી ડૉ. ઉષા ઉપાધ્યાય ભારતીય ડેલિગેશનમાં આમંત્રિત

૬૫ અમદાવાદની માત્ર ૧૬ વર્ષની જિનિયસ 'જાવા ગર્લ' ડૉ. બિયાંકા દલવાડી

૬૬ બગાસું, ઝોકું, ઊંઘ... - બધિર અમદાવાદી

૬૮ રાશી ભવિષ્ય - ગણેશા સ્પીક્સ

૭૨ ફીલિંગ્સ મિર્ચી


Read online : www.feelingsmultimedia.com




**ENVIRONMENT**
- Responsible mining
- Afforestation focus
- Water stewardship

**SOCIAL**
- Community development
- Learning & well-being
- Inclusive growth

**GOVERNANCE**
- Transparent systems
- Ethical practices
- Responsible leadership

**TECHNOLOGY**
- Digital governance
- Smarter operations
- Better efficiency

**INNOVATION**
- Future-ready mining
- Research & exploration
- Energy transition focus

At GMDC, good governance is part of how we work every day. It is visible in responsible leadership, transparent systems, stakeholder engagement and a steady commitment to sustainability. Digital tools help make operations more efficient while our people-centric practices and innovation efforts support long-term national progress.

**Gujarat Mineral Development Corporation Ltd.**
(A Government of Gujarat Enterprise)
Khanij Bhavan, 132 Feet Ring Road, Near University Ground, Vastrapur, Ahmedabad – 380 052

www.gmdcltd.com



# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

## પ્રતિભાવ મોકલાવો આ રીતે


**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**

૧૦૨-૦૩-૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ-મેલ દ્વારા**
info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ /ઈ-મેગેઝિન દ્વારા**
www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**

**@feelingsmultimedia**


This issue reflect the Jainism special and going through the articles very interesting and knowledgeable facts about Jainism Specially Jainism and Science related article is too good.

**– Bharat Mehta**
**(Ahmedabad)**

Feel so proud after reading Feelings issue April-26 is very impressive in various topics. I gave it for reading to my teenager son he liked it. It's great to see such quality content that appeals to both adults and the younger generation. Keep up the excellent work!

**- Rocky Martin**
**(Alberta, Canada)**

ફીલિંગ્સનો એપ્રિલ-૨૬નો અંક વાંચ્યો-ખૂબ મજા આવી. નવકાર મંત્રના મહિમાની વાતો દિલમાં વસી ગઈ. આજે વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે નવકારનો નાદ સારા પરિણામો લાવશે તે ચોક્કસ વાત છે. 'મંત્ર શક્તિ'નો મહિમા હવે વિજ્ઞાન પણ સ્વીકારે છે. ફીલિંગ્સને ધન્યવાદ.

**– અનુપમ જૈન, ઉત્કર્ષ જૈન**
**(પાલિતાણા)**



તાજેતરમાં પ્રકાશિત થયેલ ફીલિંગ્સના અંકમાં 'શાકાહાર' તરફ વળી રહેલ હેલ્થ કોન્સિયસ વિશ્વ એ આર્ટિકલ ખૂબ ગમ્યો. કારણ કે આજે જીવ હિંસાએ માઝા મૂકી છે. માણસ પોતાના સ્વાદના શોખ માટે 'માંસાહાર' કરે છે. જેથી પર્યાવરણની સમતુલા ખોરવાય છે. લોકો 'શાકાહાર' તરફ વળે તે હવે ખૂબ જ જરૂરી છે. ફીલિંગ્સનો ખૂબ આભાર આવા સરસ લેખ પ્રસિદ્ધ કરવા બદલ.

**– રણછોડભાઈ પંડયા, મધુબેન પંડયા**
**(ઈડર, ઉ.ગુજરાત)**

સેવા એ જ સાચી સંપત્તિ છે તેવા શ્રી અનંત અંબાણીને વંદન કરુ છું. અઢળક સમૃદ્ધિ હોવા છતાં પણ જન સેવા અને અબોલ જીવોની વિવિધ પ્રકારે સેવા કરતા અંબાણી પરિવારને પણ ખૂબ ધન્યવાદ પાઠવું છું. ફીલિંગ્સને પણ આવા પ્રેરણાદાયી લેખ પ્રસિદ્ધ કરવા બદલ હું અભિનંદન આપુ છું.

**– રાજલક્ષ્મી બિરાઈ, ચેતન બિરાઈ**
**(વડોદરા)**

વિશ્વભરમાં ગુજરાતીઓનું પ્રિય મેગેઝિન ફીલિંગ્સ દર વખતે કંઈક નવું જ ભાથું વાચકો માટે લઈને આવે છે. આ વખતના અંકમાં (એપ્રિલ-૨૬) નારી શક્તિમાં શાંતા સરવૈયાની કલાનો જે આર્ટિકલ પ્રસિદ્ધ કર્યો છે તે બહુ જોરદાર લાગ્યો, આમ તો આખો અંક સુંદર બન્યો છે. મનમોહક ફોટા તથા આકર્ષક લે-આઉટ અને ક્ષતિ વગરનું મુદ્રણ વખાણવા લાયક છે.

**– રોહન પટેલ, નિરાલી પટેલ**
**(મુંબઈ, વિરાર)**

ફીલિંગ્સનો નવો અંક (એપ્રિલ-૨૬) વાંચ્યો તેમાં નરેશ અંતાણીનો આર્ટિકલ 'યુદ્ધની આગમાં સળગ્યો વિશ્વ વારસો' વાંચીને ખૂબ આઘાત લાગ્યો. યુનેસ્કોએ જાહેર કરેલ વિશ્વ ધરોહર યુદ્ધનો ભોગ બને તેનું દુઃખ છે. દુનિયાને હવે યુદ્ધની જરૂર નથી, શાંતિની જરૂર છે. પ્રભુ સૌને સદ્‌બુદ્ધિ આપે તેવી પ્રાર્થના છે.

**– વિનાયક ગોર, નિવેદિતા ગોર**
**(નખત્રાણા)**

એક ગુજરાતી હોવાના નાતે ફીલિંગ્સના એપ્રિલ માસના અંકમાં છપાયેલ આર્ટિકલ : મૂર્ધન્ય સાહિત્યકાર 'ધૂમકેતુ' મને ખૂબ જ ટચ કરી ગયો. ગુજરાતી ભાષાના મોટા ગજાના સાહિત્યકારને આવી સરસ સ્મરણાંજલિ અર્પણ કરવા બદલ આપની આખી ટીમને અભિનંદન.

**– ભસ્માંગ જોષીપુરા, વૈષ્ણવી વ્યાસ**
**(જૂનાગઢ)**

ફીલિંગ્સના આ અંકમાં જૈનિઝમ અને વિજ્ઞાનની નોલેજેબલ વાતો ધરાવતો આર્ટિકલ એકદમ પાવરફુલ લાગ્યો. વિજ્ઞાન અને જૈનિઝમની વાતો વાંચીને ખૂબ આનંદ થયો. દરેક વ્યક્તિને જીવનમાં ઉપયોગી થાય તેવી આ વાતો અદ્‌ભૂત છે. જીવનમાં ઉતારવા જેવી છે.

**– ચંદ્રવિલાસ મહેતા, વિશાલા મહેતા**
**(પાલડી - અમદાવાદ)**

વર્ષો સુધી પોતાના મધુર કંઠથી હિન્દી ફિલ્મ સંગીતને ગુંજતું રાખનાર આશા દીદીનો જીવનદીપ બુઝાયો પરંતુ તેઓની સ્વરસૃષ્ટિની જ્યોતને પ્રજ્વલિત રાખવાનું પુણ્ય કાર્ય ફીલિંગ્સે તેઓનો આર્ટિકલ છાપીને કર્યુ છે. આશા દીદીનો આ આર્ટિકલ વાંચીને ભાવુક થઈ જવાયું. આવા સરસ આર્ટિકલ આપતા રહેજો.

**– શ્યામ પાલેકર, સુરેખા પાલેકર**
**(અકોલા, મહારાષ્ટ્ર)**

માનનીય અતુલભાઈ, આપના સર્વશ્રેષ્ઠ ફીલિંગ્સ મેગેઝિનમાં મારા NCC Scholarship વિશેના સમાચાર પ્રકાશિત કર્યા તે બદલ આપનો હું દિલથી આભાર માનું છું. પ્રભુ આપને તંદુરસ્ત રાખે તેવી હું પ્રાર્થના કરું છું.

**– કેપ્ટન એ. ડી. માણેક**
**(બારડોલી)**

**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ-વાયુ પરિવર્તનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ-વૃદ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવેલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઈ-મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

**Whatsapp No**
**+91-98253 28488**

**Email**
**feelingsfoundation2010@gmail.com**

સુગંધથી જ ખબર પડી જાય

# આજે શું બનાવ્યું

**ADANI SPICES**

*Creators of Taste*

SINCE 1955




www.shop.adanispices.com

www.adanispices.com

amazon / Flipkart

ગુજરાતના વિવિધ સેન્ટર્સમાંથી ડીલરશીપ ઇન્કવાયરી આવકાર્ય છે

98258 30645, 98251 95856 I Email : info@adanispices.com

'Feelings'-International Gujarati Family Magazine

# ફીલિંગ્સ

જેમના દેવળ સહયને પથ્થરની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| એડવાઈઝર | : મહેન્દ્ર શાહ |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

**ઈન્ટરનેશનલ ઓફિસ**

**FEELINGS MULTIMEDIA LTD**

USA

**Atlanta Georgia**

**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304

**Email -** khyatishah88@gmail.com

**New Jersey :** Sanjeev Pandya

Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392

**California (West Coast) :** Vijay Shah Journalist

**Chicago :** 2609 W. Devon Avenue, Chicago IL 60659

**U.K. :** Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909

KENYA OFFICE :

P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**

૫૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઈરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૬. મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ**

બ્યુરો ચીફ : જિજ્ઞા પુજારા - મો. ૯૦૯૯૦ ૧૦૩૦૯

સુરેશ ઠક્કર - મો. ૯૮૨૫૦ ૦૮૫૭૭,

જર્નાલિસ્ટ : અપુર્વ ઠક્કર - મો. ૭૪૩૫૦ ૧૭૮૫૦

**ગાંધીનગર** - કેતન નાણાવટી - મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

**સુરત** - મો. ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :

માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો. ૯૮૨૫૨ ૫૮૪૫૧

પ્રદીપસિંહ જાડેજા - મો. ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - મો. ૭૬૦૦૭ ૬૮૧૨૦

મેગેઝિન વર્લ્ડ - ફો. ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**વાર્ષિક લવાજમ**

ભારતમાં : રૂા. ૧૧૦૦/-

વિદેશમાં : **100 US Dollars**

**આજીવન સભ્યપદ**

ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**

ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.**ના નામે મોકલવો

**મે – ૨૦૨૬**

**વર્ષ-૨૮ સળંગ અંક : ૫૭૨**

**મુખ્ય કાર્યાલય**

**FEELINGS**
MULTIMEDIA LIMITED

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com
atulshah496@gmail.com
Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**

80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486

Member

INS **THE INDIAN NEWSPAPER SOCIETY**

**તંત્રીસ્થાનેથી**



## ‘ગુજરાત’ના ૬૬મા જન્મદિવસની વિશ્વના તમામ દેશોમાં વિસ્તરેલા ગુજરાતીઓને શુભકામના

૧ લી મે ૧૯૬૦ના રોજ બૃહદ્ મુંબઈ રાજ્યમાંથી જન્મેલું ગુજરાત આજે કોટનથી માંડી સેમિકન્ડક્ટર સુધીની વિકાસયાત્રામાં સતત આગળ ધપતું રહ્યું છે. રાજ્યનું સદ્‌ભાગ્ય છે કે આજદિન સુધી ગુજરાતને એવા સમર્થ રાજકીય સુકાનીઓ મળ્યા છે, જેમનો હરેક શ્વાસ રાજ્યની પ્રગતિને સમર્પિત રહ્યો છે. પરિણામે આજે તક, તાકાત અને તમન્નાઓની પાંખે ઉડતું વિકસિત ગુજરાત દેશનું રોલ મોડેલ બની ઊભર્યું છે.


રાજ્યની આ વિકાસગાથામાં આપણા બિનનિવાસી ગુજરાતી બાંધવોને પણ કેમ ભૂલી શકાય? માત્ર અમેરિકામાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં એવા ગુજરાતીઓ વસે છે, જેઓ પોતાની ઈન્ડસ્ટ્રિઝ ચલાવે છે, પોતાની માલિકીના પ્રાઈવેટ પ્લેન ધરાવે છે, પોતાની બેંકોના માલિક છે અને રાજાશાહી વૈભવી જીવન જીવતા હોવા છતાં ગુજરાતથી દૂર એક નવું ‘ગુજરાત’ ઊભું કર્યું છે. ત્યાં દરેક ગુજરાતી તહેવારો આપણા કરતાં પણ વધુ ઉમંગ અને ઉત્સાહથી ઉજવાય છે. તેથી નિ:સંદેહ કહી શકાય કે આપણા ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિને આ બાંધવોએ આજે પણ અકબંધ જાળવી રાખ્યા છે, જે આપણા માટે ગર્વની વાત છે.

‘ગુજરાત’ માત્ર હિંદુસ્તાનના પશ્ચિમ કિનારે આવેલું એક રાજ્ય નથી... ‘ગુજરાત’ હવે વિશ્વના અનેક દેશોમાં વિસ્તરેલું છે. એટલે જ તો કવિ ખબરદાર કહે છે કે, જ્યાં-જ્યાં વસે ગુજરાતી, ત્યાં-ત્યાં સદાકાળ ગુજરાત.

સમગ્ર ગુજરાત હાલમાં હીટવેવમાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે આપણે સૌ પોતાનાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખીએ જ, સાથે-સાથે અબોલ પશુ-પક્ષીઓ માટે ચારા અને પાણીની વ્યવસ્થા કરી ‘જીવદયા’માં પણ સહભાગી બનીએ. અસ્તુ...

જય જય ગરવી ગુજરાત...

એડિટર




50 Years • 5 Eras • One Legacy

An ode to the Women who chose
Us through the Years

Campaign By An All-Women Crew

AsōPalav®

Celebrating 50 Years

AHMEDABAD I SURAT I VADODARA

asopalav.com I follow us on



# દંડ

ડૉ. આઈ. કે. વીજળીવાળા

આખા દિવસના ઑફિસના કામથી થાકેલા જેકને ઘરે પહોંચવાની ઉતાવળ હતી. એની પત્નીનો જન્મદિવસ હતો. બાળકો બેચાર વખત ફોન કરી ચૂક્યા હતા, પરંતુ એનો ખડુસ બૉસ એને છૂટો જ નહોતો કરતો. રોજ કરતા છૂટવામાં એ ખાસ્સો બે કલાક મોડો હતો. મનમાં ને મનમાં એને ચીડ ચડી રહી હતી. આમેય કામથી એનું મન તેમ જ શરીર થાકીને ઠૂંસ થઈ ગયાં હતાં.

ઘરે પહોંચવાની જલદીમાં અને વિચારોમાં એ ૫૫ માઈલની મહત્તમ ઝડપની નિશાનીવાળા રોડ પર ૭૩ માઈલની સ્પીડે કાર ચલાવવા માંડ્યો હતો એની એને ખબર જ નહોતી રહી. અચાનક પાછળથી પોલીસની સાઈરનનો અવાજ આવ્યો ત્યારે એ ચમકી ઉઠ્યો. એટલી વારમાં જ મોટરસાઈકલ લઈને પાછળ આવી રહેલ પોલીસમૅને એની બાજુમાં પહોંચી કાર સાઈડમાં લેવાનો ઈશારો કર્યો.

જેકના મનમાં ફાળ પડી. અત્યાર સુધીમાં ટ્રાફિકના નિયમના ભંગ બદલ ત્રણ વખત એને ટિકિટ (નોટિસ) મળી ચૂકી હતી. જો આજે ચોથી વખત એને નોટિસ મળે તો એનું લાઈસન્સ કેન્સલ થઈ શકે તેમ હતું. ગાડી સાઈડમાં પાર્ક કરી એણે પાછળ જોવાના મિરર (અરીસા)માં જોયું તો એની કારની પાછળ મોટરસાઈકલ ઊભી રાખી, હાથમાં પેડ લઈ પોલીસમૅન એની તરફ આવી રહ્યો હતો.

પરંતુ ગભરાટ થવાને બદલે પોલીસમૅનનો ચહેરો જોઈને જેકને આનંદ થઈ આવ્યો. એ પોલીસમૅન બીજો કોઈ નહીં પણ બૉબ હતો! એ જ બૉબ કે જેની સાથે એ દર રવિવારે ચર્ચમાં પ્રાર્થના કરતો હતો. એ પછી દર રવિવારે સાંજે બંને જણ જોડે ગોલ્ફ રમતા હતા. એને જોઈને જેકને રાહત થઈ. હળવાશ સાથે એ કારનું બારણું ખોલીને બહાર આવ્યો અને પોલીસમૅન સામે હાથ હલાવીને બોલ્યો, 'હાય! બૉબ! કેમ છો? તને આજે આ રીતે અચાનક મળવાની ખુશી થઈ!'

'હેલ્લો જેક!' જરાપણ હસ્યા વિના બૉબે કહ્યું, 'મહેરબાની કરી તું તારી કારમાં બેસી જઈશ?'

જેકને બૉબનો વ્યવહાર ન ગમ્યો. છતાં એણે કહ્યું, 'માફ કરજે બૉબ! તેં મને થોડીક જ વધારે સ્પીડ સાથે પકડી પાડ્યો છે, પણ શું કરું યાર! આજે તારી ભાભીનો જન્મદિવસ છે અને આજે જ મારા બૉસે મને મોડો છોડ્યો, એટલે થોડીક ઝડપ કદાચ વધારે થઈ ગઈ હશે. પણ હા! તું દેખાયો એ વખતે હું ૫૫ માઈલથી થોડીક જ વધારે ઝડપથી જતો હોઈશ, શું કહેવું છે તારું?'

'જેક! મહેરબાની કરીને તું તારી કારમાં બેસી જઈશ? કાયદો જેમ કહે છે તેમ કરીશ' બૉબ આ વખતે થોડો સખ્તાઈથી બોલ્યો, 'અને હા, એ વખતે તારી ઝડપ ૭૩ માઈલની હતી એ કૅમેરામાં નોંધાઈ ગયું છે એટલે એ અંગે બચાવ કરવાનો હવે કોઈ અવકાશ નથી!'

જેકને હજુ આશા હતી કે જો એ બૉબને પટાવી શકે તો તેને ટિકિટ (દંડની નોટિસ) ન મળે, પરંતુ આ તરફ બૉબ જરાપણ પીગળવા કે નમતું જોખવા તૈયાર હોય તેવું લાગતું નહોતું.

છતાં એણે છેલ્લો દાવ ફેંકી જોયો. એ બોલ્યો, 'અરે બૉબ! તારી ભાભીએ કહ્યું કે મારે મારા ચર્ચના મિત્ર એટલે કે તને એક વાર જરૂર ઘરે લઈ જવો અને આજે એ માટેનો બરોબર મોકો છે. આજે એનો જન્મદિવસ છે અને મારે ત્યાં નાનકડી પાર્ટી પણ છે. મારા ત્રણેય બાળકોએ પણ તને ખાસ આમંત્રણ આપ્યું છે.'

'જેક! પ્લીઝ! તું તારી કારમાં બેસી જઈશ?' આ વખતે બૉબનો સત્તાવહી અવાજ આવ્યો.

બબડતાં બબડતાં જેક પોતાની કારમાં બેસી ગયો. બૉબ પેડમાં કંઈક લખી રહ્યો હતો. છટકવા માટેના પોતાના બધા પેંતરા નિષ્ફળ જવાથી જેક બરાબરનો ગિન્નાયો હતો. એને મનમાં થતું હતું કે આટલી શરમ પણ ન રાખે તો ભાઈબંધ શું કામનો! પોતે ખાલી ખાલી આટલાં વરસ એને ભાઈબંધ ગણ્યો, પરંતુ વખતે આવ્યે એણે આંખની ઓળખાણ પણ ન જ રાખીને? જેકને વધારે તકલીફ એટલા માટે પડી રહી હતી કે કદાચ એ દિવસની ટિકિટથી એનું લાઈસન્સ પણ કેન્સલ થઈ શકે તેમ હતું.

એણે મનોમન નક્કી કરી લીધું કે હવે પછી ચર્ચમાં પણ આ માણસની બાજુમાં ક્યારેય ન બેસવું કે ન તો હવે પછી ક્યારેય એની સાથે ગોલ્ફ રમવું! અચાનક એને નવાઈ લાગી કે પેડમાં લખી રહેલા બૉબે કાયદા પ્રમાણે એનું લાઈસન્સ જોવા કેમ ન માંગ્યું?

એક તરફના કાચ પર ટકોરા પડ્યા. હાથમાં પેપર પકડી બૉબ ઉભો હતો. જેકે આ વખતે પૂરો કાચ પણ ન ખોલ્યો. મોં પર ભરપૂર અણગમાના ભાવ સાથે એણે એના હાથમાંથી કાગળ લઈને કાચ પાછો ચડાવી દીધો. પછી પોતાની ગાડીના મિરરમાંથી બૉબને પોતાની પોલીસબાઈક તરફ જતો જોઈ રહ્યો.

અચાનક એનું ધ્યાન પોતાના હાથમાં બૉબે પકડાવેલ કાગળ તરફ ગયું. એને નવાઈ લાગી. એ ટિકિટ (દંડની નોટિસ) તો નહોતી જ. એણે ઝડપથી એ કાગળ ખોલ્યો. એમાં લખેલું હતું, 'પ્રિય જેક! મારી ફરજના એક ભાગરૂપે મારે તને ઊભો રાખવો પડ્યો છે. આજે મારે તને એક વાત કહેવી છે. મારી મોટી દીકરી છ વરસની ઉંમરે એક કાર એક્સિડન્ટમાં મૃત્યુ પામી હતી. કારણ હતું તારા જેવો એક ફાસ્ટ ડ્રાઈવર ધીમી ગતિદર્શક રોડ પર ખૂબ જ ઝડપથી નીકળ્યો અને મારી પરી જેવી દીકરી બરાબર ઝીબ્રા ક્રોસિંગ પર જ કચડાઈ ગઈ. પેલા માણસને ત્રણ મહિનાની જેલની સજા અને એક હજાર ડૉલર દંડ થયો.

ત્રણ મહિના પછી એ છૂટી ગયો. આજે એ એના દીકરા-દીકરીને મળી શકતો હશે. અરે, વહાલ પણ કરી શકતો હશે. પરંતુ મારે તો મારી એ દીકરીને ફરીથી વહાલ કરવા માટે જિંદગીના અંત સુધી રાહ જોવી પડશે. ચર્ચમાં બેઠા બેઠા હંમેશા હું પ્રાર્થના કરતો હોઉં છું કે મારું મન એ માણસને માફ કરી દે. અત્યાર સુધીમાં મેં એને હજારો વખત માફ કરી દીધો છે અને આજે તારા સ્વરૂપમાં હું એને જ માફ કરી રહ્યો છું.

હું એ કરી શકું એ માટે તું પણ પ્રાર્થના કરજે અને હા જેક! હવે પછી તું ખૂબ જ ધ્યાનથી ગાડી ચલાવજે. મારે હવે એક નાનકડો દીકરો જ છે! મારા જેવા ઘણાને કદાચ એક જ લાડકું સંતાન હશે - બૉબ!'

જેકની આંખમાંથી આંસુની ધાર વહી નીકળી. એના મનમાં પસ્તાવાની ઝાળ ઊઠી. કાચમાંથી એણે પાછળ જોયું તો બૉબ એની મોટરબાઈક લઈને જઈ રહ્યો હતો.

ખાસ્સો વખત ત્યાં એમ જ ઊભા રહ્યા પછી જ્યારે જેક પોતાના ઘર તરફ જવા રવાના થયો ત્યારે આજુબાજુમાંથી પસાર થતી એક પણ કારને ઓવરટેઈક કરવાની એને જરા પણ ઈચ્છા નહોતી રહી!

# ગુજરાત બન્યું દેશનું સેમિકંડકટર હબ



## સાણંદ બનશે **દેશમાં સેમિકંડકટર ઈન્ડસ્ટ્રીનું** પ્રવેશદ્વાર

## ભારતનું **'સેમિકંડકટર ફેબ ફ્રન્ટિયર'** બનશે ધોલેરા SIR

રોકાણમાં મોખરેઃ સેમિકંડકટર સેકટરમાં ગુજરાતે અંદાજે ₹1.24 લાખ કરોડના પ્રોજેકટ કોસ્ટ સાથેના ઉદ્યોગો આકર્ષિત કર્યા છે, જે ભારતના કુલ મંજૂર થયેલ સેમિકંડકટર પ્રોજેકટ કોસ્ટના લગભગ 75%થી વધુ છે

---

સાણંદ - ATMP/OSAT હબઃ માઈક્રોન (₹22,516 કરોડ), સીજી સેમી (₹7,600 કરોડ) અને કેન્સ ટેક (₹3,300 કરોડ) જેવી મોટી કંપનીઓ સાથે સાણંદ દેશનું સૌથી મોટું ATMP/OSAT હબ બનવા જઈ રહ્યું છે

---

ધોલેરામાં ભારતનો પ્રથમ ફેબઃ ટાટા ઈલેકટ્રોનિક્સ દ્વારા ₹91,526 કરોડના પ્રોજેકટ કોસ્ટથી ધોલેરામાં ભારતનો પ્રથમ કોમર્શિયલ ફેબ સ્થપાઈ રહ્યો છે, જેની ક્ષમતા દર મહિને 50,000 ચિપ્સ બનાવવાની હશે

---

રોજગારીની તકોઃ રાજ્યમાં 50,000 થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે



### મુખ્ય વિશેષતાઓ

પ્રથમ રાજ્યઃ ગુજરાત સેમિકંડકટર નીતિ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે, જે સેમિકંડકટર કંપનીઓને તમામ શક્ય પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડે છે

ટેકનોલોજીઃ ધોલેરા SIR ભારતના 'ફેબ ફ્રન્ટિયર' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેકટ્રોનિક્સના વિશાળ પ્લાન્ટમાં 28 નેનોમીટરની ચિપ્સનું ઉત્પાદન થશે, જે ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવો અધ્યાય લખશે

ઈન્ફ્રાસ્ટ્રકચરઃ ધોલેરાની વિશાળ જમીન, સમર્પિત પાણી અને ગેસ ગ્રીડ અને આગામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેને ભવિષ્યના 'સેમિકંડકટર-રેડી' સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરશે

શૈક્ષણિક મૉડલઃ રાજ્યની 118 એન્જિનિયરિંગ કોલેજો અને 16 યુનિવર્સિટીમાંથી દર વર્ષે બહાર પડતા 50,000 થી વધુ એન્જિનિયરોને ઉદ્યોગ માટે સજ્જ કરવા SAMARTH અને ChipIN જેવા અત્યાધુનિક મૉડલ વિકસાવવામાં આવી રહ્યા છે

કૌશલ્યવર્ધનઃ IIT ગાંધીનગર ખાતે ₹194.21 કરોડના ખર્ચે કાર્યરત 'SAMARTH' પ્રોજેકટ હેઠળ આગામી 5 વર્ષમાં 2,600 થી વધુ નિષ્ણાત એન્જિનિયરો તૈયાર કરવામાં આવશે

## માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્ર મોદી**ના દૂરદેશી વિઝનથી ગુજરાતે સેમિકંડકટર ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે

વૈશ્વિક સ્તરે સેમિકંડકટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ. વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર બનાવીશું

- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત





પ્રદીપ ત્રિવેદી

# તક, તાકાત અને તમન્નાઓની પાંખે ઉડતું મારું ગુજરાત... વિકસિત ગુજરાત...

ગુજરાત એટલે ગૌરવશાળી વિકાસ સાથે પરંપરા, સંસ્કૃતિ અને સંસ્કારોને જાળવી રાખતું ગુણિયલ ગુજરાત.

વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતી સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા, વિશ્વનું સૌથી ઊંચું ૩૬ ફૂટ ઊંચું શિવલિંગ અને વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ જ્યાં આવેલ છે, એ મારું ગુજરાત-ગૌરવશાળી ગુજરાત છે.

જ્યાં સિંહોની ગર્જના સાથે રાસ-ગરબાની રમઝટ સંભળાય છે; જ્યાં નરસિંહ મહેતાના પ્રભાતિયાં સાથે મીરાંબાઈના ભજનો ગવાય છે; જ્યાં દુહા-છંદ અને કાગવાણી સાથે અખાના છપ્પા લલકારાય છે-વો મેરા 'ગુર્જર દેશ' છે.

જ્યાં મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અને ચર્ચ સાથે પાળીયા અને સ્મારકોની પૂજા થાય છે; જ્યાં નર્મદા, તાપી અને સાબરમતી નદીઓ પણ પવિત્ર નદીની જેમ પૂજાય છે. જ્યાં અહિંસાના પૂજારી ગાંધીજી અને લોહ પુરુષ સરદાર પટેલ જન્મ્યા છે, જ્યાં 'ઘસાઈને ઉજળા થાઓ' કહેનારા પૂ. રવિશંકર મહારાજ અને ઈન્દુચાચા જેવા લોકસેવકો જન્મ્યા છે. એ ગુજરાત દેશને અને રાજ્યને આઝાદી અપાવનાર દેશભક્તો, સંતો અને મહાત્માઓની પુણ્યભૂમિ છે.

ગુજરાતી પ્રજા માત્ર 'વેપારી' નથી; જરૂર પડે ત્યારે મા-ભોમ માટે માથું અર્પણ કરી દે તેવી શૌર્યવાન અને સાહસિક પ્રજા છે. બારડોલી સત્યાગ્રહ વખતે 'ડંકો વાગ્યો લડવૈયા, શૂરા જાગજો રે...' એવું હોંશભેર ગાનાર અને અંગ્રેજોની લાઠી સામે નીડરતાથી માથું ધરી દેનાર આ ગુજરાતી પ્રજાનો આઝાદીના જંગમાં અમૂલ્ય ફાળો રહ્યો છે. ગાંધી-સરદારના ગુજરાતે જ બારડોલી અને ખેડા સત્યાગ્રહથી તેમજ દાંડી કૂચથી આખા દેશને આઝાદીનો માર્ગ ચીંધ્યો હતો. વિકાસના પંથે દેશને દોરી, વિશ્વને 'યોગ'ની ભેટ આપનાર મોદીજી પણ ગુજરાતના જ છે.

ગુજરાત એટલે... વિશ્વનું સૌથી મોટું ડેટા સેન્ટર જ્યાં બનવાનું છે, જ્યાં નજીકના વર્ષોમાં બુલેટ ટ્રેન દોડવાની છે અને જ્યાં સેમિકન્ડક્ટરની ચિપનું ઉત્પાદન થઈ રહ્યું છે, એ ગુજરાત રાજ્ય ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર (અથવા ૭૫,૬૮૫ ચોરસ માઈલ)નું ક્ષેત્રફળ ધરાવતું દેશનું પાંચમું સૌથી મોટું રાજ્ય છે.

જેમાં ૩૪ જિલ્લાઓ, ૨૬૭ તાલુકાઓ અને ૧૮,૫૪૫ ગામડાઓ આવેલાં છે. અહીં ગુજરાતીઓની સંખ્યા અંદાજે ૭ કરોડ ૪૭ લાખ જેટલી છે. દેશના અન્ય રાજ્યોની તુલનામાં સૌથી વધુ ૨,૩૪૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય પણ ગુજરાત છે. ગુજરાતનો દરિયાકાંઠો સમૃદ્ધ મરીન બાયોડાયવર્સિટી ધરાવે છે, જેમાં મેન્ગ્રોવ ફોરેસ્ટ, કોરલ રીફ્સ અને વિવિધ દરિયાઈ જીવનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, કંડલા, મુન્દ્રા અને હજીરા જેવા મહત્વના બંદરો પણ ગુજરાતમાં આવેલાં છે. આ દરિયાકાંઠે દ્વારકા, સોમનાથ અને દિવ જેવા પ્રખ્યાત સ્થળો પણ સ્થિત છે.

વડલો અને વડીલોને પૂજતા ગુજરાતીઓનું પ્રિય ફળ ભલે કેરી હોય, પરંતુ ખરો પરંપરાગત ખોરાક તો બાજરાનો રોટલો, રીંગણાનો ઓળો, છાશ અને કઢી-ખીચડી જ છે. હા, આજકાલની 'ઝેન-ઝી' જનરેશન ભલે પિત્ઝા, પાસ્તા, નૂડલ્સ, મંચુરિયન, ઢોસા, ઈડલી, સમોસા કે મેંદુવડા પસંદ કરતી હોય, પરંતુ સાચી મજા તો આ દેશી ભોજનમાં જ છે.

ગુજરાત એટલે દીવાલ પર ટીંગાડેલો માત્ર નિર્જીવ નકશો નહીં. ગુજરાતી ભાષા બોલનાર અને તેને પ્રેમ કરનાર સૌ ગુજરાતી જ કહેવાય. અરે, ગુજરાતની આગવી ઓળખ સમા થેપલા, ઢોકળા, હાંડવો, મુઠીયા, વડી-પાપડ, ખીચું અને અથાણાંનો સ્વાદ માણનાર વિશ્વની કોઈપણ વ્યક્તિ પણ ગુજરાતી જ ગણાય.

સદા ખુશખુશાલ રહેતા 'ગલગોટા' જેવા ગુજરાતીઓનું પ્રિય ફૂલ મેરીગોલ્ડ એટલે કે ગલગોટો છે. સારસ બેલડી જેવી સુંદર દાંપત્ય જીવનશૈલી ધરાવતા ગુજરાતીઓનું પ્રિય પંખી સારસ છે, જ્યારે વિશ્વમાં એકમાત્ર એશિયાઈ સિંહોની વસતિ ધરાવતું ગુજરાતનું પ્રિય પ્રાણી પણ સિંહ છે.

ગુજરાતનું એક આગવું કલ્ચર અને સંસ્કાર છે. દરેક ગુજરાતી સૌજન્યશીલ, સહિષ્ણુ, સહકારની ભાવના ધરાવનાર અને આદર-સત્કાર કરનાર હોય છે. 'અતિથિ દેવો ભવ:' તેની પ્રકૃતિ રહી છે અને 'વિકાસ અને વિનમ્રતા' તેનો જીવનમંત્ર રહ્યો છે. તેના કારણે જ આજે ગુજરાત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 'રોલ મોડેલ' તરીકે ઉભર્યું છે. ગુજરાતી આજે 'વિશ્વમાનવ' બન્યો છે-તે જ્યાં જ્યાં વસ્યો છે, ત્યાં ત્યાં તેણે ગુજરાત ઊભું કર્યું છે. કવિ શ્રી ખબરદાર કહે છે તેમ-

**જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત,**
**જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહેક.**

**ગુજરાતની સ્થાપના:**

રાજ્યની સ્થાપના ૧ મે, ૧૯૬૦ના રોજ થઈ હતી. પરંતુ ગુજરાતને અલગ રાજ્ય બનાવવાનો વિચાર તો ૧૯૩૮માં જ આવ્યો હતો. ગુજરાતી ભાષા બોલનારાઓ માટે 'મહાગુજરાત રાજ્ય' બનવું જોઈએ એવો ઠરાવ ૧૯૩૮ના એક વિશાળ સંમેલનમાં ઘડાયો હતો. ૧૯૫૬માં ગુજરાતી ભાષીઓએ મુંબઈ રાજ્યમાંથી અલગ થવા માટે આંદોલનના શ્રીગણેશ કર્યા હતા.

તે જ વર્ષે ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ અલગ ગુજરાત રાજ્યની માંગણીએ જોર પકડ્યું અને ચાર વર્ષ ચાલેલા આંદોલનના અંતે દ્વિભાષી મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણના આગ્રહથી કેન્દ્ર સરકારે મુંબઈ રાજ્યનું વિભાજન કરવાનો નિર્ણય કર્યો. આ રીતે ૧ મે, ૧૯૬૦ના રોજ 'ગુજરાત' રાજ્યનો અરુણોદય થયો.

**પ્રથમ વિધાનસભા:**

રાજ્યની સ્થાપના પછી વહીવટ સરળતાથી થઈ શકે તે માટે રાજ્યને ૧૭ જિલ્લાઓમાં વહેંચવામાં આવ્યું હતું. તે સમયે રાજ્યની વસ્તી માત્ર ૨ કરોડ હતી (આજે ૬૬ વર્ષ બાદ ૭ કરોડ ૪૭ લાખ છે). સાક્ષરતાનું પ્રમાણ ત્યારે ૩૦% હતું (આજે ૮૪.૬% છે).

રાજ્યની પહેલી વિધાનસભાનું પ્રથમ સત્ર ૧૮મી ઓગસ્ટ, ૧૯૬૦ના રોજ બપોરે એક વાગ્યે યોજાયું હતું. આ દિવસે સવારના સાડા આઠ વાગ્યે વિધાનસભા ગૃહમાં ગુજરાતના મૂક સેવક પૂજ્ય રવિશંકર મહારાજના સાંનિધ્યમાં એક સમારંભ યોજાયો હતો, અને ગાંધીજીના અંતેવાસી શ્રીમતી મધુરીબેન ખરેના કંઠે ગવાયેલ પ્રાર્થનાગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાતના પ્રથમ રાજ્યપાલ મહેંદી નવાઝ જંગના વરદહસ્તે સભાગૃહમાં અધ્યક્ષશ્રીની ખુરશીના પાછળના ઉપરના ભાગમાં મહાત્મા ગાંધીજીના તૈલચિત્રનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્યની વિધાનસભા અને સચિવાલયનું સ્થળ ચાર વખત બદલાયું છે. વિધાનસભાનું પ્રથમ સત્ર અસારવામાં આવેલી નવી સિવિલ હોસ્પિટલમાં યોજાયું હતું, અને તે જ સ્થળ પ્રથમ વિધાનસભા સચિવાલય તરીકે કાર્યરત રહ્યું હતું. ત્યારબાદ અમદાવાદમાં પોલિટેક્નિક કમ્પાઉન્ડમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આ પછી ફેબ્રુઆરી ૧૯૭૧માં અમદાવાદથી ગાંધીનગરના સેક્ટર-૧૭ સ્થિત મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્થળાંતર થયું હતું. અંતે ૮મી જુલાઈ ૧૯૮૨ના રોજ ગુજરાત વિધાનસભા ગાંધીનગર સ્થિત પોતાના હાલના મકાનમાં સ્થાયી થઈ હતી.

**મુખ્યમંત્રીશ્રીઓ:**

ગુજરાતની સ્થાપના પછી આજ સુધીમાં ૧૭ મુખ્યમંત્રીશ્રીઓ દ્વારા કુલ ૩૨ વખત શપથગ્રહણ વિધિ યોજાઈ છે. વર્તમાન મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૭મા મુખ્યમંત્રી છે.

મુખ્યમંત્રી તરીકે સૌથી લાંબા સમય-એટલે કે ૧૨ વર્ષ અને ૨૨૭ દિવસ-સુધી સેવા આપવાનું ગૌરવ લોકલાડીલા નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી ધરાવે છે. તેમના પહેલાં આ ગૌરવ ગુજરાતના ચોથા મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ પાસે હતું, જેમણે ૫ વર્ષ અને ૨૩૬ દિવસ સુધી પદ પર સેવા આપી હતી. જ્યારે સૌથી ઓછા સમય માટે, માત્ર ૧૨૮ દિવસ, મુખ્યમંત્રી તરીકે શ્રી દિલીપભાઈ પરીખે સેવા આપી હતી.

એકથી વધુ વખત મુખ્યમંત્રી બનવાનું સૌભાગ્ય નવ જેટલા મહાનુભાવોને મળ્યું છે. તેમાં સૌથી વધુ ચાર વખત મુખ્યમંત્રી બનવાનું ગૌરવ શ્રી નરેન્દ્રભાઈ મોદી ધરાવે છે. ત્યારબાદ ત્રણ વખત મુખ્યમંત્રી બનવાનું ગૌરવ શ્રી માધવસિંહ સોલંકી ધરાવે છે. જ્યારે બે વખત મુખ્યમંત્રી બનવાનું ગૌરવ ડૉ. જીવરાજ મહેતા, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી કેશુભાઈ પટેલ, શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પ્રાપ્ત થયું છે. શાસનના સતત પાંચ વર્ષ પૂર્ણ કરવામાં શ્રી માધવસિંહ સોલંકી, શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી વિજયભાઈ રૂપાણી સફળ રહ્યા છે. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાનું ઐતિહાસિક ગૌરવ શ્રીમતી આનંદીબેન પટેલ (૨૨-૦૫-૨૦૧૪ થી ૦૭-૦૮-૨૦૧૬) ધરાવે છે.

**રાષ્ટ્રપતિ શાસન:**

રાજ્યની સ્થાપના થઈ ત્યારથી આજ સુધીના ૬૬ વર્ષ દરમિયાન કુલ પાંચ વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ પડ્યું છે. કુલ ૧૨૩૪ દિવસ સુધી રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન રહ્યું છે. સૌથી લાંબા સમય માટે રાષ્ટ્રપતિ શાસન ૧૯૭૪માં ૪૯૪ દિવસ સુધી રાજ્યપાલ શ્રી કે.કે. વિશ્વનાથનના સમયમાં રહ્યું હતું, જ્યારે સૌથી ઓછા સમય માટે ૧૯૯૬માં ૩૪ દિવસનું રાષ્ટ્રપતિ શાસન રાજ્યપાલ કૃષ્ણપાલસિંહના સમયમાં રહ્યું હતું.





**પ્રથમ પ્રધાન મંડળ:**

ગુજરાત રાજ્યની સૌપ્રથમ શાસનધુરા સંભાળવાનું ઐતિહાસિક ગૌરવ અમરેલીના ડૉ. જીવરાજ મહેતાને પ્રાપ્ત થયું હતું. તેમના પ્રથમ પ્રધાન મંડળમાં મુખ્યમંત્રી સહિત કુલ પાંચ પ્રધાનો, આઠ નાયબ મંત્રીઓ અને એક સંસદીય સચિવ-મળીને કુલ ચૌદ મહાનુભાવો હતા. તેઓએ ગુજરાતને પ્રગતિશીલ અને આદર્શ રાજ્ય બનાવવાના સ્વપ્નો સાથે શાસનનો શ્રીગણેશ કર્યો હતો.

પાંચ મુખ્ય પ્રધાનોમાં મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા ઉપરાંત રસિકલાલ પરીખ, રતુભાઈ અદાણી, માણેકલાલ શાહ અને હિતેન્દ્રભાઈ દેસાઈનો સમાવેશ થતો હતો. ઉર્મિલાબેન ભટ્ટ અને કમળાબેન પટેલ સૌપ્રથમ નાયબ મંત્રી બનનાર ગુર્જર સન્નારીઓ હતી. પ્રથમ વિધાનસભામાં કુલ ૧૨ મહિલાઓનો સમાવેશ હતો.

**ઉત્સવકુળમાં જન્મ:**

ઉત્સવકુળમાં જન્મેલી ગુજરાતની પ્રજા ઉત્સવઘેલી છે. અહીં વાર-તહેવારે ઉત્સવો ઉજવાય છે. અહીં તો બે દિલ મળે એટલે પણ મહોત્સવ ઉજવાય છે. સાંઈરામ દવે કહે છે કે, 'અમે દિલથી જીવીએ, દિલથી મરીએ, ને દિલ દઈ દઈએ પરબારા! ગુજરાત છે અમૃતધારા, ગુજરાતી સૌથી ન્યારા.' ગુજરાતનો નવરાત્રી ઉત્સવ, પતંગોત્સવ, ફૂલોત્સવ, રણોત્સવ, સપ્તકોત્સવ વગેરે વિશ્વમાં વિખ્યાત છે. આ બધા ઉત્સવો ગુજરાતની એક આગવી ઓળખ ઉભી કરે છે.

**સાહિત્ય કલા:**

ગુજરાતી સાહિત્ય-કલા એટલે સ્પર્શની ભીનાશ અને સંવેદનાની ગહેરાઈ. મારી માતૃભાષા મારી અમૃત ભાષા છે, કવિશ્રી જ્યોતિષ જાની કહે છે કે, 'તને જ શ્વસું શબ્દે શબ્દે, શબ્દના ધ્વનિમાં, તને જ સાંભળી, તારામાં વસું, કોઈ કહે ઘેલી, કોઈ કહે ગાંડી ભલે!'

ગુજરાતી સાહિત્ય અત્યંત સમૃદ્ધ છે. નરસિંહ મહેતાના પ્રભાતિયાં, દયારામની ગરબી, અખાના છપ્પા, પ્રેમાનંદના આખ્યાનો, ભોજા, ભગત બ્રહ્માનંદ સ્વામી, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના શૌર્યભર્યા ગાન, પ્રેમના રાજકવિ કલાપી, દિલને સ્પર્શતા ગઝલકાર અમૃત ઘાયલ, આદિલ મન્સૂરી, ગની દહીંવાળા, જલન માતરી, બરકત વિરાણી 'બેફામ', 'સૈફ' પાલનપુરી, શૂન્ય પાલનપુરી, સમાજ સુધારક કવિ દલપતરામ, કવિશ્વર ન્હાનાલાલ, કાન્ત, દુલાભાયા કાગ, કવિ સુંદરમ, હાઈકુના ફૂલડાંઓ બિછાવનાર સ્નેહરશ્મિ, ઉમાશંકર જોશી, સુરેશ દલાલ, ભગવતીકુમાર શર્મા, શોભિત દેસાઈ, શેખાદમ આબુવાલા, મનોજ ખંડેરીયા, લાભશંકર ઠાકર, રાવજી પટેલ, હરિન્દ્ર દવે, કવિ રમેશ પારેખ, માધવ રામાનુજ, ચિનુ મોદી, ખલિલ ધનતેજવી, રાજેન્દ્ર શુક્લ, રાજેન્દ્ર શાહ, રાજેશ વ્યાસ 'મિસ્કીન', સિતાંશુ યશશ્ચંદ્ર, અનિલ જોશી, તુષાર શુક્લ, કૃષ્ણ દવે, અંકિત ત્રિવેદી, ભાગ્યેશ ઝા, વિનોદ જોશી, હાર્દિક ગોસ્વામી, અનિલ ચાવડા વગેરેનો સમાવેશ થાય છે.

મહિલા કવયિત્રીમાં ગંગાસતી, મીરાંબાઈ, ધીરુબેન પટેલ, યામિની વ્યાસ, ઉષા ઉપાધ્યાય, રક્ષા દવે, પારુલ ખખ્ખર, પારુલ બારોટ, લતા હિરાણી, વૈભવી જોશી વગેરેનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

ગદ્ય સાહિત્યમાં મહાન નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી, 'કરણઘેલો'ના લેખક નંદશંકર તુલજાશંકર મહેતા, ઐતિહાસિક નવલકથાઓ 'ગુજરાતનો નાથ' અને 'પાટણની પ્રભુતા'ના સર્જક કનૈયાલાલ મુનશી, 'વેવિશાળ' અને 'માણસાઈના દીવા'ના સર્જક ઝવેરચંદ મેઘાણી, 'સાપના ભારા' અને 'નિશિથ'ના કર્તા ઉમાશંકર જોશી, 'ભારેલો અગ્નિ' અને 'કાંચન ગેરું'ના કર્તા રમણલાલ વ. દેસાઈ, 'માનવીની ભવાઈ' અને 'મળેલા જીવ'ના સર્જક પન્નાલાલ પટેલ, 'પોસ્ટ ઓફિસ', 'તણખા મંડળ' અને 'ચૌલાદેવી'ના સર્જક ધૂમકેતુ, 'ઝેર તો પીધાં છે જાણી જાણી' અને 'સોક્રેટિસ'ના રચયિતા મનુભાઈ પંચોલી, 'જનમટીપ' અને 'લોહીની સગાઈ'ના સર્જક ઈશ્વર પેટલીકર, 'આંધળીમાંનો કાગળ'ના રચિયતા ઈન્દુલાલ ગાંધી, 'લીલુડી ધરતી' અને 'વ્યાજનો વારસ'ના સર્જક ચુનીલાલ મડિયા તેમજ રામનારાયણ પાઠક, ગુણવંતરાય આચાર્ય, ગુલાબદાસ બ્રોકર, પ્રિયકાન્ત મણિયાર, સુરેશ દલાલ, નાથાલાલ દવે, દિલીપ રાણપુરા, અનંત રાવલ, નિરંજન ભગત, જયભીખ્ખુ, ધીરુબેન પટેલ, હંસાબેન મહેતા, શારદા મહેતા, કુંદનિકા કાપડિયા વગેરેનો સમાવેશ થાય છે.

આધુનિક સાહિત્યકારોમાં રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત બક્ષી, ડૉ. કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત મહેતા, ડૉ. ગુણવંત શાહ, અશ્વિની ભટ્ટ, જોરાવરસિંહ જાદવ, રજનીકુમાર પંડ્યા, ડૉ. શરદ ઠાકર, મહેશ યાજ્ઞિક, કાજલ ઓઝા વૈદ્ય, જય વસાવડા વગેરેનો સમાવેશ થાય છે. બાળ સાહિત્યકારોમાં ગિજુભાઈ બધેકા, જીવરામ જોશી, રમણલાલ સોની, યશવંત મહેતા વગેરેનું મહત્વનું યોગદાન છે. હાસ્ય લેખકોમાં જ્યોતિન્દ્ર



# PM-RAHAT યોજના

## માર્ગ અકસ્માત પીડિતો માટે હવે તાત્કાલિક તબીબી સારવાર

**નામાંકિત હૉસ્પિટલોમાં ૭ દિવસ માટે ₹ ૧.૫ લાખ સુધીની નિ:શુલ્ક સારવાર**

**બિન-નામાંકિત હૉસ્પિટલમાં પણ તાત્કાલિક સ્ટેબિલાઇઝેશન સારવાર મફત**

**ગુજરાતમાં PM-RAHAT યોજનાનો અમલ શરૂ**

## ચિંતા નહીં, PM-RAHAT યોજના છે.

"માર્ગ અકસ્માતના સમયે તાત્કાલિક સારવાર એ જ સાચી સંજીવની છે. 'PM-RAHAT' યોજના થકી માર્ગ અકસ્માત પીડિતની અમૂલ્ય જિંદગીઓ બચાવવા સરકાર કટિબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી** માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Gujarat Road Safety Authority
Each Road, Safe Road

દવે, તારક મહેતા, બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર અને અશોક દવેને પણ અચૂક યાદ કરવા પડે.

**સંગીત-નૃત્ય કલા:**

સંગીત અને નૃત્યકલામાં ગુજરાતના ગરબા-દાંડિયા રાસ, સનેડો, લગ્નગીતો, ફટાણા, ભવાઈ, ટિપ્પણી નૃત્ય, ડાંગી નૃત્ય, હુડો ડાન્સ, સિદ્દી ધમાલ, ગોપ રાસ, મેર રાસ અને મટુકડી નૃત્ય વગેરે વિશ્વભરમાં લોકપ્રિય છે.

ગીત-સંગીત અને સુગમ સંગીત ગુજરાતની આગવી ઓળખ છે. પંડિત ઓમકારનાથ ઠાકુર, અવિનાશ વ્યાસ, ગૌરાંગ વ્યાસ, પુરુષોત્તમ ઉપાધ્યાય, રાસબિહારી દેસાઈ, ક્ષેમુ દિવેટિયા, દિલીપ ધોળકિયા, રસિક ભોજક, ચીમન તપોધન, ભગીરથ ભટ્ટ, મેહુલ સુરતી, અરવિંદ બારોટ, સુરેશકુમાર, મહેશ-નરેશ, માના સમીર રાવલ વગેરેએ ગુજરાતી સંગીતને લોકપ્રિય બનાવવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે.

જ્યારે ગાયકોમાં પ્રાણલાલ વ્યાસ, દિવાળીબેન ભીલ, પ્રફુલ્લ દવે, હેમુ ગઢવી, મણિરાજ બારોટ, મહેશ-નરેશ, દમયંતીબેન બરડાઈ, સરોજ ગુંદાણી, મનહર ઉધાસ, ફાલ્ગુની પાઠક, પાર્થિવ ગોહિલ, પાર્થ-સંજય ઓઝા, આદિત્ય ગઢવી, ઓસ્માન મીર, ભૂમિ ત્રિવેદી, કિંજલ દવે, ગીતા રબારી, ઐશ્વર્યા મજમુદાર, હિમાલી વ્યાસ, માયા-દીપક, અમર ભટ્ટ વગેરે ગાયકોએ ગુજરાતી લોકગીતો, ગઝલો અને કવિતાઓને લોકોના હૃદય સુધી પહોંચાડ્યા છે અને ગુજરાતી પદ્ય સાહિત્યને અદ્દભૂત સૂર અને લય દ્વારા અમર બનાવ્યું છે.

નૃત્યકલામાં મૃણાલિનીબેન સારાભાઈ, મલ્લિકા સારાભાઈ, ભાવનગરના ધરમશીભાઈ, પદ્મશ્રી કુમુદીબેન લાખિયા, સ્મિતાબેન શાસ્ત્રી, ઈલાક્ષીબેન ઠાકોર, સોનલ માનસિંહ, રાધા મેનન, ઈશિરા પરીખ, ભૈરવી કોશિયા, કાશ્મીરા ત્રિવેદી, ભરત બારૈયા, નથુભાઈ પહાડે, ભાસ્કર મેનન, દર્શન ઝવેરી, ધર્મેશ શાહ જેવા વંદનીય નૃત્ય ગુરુઓએ ગુજરાતની પાયલની ઝણકારને વિશ્વભરમાં ગુંજાવી છે.

**ગુજરાતી ફિલ્મ જગત:**

ગુજરાતીઓનું પ્રભાત જેમ નરસિંહ મહેતાના પ્રભાતિયાંથી શરૂ થાય છે, તેમ ગુજરાતી ફિલ્મ જગતનું પ્રભાત પણ 'નરસિંહ મહેતા' નામની ફિલ્મથી ૧૯૩૨માં ઉદ્દભવ્યું હતું. ૯ એપ્રિલ, ૧૯૩૨ના રોજ સૌપ્રથમ ગુજરાતી બોલતી ફિલ્મ 'નરસિંહ મહેતા' પ્રદર્શિત થઈ હતી. આ ઐતિહાસિક ફિલ્મના નિર્માતા શ્રી ચીમનભાઈ દેસાઈ અને દિગ્દર્શક શ્રી નાનુભાઈ બી. વકીલ હતા. આ ફિલ્મને એસ. પી. રાણેએ સંગીત આપ્યું હતું, જ્યારે સિનેમેટોગ્રાફી ફરદૂન ઈરાનીએ કરી હતી. ફિલ્મની વાર્તા ચતુરભુજ દોશીએ લખી હતી અને તેનું નિર્માણ 'સાગર મૂવીટોન' દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ તે સમય (૧૯૩૨)માં માત્ર રૂપિયા ૧૭,૦૦૦ના ખર્ચે તૈયાર થઈ હતી. ફિલ્મના સેટની ડિઝાઈન વિખ્યાત ચિત્રકાર રવિશંકર રાવલે કરી હતી.

સૌપ્રથમ રંગીન (કલર) ગુજરાતી ફિલ્મ 'લીલુડી ધરતી' હતી, જેનું દિગ્દર્શન વલ્લભ ચોકસીએ કર્યું હતું અને તે ૩ જુલાઈ, ૧૯૬૮ના રોજ પ્રદર્શિત થઈ હતી. આ ફિલ્મના લેખક વિખ્યાત નવલકથાકાર ચુનીલાલ મડિયા હતા.

૧૯૬૯માં પન્નાલાલ પટેલની રચના પર આધારિત અને કાંતિલાલ રાઠોડના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ 'કંકુ'ને ૧૭મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં 'બેસ્ટ ફીચર ફિલ્મ ઈન ગુજરાતી'નો એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મમાં કંકુનું પાત્ર ભજવનાર પલ્લવી મહેતાને ૧૯૭૦માં યોજાયેલા છઠ્ઠા શિકાગો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનય માટે એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મનું 'મુને અંધારા બોલાવે' ગીત ખૂબ લોકપ્રિય બન્યું હતું, જે વેણીભાઈ પુરોહિતે લખ્યું હતું અને હંસા દવેએ ગાયું હતું.

ટિકિટ બારી પર ભારે સફળતા મેળવનાર પહેલી ફિલ્મ 'જેસલ તોરલ' હતી. આ ફિલ્મ ૨૫ અઠવાડિયા સુધી થિયેટરોમાં હાઉસફુલ રહી હતી અને ગુજરાત સરકારના ૧૭ એવોર્ડ મેળવનારી પ્રથમ ફિલ્મ બની હતી. રવિન્દ્ર દવેના દિગ્દર્શનમાં બનેલી અને અવિનાશ વ્યાસના સંગીતથી સજ્જ આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મના ગીતો 'ધૂણી રે ધખાવી', 'પાપ તારું પરકાશ જાડેજા' અને 'રોઈ રોઈ કોને સંભળાવું' ખૂબ લોકપ્રિય બન્યા હતા.

મહેંદી તે રંગ લાગ્યો, અખંડ સૌભાગ્યવતી, તમે રે ચંપો ને અમે કેળ, જોગ સંજોગ, કાશીનો દીકરો, લોહીની સગાઈ, પારકી થાપણ, ભવની ભવાઈ, મહિયરની ચૂંદડી, દેશ રે જોયા દાદા પરદેશ જોયા, પાલવડે બાંધી પ્રીતથી લઈને કેવી રીતે જઈશ, ધ ગુડ રોડ, બેયાર, છેલ્લો દિવસ, હેલ્લારો, રેવા, કચ્છ એક્સપ્રેસ, લવની ભવાઈ અને લાલો સુધી ગુજરાતી ફિલ્મોની યાત્રા ચઢાવ-ઉતારથી ભરપૂર રહી છે.

**શિલ્પ - સ્થાપત્ય:**

શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકલા ક્ષેત્રે પણ હવે ગુજરાતના કલાકારોએ વિશ્વમાં ડંકો વગાડ્યો છે. શિલ્પ-સ્થાપત્ય ક્ષેત્રે જોઈએ તો બાલકૃષ્ણ



# PRIDE HOTELS & RESORTS

## PRIDE HOTELS LIMITED

**TRULY INDIAN.TRADITIONALLY LUXURIOUS.**




## Own. Develop. Manage. Operate.

- 2,723 keys across 34 operational hotels and resorts in 32 cities*
- A confirmed upcoming addition of 32 hotels and 2341 keys across 30 cities in India
- Operate more than 90+ Banquets & 50 F&B outlets (Restaurants, Bars, Coffee shops and Bakeries)**
- 4th largest among domestic chains within family promoted hotel companies*
- Ranked 27th in the prestigious Ernst & Young's DEI 100 List
- 6th Largest hotel chain in India in terms of chain-owned inventory in the upscale, upper midscale and midscale segments
- Presence in major cities, including Delhi, Ahmedabad, Kolkata, Pune, Bengaluru, Chennai, Bhopal, Indore and Nagpur.

*As of June 30, 2025 | **As on date of this Draft Herring Prospectus

PRIDE PLAZA | PRIDE PREMIER | PRIDE ELITE | Biznotel BY PRIDE

**Over 38 years of experience managing a diverse range of hotels and resorts.**

USE Promocode :
**PRIDE26** for exclusive offers

1800 209 1400 pridehotel.com centralreservations@pridehotel.com

PRIDE HOTELS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the DRHP dated September 30, 2025, with SEBI and the Stock Exchanges on September 30, 2025. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.pridehotel.com and on the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. Motilal Oswal Investment Advisors Limited and JM Financial Limited at www.motilaloswalgroup.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 41 of the DRHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. The Equity Shares offered in the Offer have not been have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside of the United States in "offshore transactions" in reliance on Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur.



દોશી, જશુબેન શિલ્પી, રતિલાલ કાસોદરિયા, કાંતિભાઈ પટેલ, સોમપુરા પરિવાર, પીરાજી સાગરા, ભૂપેન ખખ્ખર, અમિત અંબાલાલ, નીલુ ચચેરા, મયુર વાકાણી, ભારતી ખેર, શિલ્પા ગુપ્તા વગેરે નામો અચૂક યાદ કરવા પડે.

ગુજરાતની સાત વાસ્તુકલા અજાયબીઓની વાત કરીએ તો તેમાં પાટણની રાણી કી વાવ, અડાલજની વાવ, મોઢેરાનું સૂર્ય મંદિર, અમદાવાદના ઝૂલતા મિનારા, વડોદરાનો લક્ષ્મીવિલાસ પેલેસ, પાલીતાણાના જૈન દેરાસરો તેમજ અમદાવાદની સીદી સૈયદની જાળી અને જામા મસ્જિદનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મન્ત્રમુગ્ધ કરી દે તેવી સાઈટ્સમાં લોથલ, દિવનો કિલ્લો, ઉપરકોટ, સરખેજ રોજા, મહોબ્બત કા મકબરા, પ્રાગ મહેલ, આયના મહેલ, ચાંપાનેર, પાવાગઢ, દ્વારકા, સોમનાથ અને સિદ્ધપુરના સ્થાપત્યોને પણ ગણી શકાય.

**ચિત્રકલા – તસવીર કલા:**

ચિત્રકલા ક્ષેત્રે કલાગુરુ રવિશંકર રાવલ, સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર, છગન જાદવ, રસિકલાલ પરીખ, કનુ દેસાઈ, જ્યોતિ ભટ્ટ, માર્કંડ ભટ્ટ, નટુભાઈ પરીખ, નટુભાઈ મિસ્ત્રી, હકુ શાહ, ભાનુ શાહ, અમિત અંબાલાલ, ગજેન્દ્ર શાહ, વૃંદાવન સોલંકી, પ્રિયા પરીયાણી તથા થ્રી-ડી પેઈન્ટર સૌમ્યા પંડ્યા ઠક્કરનું વિશેષ યોગદાન રહ્યું છે.

જ્યારે કાર્ટૂનકળામાં બંસીલાલ વર્મા 'ચકોર', ગુજરાતના દૂરદર્શન પર સૌપ્રથમ કાર્ટૂન રજૂ કરનાર તેમજ સૌપ્રથમ મેકઅપ મેન તરીકે ગૌરવ મેળવનાર તુષાર તપોધન, નટુભાઈ મિસ્ત્રી, દેવ ગઢવી, શનિ, શિવ પંડ્યા, નારદ, રણછોડભાઈ પુરાણી, અશોક આદેપાલ, જામી અને આબીદ સુરતી જેવા કાર્ટૂનિસ્ટોએ કાર્ટૂન દ્વારા સમાજપ્રહરીનું કાર્ય કર્યું છે.

તસવીરકલા ક્ષેત્રે ગુજરાત અને ગુજરાતીઓના હૃદયના મનોભાવોનું વિશ્વને દર્શન કરાવવાનું બહુમાન જગન મહેતા, સુલેમાન પટેલ, પ્રાણલાલ પટેલ, સુરેન્દ્ર પટેલ, પદ્મશ્રી ઝવેરીલાલ મહેતા, જી. એચ. માસ્ટર, સુરેશ મિસ્ત્રી, શૈલેષ રાવલ, હેમેન્દ્ર શાહ, કિશોર પારેખ, ભાટી એન. ભાલચંદ્ર, ધવલ ભરવાડ, વિવેક દેસાઈ, દેશની પ્રથમ મહિલા ફોટોગ્રાફર હોમાઈ વ્યારાવાલા, નેહા ભટ્ટ અને ચૌલા દોશીને ફાળે જાય છે.

**મીડિયા:**

પ્રચાર અને પ્રસારણના માધ્યમોમાં પણ ગુજરાતમાંથી સેંકડો અખબારો અને સામયિકો પ્રકાશિત થાય છે. આ સાથે ઈલેક્ટ્રોનિક મીડિયામાં પણ માત્ર આકાશવાણી અને દૂરદર્શન જ નહીં, પરંતુ અનેક ન્યૂઝ ચેનલો અને એફએમ રેડિયો સ્ટેશનો શરૂ થયા છે. ગુજરાતી ભાષાનું સૌપ્રથમ અખબાર 'મુંબઈ સમાચાર' મુંબઈથી ૧ જુલાઈ, ૧૮૨૨ના રોજ ફર્દુનજી મર્ઝબાન દ્વારા પ્રકાશિત થયું હતું.

અમદાવાદમાંથી સૌપ્રથમ ૧૮૪૯માં 'વર્તમાન' નામનું અખબાર ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ઓફ અમદાવાદ દ્વારા પ્રકાશિત થયું હતું. ૧૮૫૦માં 'સુરત સમાચાર' શરૂ થયું હતું. ૧૮૬૪માં નર્મદે દાંડિયો પ્રકાશિત કર્યું હતું. ૧૮૯૪માં 'ગુજરાત મિત્ર' અને 'ગુજરાત દર્પણ' શરૂ થયા હતા.

ગુજરાતમાં પ્રકાશિત થનાર સૌપ્રથમ દૈનિક ૧૮૭૩નું હિતેચ્છુ હતું. સ્વતંત્રતા ચળવળનું નેતૃત્વ કરનારા મહાત્મા ગાંધીએ ૧૯૧૯માં નવજીવન અખબાર શરૂ કર્યું હતું. સૌરાષ્ટ્રમાંથી સૌપ્રથમ અખબાર ફૂલછાબ ૧૯૨૧માં પ્રકાશિત થયું. ૧૯૨૩માં સંદેશ, ૧૯૩૨માં ગુજરાત સમાચાર, ૧૯૪૮માં જયહિન્દ, ૧૯૫૩માં લોકસત્તા-જનસત્તા, ૧૯૫૫માં કચ્છમિત્ર, ૧૯૭૮માં અકિલા, ૧૯૮૬માં સમભાવ, ૨૦૦૩માં દિવ્ય ભાસ્કર અને ૨૦૧૪માં નવગુજરાત સમય શરૂ થયા, અને ગુજરાતી અખબારી જગત અખબારોથી સમૃદ્ધ બન્યું. ગુજરાતમાં ઓનલાઈન મીડિયામાં પ્રવેશ કરનાર સમભાવ પ્રથમ મીડિયા જૂથ હતું.

ગુજરાતમાં પ્રથમ રેડિયો સ્ટેશનની સ્થાપના ૧૯૩૯માં બરોડા રાજ્યના સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમયમાં કરવામાં આવી હતી. પાછળથી ૧૯૪૮માં તેનું 'ઓલ ઈન્ડિયા રેડિયો' સાથે વિલિનિકરણ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં ચાર કેમ્પસ રેડિયો સ્ટેશનો છે. ગુજરાત પહેલું રાજ્ય હતું જ્યાં 'રૂરલ હાઈ-ફ્રીકવન્સી' ટેલિવિઝન ટ્રાન્સમીટરની સ્થાપના ૧૯૭૫માં ખેડા જિલ્લાના પીજ ખાતે કરવામાં આવી હતી.

આજે ગુજરાતમાંથી ૬૦૦થી વધુ નાના-મોટા અખબારો પ્રકાશિત થાય છે. સાપ્તાહિકો અને માસિકોની સંખ્યા અંદાજે ૨૫૦૦થી વધુ છે. વાંચે ગુજરાત અભિયાન હેઠળ પુસ્તકાલયોની પ્રવૃત્તિ પણ હાલમાં ખૂબ જ વેગવંતી બની છે.

ગુજરાતી ભાષાના સૌથી જૂના ચોપાનિયા (મેગેઝિન/પત્રિકા)માં જામે જમશેદ (ઈ.સ.૧૮૩૨)માં પેસ્તનજી માણેકજી મોતીવાલાએ મુંબઈ ખાતે શરૂ કર્યું હતું. ૧૮૫૦માં બુદ્ધિ પ્રકાશ સામાયિકના તંત્રી કવિ દલપતરામ હતા. ૧૮૮૦માં ગુજરાતી હિન્દુ સામાહિક ઈચ્છારામ દેસાઈએ મુંબઈથી શરૂ કર્યું હતું. સાહિત્યિક મેગેઝિન

INDIA'S FIRST World Heritage city AMDAVAD GUJARAT, INDIA

MY CITY MY PRIDE

INDIA'S CLEANEST CITY AMDAVAD

# A PROUD MOMENT FOR OUR CITY

## Amdavad to Host the 2030 Centenary Commonwealth Games!

*Ahmedabad stands ready to* ***welcome the world celebrating 100 years of*** *Commonwealth sporting heritage.*



commonwealth games
Amdavad 2030

**Amdavad Municipal Corporation**
Sardar Patel Bhavan, Danapith,
Ahmedabad-380001, Gujarat, India

**Ph :** +91 -79-25391811,
**Email :** info@ahmedabadcity.gov.in

*Let's Celebrate. Let's Inspire.*
*Let's Welcome the World!*



www.ahmedabadcity.gov.in AhmedabadAMC @AmdavadAMC @AMCOfficial

વસંત-૧૯૦૨માં આનંદશંકર ધ્રુવે અમદાવાદથી શરૂ કર્યું હતું. ૧૯૨૪માં સાંસ્કૃતિક કુમાર મેગેઝિન રવિશંકર રાવળે અમદાવાદથી શરૂ કર્યું હતું.

ગુજરાતનું સૌથી મોટું પુસ્તકાલય વડોદરામાં આવેલ સેન્ટ્રલ લાઈબ્રેરી છે. અમદાવાદની એમ.જે. લાઈબ્રેરીને ૮૮ વર્ષ પૂર્ણ થયા છે. ગુજરાતની સૌથી જૂની લાઈબ્રેરી રાજકોટની લેંગ લાઈબ્રેરી છે, જેની સ્થાપના ૧૮૫૬માં થઈ હતી, એટલે કે લગભગ ૧૭૦ વર્ષ જૂની છે. અમદાવાદની હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના ૧૮૫૭માં થઈ હતી. ભાવનગરની બાર્ટન લાઈબ્રેરી પણ ઐતિહાસિક લાઈબ્રેરી છે, જેનું ઉદ્ઘાટન ૧૮૮૨માં રાજા તખ્તસિંહજી ગોહિલે કર્યું હતું.

**રમત અને રમતવીરો:**

રમતગમતના વિશ્વમાં ગુજરાત વૈશ્વિક રમતોનું 'યજમાન' બની પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે. ગુજરાત રાજ્યના ૭૦મા સ્થાપના વર્ષ (૨૦૩૦) નિમિત્તે ૨૪મી 'કોમનવેલ્થ ગેમ્સ'નું યજમાન બનવા માટે પસંદ થયું છે. આ પહેલાં ૨૦૨૯માં યોજાનાર 'વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ'ની યજમાની પણ ગુજરાત કરશે, જ્યારે ૨૦૩૬ની 'ઓલિમ્પિક ગેમ્સ' માટે પણ ગુજરાતે દાવેદારી નોંધાવી છે.

ક્રિકેટ ક્ષેત્રે વિશ્વનું સૌથી મોટું 'નરેન્દ્ર મોદી' સ્ટેડિયમ અમદાવાદમાં આવેલ છે. ૨૦૨૨માં ૩૬મી નેશનલ ગેમ્સનું આયોજન ગુજરાતમાં સફળતાપૂર્વક થયું હતું. ઉપરાંત ૪૪મી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ, ૨૨મી નેશનલ વુમન ટીમ ચેસ ચેમ્પિયનશિપ, કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ અને એશિયન એક્વેટિક્સ ચેમ્પિયનશિપ જેવી સ્પર્ધાઓનું સફળ આયોજન ગુજરાતે કર્યું છે.

આ ઉપરાંત ટેનિસ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ચેસ, વુશુ, ગોલ્ફ વગેરે રમતોની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટોનું સફળ આયોજન કરીને ગુજરાતે પોતાની આગવી ઓળખ બનાવી છે.

ગુજરાતના અનેક ખેલાડીઓએ વૈશ્વિક સ્તરે સફળતા મેળવી રાજ્યનું નામ રોશન કર્યું છે. તેમાં ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ, કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ અને અર્જુન એવોર્ડ મેળવનાર પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલનો સમાવેશ થાય છે. પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૬ વખત ગોલ્ડ મેડલ જીતનાર અને વર્લ્ડ નંબર-વન રહેલી પારુલ પરમાર, બિલિયર્ડ્સમાં ૮ વખત વર્લ્ડ ચેમ્પિયન તથા ખેલ રત્ન અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા ગીત સેઠી, બે વખત વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયન રૂપેશ શાહ અને ધ્વજ હરિયા પણ નોંધપાત્ર છે.

ટેબલ ટેનિસમાં કોમનવેલ્થ ગેમ્સમાં ૨ ગોલ્ડ અને સાઉથ એશિયન ગેમ્સમાં ૩ ગોલ્ડ મેડલ મેળવનાર તથા અર્જુન એવોર્ડ વિજેતા સુરતના હરમીત દેસાઈ, શૂટિંગમાં વર્લ્ડ કપ, એશિયન ચેમ્પિયનશિપ અને વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં કુલ ૨૨ ગોલ્ડ મેડલ જીતનાર એલાવેનીલ વલારીવાન પણ ગુજરાતનું ગૌરવ છે.

ચેસમાં 'FIDE વર્લ્ડ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપ'માં ગોલ્ડ મેડલ મેળવનાર સુરતની માત્ર ૭ વર્ષની વાકા લક્ષ્મી પ્રાગ્નિકા, ગુજરાતના પ્રથમ ગ્રાન્ડમાસ્ટર તેજસ બાકરે અને વિવાન શાહનો સમાવેશ થાય છે. ટેનિસમાં 'ઓસ્ટ્રેલિયન ઓપન એશિયા-પેસિફિક એલિટ ટ્રોફી' જીતનાર જૂનાગઢની ૧૩ વર્ષની જેન્સી કાનાબાર, તેમજ અંકિતા રૈના, વૈદેહી ચૌધરી અને ઝીલ દેસાઈએ પણ ઉત્તમ પ્રદર્શન કર્યું છે.

ખો-ખોમાં વર્લ્ડ ચેમ્પિયન ઓપીના ભીલ, બાસ્કેટબોલમાં અહના જ્યોર્જ, બોક્સિંગમાં યાત્રી પટેલ, બેડમિન્ટનમાં અનુષ્કા પરીખ, તસ્નીમ મીર અને આર્યમાન ટંડન, સ્વિમિંગમાં આર્યન નહેરા, પરિતા પારેખ અને વેનીકા પરીખ, તેમજ ટેબલ ટેનિસમાં માનુષ શાહ અને માનવ ઠક્કરે પણ સફળતા પ્રાપ્ત કરી છે.

ક્રિકેટ ક્ષેત્રે ફાધર ઓફ ક્રિકેટ તરીકે જાણીતા રણજીતસિંહથી શરૂઆત કરીને, ૧૯૫૯માં ઓસ્ટ્રેલિયા સામે કાનપુરમાં ભારતને ઐતિહાસિક જીત અપાવનાર અને એક ઈનિંગ્સમાં ૯ વિકેટ તથા ટેસ્ટમાં ૧૪ વિકેટ લેવાનો રેકોર્ડ બનાવનાર જસુ પટેલ, દીપક શોધન, અંશુમાન ગાયકવાડ, કરશન ઘાવરી, કિરણ મોરે, અજય જાડેજા, રવિન્દ્ર જાડેજા, ચેતેશ્વર પુજારા, પઠાણ બંધુઓ, પંડ્યા બંધુઓ, પાર્થિવ પટેલ, જસપ્રિત બુમરાહ અને અક્ષર પટેલ જેવા ખેલાડીઓએ ભારતીય ક્રિકેટમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

**વિજ્ઞાન-સંશોધન અને ટેક્નોલોજી:**

વિજ્ઞાન, સંશોધન અને ટેકનોલોજીના ક્ષેત્રે પણ ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. 'ફાધર ઓફ ધ ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ'નું ગૌરવવંતુ બિરુદ મેળવનાર ડૉ. વિક્રમ સારાભાઈ ગુજરાતના પ્રખર અવકાશ વિજ્ઞાની હતા.





SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE
PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE
सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा
NOVEL
SWASTHYA SETU IS THE NEW NORMAL
Amines® Biotech Pvt. Ltd.
Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in
Customer Care No.:
+91 97237 07339
Follow us:
Available at:
JPOINT®



અમદાવાદમાં ભારતીય અવકાશ સંશોધન અને ઉપગ્રહ સંચાર માટે ISRO સંસ્થા કાર્યરત છે. આ ઉપરાંત એફ.એસ.એલ., ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝ્મા રિસર્ચ સેન્ટર, ભાવનગરનું 'સોલ્ટ મરીન રીસર્ચ સેન્ટર', અમદાવાદમાં આવેલ સાયન્સ સિટી, અટીરા, એન.આઈ.ડી., એન.આઈ.એફ.ટી., સેપ્ટ, બાયોટેક પાર્ક, ઈન્ફોસિટી, દેશની પ્રથમ બાયો બેન્ક તેમજ અમદાવાદના ખોરજ ખાતે દેશના પ્રથમ ખાનગી ક્ષેત્રના સેટેલાઈટ ઉત્પાદન પ્લાન્ટ અને પ્રથમ પોઈઝન ઈન્ફોર્મેશન સેન્ટર ગુજરાતને જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રે મહત્વના હબ તરીકે સ્થાપિત કરે છે.

ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. પી.સી. વૈદ્ય, પ્રો. જ્યોતિન્દ્ર દેસાઈ, પ્રો. જે.જે. રાવલ, જે.જે. ચિનોય, ડૉ. સુધીર પંડ્યા, ગણિતશાસ્ત્રી પ્રો. એ.આર. રાવ, પુરાતત્વવિદ ડૉ. હસમુખ સાકળિયા, પી.પી. પંડ્યા, ભૂસ્તરશાસ્ત્રી દારાશા નૌશિરવાન વાડિયા, બ્રહ્માંડમાં ૬ નવી આકાશગંગાની શોધ કરનાર ડૉ. એકતા શાહ તથા જૈનિલ ચાંપાનેરિયા દ્વારા હાઈસ્પીડ વિમાનોની સુરક્ષા માટે વિકસાવાયેલ ઓટો-લોકિંગ કેનોપી જેવા યોગદાન નોંધપાત્ર છે. 'સફારી' મેગેઝિનના નાગેન્દ્ર વિજય પણ વિજ્ઞાન પ્રસાર ક્ષેત્રે મહત્વનું યોગદાન આપેલ છે. આ તમામ મહાનુભાવોએ વિજ્ઞાનના નભમંડળમાં ગુજરાતને ચમકતો સિતારો બનાવવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

**ઉદ્યોગ અને શ્રેષ્ઠીઓ:**

વિશ્વભરમાં 'ગુજરાતી પ્રજા' વણિક-વેપારી બુદ્ધિ ધરાવતી ડાહી, શાણી અને મીઠી પ્રજા તરીકે જાણીતી છે. હા, ઉદ્યોગ-ધંધામાં ગુજરાતી પહેલેથી જ અવ્વલ નંબરે આવે છે. કોઠાસૂઝ ધરાવતી આ પ્રજાએ ઓછું ભણતર હોવા છતાં ઉદ્યોગસાહસમાં કાઠું કાઢ્યું છે, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ રિલાયન્સના ધીરુભાઈ અંબાણી છે. અહીં સૌપ્રથમ કાપડ મિલ શરૂ કરવાનું બહુમાન શ્રી રણછોડલાલ છોટાલાલને જાય છે.

અંબાલાલ સારાભાઈ, જમશેદજી ટાટા, કસ્તુરભાઈ લાલભાઈ, મેઘજી પેથરાજ શાહ, નાનજી કાલિદાસ મહેતા, પોપટલાલ નરસીભાઈ પટેલ અને પ્રભુલાલ સંઘરાજ શાહ જેવા ઉદ્યોગપતિઓએ ઉદ્યોગો માટે ગુજરાતમાં મજબૂત પાયો નાખ્યો હતો. જ્યારે વર્તમાન સમયમાં મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, સુધીર મહેતા, સમીર મહેતા, કરસનભાઈ પટેલ, દિલીપ સંઘવી, ઈન્દ્રવદન મોદી, પંકજ પટેલ, અઝીમ પ્રેમજી, પારુ જયકૃષ્ણ, બી.કે. મહેતા, પી.બી. પટેલ, ભદ્રેશ શાહ, ઊર્મિશ હસમુખ ચુડગર, ઈશા અંબાણી, અદૈતા નાયર અને ફાલ્ગુની નાયર જેવા ઉદ્યોગપતિઓએ પણ ગુજરાતના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.

અમદાવાદનો મિલ ઉદ્યોગ, જામનગરની રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ, રાજકોટમાં મશીનરી ઉદ્યોગ, મોરબીમાં સિરામિક અને ઘડિયાળ ઉદ્યોગ, સુરતમાં હીરા ઉદ્યોગ, વડોદરામાં દવા ઉદ્યોગ અને અતુલમાં રંગ-રસાયણ ઉદ્યોગ આજે પણ વિશ્વખ્યાત છે.

ભાવનગરમાં આવેલું શિપ-બ્રેકિંગ યાર્ડ, મહેસાણામાં આવેલ વિશ્વનું સૌથી મોટું ડિટર્જન્ટ સંકુલ, ભરૂચમાં આવેલ ખાતરનું કારખાનું, અંકલેશ્વરમાં આવેલ ખનીજ તેલ ક્ષેત્ર અને આણંદમાં આવેલ અમૂલ ડેરી વગેરે ગુજરાતની આગવી ઓળખ બની ચૂક્યા છે.

**મહિલા વિશ્વ:**

ગુજરાતની સાડી અને ચણિયા-ચોળીથી પ્રસિદ્ધ ગુર્જરનારી આરોહી પટેલ, મોનલ ગજ્જર તેમજ કશિશ રાઠોર અને રાહી રાઠોર સુધીની મહિલાઓએ વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે.

આઝાદીના સમયગાળા દરમિયાન પૂજ્ય કસ્તુરબા ગાંધી, મણિબેન પટેલ, શારદાબેન મહેતા, ડૉ. ઉષા મહેતા, ચારુમતી યોદ્ધા જેવી મહિલાઓએ દેશસેવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સેવા ક્ષેત્રે પદ્મભૂષણ અને રેમન મેગ્સેસે એવોર્ડ મેળવનાર નારીરત્ન ઈલાબેન ભટ્ટ, પૂર્ણિમાબેન પકવાસા, જ્યોતિસંઘની સ્થાપના કરનાર મૃદુલાબેન સારાભાઈ, વિકાસગૃહની સ્થાપના કરનાર પુષ્પાબેન મહેતા, અનુબેન ઠક્કર, શાંતા નાગજી દેસાઈ, વીરબાળા નાગરવાડિયા અને મહેરૂનિસ્સા દેસાઈ જેવી મહિલાઓએ સમાજસેવામાં અવિસ્મરણીય કાર્ય કર્યું છે.

એવિએશન ક્ષેત્રે ઓપરેશન સિંદૂરની પાઈલટ કેપ્ટન સોફિયા કુરેશી, સૌરાષ્ટ્રની પ્રથમ મહિલા પાઈલટ દિવ્ય સંઘવી, ભારતની સૌથી યુવા પાઈલટ તરીકે માત્ર ૧૯ વર્ષની વયે (૨૦૨૧માં) સિદ્ધિ મેળવનાર સુરતની મૈત્રી પટેલ તથા જામનગર એરબેઝ પર ભારતનું પ્રથમ ફાઈટર એરક્રાફ્ટ ઉડાવનાર અવની ચતુર્વેદીએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

શિક્ષણ ક્ષેત્રે ઈન્દુમતીબેન ચીમનલાલ શેઠ, ગુજરાતની પ્રથમ મહિલા ગ્રેજ્યુએટ વિદ્યાગૌરી નીલકંઠ, શારદાબેન મહેતા, અનસૂયા સારાભાઈ તથા ભારતની સહ-શૈક્ષણિક એમ.એસ. યુનિવર્સિટીની પ્રથમ

મહિલા વાઈસ ચાન્સેલર હંસા મહેતાનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. બાલકલ્યાણ ક્ષેત્રે હીરાબેન શેઠે પણ ઉત્તમ સેવાકાર્ય કર્યું છે.

ઉદ્યોગ ક્ષેત્રે સુમતિ મોરારજી, અક્ષરકેમ (ઈન્ડિયા) લિમિટેડની ચેરપર્સન પારુ જયકૃષ્ણ તથા એન.ડી.ડી.બી.ના પૂર્વ અધ્યક્ષા ડૉ. અમૃતા પટેલે ગુજરાતને નવી ઓળખ આપી છે.

રાજકારણ ક્ષેત્રે મણિબેન પટેલ, અરૂણાબેન દેસાઈ, ઈલાબેન પાઠક, જયાબેન શાહ, ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી ઈન્દુમતી શેઠ, ઉર્મિલાબેન પટેલ, ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા સ્પીકર નિમુબેન આચાર્ય, ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ જેવી સન્નારીઓ ગરવા ગુજરાતની ગૌરવશાળી મહિલાઓ રહી છે.

**જોવાલાયક સ્થળો:**

ગુજરાત પ્રવાસન ક્ષેત્રે પણ સૌની પસંદગીનું રાજ્ય રહ્યું છે. એશિયાનું એકમાત્ર સિંહ દર્શન સ્થળ સાસણગીર, વિશ્વની સૌથી જૂની 'આર્ટિફિશિયલ ડોક' ધરાવતું લોથલ, પ્રાચીન સિંધુ સંસ્કૃતિનું નજરાણું સમું ધોળાવીરા, વિશ્વનો સૌથી મોટો વડ 'કબીર વડ', કેવડિયામાં આવેલ વિશ્વનું સૌથી ઊંચું 'સ્ટેચ્યુ ઓફ યુનિટી', પ્રાણી બચાવ, સંરક્ષણ અને પુનર્વસન માટે વિશ્વખ્યાત જામનગરમાં આવેલ 'વનતારા', ગાંધીનગરનું અક્ષરધામ, ઈન્ટરનેશનલ ફાઉન્ટન, રાષ્ટ્રપિતા ગાંધીજીનું જન્મસ્થળ પોરબંદરનું કીર્તિ મંદિર, સાબરમતી આશ્રમ તથા કાંકરિયા તળાવનો સમાવેશ થાય છે.

મેળાઓમાં વિખ્યાત તરણેતરનો મેળો, ભવનાથનો મેળો, કચ્છનો રણોત્સવ, વૌઠાનો (ગધેડા અને ઊંટ) મેળો, શામળાજીનો મેળો, માધવરાયનો મેળો, મોઢેરાનો ઉત્તરાર્ધ મહોત્સવ, પતંગોત્સવ તેમજ તાના-રીરી ઉત્સવને અચૂક યાદ કરવા પડે તેમ છે.

ધાર્મિક સ્થળોમાં સોમનાથ, દ્વારકા, ઘેલા સોમનાથ, ડાકોર, શામળાજી, અંબાજી, બહુચરાજી, પાવાગઢ, મોઢેરા, ગઢડા-સ્વામિનારાયણ, કષ્ટભંજન હનુમાન મંદિર (સારંગપુર), પાલીતાણાના જૈન દેરાસરો વગેરેનો સમાવેશ થાય છે.

અભયારણ્યોમાં જોઈએ તો જાંબુઘોડા અભયારણ્ય, શુલપાણેશ્વર વન્યજીવ અભયારણ્ય, કચ્છ રણ વન્યજીવન ક્ષેત્ર, ગિર સોમનાથ રાષ્ટ્રીય ઉદ્યાન, વઢવાણ પક્ષી અભયારણ્ય, મરીન નેશનલ પાર્ક, વલ્લભીપુર પાસે આવેલ કાળીયાર અભ્યારણ્ય, ગાંધીનગરનું ઈન્દ્રોડા પાર્ક તેમજ બાલાસિનોરનો ડાયનાસોર ફોસિલ પાર્કનો સમાવેશ થાય છે. આમ વિવિધ જોવાલાયક સ્થળોથી સમૃદ્ધ ગુજરાત ખરેખર જોવા અને માણવા જેવું છે.

**પ્રખ્યાત ખાણી-પીણી:**

ગુજરાતીઓ રાસ-ગરબા સાથે-સાથે ખાણી-પીણીના પણ ખૂબ શોખીન છે. ગુજરાતી નાસ્તામાં ફાફડા-જલેબી, ગાંઠિયા, થેપલા (એવરગ્રીન), ફરસી પુરી, ઢોકળા, મુઠીયા, ખીચું વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ ગુજરાતના અમુક શહેરો પોતાની 'ખાસ વાનગી' માટે વિશ્વપ્રખ્યાત છે!

સુરતનો લોચો, ઘીથી લથબથ મઘમઘતી ઘારી, ઊંધિયું, પોંક વડા અને ટામેટાના ભજીયા, કચ્છની દાબેલી, ભુજની ચીક્કી અને ખાજા, વડોદરાનો લીલો ચેવડો, સેવ ઉસળ, દહીં કચોરી, પાઉં ભાજી અને વડાપાઉં, ભાવનગરના વણેલા ગાંઠિયા, ભૂંગળા અને બટાકા, જામનગરના તીખા ઘૂઘરા અને ખાજલી, વલસાડનું ઉંબાડિયું, ભરૂચની ખારી શીંગ, નડિયાદનું ભૂસું અને કચોરી પફ, ખંભાતનું હલવાસન, મહેસાણાનો મોહનથાળ અને મગની દાળનો હલવો, પોરબંદરની ખાજલી અને મગસ, ડાકોરના ગોટા, રાજકોટની લીલી ચટણી, ગાંઠિયા અને પેંડા, તેમજ અમદાવાદના ફાફડા-જલેબી, ખમણ ઢોકળા, દાળવડા, ચોકલેટ સેન્ડવિચ આ બધું ગુજરાતની સ્વાદિષ્ટ પરંપરાનું પ્રતિબિંબ છે. આ તમામ વાનગીઓનો સ્વાદ માણવો હોય તો પધારો મ્હારે દેશ 'ગુજરાત!'

**પધારો મારે ગુજરાત:**

ગાંધીજી, સરદાર પટેલ અને શ્યામજી કૃષ્ણ વર્માનું આ એવું ગુજરાત છે, જ્યાં સુવાવડી કૂતરીને પણ ગરમ શીરો ખવડાવવામાં આવે છે અને અતિથિને 'અતિથિ દેવો ભવ' કહીને સન્માન આપવામાં આવે છે. વાટકી વ્યવહાર અને દહીંના મેળવણથી સંબંધોને મજબૂત બનાવતો આ ગુજરાતી આજે ખરેખર 'વિશ્વ ગુજરાતી' બની ગયો છે.

ઘરે આવો તો લાગણીથી ભરપૂર સત્કાર મળશે અને સામે મળો તો સ્મિતની સોગાત મળશે. ઝિંદાદિલીથી છલોછલ આ પ્રજા માટે 'કેમ છો?' માત્ર શબ્દ નહીં, પરંતુ દિલનો ઉમળકો છે.

'કુછ દિન તો ગુજારીએ ગુજરાત મે...'



BAOU
Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# ભારતીય જ્ઞાનપરંપરાને આધુનિક શિક્ષણ સાથે સંકલિત કરવાની દિશામાં

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું ઐતિહાસિક પગલું



કુલપતિશ્રી
પ્રો. અમી ઉપાધ્યાય



| | | | | |
|---|---|---|---|---|
| **3 લાખથી વધુ** વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તક | **1994માં** ગુજરાત રાજ્ય દ્વારા સ્થાપિત ઓપન યુનિવર્સિટી | યુજીસી દ્વારા **12(B)નો** દરજ્જો પ્રાપ્ત યુનિવર્સિટી | **100+** UG તથા PGના વિવિધ અભ્યાસક્રમો | **10** પ્રાદેશિક કેન્દ્રો **300+** અભ્યાસ કેન્દ્રો |

ભારતમાં ઓપન અને ડિસ્ટન્સ લર્નિંગ ક્ષેત્રે અગ્રેસર ગણાતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ની સ્થાપના વર્ષ 1994માં ગુજરાત રાજ્ય વિધાનસભા દ્વારા કરવામાં આવી હતી. યુનિવર્સિટી આજે 3 લાખથી વધુ વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તક પૂરી પાડે છે. આ યુનિવર્સિટી UGC દ્વારા માન્ય Distance Education Bureau (DEB)ના નિયમો હેઠળ કાર્ય કરે છે. આજે જ્યારે શિક્ષણ મોંઘું અને મર્યાદિત બની રહ્યું છે, ત્યારે સ્થાપનાકાળથી આજદિન સુધી યુનિવર્સિટીનું 'શિક્ષણ સૌને માટે'ના ધ્યેયમંત્ર સાથે કાર્ય કરી રહી છે.

### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ની વિશેષતા

- BAOU ગુજરાતની એકમાત્ર રાજ્ય યુનિવર્સિટી અને ભારતની એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે જેને NAAC A++ માન્યતા પ્રાપ્ત થઈ છે.
- યુનિવર્સિટીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પ્રમાણે કેટેગરી–1 યુનિવર્સિટી તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.
- યુનિવર્સિટીએ ઇન્ડિયા રેન્કિંગ 2024મુજબ NIRF (ઓપન યુનિવર્સિટી કેટેગરી)માં ત્રીજું સ્થાન મેળવ્યું છે.
- BAOU એ NCVET દ્વારા Awarding Body Dual Category (AB-Dual) તરીકે માન્યતા મેળવી છે.
- BAOUના માનનીય કુલગુરૂ પ્રોફેસર અમી ઉપાધ્યાયને ICSSR દ્વારા Integration of Bhartiya Knowledge System Curricula in Higher Education વિષયક સંશોધન માટે રૂપિયા 2 કરોડની સંશોધન ગ્રાન્ટ મળી છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને FICCI દ્વારા પ્રતિષ્ઠિત Excellence in institutional Social Responsibility Awardથી સન્માનિત કરવામાં આવી છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને 16 ડિસેમ્બર 2025ના રોજ શહીદ દિને Veterans India દ્વારા Pride of Nation - National Excellence Honour એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.
- NCVET દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને એવોર્ડિંગ બોડી (ડ્યુઅલ કેટેગરી) તરીકેની માન્યતા પ્રાપ્ત થઈ છે.







માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના અસાધારણ માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પ્રગતિના નવા માપદંડ સ્થાપિત કરી રહી છે. યુનિવર્સિટી માત્ર એક શૈક્ષણિક સંસ્થા નહીં, પરંતુ સમાજના અર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ એક શૈક્ષણિક આંદોલન રૂપે કાર્યરત છે.


આજે યુનિવર્સિટી 100થી વધુ UG તેમજ PGના વિવિધ અભ્યાસક્રમો દ્વારા શિક્ષણ સુલભ બનાવી રહી છે. આ સાથે SWAYAM પ્લેટફોર્મ પર તેમજ અનેક ઓનલાઈન કોર્સ ચલાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, આધુનિક ટેકનોલોજી, નિપુણતા આધારિત અભ્યાસક્રમો અને ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ વિવિધ અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા છે.

## BAOUના અભ્યાસક્રમોની મુખ્ય વિશેષતાઓ

- Open & Distance Learning (ODL) પદ્ધતિ – "Anytime, Anywhere Learning"
- UGC-DEB માન્ય ડિગ્રી
- Assignment + Term-End Examination આધારિત મૂલ્યાંકન
- Self Learning Material (SLM) અને ICT આધારિત અભ્યાસ
- ભારતીય જ્ઞાન અને સંસ્કૃતિના વૈશ્વિક પ્રસાર માટે ખાસ ડિઝાઇન


- BAOU દ્વારા શરૂ કરેલા IKS, Hindi Studies અને Sanskrit જેવા અભ્યાસક્રમો માત્ર ડિગ્રી મેળવવાનો માર્ગ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને જ્ઞાનવારસાને સમજવાનો એક સશક્ત પ્રયાસ છે. આ દરેક કોર્સ નવા યુગના વિદ્યાર્થીઓને પરંપરાગત જ્ઞાન સાથે આધુનિક દ્રષ્ટિકોણ વિકસાવવામાં મદદરૂપ થાય તે હેતુથી તૈયાર કરવામાં આવ્યાં છે. પરિણામે સંશોધન, શિક્ષણ તેમજ સંસ્કૃતિ–અભ્યાસ ક્ષેત્રે નવી તકો ઊભી થશે.

## ભારતીય જ્ઞાનપ્રણાલી (IKS) આધારિત નવા અભ્યાસક્રમો



### • ભારતીય જ્ઞાનપ્રણાલી (IKS) - MAIKS

BAOUનો (IKS) અભ્યાસક્રમ ભારતની પ્રાચીન જ્ઞાનપરંપરા અને આધુનિક સમયમાં તેની પ્રાસંગિકતા વચ્ચેનો સેતુ છે. આ કોર્સમાં પ્રાચીન ભારતનો ઈતિહાસ, સંસ્કૃતનો પરિચય, યોગવિજ્ઞાન, ભારતીય દર્શન, જ્યોતિષશાસ્ત્ર, શિક્ષણપ્રણાલી અને સ્થાપત્ય જેવી વિવિધ વિષયોની વ્યાપક સમજ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાગત વિજ્ઞાનને સંશોધનાત્મક દ્રષ્ટિકોણથી સમજાવવાનો છે તેમજ વિદ્યાર્થીઓમાં હોલિસ્ટિક વિચારધારા વિકસાવવાનો છે.



### • માસ્ટર ઓફ હિંદુ સ્ટડીઝ (MAHS)

BAOUનો MA in Hindu Studiesનો અભ્યાસક્રમ હિંદુ ધર્મ, દર્શન, સંસ્કૃતિ અને સાહિત્યના ઊંડાણપૂર્વક અભ્યાસ માટે તૈયાર કરાયો છે. આ કોર્સ વિદ્યાર્થીઓને વેદ, ઉપનિષદ, ભગવદ્‌ગીતા, પુરાણો અને ભારતીય ધાર્મિક પરંપરાનો વૈજ્ઞાનિક અને તર્કસંગત અભ્યાસ કરવાની તક આપે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાનું સંરક્ષણ અને તેના વૈશ્વિક પ્રસાર માટે શિક્ષિત માનવબળ તૈયાર કરવાનો છે.

ભારતીય જ્ઞાનપ્રણાલી (IKS) અને માસ્ટર ઓફ હિંદુ સ્ટડીઝ (MAHS)માં પ્રવેશ મેળવવા કોઈપણ વિષયમાં માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન હોવું જરૂરી છે તેમજ આ કોર્સનો સમયગાળો ઓછામાં ઓછા 2 વર્ષ (વધુમાં વધુ 6 વર્ષ)નો છે.

વિશેષતાઃ ભારતીય ધર્મ અને આધ્યાત્મિક પરંપરાનો શાસ્ત્રીય અભ્યાસ, સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી માટે ઉપયોગી, ભારતીય સંસ્કૃતિના વૈશ્વિક અભ્યાસ માટે મજબૂત આધાર.



### • માસ્ટર ઓફ સંસ્કૃત (MASKT)

સંસ્કૃત ભાષા ભારતીય જ્ઞાનપ્રણાલીની મૂળભૂત ભાષા છે, અને BAOUનો MA Sanskrit કોર્ષ આ ભાષાના વ્યાકરણ સાહિત્ય અને દર્શનનો ગહન અભ્યાસ કરાવે છે. આ અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓમાં પ્રાચીન ગ્રંથોનું મૂળ સ્વરૂપે અધ્યયન, અનુવાદ અને સંશોધન કરવાની ક્ષમતા વિકસે છે.

આ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે સંસ્કૃત વિષય સાથે BA અથવા સંસ્કૃતમાં પૂરક અભ્યાસ સાથે ગ્રેજ્યુએશન હોવુ જરૂરી છે. વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઇટની મુલાકાત લો.

**Dr. Babasaheb Ambedkar Open University**
Jyotirmay Parisar, Sarkhej-Gandhinagar Highway,
Opp. Shri Balaji Temple, Chharodi,
Ahmedabad - 382481, Gujarat, India.

079-29-791155 / 29791156
info@baou.edu.in
www.baou.edu.in



કેતન ભાણાવટી

# ગુજરાતના સંગ્રહાલયોમાં જીવંત ઈતિહાસની સફર

## વારસો, વિજ્ઞાન અને સંસ્કૃતિનું અદ્‌ભૂત વિશ્વ

કોઈ અજ્ઞાત વ્યક્તિએ સંગ્રહાલયો વિશે ખૂબ સરસ રીતે કહ્યું છે: 'સંગ્રહાલય માત્ર જૂની વસ્તુઓથી ભરેલા મકાનો નથી; તેઓ જીવંત સ્થળો છે, જ્યાં ભૂતકાળ શ્વાસ લે છે, વર્તમાન પ્રતિબિંબિત થાય છે અને ભવિષ્ય આકાર લે છે.' આ વાત કેટલી સાચી છે!

પરંતુ દુ:ખની વાત એ છે કે વર્તમાન ત્યારે જ પ્રતિબિંબિત થાય, જ્યારે વર્તમાન પેઢી મ્યુઝિયમ્સની મુલાકાત લે. સમર વેકેશન દરમિયાન જેટલા યુવાનો વોટર પાર્ક્સની મુલાકાત લે છે, તેના ૧૦% જેટલા યુવાનો પણ મ્યુઝિયમ્સ તરફ વળતા નથી. આજના યુવાનો માટે મ્યુઝિયમ એટલે જાણે એવી જગ્યા, જ્યાં જૂની વસ્તુઓ પોતાના અંતિમ શ્વાસ લઈ રહી હોય. વિશ્વમાં જેમ જેમ જૂની વિરાસત અવગણવામાં આવી રહી છે, તે જોતા મ્યુઝિયમ્સની અનિવાર્યતા આજે ઓક્સિજન જેટલી મહત્વપૂર્ણ લાગી રહી છે.

સંગ્રહાલયો માત્ર માનવ ઈતિહાસ વિશે જ સમજ આપતા નથી; હકીકતમાં તેઓ આપણને શીખવે છે કે ઈતિહાસમાં થયેલી ભૂલોનું પુનરાવર્તન ન કરવું. સાથે સાથે તેઓ ભવિષ્યના સંશોધન માટે પ્રેરણા આપે છે. મ્યુઝિયમ્સ માત્ર સમાન રસ ધરાવતા લોકોને જ એકત્ર કરતા નથી, પરંતુ સમગ્ર વિશ્વને જોડે છે, સમુદાયોને એકસાથે લાવે છે અને આપણને આપણી સિદ્ધિઓ માટે ગૌરવની લાગણી અપાવે છે.

ગુજરાત સ્થાપના દિન નિમિત્તે ગુજરાતના વિવિધ સંગ્રહાલયોથી નવી પેઢીને પરિચિત કરાવવાનો એક નાનો પ્રયાસ છે. કારણ કે 'મ્યુઝિયમ' શબ્દના મૂળમાં રહેલો 'મ્યુઝ'નો અર્થ જ થાય છે ઊંડું ચિંતન અને મનન. તો આવો, ગુજરાતના ગૌરવશાળી સંગ્રહાલયોમાં એક લટાર મારીને આપણા સમૃદ્ધ વારસાને સમજવાનો પ્રયાસ કરીએ.



**રોટરી ડોલ્સ મ્યુઝિયમ, રાજકોટ:**

આ મ્યુઝિયમનું સ્વપ્ન વર્ષ ૨૦૦૧માં રોટેરિયન શ્રી દીપક અગ્રવાલે જોયું હતું. અહીં ૧૦૨થી વધુ દેશોની ૧૬૦૦થી વધુ પરંપરાગત અને જાતિગત પૂતળીઓનો સંગ્રહ છે. અહીં પૂતળીઓ સંબંધિત ઐતિહાસિક દસ્તાવેજોનો કાયમી આર્કાઈવ પણ છે, જે મુલાકાતીઓને જ્ઞાન સાથે આનંદ પણ આપે છે.

આ મ્યુઝિયમ બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવે છે અને વયસ્કોને વિવિધ દેશો, ભાષાઓ અને વૈશ્વિક વ્યાપારિક તકો વિશે માહિતી આપે છે. આજના મોબાઈલ યુગમાં જ્યારે બાળકો પૂતળીઓ સાથે ઓછું રમે છે, ત્યારે આ મ્યુઝિયમ તેમને પોતાની વિરાસત સાથે જોડવાનો ઉત્તમ પ્રયાસ છે.



**કાઈટ મ્યુઝિયમ, અમદાવાદ:**

આ મ્યુઝિયમ અમદાવાદના પ્રસિદ્ધ સંસ્કાર કેન્દ્ર, પાલડીનો એક ભાગ છે. અહીંનું પ્રદર્શન જેટલું આકર્ષક છે, એટલું જ મ્યુઝિયમનું બિલ્ડિંગ પણ મનોહર છે, કારણ કે તેની ડિઝાઈન પ્રખ્યાત ફ્રેન્ચ આર્કિટેક્ટ લા કોર્બુઝિયરે ૧૯૫૪માં તૈયાર કરી હતી.

કાઈટ મ્યુઝિયમની કલ્પના ભાનુ શાહ દ્વારા કરવામાં આવી હતી. તેમણે પોતાની પાસે રહેલું સમગ્ર પતંગોનું કલેકશન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને દાનમાં આપ્યું હતું.

આ મ્યુઝિયમમાં વિવિધ પ્રકારની અનોખી પતંગો અને પતંગ બનાવવા માટે વપરાતા કાગળોના વિવિધ પ્રકારો જોવા મળે છે. અહીં ખાસ બનાવેલી પતંગોમાં મિરર વર્ક પતંગો, ૧૬ થી ૨૨ સેમી લાંબી પતંગો, જાપાનીઝ પતંગો અને બ્લોક પ્રિન્ટ પતંગોનો સમાવેશ થાય છે.

આ મ્યુઝિયમમાં માત્ર પતંગો જ નહીં, પરંતુ રસપ્રદ ઈલસ્ટ્રેશન અને ચિત્રકામ પણ જોવા મળે છે. અહીં ૧૬ ફૂટ લાંબી ગરબા નૃત્ય દર્શાવતી પતંગ ખાસ આકર્ષણનું કેન્દ્ર છે.



**આર્કિયોલોજીકલ એક્સપિરિએન્શિયલ મ્યુઝિયમ (વડનગર):**

ગુજરાતના વડનગર ખાતે આવેલું આ ભારતનું પ્રથમ અનુભવાત્મક પુરાતત્ત્વ મ્યુઝિયમ છે, જેનું ઉદઘાટન જાન્યુઆરી ૨૦૨૫માં થયું હતું. આ મ્યુઝિયમ લગભગ ૨૫૦૦ વર્ષના સતત માનવ વસવાટ અને સમૃદ્ધ સાંસ્કૃતિક ઈતિહાસને જીવંત રીતે રજૂ કરે છે.

લગભગ ૧૨,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું અને ચાર માળ ધરાવતું આ મ્યુઝિયમ ૫૦૦૦થી વધુ પ્રાચીન અવશેષો- જેમ કે માટીના વાસણો, શંખ ઉદ્યોગના નમૂનાઓ, સિક્કાઓ, શસ્ત્રો, મૂર્તિઓ, આભૂષણો, રમકડાં તેમજ અન્નના દાણા અને ડીએનએ જેવા જૈવિક અવશેષો-આધુનિક ઈન્ટરેક્ટિવ પ્રદર્શન અને ઓડિયો-વિઝ્યુઅલ ફિલ્મો દ્વારા રજૂ કરે છે.

વડનગરમાં પ્રથમ ખોદકામ ૧૯૫૩-૫૪ દરમિયાન થયું હતું. ત્યારબાદ રાજ્ય પુરાતત્ત્વ વિભાગ અને Archaeological Survey of India દ્વારા ૨૦૦૬થી ૨૦૨૨ સુધી વિસ્તૃત સંશોધન કરવામાં આવ્યું, જેમાં હજારો કિંમતી અવશેષો મળી આવ્યા.

અગાઉ ૧૯૯૬માં અહીં એક નાનું મ્યુઝિયમ સ્થાપિત થયું હતું, પરંતુ નવી દૃષ્ટિ સાથે લગભગ ૨૯૮ કરોડ રૂપિયાના ખર્ચે આ મ્યુઝિયમને આધુનિક રૂપ આપવામાં આવ્યું છે. આજે આ મ્યુઝિયમ માત્ર પ્રદર્શન સ્થળ નથી, પરંતુ સમયની એક અનોખી સફર છે-જ્યાં ઈતિહાસને સ્પર્શી શકાય, અનુભવી શકાય અને જીવંત રીતે સમજી શકાય છે.

**વિન્ટેજ કાર મ્યુઝિયમ, અમદાવાદ:**

શેઠ શ્રી પ્રાણલાલ ભોગીલાલે ૧૯૨૭માં પોતાના ૨૨૦૦ એકર વિસ્તાર ધરાવતા ખાનગી એસ્ટેટ દાસ્તાન ખાતે ઓટો વર્લ્ડ મ્યુઝિયમની શરૂઆત કરી હતી. વર્ષ ૧૯૮૭માં વિશ્વના સૌથી મોટા ખાનગી ગેરેજના માલિક તરીકે તેમનું નામ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધાયું હતું.



આ મ્યુઝિયમમાં વિન્ટેજ કાર્સ, બાઈક, બગ્ગી અને વિવિધ યુટિલિટી વાહનોનો વિશ્વના સૌથી મોટા ખાનગી સંગ્રહોમાંનો એક જોવા મળે છે. ઓટો વર્લ્ડ મ્યુઝિયમ વાહનપ્રેમીઓ માટે એક અનોખું આકર્ષણ કેન્દ્ર છે. અહીં ૩૦૦થી વધુ મિકેનિકલ કલેક્શનમાં કેટલીક વિશેષ વસ્તુઓ ખાસ ધ્યાન ખેંચે છે- જેમ કે ફિલ્મ ગાંધીમાં ઉપયોગમાં લેવાયેલ કાર અને અત્યાર સુધી બનાવવામાં આવેલી પ્રથમ મેબેક કાર.

મુલાકાતીઓ અહીં બેન્ટલી, લગોન્ડા, રોલ્સ રોયસ, કેડિલેક, ઓસ્ટિન, જેગ્વાર, મર્સિડીઝ અને ઓબર્ન જેવી દુર્લભ અને અદ્દભૂત કાર્સનો નજારો માણી શકે છે.

વર્ષ ૨૦૦૬માં મેબેક પરિવારના ઉલિચ મેબેક જર્મનીથી તેમના દાદાએ ડિઝાઈન કરેલી ૬-સિલિન્ડર મેબેક કાર ખરીદવા અમદાવાદ આવ્યા હતા, પરંતુ ભોગીલાલ શેઠે આ અમૂલ્ય વારસો વેચવાનો ઈનકાર કર્યો હતો.

**બાલાસિનોર ડાયનાસોર મ્યુઝિયમ, મહીસાગર:**

૧૯૮૦ના દાયકામાં પેલિઓન્ટોલોજિસ્ટ્સે બાલાસિનોર નજીક આવેલા રાયોલી ગામમાં અકસ્માતે ડાયનાસોરના ફોસિલ્સ અને હાડકાં શોધ્યા હતા. ત્યારથી આ સ્થળ સંશોધકો માટે આકર્ષણનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. અહીં અનેક ખોદકામો હાથ ધરવામાં આવ્યા છે. આ શોધોથી જાણવા મળ્યું છે કે લગભગ ૬૫ મિલિયન વર્ષ પહેલાં અહીં ૧૩થી વધુ પ્રકારના ડાયનાસોર વસતા હતા.

અહીં આવેલા ફોસિલ પાર્કમાં આ વિશાળ જીવસૃષ્ટિના આકારની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. આ ફોસિલ પાર્કની મુલાકાત તમને ગુજરાતમાં ડાયનાસોરના ઈતિહાસને નજીકથી સમજવાની અનોખી તક આપે છે. આ રસને વધુ વિકસાવવા માટે રાજ્ય સરકારે ડાયનાસોર મ્યુઝિયમની સ્થાપના કરી છે. આ મ્યુઝિયમ લગભગ ૨૫,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે, જેમાં બેસમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોર પર કુલ ૧૦ ગેલેરીઝ છે. અહીં વિવિધ પ્રકારના પ્રદર્શન, ફિલ્મ્સ અને એક્ઝિબિશન્સ રજૂ કરવામાં આવે છે. ખાસ કરીને રાજાસોરસ નર્માડેન્સિસ પર 3D ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી છે.



મ્યુઝિયમમાં આશરે ૪૦ ડાયનાસોરની પ્રતિમાઓ મૂકવામાં આવી છે, જે તેમના કદ, આકાર, સ્વભાવ અને રહેઠાણ વિશે સમજ આપે છે. જ્યાં પ્રવેશતા જ એવું લાગે કે તમે જાણે ૬૫ મિલિયન વર્ષ પહેલાંના યુગમાં પહોંચી ગયા હો.

ખાસ કરીને બાળકો સાથે આ મ્યુઝિયમની મુલાકાત લેવી એક યાદગાર અનુભવ બની શકે છે.



**વિચાર હેરિટેજ મ્યુઝિયમ ફોર યુટેન્સિલ્સ, અમદાવાદ:**

આ મ્યુઝિયમની સ્થાપના ૨૭ એપ્રિલ, ૧૯૮૧ના રોજ થઈ હતી. તેનો વિચાર ડિઝાઈનર શ્રી સુરેન્દ્ર પટેલ અને માનવશાસ્ત્રી શ્રી જ્યોતિન્દ્ર જૈનને આવ્યો હતો.

વિશ્વમાં આ અનોખું મ્યુઝિયમ છે, જ્યાં વિવિધ સમયગાળાના દૈનિક ઉપયોગમાં લેવાતા વાસણોનો સમૃદ્ધ સંગ્રહ જોવા મળે છે. મ્યુઝિયમનો મુખ્ય ઉદ્દેશ ભારતના ગ્રામ્ય અને શહેરી ઘરોમાં ઉપયોગમાં લેવાતા વિશિષ્ટ અને રસપ્રદ વાસણો પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષિત કરવાનો છે.

અહીં મુલાકાતીઓ વાસણો દ્વારા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઝલક મેળવી શકે છે. સાથે જ ભારતીય રસોઈ પરંપરાનો મહત્વપૂર્ણ ભાગ-જેમ કે ચુલા અને અગ્નિ પર બનાવાતી રસોઈની પદ્ધતિઓ-વિશે પણ નવી પેઢીને જ્ઞાન મળે છે.

**સ્મૃતિવન (અર્થક્વેક) મ્યુઝિયમ, ભુજ:**

વર્ષ ૨૦૦૧નો ગુજરાત ભૂકંપ




ભારતની સૌથી વિનાશકારી આપત્તિઓમાંનો એક હતો. રિક્ટર સ્કેલ પર ૭.૯ની તીવ્રતાવાળા આ ભૂકંપે ભુજ શહેરને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. તેમાં લગભગ ૧૩,૦૦૦ લોકોનાં મૃત્યુ થયા અને કચ્છ જિલ્લામાં ૧૫ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા હતા.

નવી પેઢીને આ વિનાશકારી ઘટનાની ગંભીરતા અને ગુજરાત તેમજ કચ્છની પ્રજાની હિંમતનો પરિચય મળે, તેમજ મૃત્યુ પામેલાં લોકોને શ્રદ્ધાંજલિ અર્પી શકાય તે હેતુથી 'સ્મૃતિવન' સ્મારક અને મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મ્યુઝિયમ આધુનિક ભારતના સૌથી વિશાળ સ્મારકોમાંનું એક છે જે લગભગ ૪૭૦ એકર વિસ્તારમાં ફેલાયેલું છે. તે ભુજ શહેરની બહાર ભુજિયા ડુંગર પર, લગભગ ૩૦૦ વર્ષ જૂના ભુજિયા કિલ્લા નજીક આવેલું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ આ સ્મારકનું ઉદ્ઘાટન કર્યું હતું. અહીં વિશ્વનું સૌથી મોટું મિયાવાકી જંગલ પણ આવેલું છે, જેમાં ૩ લાખથી વધુ છોડ વાવવામાં આવ્યા છે. આ હરિયાળું પરિસર ભુજ શહેર માટે ફેફસાં સમાન છે.

સ્મૃતિવનમાં ૧.૧ મેગાવોટ ક્ષમતા ધરાવતો સોલાર પાવર પ્લાન્ટ તથા ૫૦ ચેક-ડેમ રિઝર્વોઈર પણ બનાવવામાં આવ્યા છે. અહીં પૃથ્વીના વિકાસથી લઈને ગુજરાતની ભૂઆકૃતિ, કુદરતી આપત્તિઓ સામેની નબળાઈઓ અને ૨૦૦૧ના કચ્છ ભૂકંપના પરિણામો સુધીના તમામ વિષયો આવરી લેવાયા છે.

**કેલિકો ટેક્સટાઈલ મ્યુઝિયમ, અમદાવાદ:**

કેલિકો ટેક્સટાઈલ મ્યુઝિયમની સ્થાપના ૧૯૪૯માં ઉદ્યોગસાહસિક ભાઈ-બહેન ગૌતમ સારાભાઈ અને ગીરા સારાભાઈ દ્વારા કરવામાં આવી હતી. તે સમયગાળા દરમિયાન અમદાવાદ ટેક્સટાઈલ ઉદ્યોગનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર હતું. શરૂઆતમાં મ્યુઝિયમ ટેક્સટાઈલ ઉદ્યોગના હૃદયસ્થાને આવેલ કેલિકો મિલ્સમાં સ્થિત હતું, પરંતુ સંગ્રહ વધતા ૧૯૮૩માં તેને શાહીબાગ સ્થિત સારાભાઈ હાઉસમાં ખસેડવામાં આવ્યું.



ભારતનું આ એક વિશિષ્ટ મ્યુઝિયમ છે, જ્યાં ભારતીય હસ્તકલા તેમજ ઔદ્યોગિક ટેક્સટાઈલનો ઐતિહાસિક અને ટેક્નિકલ અભ્યાસ કરવામાં આવે છે.

મ્યુઝિયમમાં મુઘલ અને પ્રાંતીય શાસકો દ્વારા ૧૫મીથી ૧૯મી સદી દરમિયાન ઉપયોગમાં લેવાયેલા દરબારી કાપડ, ૧૯મી સદીના પ્રાદેશિક કઢાઈ કામ, બાંધણી (ટાઈ-ડાઈ) કાપડ તથા ધાર્મિક ટેક્સટાઈલનો સમાવેશ થાય છે. ઉપરાંત અહીં રિચ્યુઅલ આર્ટ, મંદિરના પડદા, મિનિએચર પેઈન્ટિંગ્સ, દક્ષિણ ભારતીય બ્રોન્ઝ મૂર્તિઓ, જૈન કલા અને શિલ્પ, તેમજ ફર્નિચર અને હસ્તકલા પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

અહીંના તમામ કાપડને ખૂબ જ કાળજીપૂર્વક જાળવવામાં આવે છે. મ્યુઝિયમ પરિસરમાં આવેલા વૃક્ષો ધૂળ, પ્રદૂષણ અને તાપમાનના ફેરફારથી રક્ષણ આપે છે. અંદર ભેજનું પ્રમાણ નિયંત્રિત રાખવામાં આવે છે અને મુલાકાત સમય સિવાય લાઈટ ધીમી રાખવામાં આવે છે, જેથી આ અમૂલ્ય કાપડનું આયુષ્ય લાંબા સમય સુધી જાળવી શકાય.

**લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર, કચ્છ:**

ભુજથી આશરે ૧૫ કિલોમીટર પૂર્વે આવેલું લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર (LLDC) કચ્છની સદીઓ જૂની હસ્તકલા પરંપરાનું જીવંત દર્શન કરાવતું એક અનોખું મ્યુઝિયમ છે. અહીં આહીર, મેઘવાલ, રબારી સહિતના વિવિધ સમુદાયોની ૪૨થી વધુ કઢાઈ શૈલીઓ અદ્ભૂત રીતે પ્રદર્શિત કરવામાં આવી છે. મલ્ટિમીડિયા ટેક્નોલોજી દ્વારા દરેક કૃતિને ઊંડાણપૂર્વક સમજવાની સુવિધા પણ ઉપલબ્ધ છે.



શ્રુજન ટ્રસ્ટ દ્વારા ૨૦૧૬માં સ્થાપિત આ મ્યુઝિયમ માત્ર પ્રદર્શન પૂરતું મર્યાદિત નથી; તેમાં ગેલેરી, લાઈબ્રેરી, હસ્તકલા સ્ટુડિયો અને સ્થાનિક સ્વાદ પીરસતું કેફે પણ સમાવિષ્ટ છે, જે મુલાકાતીઓને સમૃદ્ધ અને સર્વાંગી સાંસ્કૃતિક અનુભવ આપે છે.




**ખોજ મ્યુઝિયમ, અમદાવાદ:**

અમદાવાદમાં આવેલું ખોજ મ્યુઝિયમ બાળકો માટે રચાયેલું એક અનોખું લર્નિંગ સેન્ટર છે, જે વિજ્ઞાન, કલા અને નવીનતા પર આધારિત છે. અહીં બાળકોને ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ, ચેલેન્જિસ અને પ્રદર્શનો દ્વારા આનંદદાયક રીતે શીખવાનો અનુભવ મળે છે.

ભારતનું આ બાળકો માટેનું પ્રથમ મ્યુઝિયમ A for Astronomy અને Able જેવી સ્થાયી ગેલેરીઓ ધરાવે છે અને દર છ મહિને નવી થીમ્સ રજૂ કરે છે. એક્ટિવિટી ગેલેરીમાં બાળકોને માર્ગદર્શન હેઠળ કલા અને વિજ્ઞાનના વિવિધ પાસાઓ શોધવાની તક મળે છે.

અહીં બાળકો સહભાગી પ્રોજેક્ટ્સમાં જોડાઈ શકે છે, જે તેમની સર્જનાત્મકતા અને વિચારશક્તિને પ્રોત્સાહિત કરે છે. આ મ્યુઝિયમની સ્થાપનાનો મુખ્ય હેતુ બાળકોને માત્ર માહિતી આપવાનો નહીં, પરંતુ અનુભવ આધારિત જ્ઞાન આપવાનો છે.

**પાટણ પટોળા હેરિટેજ મ્યુઝિયમ, પાટણ:**

દંતકથાઓ અનુસાર, ઈ.સ. ૧૨મી સદીમાં સોલંકી વંશના રાજા કુમારપાળએ દક્ષિણ મહારાષ્ટ્રના જાલનાથી લગભગ ૭૦૦




II Shree Satya II
DAMODARDAS
JEWELLERS
DMC Group SINCE 1961
સુંદરતાનો નાજુક સ્પર્શ
અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭
એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧

પટોળા વણકરોના પરિવારોને ઉત્તર ગુજરાતના પાટણમાં વસાવવા આમંત્રિત કર્યા હતા. આ પરિવારોમાં સાલવી પરિવારનો સમાવેશ થાય છે, જે ૧૧મી સદીથી ડબલ-ઈકત વણાટમાં નિષ્ણાત છે. કહેવાય છે કે આ કળા તેમના પૂર્વજો દક્ષિણ-પૂર્વ એશિયાથી લઈને આવ્યા હતા.

અનેક એવોર્ડથી સન્માનિત સાલવી પરિવાર દ્વારા સંચાલિત આ વિશેષ મ્યુઝિયમ પટોળાના રેશમી વણાટને નજીકથી સમજવા માટે ઉત્તમ સ્થળ છે. અહીં મુલાકાતીઓ હેન્ડલૂમ પર થતો વણાટનો લાઈવ ડેમો જોઈ શકે છે અને વિશ્વભરના સિંગલ-ઈકત કાપડ (ઉઝબેકિસ્તાન, ઉત્તર થાઈલેન્ડથી લઈને હોલેન્ડ સુધી) સાથે તેની તુલના કરી શકે છે.

ડબલ-ઈકત કળા સદીઓ જૂની છે અને તેના નિશાન અજંતા ગુફાઓના ચિત્રોમાં પણ જોવા મળે છે.



**એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી મ્યુઝિયમ, અમદાવાદ:**

૧૯૫૬માં લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજીની સ્થાપના જાણીતા ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈ અને જૈન આચાર્ય મુનિ પુણ્યવિજયજીના સંયુક્ત પ્રયત્નોથી થઈ હતી. મુનિ પુણ્યવિજયજીએ પોતાની વ્યક્તિગત પાંડુલિપિઓ, કાંસ્ય મૂર્તિઓ અને કાપડ પરના ચિત્રોનો અમૂલ્ય સંગ્રહ આ સંસ્થાને અર્પણ કર્યો હતો. સમય જતાં આ સંગ્રહ વધુ સમૃદ્ધ બનતો ગયો અને તેને યોગ્ય રીતે પ્રદર્શિત કરવા માટે વિશિષ્ટ મ્યુઝિયમની જરૂરિયાત ઊભી થઈ. પરિણામે, ૧૯૮૫માં નવી ઈમારતમાં આ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ મ્યુઝિયમની મુલાકાત બાદ ઈતિહાસકાર માઈકલ ક્રિક્ટનનું પ્રસિદ્ધ વાક્ય યાદ આવે છે કે, 'જો તમે ઈતિહાસને નથી જાણતા, તો તમે કશું જ નથી જાણતા – તમે એવું પાંદડું છો, જેને ખબર નથી કે તે એક વૃક્ષનો ભાગ છે.'

**કનોરિયા સેન્ટર ફોર આર્ટસ, અમદાવાદ:**

કનોરિયા સેન્ટર ફોર આર્ટસ, (KCA)ની સ્થાપના ૧૯૮૪માં ચેરપર્સન




ઉર્મિલા કનોરિયા દ્વારા કરવામાં આવી હતી. આ પ્રતિષ્ઠિત નોન-પ્રોફિટ સંસ્થા આજે કલા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપતું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગઈ છે.

આ સંસ્થાની સ્થાપનામાં પ્રખ્યાત આર્કિટેક્ટ બી.વી. દોશીનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો, જ્યારે તેનો શિલાન્યાસ વિખ્યાત ચિત્રકાર એમ.એફ. હુસેનના વરદહસ્તે કરવામાં આવ્યો હતો.

ભૂપેન ખખ્ખર, પીરાજી સાગરા અને ગીતા કપૂર જેવા સુપ્રસિદ્ધ કલા ક્ષેત્રના અગ્રણીઓના માર્ગદર્શનથી આ સંસ્થાને મજબૂત આધાર મળ્યો છે. આજે KCA એક સક્રિય કલા કેન્દ્ર તરીકે વિકસ્યું છે, જ્યાં વિવિધ પ્રદર્શનો, વર્કશોપ્સ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ નિયમિત રીતે યોજાય છે.

આ કેન્દ્રએ અનેક પ્રતિષ્ઠિત મહેમાનો અને મહાનુભાવોને પણ આકર્ષ્યા છે, જેમ કે શ્રી નરેન્દ્ર મોદી, દલાઈ લામા, મૃણાલિની સારાભાઈ, એન્જોલીએ ઈલા મેનન અને લલીથા લાજમી. તેમણે પોતાના વિચારો અને માર્ગદર્શનથી આ સંસ્થાને વધુ સમૃદ્ધ બનાવી છે.

**સાયન્સ સિટી, અમદાવાદ:**

ગુજરાત સાયન્સ સિટી અમદાવાદના સરખેજ-ગાંધીનગર હાઈવે નજીક આવેલો રાજ્ય સરકારનો એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. તેનો મુખ્ય હેતુ સામાન્ય લોકોમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા અને રસ જગાવવાનો છે. મનોરંજન સાથે અનુભૂતિ આધારિત શિક્ષણ પૂરું પાડતું




આ વિશાળ કેન્દ્ર ૧૦૭ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે અને શિક્ષણ તથા મનોરંજનનું અનોખું સંમિશ્રણ રજૂ કરે છે.

અહીં કલ્પનાશીલ પ્રદર્શનો, વર્ચ્યુઅલ રિયાલિટી ઝોન, લાઈવ ડેમો, વર્કિંગ મોડેલ્સ અને વિવિધ એક્ટિવિટી કોર્નર્સ દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી સરળ રીતે સમજાવવામાં આવે છે. રોબોટિક્સ ગેલેરીમાં માનવસમાન રોબોટ્સ મુલાકાતીઓને આવકારે છે, જ્યારે એક્વાટિક ગેલેરી ભારતના સૌથી મોટા જાહેર એક્વેરિયમ દ્વારા અદ્ભૂત જળચર જીવનનો અનુભવ કરાવે છે.

સાયન્સ સિટીમાં ૨૦ એકરથી વધુ વિસ્તાર ધરાવતો નેચર પાર્ક, એનર્જી પાર્ક, હોલ ઓફ સાયન્સ, હોલ ઓફ સ્પેસ અને પ્લેનેટ અર્થ જેવા વિભાગો મુલાકાતીઓને પ્રેક્ટિકલ અને ઈન્ટરેક્ટિવ રીતે શીખવાની તક આપે છે. IMAX 3D થિયેટર વિશાળ પડદા અને ઉત્તમ સાઉન્ડ સાથે અનોખો ફિલ્મ અનુભવ આપે છે, જ્યારે ૧૨૦૦ બેઠકો ધરાવતું એમ્ફિથિયેટર વૈજ્ઞાનિક કાર્યક્રમો માટે જીવંત મંચ બની રહે છે.

બાળકો માટે લાઈફ સાયન્સ પાર્ક અને બટરફલાય ગાર્ડન આ સ્થળની શોભા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.




**વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન સેન્ટર, અમદાવાદ:**

અમદાવાદની મધ્યમાં આવેલું આ વિજ્ઞાન પ્રદર્શન કેન્દ્ર પ્રખ્યાત વૈજ્ઞાનિક અને ખગોળશાસ્ત્રી ડૉ. વિક્રમ સારાભાઈના દ્રષ્ટિકોણનું સાકાર સ્વરૂપ છે. તેનો મુખ્ય હેતુ બાળકોમાં વિજ્ઞાન તેમજ ભારતના અવકાશ કાર્યક્રમ પ્રત્યે રસ અને જિજ્ઞાસા વિકસાવવાનો છે. વિશાળ વિસ્તારમાં ફેલાયેલું આ કેન્દ્ર સાયન્સ પ્લેગ્રાઉન્ડ, લેબોરેટરીઝ, વર્કશોપ અને સાયન્સ શોપ જેવી સુવિધાઓ દ્વારા બાળકોને રમતાં-રમતાં શીખવાનો અનોખો અનુભવ આપે છે. અહીંની ભાગીદારી આધારિત પ્રવૃત્તિઓ બાળકોને નવી શોધો અને વૈજ્ઞાનિક વિચારસરણી તરફ પ્રેરિત કરે છે.

આ કેન્દ્રની શરૂઆત ૧૯૬૬માં વિક્રમ સારાભાઈ દ્વારા સ્થાપિત

એક્સપેરિમેન્ટલ સેટેલાઈટ કોમ્યુનિકેશન અર્થ સ્ટેશનથી થઈ હતી. આજે આ સ્થળ ભારતના વૈજ્ઞાનિક વિકાસ અને અવકાશ સંશોધનના પ્રેરણાદાયક પ્રતીક તરીકે ઓળખાય છે.



**સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ - કોબા (ગાંધીનગર)**

આચાર્ય દેવ શ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા (ગાંધીનગર) ખાતે આવેલું આ મ્યુઝિયમ ઈ.સ. પૂર્વે ૨૨૪થી ૨૧૫ દરમિયાન શાસન કરનાર જૈન ધર્મના મહાન વિભૂતિ, અહિંસાના પ્રચારક તથા સમ્રાટ અશોકના પૌત્ર સમ્રાટ સંપ્રતિ મહારાજના પ્રેરણાદાયી જીવન અને મૂલ્યોને સમર્પિત છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરતું આ મ્યુઝિયમ આવનારી પેઢી માટે પ્રેરણાસ્રોત બનશે. ટોરેન્ટ ગ્રૂપના યુ.એન. મહેતા ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી નિર્માણ પામેલું આ મ્યુઝિયમ એક અનોખા સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસ્યું છે. થોડા સમય પહેલાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે આ મ્યુઝિયમનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

**રાજા રજવાડાનો સમૃદ્ધ વારસો:**

અંગ્રેજોના આગમન પહેલા ભારત સદીઓ સુધી એક સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે પ્રસિદ્ધ હતું. આ સમૃદ્ધિની ઝાંખી આજે પણ દેશના રાજવી ખજાના સમાન મ્યુઝિયમોમાં જોવા મળે છે. ખાસ કરીને રાજસ્થાન અને દક્ષિણ ભારતના સંગ્રહાલયો આ માટે ખૂબ જાણીતા છે. ગુજરાતમાં વડોદરાના ગાયકવાડ પરિવાર અને કચ્છના જાડેજા વંશના રા' ખેંગાર પરિવાર દ્વારા સ્થાપિત તથા સંચાલિત મ્યુઝિયમો આ વારસાની શ્રેષ્ઠ ઓળખ છે.

વડોદરાનો લક્ષ્મી વિલાસ પેલેસ તથા મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ દાયકાઓથી પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણ કેન્દ્ર રહ્યા છે. લક્ષ્મી વિલાસ પેલેસ આજે પણ ગાયકવાડ રાજવી પરિવારનું નિવાસસ્થાન છે. ૧૯મી સદીની ઈન્ડો-સારાસેનિક શૈલીનું આ ભવ્ય સ્થાપત્ય એક અનોખું ઉદાહરણ છે. આશરે ૫૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલો આ મહેલ વિશ્વનું સૌથી મોટું ખાનગી નિવાસસ્થાન ગણાય છે. તેનું કદ ઈંગ્લેન્ડની રાણીના બકિંગહામ પેલેસ કરતાં પણ ચાર ગણું વિશાળ છે.

મહેલની આંતરિક સજાવટ મોઝેક, ઝુમ્મરો, અદ્વિતીય કળાકૃતિઓ તથા ઐતિહાસિક શસ્ત્રોના સમૃદ્ધ સંગ્રહથી સુશોભિત છે. તેનું નિર્માણ ૧૮૯૦માં વડોદરા રાજ્યના શાસક સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા કરવામાં આવ્યું હતું.

લક્ષ્મી વિલાસ પેલેસના પરિસરમાં આવેલું મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ ગાયકવાડ રાજવી પરિવારના વૈભવી કલા વારસાને ઉજાગર કરતું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. અહીં યુરોપિયન રેનેસા અને રોકોકો શૈલીના ચિત્રો, પ્રતિમાઓ, માર્બલ બસ્ટ્સ તેમજ પ્રખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્માના ૩૦થી વધુ મૂળ ચિત્રો પ્રદર્શિત છે.

તાજેતરમાં મહારાજા રણજીતસિંહ ગાયકવાડના વિશિષ્ટ પાગડી સંગ્રહને સમર્પિત ગેલેરી પણ ઉમેરવામાં આવી છે, જે મ્યુઝિયમને વધુ વૈવિધ્યસભર બનાવે છે.

આ રીતે મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ ગાયકવાડ વંશની કલા સંરક્ષણ તથા વૈશ્વિક સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું જીવંત પ્રતીક છે.

કચ્છના ભુજ શહેરમાં દરબારગઢના કિલ્લાબંધીવાળા પરિસરમાં આવેલા ત્રણ મહેલોમાં સૌથી વિશાળ પ્રાગ મહેલ ૧૯મી સદીની ભવ્યતા અને શિલ્પકલાનું ઉત્તમ ઉદાહરણ છે. તેનો ભવ્ય દરબાર હોલ, ઝગમગતા ઝુમ્મરો, મહારાજાનો ટેક્સિડર્મી સંગ્રહ તથા સોનાથી સજાવટ કરેલી શાસ્ત્રીય પ્રતિમાઓ મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરી દે છે.

આ મહેલનું નામ પ્રાગમલજી દ્વિતીયના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે ૧૮૬૫માં તેના નિર્માણની શરૂઆત કરાવી હતી. આશરે ૩૧ લાખ રૂપિયાના ખર્ચે આ મહેલનું નિર્માણ ૧૮૭૯માં પૂર્ણ થયું હતું. તેમના અવસાન બાદ તેમના પુત્ર ખેંગારજી ત્રીજાના શાસનકાળ દરમિયાન અંતિમ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું. આજે પ્રાગ મહેલ કચ્છના શાહી ઈતિહાસ અને વૈભવનો સાક્ષી છે.

ભુજમાં આવેલ આઈના મહેલ ૧૭૫૨માં બનાવવામાં આવ્યો હતો. તે કચ્છના રાજવી વૈભવ અને યુરોપિયન કળાના અનોખા સંમિશ્રણનું ઉત્તમ ઉદાહરણ છે. ડેલ્ફ્ટ શૈલીની ટાઈલ્સ, વેનેશિયન ગ્લાસના ઝુમ્મરો અને યુરોપિયન કળાનો સુંદર સમન્વય અહીં જોવા મળે છે.

રાજા માટે બનાવાયેલ સોનાના પગવાળો પથારો અને ફુવારા સાથેનું નૃત્ય-સંગીતનું વાતાવરણ તેની વૈભવી જીવનશૈલીને દર્શાવે છે.

હમીરસર તળાવ સામે આવેલું કચ્છ મ્યુઝિયમ ગુજરાતનું સૌથી જૂનું મ્યુઝિયમ છે. તે ટેક્સટાઈલ, શસ્ત્રો, ચાંદીના વાસણો, શિલ્પકલા, વન્યજીવન, ભૂગોળ તથા કચ્છની આદિવાસી હસ્તકલાના સમૃદ્ધ સંગ્રહ માટે જાણીતું છે.

અહીં ઈ.સ. પ્રથમ સદીના શિલાલેખોનો વિશાળ સંગ્રહ જોવા મળે છે તેમજ હવે લુપ્ત થઈ ગયેલી કચ્છી લિપિના નમૂનાઓ પણ સંરક્ષિત રાખવામાં આવ્યા છે. મ્યુઝિયમનો એક વિભાગ કચ્છની જીવંત આદિવાસી સંસ્કૃતિને સમર્પિત છે, જેમાં લોકકલા, હસ્તકલા તથા જનજાતિઓ વિશે મહત્વપૂર્ણ માહિતી મળે છે. આ મ્યુઝિયમની સ્થાપના ૧૮૭૭માં ખેંગારજી ત્રીજા દ્વારા કરવામાં આવી હતી.

આ તમામ મ્યુઝિયમોની મુલાકાત લેતા ભારતના સમૃદ્ધ રાજવી વારસાની ગૌરવભરી ઝાંખી મળે છે. આવી યાત્રા જ ગુજરાત સ્થાપના દિવસની સાચી ઉજવણી ગણાય.






# સફળતાના 'શોર્ટકર્ટ'ને બદલે નિતિમત્તાના રાજમાર્ગ પર દોડતું રાજાણી ગ્રૂપ

મુકેશ પારેખ

વિખ્યાત સાહિત્યકાર અને ગીતકાર ગુલઝારે પોતાના અધિકૃત જીવન ચરિત્ર 'ગુલઝાર સાબ; હજાર રાહેં મુડ કે દેખી' ના વિમોચન પ્રસંગે કહ્યું હતું કે 'હું માત્ર મારી મહેનતથી અહીં સુધી પહોંચ્યો છું એમ કહેવું પૂરેપૂરું યોગ્ય નથી. કારણ કે, આ કામિયાબી સુધી પહોંચવામાં સૌનો ફાળો છે. કોઈપણ વ્યક્તિ જીવનમાં એકલી કશું હાંસલ કરી શકતી નથી.'

આ વાત શબ્દસહ ચરિતાર્થ થતી જોઈ શકાય છે શૂન્યમાંથી સફળતાના શિખર સુધી પહોંચેલી રાજાણી ગ્રુપ ઓફ કંપનીના સૂત્રધાર શ્રી ધર્મેન્દ્રભાઈ તથા શ્રી જયશીલભાઈ રાજાણીના સૌજન્યશીલ ઉમદા વ્યક્તિત્વમાં... ફીલિંગ્સના સુજ્ઞ વાચકો માટે રાજાણી ગ્રૂપના આ બંને સૂત્રધારોએ આપેલી મુલાકાત માણવા જેવી, જાણવા જેવી અને ગણીને ગાંઠે બાંધવા જેવી છે.

તો આવો, 'ડાઉન ટુ અર્થ' પ્રતિભા ધરાવતા આ વિઝનરી મહાનુભાવોની રાજાણી ગ્રુપ ઓફ કંપનીની સાફલ્ય ગાથામાં સહભાગી થઈ ધન્યતા અનુભવીએ.

ઈ.સ. ૧૯૭૫માં સોરઠમાં મર્યાદિત સંસાધનો વચ્ચે દાદા ગોરધનદાસ રાજાણીએ શરૂ કરેલી 'રાજાણી ચા'ની આ સફર આજના યુવા જગત માટે પ્રેરણાસ્રોત બની છે. શરૂઆતના તબક્કે ધર્મેન્દ્રભાઈ માટે સૌથી મોટો પડકાર ચાની ગુણવત્તા જાળવીને ગ્રાહકોનો વિશ્વાસ જીતવાનો હતો. પરંતુ સફળતાનો કોઈ શોર્ટ કટ નથી તેવું દૃઢપણે માનનાર ધર્મેન્દ્રભાઈએ પિતાશ્રીની નીતિમત્તાનો વારસો બખૂબી જાળવી સખત મહેનતના બળે રાજાણી ગ્રુપ ઓફ કંપનીને આજે સફળતાની એક નવી ઉંચાઈએ પહોંચાડી છે.

એક નાના એકમથી શરૂ થયેલી રાજાણી ચાની યાત્રા આજે ગુજરાતના FMCG સેક્ટરમાં રાજાણી ગ્રુપ ઓફ કંપની રૂપી એક વટવૃક્ષ બની છે.

રાજાણી ચા ની બ્લેક ટી, ગ્રીન ટી, પ્રીમિયમ બ્લેન્ડસ, ઉપરાંત મસાલા, અગરબત્તી, ડિટર્જન્ટ, સાબુ અને મુખવાસે રાજાણી ગ્રુપની આગવી ઓળખ સ્થાપિત કરી છે. કારણ કે 'ક્વોલિટી ફર્સ્ટ'એ તેમનો મુદ્રાલેખ છે.

હાલના AI આધારિત ટેકનોલોજીના સમયમાં ટેકનોલોજી અને માનવીય મૂલ્યોનો સમન્વય સાધતું રાજાણી ગ્રુપ પોતાના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને ઉત્પાદન એકમોમાં હજારો લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારી આપી પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવે છે.

રાજાણી ગ્રૂપની સફળતાનો શ્રેય ધર્મેન્દ્રભાઈ ૨૦% પોતાના પરિવારના યોગદાનને આપે છે. જ્યારે ૮૦% શ્રેય પોતાના વફાદાર કર્મચારીઓના યોગદાનને આપે છે. કર્મચારીઓને પરિવારના સભ્ય ગણી તેઓને પ્રોત્સાહન આપવાની નીતિને કારણે જ આજે આ ગ્રૂપ સફળતાની નવી ઉંચાઈઓ સુધી પહોંચ્યું છે.

ગ્રૂપની ત્રીજી પેઢીના સૂત્રધાર જયશીલભાઈ રાજાણી પણ કાકા શ્રી ધર્મેન્દ્રભાઈના નકશે કદમ પર ચાલી હવે Vision 2035 પર કામ કરી રહ્યા છે. ઈ.સ. ૨૦૩૫ સુધીમાં કંપનીનું ટર્નઓવર રૂા.૨૦૩૫ કરોડ સુધી પહોંચાડવાની નેમ ધરાવતાં જયશીલભાઈ ફીલિંગ્સ સાથે વાત કરતાં કહે છે કે, 'અમારો નવો અભિગમ રાજાણી ટી બ્રુ હાઉસ જેવા કેફે કોન્સેપ્ટ છે તથા ડિજિટલ ક્રાંતિ લાવનાર 'એમેઝોન' અને Blinkit જેવા પ્લેટફોર્મ થકી વૈશ્વિક બજાર સુધી પહોંચવાનું અમારું ધ્યેય છે.'

પોતાના ઉત્પાદનો થકી કંપની અદ્યતન ટેકનોલોજીને અપનાવી ભારતીય પરંપરાના મૂલ્યોને પણ જાળવે છે. વૈશ્વિક હરીફાઈનો સામનો કરવા માટેનો 'સિસ્ટમ ડ્રિવન કલ્ચર માસ્ટર પ્લાન' અંગે વાત કરતાં તેઓ કહે છે કે, 'અમે માત્ર પ્રોડક્ટ નથી વેચતા, પણ એક બ્રાન્ડ વેલ્યુ ઉભી કરી રહ્યા છીએ. થિયેટર બ્રાન્ડિંગ અને સોશિયલ મીડિયા દ્વારા અમે નવી પેઢી સાથે જોડાઈ રહ્યા છીએ.'

મંગલાબેન ગોરધનદાસ રાજાણી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી ગૌશાળામાં ગાયોની સેવા, જૂનાગઢ અને જેતપુરમાં શાળાના બાળકોને જરૂરી શૈક્ષણિક સાધનોની સહાય તેમજ કુદરતી અથવા માનવ સર્જિત આપત્તિના સમયે જનસેવાની વિવિધ પ્રવૃત્તિઓ આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

'રાજાણી ગ્રૂપ ઓફ કંપની' પર્યાવરણ પ્રેમી પણ છે. વૃક્ષારોપણ તથા પોતાના પેકેજિંગમાં વેસ્ટ (કચરો) ઘટાડવો અને ઊર્જાનો કરકસર પૂર્ણ ઉપયોગ કરી કંપની સસ્ટેનેબલ ડેવલપમેન્ટ તરફ આગળ વધી રહી હોવાની વાત કરતાં જયશીલભાઈ વધુમાં કહે છે કે, 'જૂનાગઢની ધરતી સાથે અમારો અતૂટ નાતો છે. અહીંથી જ વૈશ્વિક સ્તરના ઉત્પાદનોની નિકાસ કરી સ્થાનિક લેવલે આધુનિક માળખાકીય સુવિધાઓ અમે ઉભી કરી જૂનાગઢને બિઝનેસ હબ તરીકે વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ છીએ.'

સાવ નાના પાયાથી શરૂ થયેલ રાજાણી ચા ની આ કડક મીઠી સફર આજે 'રાજાણી ગ્રૂપ ઓફ કંપની' સુધી પહોંચી છે તેની સફળતાના રહસ્યની વાત કરતાં જયશીલભાઈ જીવનની ઉત્તમ ફિલસૂફીની વાતને સહજ રીતે સમજાવતાં જણાવે છે કે, 'રાજાણી ગ્રૂપે હંમેશા લાંબા ગાળાના સંબંધોમાં જ વિશ્વાસ રાખ્યો છે. કઠિન પરિશ્રમનો બીજો કોઈ વિકલ્પ અમારી પાસે નથી એ વાત અમારા પરિણામો બોલે છે.'

આજની ઝેન-જી જનરેશનને પ્રેરક સંદેશો પાઠવતા જયશીલભાઈ કહે છે કે, 'તમારા સપના મોટા રાખો અને તેને પૂરા કરવા શિસ્તબદ્ધ બનો.'

મુલાકાતના અંતમાં મહિલાઓ માટે સંદેશ પાઠવતા કહ્યું કે, 'સ્ત્રીઓ ઘર અને વ્યવસાય બંનેની કરોડરજ્જુ છે માટે તમારી આંતરિક શક્તિને ઓળખો.'

ફીલિંગ્સના સુજ્ઞ વાચકો માટે સંદેશ આપતા તેઓ કહે છે કે, 'તમારી લાગણીઓ અને વિશ્વાસ એ જ અમારી પ્રગતિનું ઈંધણ છે.'

'ફીલિંગ્સ' આ ઈન્ટરવ્યુના માધ્યમથી રાજાણી ગ્રૂપની એક પ્રેરણાદાયી છબી વિશ્વભરના વાચકો સમક્ષ શબ્દદેહે પ્રસ્તુત કરી સ્વર્ણિમ ભવિષ્યની અનેક શુભકામનાઓ પાઠવે છે. ફી


ધર્મેન્દ્રભાઈ રાજાણી


જયશીલભાઈ રાજાણી




+91-98256 07989
www.rajanigroup.in
Shop Now On
amazon
Flipkart
Follow Us

ભવેન કચ્છી



# ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ : ગુજરાતની યશ કલગીનું નવું મોરપિચ્છ

## વિશ્વના ૭૦થી વધુ દેશના ખેલાડીઓ, ઓફિસિયલ્સ અને પ્રેક્ષકો કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદના મહેમાન બનશે

ગુજરાત હંમેશા વેપાર અને ઉદ્યોગની ભૂમિ રહ્યું છે, પરંતુ છેલ્લા બે દાયકામાં આ રાજ્યએ પોતાની ઓળખ બદલી છે. આજે ગુજરાત 'સ્પોર્ટ્સ હબ' તરીકે ઉભરી રહ્યું છે. ૨૦૩૦ની



કોમનવેલ્થ ગેમ્સની યજમાની અને તૈયારીઓ સાબિત કરે છે કે ભારત હવે માત્ર રમનારો દેશ નથી પણ રમાડનારો દેશ પણ છે. કોમનવેલ્થ સંગઠન દ્વારા યોજાયેલ મીટિંગમાં કેન્દ્રના રમત-ગમત મંત્રી મનસુખ માંડવીયા અને ગુજરાત રાજ્યના નાયબ મુખ્ય મંત્રી અને રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીને ખાસ આમંત્રણ આપીને ૨૦૩૦માં રમનાર કોમનવેલ્થ ગેમ્સના યજમાન તરીકે જાહેર કરવામાં આવ્યા તે ગુજરાત અને ભારત દેશ માટે એક સુવર્ણ અવસર હતો કેમ કે ભારતની આ સજ્જતા આપણને સૌપ્રથમ વખત ૨૦૩૬ના ઓલિમ્પિકના યજમાન બનવા તરફ લઈ જશે. ગુજરાત માટે ગૌરવની વાત એ પણ છે કે કેન્દ્રીય રમત ગમત મંત્રીશ્રી પણ ગુજરાતી છે.

રમત જગતના ચાહકો તો જાણે જ છે કે, ઓલિમ્પિક યોજાશે ત્યારે મોટાભાગની ઈવેન્ટ્સનું હેડ કર્વાટર અમદાવાદ અને ગુજરાતના અન્ય શહેરો જ રહેશે. ભારતની કોમનવેલ્થ ગેમ્સ માટે પસંદગી થઈ તે સફળતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પનું એક મુખ્ય પ્રતીક છે.

**કોમનવેલ્થ ગેમ્સની ભૂમિકા**

કોમનવેલ્થ ગેમ્સ એ વિશ્વની ત્રીજી સૌથી મોટી રમતગમત સ્પર્ધા છે. તે માત્ર રમત નથી, પણ ૭૪ દેશો અને પ્રદેશો વચ્ચેનો એક સાંસ્કૃતિક સેતુ છે.

ઓલિમ્પિક બાદ જો કોઈ સ્પર્ધા પર વિશ્વની નજર હોય તો તે કોમનવેલ્થ ગેમ્સ છે.

અગાઉ ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ્સની દિલ્હીએ યજમાની કરી હતી. જેણે ભારતની માળખાગત સુવિધાઓમાં મોટો બદલાવ આણ્યો હતો. હવે ૨૦૩૦માં ગુજરાત આ વારસાને વધુ આધુનિક અને ભવ્ય રીતે આગળ ધપાવવા તૈયાર છે.

**ગ્લાસગોથી ગુજરાત**

સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે મળેલી બેઠકો અને આંતરરાષ્ટ્રીય રમતગમત સમિતિઓના સકારાત્મક વલણે ગુજરાતને યજમાનીની રેસમાં અગ્રેસર બનાવ્યું હતું. ગુજરાત સરકારે કરેલી દરખાસ્ત અને તેમાં રજૂ કરેલ વિઝને વિશ્વ સ્તરે પ્રશંસા મેળવી છે. આ જાહેરાત એ ગુજરાતની દાયકાઓની મહેનતનું પરિણામ છે.

**સ્પોર્ટ્સ કલ્ચર**

મોદીજી ગુજરાતમાં મુખ્ય મંત્રી હતા ત્યારથી તેઓને સતત એવું લાગતું હતું કે વેપાર, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ, સાંસ્કૃતિક અને ટેકનોલોજી ક્ષેત્રે તો ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે પણ ગુજરાતમાં સ્પોટ્સ કલ્ચર ખૂટતી કડી છે. ગુજરાતને સર્વાંગી બનાવવું હોય તો શાળા-કોલેજોમાં માત્ર શહેરોમાં નહીં અંતરિયાળ ગામો, આદિવાસી બાળકો, કિશોરો અને યુવાનો પણ જુદી જુદી રમતો રમવા બહાર આવે.

આવા ઉમદા વિચારની સાથે જ મોદીજીએ તેમની સર્જનાત્મક શૈલીનો સ્પર્શ આપીને 'રમશે ગુજરાત' અને તે પછી આગળ જતાં 'જીતશે ગુજરાત'નું સૂત્ર વહેતુ કર્યું. માત્ર સ્વપ્ન સેવવાથી ધ્યેય પ્રાપ્ત ન થાય.

મોદીજીએ વર્ષ ૨૦૧૦માં 'ખેલ મહાકુંભ'નો પ્રારંભ કરાવ્યો. ગુજરાતમાં જ નહીં






સમગ્ર દેશમાં આ સૌથી નવતર પ્રોજેકટ હતો. પાયાના સ્તરે રમતગમતને જીવંત કરી, ગામડે-ગામડેથી પ્રતિભાઓ શોધી કાઢવાની આ પહેલ આજે વટવૃક્ષ બની છે. હવે જયારે નરેન્દ્રભાઈ વડાપ્રધાન છે ત્યારે તેમણે આવા સ્પોટ્સ પ્રોજેકટ કે જેના બીજ ગુજરાતમાં રોપાયા હતાં તેને રાષ્ટ્ર વ્યાપી અમલમાં મુકયા છે અને આજે ભારતમાં રમત જગતની સંસ્કૃતિ ફૂલીફાલી છે.

દેશની પ્રથમ સ્ટેટ સ્પોર્ટ્સ યુનિવર્સિટી ગુજરાતમાં સ્થપાઈ, જેણે રમતગમતને માત્ર કૌશલ્ય નહીં પણ વિજ્ઞાન અને શિક્ષણ સાથે જોડયું.

વડાપ્રધાન બન્યા બાદ મોદીજીએ 'ખેલો ઈન્ડિયા' અને 'ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ' (TOPS) દ્વારા દેશભરમાં રમતગમતનું વાતાવરણ ઉભું કર્યું છે, જેનો સૌથી મોટો લાભ ગુજરાતને મળી રહ્યો છે.

**વિશ્વકક્ષાના સ્ટેડિયમ**

અમદાવાદને એમ જ કોમનવેલ્થ ગેમ્સનું યજમાન જાહેર નથી કરાયું. ૨૦૩૦ની તૈયારીઓના ભાગરૂપે અહીં જે ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર થયું છે તેનું પણ કોમનવેલ્થ કમિટી સમક્ષ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. જેની ઝલક પણ જોઈએ.

- નરેન્દ્ર મોદી સ્ટેડિયમ : વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ (૧,૩૨,૦૦૦ ક્ષમતા) આ રમતોત્સવનું મુખ્ય આકર્ષણ રહેશે.
- સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોટ્સ એન્કલેવ: ૨૩૬ એકરમાં ફેલાયેલું આ એન્કલેવ ફૂટબોલ, હોકી, એથ્લેટિકસ અને ઈન્ડોર ગેમ્સ માટે ઓલિમ્પિક સ્તરની સુવિધાઓ ધરાવશે.
- ટ્રાન્સસ્ટેડિયા : અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલ આ પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપનું ઉદાહરણ, જયાં અત્યાધુનિક ટેકનોલોજી સાથે ઈન્ડોર રમતો રમાશે.
- નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ : ૧૮ એકરમાં ફેલાયેલું આ કોમ્પ્લેક્સ ઈન્ટરનેશનલ સ્તરની તાલીમ પૂરી પાડશે.

**આંતરરાષ્ટ્રીય શહેર**

કોમનવેલ્થ ગેમ્સ જેવા આયોજન માટે માત્ર સ્ટેડિયમ કે મેદાનો, સ્વિમિંગ પુલ વગેરે તૈયાર કરવું પૂરતું નથી હોતું. કોમનવેલ્થ ગેમ્સ કમિટી જે તે યજમાનના શહેરનું માળખું, પરિવહન એરપોર્ટ, ઓફિસિયલ્સ, દેશ વિદેશથી આવતા પ્રવાસીઓ માટે આવાસ અને હોટેલ્સ માળખું પણ મજબૂત હોવું જોઈએ.

- મેટ્રો કનેકિટવિટી : અમદાવાદ મેટ્રો ફેઝ-૨ અને ગિફ્ટ સિટી સાથેનું જોડાણ ખેલાડીઓ અને પ્રેક્ષકો માટે પરિવહન સરળ બનાવશે.
- બુલેટ ટ્રેન : ૨૦૩૦ સુધીમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન કાર્યરત હશે, જે પ્રવાસન અને કનેકિટવિટીમાં ક્રાંતિ લાવશે.
- હોસ્પિટાલિટી : અમદાવાદ અને ગાંધીનગરમાં ફાઈવ-સ્ટાર હોટલો અને ગેમ્સ વિલેજનું નિર્માણ થશે, જયાં હજારો વિદેશી મહેમાનો રોકાશે.

**બહુવિધ પ્રભાવ**

૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતના અર્થતંત્રને પણ ઉંચાઈ આપશે.

**રોજગારી** : બાંધકામ, ટુરિઝમ, અને મેનેજમેન્ટ ક્ષેત્રે લાખો નવી નોકરીઓનું સર્જન થશે.

**વૈશ્વિક રોકાણ** : વિશ્વભરના ઉદ્યોગપતિઓ ગુજરાતની ક્ષમતા જોશે, જેનાથી 'વાઈબ્રન્ટ ગુજરાત'ના વિઝનને બળ મળશે.

**પ્રવાસન** : સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાબરમતી રિવરફ્રન્ટ અને કચ્છનું રણ જેવા સ્થળો વિશ્વના નકશા પર વધુ તેજસ્વી બનશે.

**ગ્રીન ગેમ્સનું વિઝન**


ગુજરાત ૨૦૩૦ની ગેમ્સને 'સસ્ટેનેબલ' અને 'ઈકો-ફ્રેન્ડલી' બનાવવા માંગે છે. રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ, પ્લાસ્ટિક મુકત આયોજન અને ગ્રીન ટ્રાન્સપોર્ટેશન દ્વારા ગુજરાત વિશ્વને પર્યાવરણ જાળવણીનો સંદેશ આપશે.

**પડકારો અને સજ્જતા**

કોઈપણ મોટું આયોજન પડકારો વગરનું નથી હોતું. સુરક્ષા, ટ્રાફિક મેનેજમેન્ટ અને આંતરરાષ્ટ્રીય માપદંડો જાળવવા એ મોટી જવાબદારી છે. જોકે, ગુજરાતનો 'કેન-ડૂ' (Can-do) એટિટયુડ અને સરકારની મક્કમ ઇચ્છાશક્તિ આ પડકારોને તકમાં બદલવા સક્ષમ છે.

આ તમામ પાસાઓને આવરી લઈએ તો ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ એ માત્ર ૧૫ દિવસનો ઉત્સવ નથી, પણ ગુજરાતની આવનારી પેઢી માટે એક વારસો છે. તે ગુજરાતના યુવાનોમાં રમતગમત પ્રત્યે નવો ઉત્સાહ જગાડશે અને સાબિત કરશે કે ગુજરાત હવે 'ગ્લોબલ પ્લેયર' છે. જયારે અમદાવાદના આકાશમાં આ ગેમ્સની જયોત પ્રજવલિત થશે, ત્યારે તે ખરેખર ગુજરાતની યશ કલગીનું સૌથી તેજસ્વી 'મોરપિચ્છ' બની રહેશે.





દિપક જગતાપ

# ગુજરાતને ગૌરવ અપાવતી વિશેષ ઘટનાઓ અને વ્યક્તિઓ

ગુજરાત એવી ભૂમિ છે જેણે અહિંસા અને એકતાના સંદેશ સાથે વિકાસ અને સમૃદ્ધિનો સમન્વય સાધી બતાવ્યો છે. આ રાજ્યની સ્થાપના માત્ર વહીવટી વિભાજન નહોતી, પરંતુ ગુજરાતી અસ્મિતા અને આત્મનિર્ભરતાનું પ્રતીક પણ હતી.

ગુજરાતે ભારત અને વિશ્વને અનેક મહાન વ્યક્તિઓ આપી છે, જેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલનું જન્મસ્થાન છે. બાપુ અહિંસા અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક રહ્યાં છે.

**(૧) પૂ. મહાત્મા ગાંધી (પોરબંદર):**
અહિંસા અને સત્યાગ્રહના પ્રવર્તક ગાંધીજી ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના પિતા ગણાય છે. સાબરમતી આશ્રમ તેમના કાર્યનું કેન્દ્ર હતું. ખેડા સત્યાગ્રહ, દાંડી કૂચ જેવા આંદોલનો ગુજરાતમાંથી જ શરૂ થયા હતા. આજે પણ 'ગાંધીના ગુજરાત' તરીકે ગુજરાતનું નામ ગૌરવભેર બાપુના નામ સાથે જોડાય છે.

**(૨) સરદાર વલ્લભભાઈ પટેલ (નડિયાદ):**
ગુજરાતની ગૌરવ પ્રતિભા તરીકે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને અચૂક યાદ કરવા પડે. જેમણે ૫૬૨ દેશી રજવાડાઓને ભારતમાં વિલીન કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. તેઓ ભારતના પ્રથમ ગૃહમંત્રી પણ રહ્યાં. એટલું જ નહીં વડાપ્રધાન મોદીજીનો ડ્રીમ પ્રોજેક્ટ એટલે વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની ઊંચી સરદાર પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' જેણે દેશ-વિદેશમાં ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

**(૩) મોરારજી દેસાઈ:**
ભારતના પ્રથમ ગુજરાતી વડાપ્રધાન (૧૯૭૭-૭૯ જનતા પાર્ટી) તરીકે ગુજરાત સરકારનું ગૌરવ છે.

**(૪) મહાદેવભાઈ દેસાઈ:**
ગાંધીજીના અંતેવાસી સહયોગી તથા લેખક

**(૫) રવિશંકર મહારાજ:**
લોકસેવા તથા સમાજ સેવાનું મૂર્તિમાન વંદનીય વ્યક્તિત્વ હતાં.

**(૬) ગણેશ વાસુદેવ માવળંકર:**
લોકસભાના પ્રથમ અધ્યક્ષ રહ્યાં હતાં.

**(૭) ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા):**
વલ્લભ વિદ્યાનગરના સર્જક તથા જાહેર જીવનમાં જાણીતા સમાજ સેવક હતાં.

**(૮) મૃદુલા સારાભાઈ:**
સામાજિક કાર્ય અને નાગરિક હકો માટે જાણીતા હતાં.

**(૯) સેમ માણેકશા:**
દેશના મહાન સેનાનાયક તરીકે ગુજરાત સાથે સંકળાયેલું પ્રતિષ્ઠિત નામ છે.

**(૧૦) ડૉ. વિક્રમ સારાભાઈ:**
ગુજરાતના જાણીતા વિજ્ઞાની અને અંતરિક્ષ વિજ્ઞાનના પિતા ઓળખાય છે. તેઓ ઈસરોના તથા અમદાવાદમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના પણ સ્થાપક હતાં.

**(૧૧) નાયિકા દેવી (૧૧મી સદી):**
સોલંકી વંશની વીરાંગના, જેઓએ મહમૂદ ગઝનવી જેવા આક્રમણકારોને પરાજિત કર્યા હતાં. જે ગુજરાતની વીરતાનું પ્રતીક છે.

**(૧૨) નરેન્દ્ર મોદી:**
વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી તરીકે તેમણે રાજ્યને વિકાસના માર્ગે આગળ ધપાવ્યું. પરિણામે ગુજરાત વિકસિત રાજ્ય બની અન્ય રાજ્યો માટે રોલમોડલ બન્યું છે.

એ ઉપરાંત ગુજરાતના વિકાસમાં અને ગુજરાતનું ગૌરવ વધારવામાં અન્ય મહાન વ્યક્તિઓનું પણ વિશેષ યોગદાન રહ્યું છે. દાદાભાઈ નવરોજી 'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખાયા. જમશેદજી ટાટા ભારતીય ઉદ્યોગના પિતા ગણાય છે. ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતને વિકસિત બનાવવામાં મુકેશ અંબાણી, ગૌતમ અદાણી અને અઝીમ પ્રેમજી જેવા ઉદ્યોગપતિઓનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો છે.

વૈશ્વિક વ્યવસાયિક નેતૃત્વમાં સામ પિત્રોડાએ ટેલિકોમ્યુનિકેશન અને માહિતી ક્રાંતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ તમામ પ્રતિભાઓએ રાજકારણ, વિજ્ઞાન, ઉદ્યોગ અને સમાજસેવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે, જે ખરેખર વંદનીય છે.

**ગુજરાતને ગૌરવ અપાવતી કેટલીક વિશેષ ઘટનાઓ પણ નોંધપાત્ર છે:**
મહાગુજરાત આંદોલન દરમિયાન અલગ ગુજરાત રાજ્ય માટે શક્તિશાળી જનઆંદોલન ઊભું થયું અને ૧ મે, ૧૯૬૦ના રોજ ભાષાના આધારે ગુજરાત રાજ્યની રચના થઈ.

ભૂચર મોરીનું યુદ્ધ (૧૫૯૧)

સૌરાષ્ટ્રના ઈતિહાસનું મહત્વપૂર્ણ યુદ્ધ રહ્યું. રાજસ્થાન સરહદ નજીક કસારડાનું યુદ્ધ (૧૧૭૮) નાયિકા દેવીની વીરતા સાથે જોડાયેલી ઘટના છે.

બારડોલી સત્યાગ્રહ (૧૯૨૮) ખેડૂતોના હિત માટેની મહત્વપૂર્ણ લડત હતી. ધરાસણા સત્યાગ્રહ બ્રિટિશ શાસન સામેની નોંધપાત્ર અહિંસક ચળવળ રહી.

ઈ.સ. ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ગુજરાતમાં શિક્ષણ અને રાષ્ટ્રીય ચેતનાનો મહત્વનો માઈલસ્ટોન ગણાય છે.

સુરત પર છત્રપતિ શિવાજીના આક્રમણો (૧૬૬૪) તેમજ મહમૂદ ગઝનીનું આક્રમણ (૧૦૨૬) ગુજરાતના મધ્યકાલીન ઈતિહાસના મહત્વપૂર્ણ વળાંકો ગણાય છે.

૧૯૩૦ની દાંડી કૂચ સત્યાગ્રહની ઐતિહાસિક અને અવિસ્મરણીય ઘટના રહી છે.

આ યાદી દર્શાવે છે કે ગુજરાતની આગવી ઓળખ માત્ર રાજ્ય રચનાથી નહીં, પરંતુ તેની રાજકીય લડતો, સામાજિક નેતાઓ, શિક્ષણ સંસ્થાઓ અને રાષ્ટ્રીય નેતૃત્વથી પણ નિર્માણ પામી છે.

ગાંધીજી અને સરદાર પટેલ જેવા મહાનુભાવો થકી ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે એક અલગ ઓળખ મળી છે.

સહકારી આંદોલન અને વ્હાઈટ રેવોલ્યુશનમાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. અમૂલ દ્વારા દૂધની સહકારી ક્રાંતિમાં વેરુભાઈ પટેલ અને ત્રિભુવનદાસ પટેલ જેવા નેતાઓએ ભારતને દૂધનું સૌથી મોટું ઉત્પાદક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આ ક્રાંતિની શરૂઆત પણ ગુજરાતથી જ થઈ હતી.

ગુજરાત પહેલેથી જ વિકસિત રાજ્ય રહ્યું છે, એટલે જ ગુજરાતને 'જ્વેલ ઓફ વેસ્ટ' કહેવામાં આવે છે. ઉદ્યોગ, વેપાર, કૃષિ, ડાયમંડ પોલિશિંગ, ટેક્સટાઈલ, ફાર્મા અને કંડલા તથા મુન્દ્રા જેવા બંદરો થકી ગુજરાત વિકાસમાં અગ્રેસર રહ્યું છે.

ગુજરાતની આધુનિક ઉપલબ્ધિઓમાં વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તથા ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમનો સમાવેશ થાય છે. ડેમ બન્યા પછી ગુજરાતમાં 'જળક્રાંતિ' આવી છે. પરિણામે ગુજરાત વધુ વીજ ઉત્પાદન કરતું રાજ્ય પણ બન્યું છે. કચ્છના છેવાડા સુધી નર્મદાના પાણી પહોંચતાં ગુજરાત હરિયાળું અને નંદનવન સમાન બન્યું છે. દુષ્કાળની સમસ્યા પણ ઘણી હદ સુધી દૂર થઈ છે.

પર્યટન અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ ગુજરાતે નોંધપાત્ર વિકાસ કર્યો છે. ગુજરાતના ગરબાને યુનેસ્કોમાં સ્થાન મળવું તે આધુનિક સમયનો મોટો સાંસ્કૃતિક વિજય છે, જેના થકી ગુજરાતી સંસ્કૃતિને વૈશ્વિક મંચ મળ્યો છે.

ધોરડો (કચ્છ)ને UNWTOની બેસ્ટ ટુરિઝમ વિલેજ યાદીમાં સ્થાન મળ્યું છે, જે સસ્ટેનેબલ ટુરિઝમ અને ગ્રામ વિકાસનું ઉત્તમ ઉદાહરણ છે.

ગુજરાત સિંધુ ખીણ સભ્યતાનો હિસ્સો રહ્યું છે. અહીંથી પાશુપત શૈવ પરંપરાનો પ્રારંભ થયો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયનો ઉદ્ભવ અને વિસ્તાર પણ ગુજરાતમાંથી જ થયો હતો.

ગુજરાત નૃત્ય અને સંગીત માટે પણ જાણીતું છે. ગુજરાતી ભાષા વિશ્વની ૨૬મી સૌથી વધુ બોલાતી ભાષા છે અને તેની ૧૧ જેટલી બોલીઓ પ્રચલિત છે.

કલાક્ષેત્રે ગુજરાતનું ખાસ કરીને કચ્છી ભરતકામ, પાટણના પટોળા, બાંધણી અને ખાદી વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ છે.

**ગુજરાતના અન્ય ગૌરવપ્રદ પાસાં:**

રમતગમત ક્ષેત્રે ગુજરાતના જાણીતા ખેલાડીઓએ, ખાસ કરીને ક્રિકેટમાં, રાજ્યનું નામ રોશન કર્યું છે. ઈરફાન પઠાણ, રવીન્દ્ર જાડેજા અને અંકિતા રૈના જેવા ખેલાડીઓ ગુજરાતનું ગૌરવ છે.

આ ઉપરાંત, ૨૦૨૫માં અમદાવાદને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતનું યજમાન શહેર તરીકે પસંદ કરવામાં આવ્યું, જે ગુજરાત માટે ગૌરવશાળી બાબત ગણાય છે.

ભારતનું સેમિકન્ડક્ટર સપનું પણ ગુજરાતથી જ શરૂ થયું. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ દેશની પહેલી સંપૂર્ણ 'મેડ-ઈન-ઈન્ડિયા' ચિપ રજૂ કરનારું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું. ટાટા ઈલેક્ટ્રોનિક્સ, Micron, CG Power અને Kaynes Semicon મળીને રાજ્યને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવા તરફ આગળ વધી રહ્યા છે. ટૂંક સમયમાં અહીંથી ભારતની પહેલી સંપૂર્ણ દેશી ચિપ બહાર પડશે, જે 'આત્મનિર્ભર ભારત' તરફનું ઐતિહાસિક પગલું ગણાશે.

આમ, પહેલી મે ફક્ત એક તારીખ નથી, પરંતુ ગુજરાતની અસ્મિતા, સંઘર્ષ અને સફળતાના સુવર્ણ અક્ષરે લખાયેલા ઈતિહાસની પણ સાક્ષી છે.

**જય જય ગરવી ગુજરાત.**



ફીલિંગ્સ ટીમ




# યુવા નેતૃત્વનો ઉત્તમ આદર્શઃ શ્રી નરેશ કેલા

## રાજનીતિ, ઉદ્યોગ તથા સમાજ સેવાનો સમન્વય...

સુરેન્દ્રનગરમાં દશમી જાન્યુઆરી ૧૯૮૩ના રોજ પિતાશ્રી ધનરાજ કેલા અને માતા ગોમતીદેવીને ત્યાં જન્મેલ શ્રી નરેશ કેલા ગુજરાતના યુવા જગત માટે યુવા નેતૃત્વનો ઉત્તમ આદર્શ છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.)ની ઉચ્ચ શિક્ષણની ડિગ્રી હાંસલ કરનાર નરેશભાઈનું જીવન રાજનીતિ-ઉદ્યોગ જગત અને સમાજ સેવાનો ત્રિવેણી સંગમ છે.


નાની ઉંમરથી જ દેશ અને સમાજ માટે કંઈક કરી છૂટવાની સેવા ભાવના ધરાવતા આ હોનહાર યુવાને ૪૨ વર્ષની ઉંમરે રાજકીય જગત, ઉદ્યોગ જગત એવમ્ સામાજિક ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. બહુમુખી પ્રતિભા ધરાવનાર નરેશભાઈએ માત્ર ૬ વર્ષની નાની વયે RSS સાથે સંલગ્ન થઈ સંઘ શિક્ષા મેળવી રાષ્ટ્ર ભકિત, શિસ્તબદ્ધતા અને સંગઠનાત્મક કૌશલ્યનો સંસ્કાર વારસો મેળવ્યો હતો. વિદ્યાર્થી અવસ્થાથી જ તેજસ્વી બુદ્ધિ પ્રતિભા ધરાવતા નરેશભાઈએ બી.કોમ, એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી પિતાશ્રીના પારિવારિક વ્યવસાય ધનરાજ સુગર પ્રા. લિ.માં ડાયરેકટર તરીકે જોડાઈ કંપનીને ઉત્તમ નેતૃત્વ પુરું પાડી ટૂંકા ગાળામાં જ પ્રગતિના રાજમાર્ગે દોડતી કરી છે અને આજે ધનરાજ સુગર ૪૦ થી વધુ દેશોમાં પોતાની પ્રોડકટ નિકાસ કરે છે.

જાહેર જીવનમાં તેઓનો પ્રવેશ રોટરી કલબ વઢવાણ સિટીથી શરૂ થયો હતો. અહીં સચિવ, અધ્યક્ષ તથા આસિ. ડી.આર.આર. તરીકે કાર્યરત રહી અહીંના યુવાનોની સેવા અને નેતૃત્વ શકિતને પ્રોત્સાહિત કરી માત્ર બાવીસ વર્ષની યુવાન વયે તેમણે ભા.જ.પા.માં સક્રીય કાર્યકર તરીકે પ્રવેશ મેળવી શહેર, જિલ્લા અને પ્રાદેશિક લેવલે સંગઠનાત્મક કાર્યોની જવાબદારી વહન કરી હતી. હાલ તેઓ ગુજરાત રાજ્ય ભા.જ.પા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સેલ (C.A. Cell)ના સંયોજક તરીકે કાર્યરત છે. ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન તેમણે ભા.જ.પા.ની બૌદ્ધિક સેલની રાષ્ટ્રીય કાર્યકારિણી સમિતિના સદસ્ય તરીકે રહી પાર્ટીની વિચારધારાના વૈચારિક પ્રસાર-પ્રચારમાં પોતાનું યોગદાન આપેલ.



રાજકીય સફરને હજી વધુ આગળ ધપાવતા નરેશભાઈએ રાજકોટ નાગરિક સહકારી બેંકના ડિરેકટર તરીકે પણ મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવી છે. ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સેક્રેટરી તરીકે સેવાઓ આપી સુરેન્દ્રનગર જિલ્લાને ઉદ્યોગ અને વ્યાપાર ક્ષેત્રે પ્રોત્સાહિત કરી લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને પીઠબળ પુરું પાડ્યું હતું. ૨૦૨૪માં નરેશભાઈ કેલા આ ફેડરેશનના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. માહેશ્વરી સમાજના યુવા સંગઠનનું અધ્યક્ષપદ પણ તેમણે સંભાળ્યું હતું. તેઓની આ સેવાઓને બિરદાવતા માહેશ્વરી ટાઈમ્સ પરિવાર દ્વારા 'માહેશ્વરી ઓફ ધ યર ૨૦૨૫' નો એવોર્ડ નરેશભાઈને એનાયત કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૨માં તેઓની પ્રશંસનીય સેવાઓની કદર કરતાં ભારત સરકારે તેમને સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.ના ડાયરેકટર તરીકે નિયુક્ત કર્યા હતા. તેઓના કાર્યકાળ દરમિયાન નિગમની સુંદર કામગીરીને ધ્યાને લઈ એપ્રિલ ૨૦૨૫થી તેઓને પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ કે જે ભારત સરકારનું મહાનવરત્ન શ્રેણીનું ઉપક્રમ ગણાય છે તેમાં બોર્ડ ઓફ ડિરેકટરમાં સ્વતંત્ર ડિરેકટર તરીકે નિયુક્ત કરી કેન્દ્ર સરકારે નરેશભાઈ કેલાની બહુમુખી પ્રતિભાને સન્માન આપ્યું છે. હાલમાં તેઓ આ નિગમની C.S.R. કમિટીના અધ્યક્ષ તરીકે સેવારત છે. ગુજરાત સરકારે પણ નરેશભાઈની બહુઆયામી પ્રતિભાની કદર કરી રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની સ્કૂલ ફી નિયમન માટે ગઠિત રાજયસ્તરીયમાં ફી રિવિઝન કમિટીના સભ્ય તરીકે નિયુક્ત કર્યા છે. આ એપલેટ કમિટીના અધ્યક્ષ તરીકે હાઈકોર્ટના સેવા નિવૃત્ત ન્યાયમૂર્તિ હોય છે તથા રાજ્ય સરકારના શિક્ષણ અને નાણાં સચિવ કક્ષાના અધિકારી પણ સભ્ય તરીકે હોય છે.



નરેશભાઈનો પરિવાર સંયુકત કુટુંબ પ્રથાનું આદર્શ ઉદાહરણ છે. જેનું નેતૃત્વ આજે પણ તેઓના પિતાશ્રી તથા માતુશ્રી કરી રહ્યા છે. તેમજ મોટાભાઈ લલિતભાઈ તથા ભાભી કામિનીબહેનનો પણ ખૂબજ સહયોગ મળેલ છે, ભત્રીજો માધવ કેલા C.A. છે. નરેશભાઈના ધર્મપત્ની નિશાબેન પણ M.A.LL.B છે. વઢવાણમાં જાહેર જીવનમાં સક્રિય હોઈ વઢવાણથી બે ટર્મ માટે કોર્પોરેટર તરીકે ચુંટાઈ આવેલ છે. આપણા લોકલાડીલા વડાપ્રધાન મોદી સાહેબ નિશાબેનને દીકરી તુલ્ય ગણે છે. નરેશભાઈ પોતાની આ તમામ સિદ્ધિ અને સફળતાનો શ્રેય પોતાના સંયુકત કુટુંબના સાથ અને સહકારને આપે છે.

નરેશભાઈ આજના યુવા જગત માટે સાચા અર્થમાં આદર્શ રોલ મોડેલ છે. દૃઢ મનોબળ, સંગઠન શકિત અને રાષ્ટ્રભકિતના બળે આજની નવી પેઢી પણ સામાજિક અને રાજકીય ફીલ્ડમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે છે. તે નરેશભાઈના જીવનનો બોધ પાઠ છે.

શ્રી નરેશભાઈ કેલાનું જીવન સેવા-સમર્પણ અને સહકારનો પવિત્ર સંગમ છે. જેમાં ડૂબકી લગાવી યુવાનો પોતાની યુવાનીને ધન્ય બનાવી શકે છે.

# ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.

સ્થાપના : ૧૯૨૨

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

## તમારા સપનાનું ઘર હવે નજીક છે, SPB હોમ-લોન સાથે

**7.40% થી શરૂ**



### અમારી વિશેષતાઓ

- ૨ કરોડ સુધી લોન
- ૨૦ વર્ષ સુધીની મુદત
- શૂન્ય પ્રોસેસીંગ ફી
- પાર્ટ પેમેન્ટમાં કોઈ ચાર્જીસ નહીં
- લોન ક્લોઝરમાં કોઈ ચાર્જીસ નહીં
- ઝડપી અને સરળ લોન
- વિશ્વાસપાત્ર સેવા છેલ્લા ૧૦૦ થી વધુ વર્ષોથી



■ સંજય થોરાત 'સ્વજન'

# સોફ્ટ કોટનથી સેમિકંડક્ટર સુધી ગુજરાતની ઔદ્યોગિક વિકાસયાત્રા

ગુજરાત એ ભારતનું સાંપ્રત સમયમાં કાપડ ઉદ્યોગનું હબ છે. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગનું આગવું સ્થાન છે. ગુજરાતમાં આશરે ૨૫ લાખ હેક્ટર જમીન પર કપાસનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત, ૨૪ હજાર જેટલી હાથશાળાઓ અને ૩ લાખ કરતાં વધુ યાંત્રિકશાળાઓ નાના પાયે ગુજરાતમાં કાર્યરત છે. સાથે-સાથે ગુજરાતમાં ખાદીનું પણ સારા પ્રમાણમાં ઉત્પાદન થાય છે.

આજે ગુજરાતમાં લગભગ ૨૦ થી ૨૫ હજાર અંબર ચરખા કાર્યરત છે. ખાદી ઉદ્યોગ આશરે ૬૦ હજાર લોકોને રોજગારી આપે છે. ડાઈંગ ઉદ્યોગનો પણ સારો વિકાસ થયો છે. પાટણના પટોળા, જેતપુરની બાંધણી અને કચ્છનું 'બાટિક' છાપકામ ભારતની કાપડ કારીગરીને વિશ્વભરમાં પ્રસિદ્ધ બનાવે છે. પટોળા માટે વપરાતી દોરાને ગાંઠીને રંગવાની પદ્ધતિ (Tie and Dye) તથા બાટિક છાપકામ આજે પણ આશ્ચર્ય પમાડે તેવી કળા માનવામાં આવે છે. ગુજરાતમાં વિવિધ પ્રકારની બાંધણીનું ઉત્પાદન થાય છે. અમદાવાદ, સુરત, રાજકોટ, જામનગર, કચ્છ, ભાવનગર, અમરેલી અને નવસારી જેવા શહેરોમાં ડાઈંગ ઉદ્યોગનો વિશેષ વિકાસ થયો છે.

શરૂઆતથી જ અમદાવાદ વેપાર અને વાણિજ્યનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે. સુલતાન અહમદશાહે જ્યારે ૧૪૧૧માં આ શહેરની સ્થાપના કરી, ત્યારથી અહીંના 'મહાજનો' અત્યંત પ્રભાવશાળી રહ્યા છે. બ્રિટિશ શાસન પહેલાં પણ અમદાવાદ તેના હાથશાળના કાપડ, રેશમ (સિલ્ક), કિનખાબ અને જરીકામ માટે દેશ-વિદેશમાં પ્રસિદ્ધ હતું. અમદાવાદની આસપાસ આવેલા ભાલ, કાનમ અને ચરોતર જેવા ફળદ્રુપ પ્રદેશોમાં ઉત્તમ કક્ષાના કપાસનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતું હતું. કાચા માલની સરળ ઉપલબ્ધતા ઉદ્યોગ માટે મોટો લાભ સાબિત થઈ હતી.

અમદાવાદમાં આધુનિક કાપડ ઉદ્યોગની શરૂઆતનો શ્રેય કોઈ અંગ્રેજને નહીં, પરંતુ એક સ્વપ્નદ્રષ્ટા ગુજરાતી રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલને જાય છે. ૧૮૫૦ના દાયકામાં જ્યારે મુંબઈમાં કાપડની મિલો શરૂ થઈ રહી હતી, ત્યારે રણછોડલાલને અમદાવાદમાં પણ આવી મિલ શરૂ કરવાનો વિચાર આવ્યો. ૩૦ મે, ૧૮૬૧ના રોજ અમદાવાદની પ્રથમ કાપડ મિલ 'ધ અમદાવાદ સ્પિનિંગ એન્ડ વીવિંગ કંપની લિમિટેડ' (જે પાછળથી શાહપુર મિલ તરીકે જાણીતી બની) શરૂ થઈ હતી. ૬૩ કામદારો અને ૨૫૦૦ સ્પિન્ડલ્સ સાથે શરૂ થયેલી આ મિલે અમદાવાદના ભવિષ્યનો નવો અધ્યાય લખ્યો.

રણછોડલાલની આ સિદ્ધિને કારણે લોકો તેમને પ્રેમથી 'રણછોડલાલ રેંટિયાવાળા' કહેવા લાગ્યા. આગામી ૩૦ વર્ષમાં તેમની પ્રેરણાથી અમદાવાદમાં બીજા ૩૨ નવા કારખાનાં ઉભા થયા અને ઊંચી ગુણવત્તાનું કાપડ ઉત્પાદન થવા લાગ્યું. દેશ આઝાદ થયો ત્યારે અમદાવાદમાં લગભગ ૭૦ જેટલી મિલો કાર્યરત હતી. ધીમે ધીમે કાપડ ઉત્પાદનના એકમોમાં વધારો થયો અને અમદાવાદ કાપડ ઉત્પાદનના મુખ્ય કેન્દ્ર તરીકે ઓળખાવા લાગ્યું.

અમદાવાદને 'પૂર્વનું માન્ચેસ્ટર' કહેવાતું હતું. શહેરનું આકાશ મિલોની ઊંચી ચીમનીઓમાંથી નીકળતા ધુમાડાથી ઘેરાયેલું રહેતું હતું. શરૂઆતમાં અમદાવાદની મિલો જાડું કાપડ બનાવતી હતી, પરંતુ સમય જતાં આધુનિક મશીનરી અપનાવી તેમણે બારીક સુતર, પોપલિન, વોઈલ અને શર્ટિંગ જેવા ઉચ્ચ કક્ષાના કાપડનું ઉત્પાદન શરૂ કર્યું, જે બ્રિટિશ કાપડને સીધી ટક્કર આપતું હતું.

પાટણના પટોળા વિષે એક દંતકથા પ્રચલિત છે કે રાજા કુમારપાળ ૧૨મી સદીમાં દૈનિક પૂજા માટે દરરોજ નવો ઝભ્ભો પહેરતા હતા. તે માટે દક્ષિણ મહારાષ્ટ્રના જૈન રાજાના પટોળા મંગાવતા હતા. જ્યારે રાજા કુમારપાળને ખબર પડી કે જૈન રાજા વપરાયેલા કપડાં પાટણ મોકલે છે, ત્યારે તેમણે દક્ષિણ પર આક્રમણ કરી ત્યાંના રાજાને હરાવ્યા અને પટોળાના આશરે ૭૦૦ વણકર કુટુંબોને પાટણ લઈ આવ્યા. આ કુટુંબોમાંથી માત્ર સાળવી સમાજે આજે પણ આ કારીગરી જાળવી રાખી છે.

પટોળા વિશ્વભરમાં વણાટની સૌથી મુશ્કેલ કળાઓમાંની એક માનવામાં આવે છે. તેમાં બેવડી ઈક્કત શૈલીનો ઉપયોગ થાય છે. પાટણ ઉપરાંત બાલી અને ઈન્ડોનેશિયામાં પણ આ શૈલી જોવા મળે છે. એવું કહેવાય છે કે ઈન્ડોનેશિયાના રાજા ભારતની મુલાકાતે આવ્યા હતા અને પટોળાની કારીગરીથી એટલા પ્રભાવિત થયા કે તેમણે પોતાના દેશમાં માત્ર રાજવી કુટુંબના લોકોને જ પટોળા પહેરવાની મંજૂરી આપી.

સુરત અમદાવાદ પછી ગુજરાતનું

કાપડ ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર છે. સુરતની સાડીઓએ વિશ્વ કક્ષાએ શહેરને આગવી ઓળખ અપાવી છે. સુરતમાં દર વર્ષે આશરે ચાર કરોડ મીટર જેટલું કાપડનું ઉત્પાદન થાય છે. બાંગ્લાદેશ અને આફ્રિકા જેવા દેશોમાં સુરતી સાડીની નિકાસ થાય છે. ભારતમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં સુરતના કાપડ અને સાડીની ભારે માંગ રહે છે. બદલાતી ફેશનને અનુરૂપ સુરતના ઉદ્યોગકારોએ સતત નવીનતા અપનાવી છે.

હાલમાં દેશમાં નેટના કાપડની માંગ વધતા સુરતના ઉદ્યોગકારો મોટા પાયે ફેબ્રિક ઉત્પાદન ક્ષેત્રે રોકાણ કરી રહ્યા છે. સુરતનો કાપડ ઉદ્યોગ આજે આશરે ૧૫ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી આપે છે. અહીં દર વર્ષે અંદાજે ૧૪,૬૦૦ લાખ મીટર કાપડ અને ૧૦.૫૦ લાખ મેટ્રિક ટન યાર્નનું ઉત્પાદન થાય છે. ભારતમાં ઉત્પાદિત કુલ ફાઈબરના ૬૫% જેટલું ઉત્પાદન એકલું સુરત કરે છે. ૧૯૬૦ પછી સુરતમાં કાપડ ઉદ્યોગનો ઝડપી વિકાસ થયો છે અને હાલમાં અહીં છ જેટલા ટેક્સટાઈલ પાર્ક કાર્યરત છે.

રાજકોટ જિલ્લાના પડધરી, ગોંડલ અને જેતપુર તાલુકામાં કાપડ ઉદ્યોગનો વિશેષ વિકાસ થયો છે. ખાસ કરીને જેતપુર તાલુકો વસ્ત્ર પ્રિન્ટિંગ અને બ્લોક પ્રિન્ટિંગ માટેનું મહત્વનું કેન્દ્ર છે. જેતપુર શહેરને 'મિનિ દુબઈ' તેમજ 'Capital of Kathiyawad' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેતપુર ખાસ કરીને સાડી ઉદ્યોગ માટે પ્રખ્યાત છે.

ગુજરાત એક તરફ કાપડ માર્કેટમાં પોતાનું પ્રભુત્વ જમાવી રહ્યું છે, તો બીજી તરફ હાલ સૌથી વધુ માંગ ધરાવતા સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારતના સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ગુજરાત ઝડપથી વિકસી રહ્યું છે, જેમાં ૧.૨૪ લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે.

રાજ્યમાં સેમીકન્ડક્ટર ઉદ્યોગના વિકાસ માટે માઈક્રોચિપ (સાણંદ) અને CG Power (સાણંદ) દ્વારા સેમીકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ પ્લાન્ટ્સ સ્થાપાઈ રહ્યા છે. માઈક્રોન ટેકનોલોજી દ્વારા પણ સાણંદમાં પ્લાન્ટ સ્થાપિત થઈ રહ્યો છે. ધોલેરા (Dholera SIR) ખાતે ભારતનો સૌપ્રથમ અત્યાધુનિક Display Manufacturing Unit સ્થાપિત થઈ રહ્યો છે. આ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સના કારણે આગામી પાંચ વર્ષમાં ૧૨,૦૦૦થી વધુ નોકરીઓ સર્જાવાની શક્યતા છે. માઈક્રોન ૨૦૨૭ સુધીમાં દૈનિક ૧ મિલિયન ચિપ્સનું ઉત્પાદન શરૂ કરશે, જ્યારે અન્ય પ્લાન્ટ્સ કાર્યરત થતાં ગુજરાત ચિપ ઉત્પાદનમાં અગ્રેસર બનશે તે નિશ્ચિત છે.

સામાન્ય લોકોમાં એક પ્રશ્ન થાય છે કે સેમિકન્ડક્ટર શું છે? સેમિકન્ડક્ટર સામાન્ય રીતે સિલિકોન ચિપ્સ હોય છે, જેનો ઉપયોગ કમ્પ્યૂટર, મોબાઈલ, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ અને લક્ઝરી વાહનોમાં થાય છે. તે કોઈપણ પ્રોડક્ટના કન્ટ્રોલિંગ અને મેમરી ફંક્શનને ઓપરેટ કરે છે. આજકાલની આધુનિક કારોમાં અનેક હાઈટેક ફીચર્સ હોય છે, જેને કાર્યરત બનાવવા માટે સેમિકન્ડક્ટરની જરૂર પડે છે.

સેમિકન્ડક્ટરનો ઉપયોગ મોબાઈલ ફોન, ડિજિટલ કેમેરા, સંચાર સાધનો, ટ્રેન, એટીએમ વગેરે સહિત લગભગ તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં થાય છે. કારોમાં હેડ્સ-અપ ડિસ્પ્લે, સેન્સર્સ, સેલફોન અને કોમ્યુનિકેશન ઈન્ટિગ્રેશન સાથે ઊંચી કાર્યક્ષમતા ધરાવતા એન્જિન એલિમેન્ટ્સમાં પણ તેનો ઉપયોગ થાય છે. તદ્દપરાંત, ડ્રાઈવર આસિસ્ટન્ટ, પાર્કિંગ, રિયર કેમેરા, બ્લાઈન્ડ સ્પોટ ડિટેક્શન, એરબેગ અને ઈમર્જન્સી બ્રેકિંગ જેવી સુવિધાઓમાં પણ સેમિકન્ડક્ટરની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આજના સમયમાં ઉપલબ્ધ મોંઘી અને આધુનિક કારોમાં સેમિકન્ડક્ટર અનિવાર્ય બની ગયું છે. તે કરંટને નિયમિત રાખવા માટે ઉપયોગી છે અને તેના વગર આધુનિક કારોની કલ્પના નકામી છે.

હાલ વિશ્વ સેમિકન્ડક્ટર ક્ષેત્રે ચીન અને તાઈવાન પર વધુ નિર્ભર છે. ભારત પણ મોટા પ્રમાણમાં ચિપ્સની આયાત કરે છે. હાલમાં ભારત આશરે ૧.૭૬ લાખ કરોડ રૂપિયાની ચિપ્સ આયાત કરે છે. માઈક્રોન સાથે થયેલી સમજૂતી બાદ ભારતની ચીન પરની નિર્ભરતા ઘટશે. ભારતમાં સેમિકન્ડક્ટરનું ઉત્પાદન શરૂ થયા બાદ ઈલેક્ટ્રોનિક વસ્તુઓથી લઈને મોબાઈલ અને ઓટોમોબાઈલ્સ સુધીની વસ્તુઓ સસ્તી થવાની શક્યતા છે. સાથે સાથે ગેજેટ્સ અને ટેકનોલોજી ક્ષેત્રમાં રોજગારીની નવી તકો પણ ઊભી થશે. સેમિકન્ડક્ટર ડિઝાઈન કરવા માટે દેશમાં આશરે ૮૫ હજાર કુશળ એન્જિનિયર્સની જરૂર પડશે. ઉપરાંત, સંબંધિત અન્ય ક્ષેત્રોમાં પણ રોજગાર વધશે.

ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેઈન્સ સેમિકોનના આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી ટેસ્ટ (OSAT) પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્લાન્ટ ગુજરાતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં મહત્વપૂર્ણ સ્થાન અપાવશે તેમજ હજારો યુવાનો માટે રોજગારીના નવા દરવાજા ખોલશે. ટૂંક સમયમાં આ પ્લાન્ટ વ્યાપારી ધોરણે ઉત્પાદન શરૂ કરશે.


આ પ્લાન્ટ ૩,૩૦૦ કરોડ રૂપિયાના રોકાણથી વિકસાવવામાં આવ્યો છે અને તેની ક્ષમતા દરરોજ આશરે ૬ મિલિયન ચિપ્સનું ઉત્પાદન કરવાની છે. આ પ્રોજેક્ટ ભારતના સેમિકન્ડક્ટર મિશનમાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે અને સાણંદને ચિપ પેકેજિંગ ક્લસ્ટર તરીકે વિકસાવવામાં મદદરૂપ બનશે. સાણંદમાં ઉત્પાદિત ઉત્પાદનો અમેરિકા સહિત વિશ્વના વિવિધ દેશોમાં નિકાસ થશે. આ પ્લાન્ટ સાણંદ અને સિલિકોન વેલી વચ્ચે એક નવા સેતુ સમાન છે. અહીં કેલિફોર્નિયાની એક કંપની માટે AI પાવર મોડ્યુલનું ઉત્પાદન પણ કરવામાં આવી રહ્યું છે.

માઈક્રોન સેમિકન્ડક્ટર પ્લાન્ટના ઉદ્ઘાટન પછી ટૂંકા ગાળામાં જ ગુજરાતમાં બીજો સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થયો છે. કેઈન્સ સેમિકોન પ્લાન્ટ દરરોજ ૬ મિલિયન ચિપ્સનું ઉત્પાદન કરશે, જ્યારે માઈક્રોન ૨૦૨૭ સુધીમાં દરરોજ ૧ મિલિયન ચિપ્સનું ઉત્પાદન શરૂ કરશે. આ રીતે અંદાજે દરરોજ ૭ મિલિયન સેમિકન્ડક્ટરનું ઉત્પાદન થશે.

ગુજરાતમાં કુલ ચાર પ્લાન્ટને મંજૂરી આપવામાં આવી છે, જેમાં સાણંદમાં ત્રણ અને ધોલેરામાં એક પ્લાન્ટનો સમાવેશ થાય છે. હાલમાં સાણંદમાં CG Power પ્લાન્ટ અને ધોલેરામાં ટાટા-PSMC પ્લાન્ટ કાર્યરત થવાના બાકી છે. આ પ્લાન્ટ્સ શરૂ થયા બાદ ગુજરાતમાં ચિપ્સનું ઉત્પાદન એક કરોડથી વધુનો આંકડો વટાવી જશે તેવી સંભાવના છે. આમ, ગુજરાત સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રનું મહત્વપૂર્ણ હબ બનશે તે નિશ્ચિત છે. ગુજરાતના સ્થાપના દિવસ નિમિત્તે 'સોફ્ટ કોટનથી સેમિકન્ડક્ટર સુધી'ની ગુજરાતની આ સફર ખરેખર રોમાંચક છે.



# ભક્તામર સ્તોત્રનો એન્સાઈક્લોપીડિયા




વિભિન્ન ધર્મોમાં પરમાત્મા તથા પરમશક્તિની પ્રાર્થના વિવિધ સ્તોત્ર, સ્તવન, સ્તુતિ, ભજન, શ્લોક વગેરે દ્વારા થાય છે; જેમાં હિંદુ ધર્મના આદિ શંકરાચાર્યના સ્તોત્રો ખૂબ જ પ્રસિદ્ધ છે. તેમ જૈન ધર્મનું મહાપ્રભાવક અને ચમત્કારિક ગણાતું 'ભક્તામર સ્તોત્ર' પણ ખૂબ જ પ્રસિદ્ધ છે. આ ભક્તામર સ્તોત્રના મહિમાને અનેક ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો જેમ કે હર્મન જેકોબી, મેક્સમુલર, વિન્ટરનિટ્સ, પંડિત દુર્ગાપ્રસાદ શર્મા, ગૌરીશંકર ઓઝા, મધુસૂદન ઢાંકી, રૂદ્રદેવ ત્રિપાઠી જેવા અનેક વિદ્વાનોએ એક સ્વરે વર્ણવ્યો છે.

આ સ્તોત્ર વિષયક હમણાં જ પ્રકાશિત થયેલ નવી પેઢીને ધ્યાનમાં રાખીને અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને અદ્ભૂત રીતે ભક્તામર દર્શન નામનો મહાગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે.

આ સ્તોત્રની પ્રત્યેક ગાથાના અદ્ભૂત પ્રભાવ, યંત્ર, મંત્ર, ઋદ્ધિપદ, આરાધનાવિધિ તથા અનુભૂતિના કારણે આ સ્તોત્રનો મહિમા અને પ્રભાવ સતત દિવસ-રાત વધતો જ રહ્યો છે. થોડાં વર્ષો પહેલાં જ જૈનાચાર્ય વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી એમના શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ જૈનાચાર્ય રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના માર્ગદર્શનથી ભરૂચમાં વિશ્વનું સૌપ્રથમ ભક્તામર મંદિર બન્યું છે.

પછીના વર્ષોમાં પ.પૂ. ગચ્છાધિપતિ જૈનાચાર્ય રાજયશસૂરીશ્વરજીના ૨૦-૨૦ વર્ષના દીર્ઘ સંશોધનના પરિણામ સ્વરૂપે 'ભક્તામર સ્તોત્રના એન્સાઈક્લોપીડિયા' સમ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં સચિત્ર 'ભક્તામર દર્શન' ગ્રંથ તૈયાર થયો. બસ્સોથી વધુ ગ્રંથોના લેખક-સંપાદક, ૧૪૫ જૈન દેરાસરના પ્રતિષ્ઠાચાર્ય, ૩૧ પ્રાચીન-નવ્ય તીર્થના જિર્ણોદ્ધારક-સંસ્થાપક એવા પૂ. જૈનાચાર્ય રાજયશસૂરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ સૌપ્રથમવાર ભક્તામર સ્તોત્રની એનિમેશન ફિલ્મ બની. જેમાં ગાન રવિન્દ્ર સાઠે તથા ભાવના પંડિતે કર્યું, તેમજ વિખ્યાત વોઈસઓવર આર્ટિસ્ટ હરીશ ભીમાણી અને સંજીવ અભ્યંકરે હિન્દી અને અંગ્રેજીમાં એલરિક ફ્રેન્સે અવાજ આપ્યો છે.

૨૯ વર્ષ પૂર્વે પ્રકાશિત આ ગ્રંથ લાંબા સમયથી અપ્રાપ્ય બનતાં હાલ તેની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ પ્રકાશિત થઈ. જો કે પ્રકાશનના અંતિમ દિવસોમાં ગ્રંથના લેખક ગચ્છાધિપતિ જૈનાચાર્ય રાજયશસૂરીશ્વરજી મ.સા. કાળધર્મ પામ્યા.

ત્યારબાદ એમના જ શિષ્ય મુનિ યશોરાયશવિજયજી મ.સા.એ ગુરુદેવની ભાવના અનુસાર મહાગ્રંથનું સંપાદન કર્યું. આ મહાગ્રંથ માટે શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ (મુંબઈ) અને ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ - નવરોજી લેન (મુંબઈ) એ આર્થિક સહયોગ આપ્યો છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે પૂ. ગચ્છાધિપતિશ્રીની જન્મભૂમિ એવી સાક્ષરભૂમિ નડિયાદના ૧૨૫ વર્ષ જૂના વિખ્યાત 'ડાહીલક્ષ્મી પુસ્તકાલય'માં સંગ્રહિત ૩૦૮૦ હસ્તપ્રતોની શાસ્ત્રીય સૂચિનું સંપાદન તેમજ તેમના જિર્ણોદ્ધારનું કાર્ય તેમણે સંપન્ન કરીને માતૃભૂમિનું ઋણ અદા કર્યું છે. આ કાર્યના મુખ્ય સૂત્રધાર તેમના જ શિષ્ય મુનિ યશોરાયશવિજયજી મ.સા. હતા.

શ્રી ભક્તામર સ્તોત્રના અદ્ભૂત અને અકલ્પનીય ચમત્કારરૂપ પ્રસંગો દ્વારા હજારો-હજારો સાધકોએ અકલ્પનીય, અવનવી અને અવર્ણનીય અનુભૂતિ અનુભવી છે. આવી અનુભૂતિને માણવા માટે પણ એકવાર આ મહાગ્રંથ અવશ્ય વાંચવો જ રહ્યો... માણવો જ રહ્યો...

બુકની કિંમત: 2500/- Rs.
૪૦ (ડોલર), ૩૫ (પાઉન્ડ)
પ્રાપ્તિસ્થાન:
Mo. 98790 35789, 96876 26346
E-mail : 2yash89@gmail.com

એમનાં જ શિષ્ય મુનિ યશોરાયશવિજયજી મ.સા. ૨૬ પુસ્તકોનાં લેખક-સંપાદક તથા પ્રસ્તુત ભક્તામર દર્શન ગ્રંથના પણ સંપાદક છે. ગ્રંથની વિશેષતા વિશે તેઓ ફીલિંગ્સ ટીમને જણાવે છે કે, 'ભક્તામર સ્તોત્રનાં ચિત્રદર્શન, રહસ્યદર્શન અને આરાધનાદર્શનને આલેખતો ૪૪૦ પાનાનો ત્રિભાષીય મહાગ્રંથ છે. તેમાં કર્તાનો પરિચય, સ્તોત્રની ઉત્પત્તિ કથા, મૂળ પાઠ, શબ્દાર્થ, ભાવાર્થ, પ્રત્યેક ગાથાના યંત્રો, મંત્રો, ઋદ્ધિપદો, આરાધનાવિધિ, જપ-ધ્યાનવિધિ, પાઠભેદ, પ્રભાવ, મહિમા અને ફળ વગેરે સંબંધિત સર્વગ્રાહી તથા સવિસ્તાર માહિતી આપવામાં આવી છે. ઉપરાંત ૧૮૪ ચિત્રો સાથે આ મહાગ્રંથ દીર્ઘકાળ ટકે તેવા ટકાઉ કાગળ પર તૈયાર કરવામાં આવ્યો છે.

આ ગ્રંથના ૪૮ ચિત્રો અશોક શાહ 'પદ્માપુત્ર' દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. તેમજ ભરતમુનિ સૂચિત 'વસંતતિલકા' છંદનું સુંદર ચિત્ર પૂ. ગુરુદેવશ્રીના માર્ગદર્શન પ્રમાણે વિજય શ્રીમાળીએ તૈયાર કર્યું છે, જે કોપિરાઈટ મુક્ત રાખવામાં આવતાં ખૂબ પ્રસિદ્ધ થયું છે.

હિન્દી એનિમેશન ફિલ્મ રાજેશ સુરાણા (દિવાકર પ્રકાશન-આગ્રા) તથા અંગ્રેજી ફિલ્મ નેહજ પ્રિન્ટર્સ (મુંબઈ) દ્વારા પૂ. ગુરુદેવશ્રીના માર્ગદર્શન મુજબ તૈયાર કરવામાં આવી છે. આ મહાગ્રંથમાં એક પાને ચિત્ર તથા બીજા પાને ગાથા અને તેનો ત્રિભાષી ભાવાર્થ QR Code સાથે મૂકવામાં આવ્યો છે. આ QR Code સ્કેન કરવાથી Facebook, YouTube અને Instagram પર પ્રત્યેક ગાથાની એનિમેશન ફિલ્મ સાથે ચિત્ર, યંત્ર, મંત્ર, ઋદ્ધિ, પ્રભાવ વગેરે વિશે વિગતવાર માહિતી મેળવી શકાય છે.

સાથે સાથે ગચ્છાધિપતિશ્રીના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવેલી અહિંસા, પશુબલિ અને એબોર્શન જેવી આઠ ડોક્યુમેન્ટરી ફિલ્મો પણ આ મહાગ્રંથમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથના તમામ QR Code પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી (ગાંધીનગર)માં કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા પ્રેક્ષા જયેશભાઈ શાહે ધર્મભાવનાથી નિ:શુલ્ક તૈયાર કરીને આપ્યા છે. આ QR Code દ્વારા ફીલિંગ્સના વાચકો ભક્તામર સ્તોત્રના વિડિયોનો આનંદ લઈ શકે છે.

# ચપટી હીંગનો ચમત્કાર...

# अन्नपूर्णा®

## बांधानी हींग

100% Veg.

॥ ચપટી હીંગનો ચમત્કાર ॥
લાવે સ્વાદ અને સોડમ અનેરી
**અન્નપૂર્ણા હીંગ**
દાળ-શાક હોય કે હોય અથાણું
મહેંકી ઉઠશે આપનું ભાણું




EXPORT PACK

Khada Powder

Yellow Powder

Since... 1976

## ANNAPURNA HING PVT. LTD.

AHMEDABAD, GUJARAT (INDIA)
E-mail : annapurnahing@yahoo.co.in

For Product Inquiry : +91-91046 49140

Export Inquiry Solicited ● એક્ષપોર્ટ પૂછપરછ આવકાર્ય

નરેશ અંતાણી



# 'મારું આતિથ્ય એ જ મારી ઓળખ' ગુજરાતનું આતિથ્ય દેશ-વિદેશને આવકારે છે

## જ્યાં રણ પણ મહેમાનને સફેદ ચાદર પાથરી આવકારો આપે

રણમાંય તરસ્યા ન રાખે એવું આતિથ્ય હોય તો ગુજરાતનું.

કચ્છના સંત મેકરણ દાદાએ પોતાના વહાલા સાથીદારો લાલીયો કૂતરો અને મોતીયો ગધેડાની મદદથી કચ્છના અફાટ રણમાં તરસ્યા વટેમાર્ગુઓ માટે હરતી-ફરતી પરબ શરૂ કરી હતી. આ વાત ઈતિહાસ પ્રસિદ્ધ છે અને અહીં તેનો ઉલ્લેખ કરવાનો હેતુ ગુજરાતની આતિથ્ય ભાવનાને ઉજાગર કરવાનો છે.



'આવો' 'પધારો' આ બે શબ્દો ગુજરાતીની જીભે સદીઓથી રમતા આવ્યા છે. આજે એ જ શબ્દો રણોત્સવથી લઈને ગિફ્ટ સિટીના બોર્ડરૂમ સુધી ગુંજે છે. 'ગુજરાત આવકારે છે' એ માત્ર ગુજરાત ટુરિઝમનું સૂત્ર નથી, એ કરોડો ગુજરાતીઓની જીવનશૈલી, સંસ્કાર અને સ્વભાવ છે.

સફેદ રણથી લઈને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' સુધી ગુજરાતે દુનિયાભરના પ્રવાસીઓ માટે પોતાની આગવી આતિથ્ય ભાવનાના દ્વાર ખુલ્લા મૂક્યા છે. કચ્છના રણથી લઈને ધોરડોના ભુંગા અને અમદાવાદની પોળ સુધી, માંડવીના દરિયા કિનારાથી લઈને સાપુતારાના રમણીય પહાડો સુધી ગુજરાતનું આતિથ્ય એકસરખું જ મહેકે છે. અહીં મહેમાન માત્ર મહેમાન નથી, પરંતુ ભગવાન સમાન માનવામાં આવે છે. 'અતિથિ દેવો ભવ:'ની ભાવનાને ગુજરાત સુપેરે ચરિતાર્થ કરે છે.

ગુજરાતી ભાષાનો સૌથી સુંદર શબ્દ કદાચ 'પધારો' હશે. આ એક શબ્દમાં પ્રેમ છે, આદર છે અને અપનાપણું છે. ગુજરાતની ધરતી પર ગમે તે ઘરના દ્વાર ખખડાવનારને સૌપ્રથમ શબ્દ 'પધારો' જ સાંભળવા મળશે. કામની વાત પછી પરંતુ પહેલાં ચા-પાણી થાય એ પ્રદેશ એટલે ગુજરાત. 'આવો' અને 'પધારો' આ બે શબ્દો ગુજરાતની આતિથ્ય ભાવનાના એવા 'પાસપોર્ટ' છે, જેને કોઈ વિઝા, ફી કે આખરી તારીખની જરૂર નથી.

ગુજરાતના ૬૬મા સ્થાપના દિનના અવસરે આજે વાત કરીએ ગુજરાતની આતિથ્ય ભાવનાની.






**અમદાવાદની પોળ :**

અમદાવાદની પોળ એટલે નગરનું હૈયું. અમદાવાદની કોઈ પણ પોળમાં જાવ, ભૂલા પડો અથવા કોઈ અજાણ્યા માણસને રસ્તો પૂછો, ત્યારે પોળવાસી માત્ર માર્ગ બતાવીને અટકી નહીં જાય, પરંતુ તમને ગંતવ્ય સુધી પહોંચાડવા પણ તૈયાર થઈ જાય. નવરાત્રિમાં આખી પોળ ગરબે રમતી હોય ત્યારે કોઈ અજાણ્યો આગંતુક કે વિદેશી દેખાય તો તેનો હાથ પકડી ગરબે રમવા લઈ જાય - આવી છે અમદાવાદની પોળની આતિથ્ય ભાવના.

યુનેસ્કો દ્વારા વિશ્વ ધરોહર નગર જાહેર થયા પછી અમદાવાદમાં પ્રવાસીઓની સંખ્યા વધી છે, છતાં અમદાવાદની આતિથ્ય ભાવના એટલી જ અખંડ રહી છે. પોળમાં આવેલા હોમ-સ્ટેમાં રહેતા પ્રવાસીઓ સાથે ઘરના સભ્ય જેવો જ આદરભાવ રાખવામાં આવે છે અને તેમની ખાવા-પીવાની તમામ સગવડની કાળજી લેવામાં આવે છે. આમ,

ગુજરાતના સાચા પાટનગર અમદાવાદ માટે પ્રવાસી અને ભગવાન વચ્ચે કોઈ ફરક નથી.



**હવે વાત કરીએ કચ્છની :**

૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં તહસ-નહસ થયેલું કચ્છ આજે ફિનિક્સ પંખીની માફક ફરી ઉભું થયું છે. ઘરો ભાંગ્યા, પરિવારજનો ખોયાં, છતાં કચ્છીઓના હૈયાં ક્યારેય ભાંગ્યા નથી. ધરતીકંપ દરમિયાન રાહતકામ માટે આવેલા સ્વયંસેવકો પાસે સેવા લેવાને બદલે, ઘરમાં જે વધ્યું હોય તેમાંથી રોટલો બનાવી તેમને જમાડવાના અનેક કિસ્સાઓ કચ્છના ઘરે-ઘરે બન્યા હતા.

ગુજરાતીમાં કહેવત છે કે, 'પહેલાં પેટ પૂજા પછી વાત પૂજા.' આંગણે આવનાર અતિથિને પહેલો સવાલ 'જમ્યા?' એવો કરે એ ગુજરાતી જ હોય. અતિથિ ના પાડે તો પણ ચૂલો સળગે અને હા પાડે તો પણ 'થોડું તો કાંઈ લો.' એવો આગ્રહ થાય એ ગુજરાતીનું ઘર જ હોય.

**ગુજરાતી થાળી એટલે પ્રેમપત્ર... રસોડાનો મીઠો આવકારો :**

કવિ કાગે અમસ્તુ જ નહીં કહ્યું – 'હે જી તારા આંગણિયાં પૂછીને કોઈ આવે તો આવકારો મીઠો આપજે...' કવિ કાગ ગુજરાતી અસ્મિતાના દ્યોતક હતા અને તેમને ગુજરાતી સંસ્કૃતિની ઊંડી સમજ હતી.

કચ્છમાં દાબેલી, ગુલાબપાક કે અડદિયા; સુરતમાં ઘારી અને લોચો; કાઠિયાવાડમાં લસણની ચટણી સાથેનો રોટલો



અને ઓળો; ઉત્તર ગુજરાતમાં ખીચડી-કઢી; દક્ષિણ ગુજરાતમાં ઊંધિયું અને ઢોકળા, ફાફડા-જલેબી તો આખા ગુજરાતમાં સદાબહાર. ગુજરાતના જેટલા જિલ્લાઓ, એટલા સ્વાદ. અહીં આવનાર મહેમાન ભૂખ્યો ન જાય, એ જ સૌનો ભાવ હોય છે. અહીં ખાવાનું માત્ર પેટ ભરવાની વસ્તુ નથી, પરંતુ હૈયું ભરવાની રીત છે.




આજે એ જ કચ્છ વિકાસની હરણફાળ ભરી દુનિયાને આવકારે છે. કચ્છમાં આવતા દરેક પ્રવાસીને રોટલો અને ઓટલો મળી રહે – એવી ઉમદા આતિથ્ય ભાવના અહીં સતત વહે છે. દીવાળી અને રજાઓ દરમિયાન ભૂજની હોટલો ભરાઈ જાય ત્યારે પ્રવાસીઓ રઝળી ન પડે એ માટે લોકોએ પોતાના ઘરના ઓરડા ખાલી કરી આપ્યાના દાખલા અખબારોમાં ચમક્યા છે. તહેવારોમાં ખાલી પડતા ખાનગી હોસ્પિટલોના સ્પેશિયલ રૂમો પણ પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરાવ્યાની ઘટનાઓ કચ્છમાં સહજ બની ગઈ છે.

આ કચ્છ છે – જ્યાં રણનું પાણી ભલે ખારું હોય, પણ કચ્છીઓનો વ્યવહાર મીઠો હોય છે. એટલે જ કદાચ ઓઢા જામે રણમાં બાવળ અને અસંખ્ય કાંટાવાળા વૃક્ષો વચ્ચે વસતા કચ્છી માડુને 'સવાલાખનો' કહ્યો હશે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી – કેવડિયા :**

દેશના રાજવીઓને એક કરનાર સરદાર પટેલની એકતાના પ્રતીક સમાન કેવડિયા ખાતે આવેલી



૧૮૨ મીટર ઊંચી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' માત્ર એકતાનું જ નહીં, પરંતુ ગુજરાતની અસ્મિતા અને આતિથ્યનું પણ પ્રતીક છે. અહીં આવનાર દેશ-વિદેશના લાખો પ્રવાસીઓ ગુજરાતની આતિથ્ય ભાવનાની મીઠાશ માણીને જાય છે. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાતે આવનાર સિત્તેર ટકાથી વધુ પ્રવાસીઓ ગુજરાતની આતિથ્ય ભાવનાની કદર કરી ફરી આવવાનું વચન આપીને જાય છે.

ગુજરાતના અનેક પ્રવાસન સ્થળોએ આવેલી હોટલોના સંચાલકો કે નાના-મોટા ધંધાર્થીઓ વિદાય લેતા પ્રવાસીને અચૂક પૂછશે – 'મજા આવી ને?' આમ, ધંધાની સાથે સંસ્કારનું પણ દર્શન થાય છે. મહેમાનને રાજી કરવો એ ગુજરાતીનો સ્વભાવ છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ વખતે અમદાવાદ એરપોર્ટ પર ઉતરનાર દરેક ઉદ્યોગપતિ અને મુલાકાતીનું 'પધારો ગુજરાત'ના બોર્ડ સાથે ઉભેલા યુવાનો હર્ષભેર સ્વાગત કરે છે. મહેમાનનો સામાન ઉંચકી હોટેલ સુધી પહોંચાડે છે અને પૂછે છે – 'પ્રવાસમાં કોઈ તકલીફ તો નથી પડી ને?' આ પણ ગુજરાતની આતિથ્ય ભાવનાનું જીવંત ઉદાહરણ છે.

**મારું આતિથ્ય એ જ મારી ઓળખ :**

ગાંધીજી કહેતા કે, 'મારું જીવન એ જ મારો સંદેશ.'

એમ ગુજરાત પણ કહે છે 'મારું આતિથ્ય એ જ મારી ઓળખ.'

ગુજરાતમાં આવનાર પ્રવાસીઓની ટકાવારી દેશના અન્ય રાજ્યો કરતાં વધુ છે. છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ, અમદાવાદની પોળ અને ડાંગ જેવા વિસ્તારોમાં હોમ-સ્ટે પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે ગુજરાતમાં એકવાર આવનાર પ્રવાસી કાયમનો પારિવારિક સભ્ય બની જાય છે.

ગુજરાતમાં ભૂલા પડનાર કે મુશ્કેલીમાં મુકાયેલા પ્રવાસીઓ માટે ગુજરાત પોલીસ પણ ખડે પગે તૈયાર રહે છે. તેની હેલ્પલાઈન ૧૮૦૦ ૨૦૦ ૫૦૮૦ પ્રવાસીઓની સેવા માટે સદૈવ કાર્યરત છે. અહીં આવનાર દરેક અતિથિને દેવ સમાન માનવામાં આવે છે અને તેની સેવા ભગવાનની સેવા ગણાય છે. ગુજરાતની 'મહેમાન સેવા' એપ પણ આઠ ભાષાઓમાં અતિથિની સેવા માટે તૈયાર રહે છે.

આમ, 'ફરી પધારજો' એવું દિલથી કહેનાર દરેક ગુજરાતીની આ આત્મીય આતિથ્ય ભાવનાની વિશ્વ આજે કદર કરે છે.

■ ફીલિંગ્સ ટીમ (પૂરક માહિતી શ્રી મુકેશ પટેલ)



# અમદાવાદને ભારતની રકતદાનની રાજધાની તરીકે અનોખી ખ્યાતિ અપાવનાર અમદાવાદ રેડ ક્રોસની ગૌરવવંતી સિદ્ધિઓ

વિજ્ઞાનની અદ્વિતીય સિદ્ધિઓ, અજોડ નવીનીકરણો અને અત્યાધુનિક ટેકનોલોજી તબીબી સેવાઓ અને કૌશલ્યને કારણે અકસ્માતો અને એક સમયે અસાધ્ય ગણાતા રોગો સામેની લડત હવે સહેલી બની છે. ટેસ્ટ ટ્યૂબ બેબી, કૃત્રિમ હૃદય અને સિન્થેટિક ઈન્સ્યુલિન જેવી અનેક તબીબી સિદ્ધિઓ હાંસલ કરવાની આગેકૂચ સતત ચાલૂ છે, પરંતુ દસકાઓના સંશોધનો, પ્રયોગો અને અથાગ પ્રયત્નો છતાં માનવ રકતનો કોઈ વિકલ્પ કે પર્યાય હજુ મળ્યો નથી. માનવરકતનું સર્જન આપણે પ્રયોગશાળામાં કરી શકાતા નથી. માત્ર માનવશરીર જ આ લોહીનું, આ જીવનરક્ષક દ્રવ્યનું નિર્માણ કરી શકે છે.

સ્વસ્થ વ્યક્તિના શરીરમાં સહજ રીતે બનતાં રકતનું મહત્વ ત્યારે સમજાય જ્યારે અકસ્માતગ્રસ્ત વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ થાય અને તાત્કાલિક રકતની જરૂર પડે; થેલેસેમિયા, હિમોફિલીયા કે કેન્સર જેવી ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓનું જીવન રકત વિના અંધકારમય બની જાય. ત્યારે સમજાય છે કે કુદરતે આપણને આપેલી રકતની સમૃદ્ધિ કેટલી અમૂલ્ય છે.

જીવન બચાવવા માટે રકતની જરૂરિયાત ઉભી થાય ત્યારે રકતદાતાઓની ઉદારતા જ સમાજનો સાચો આધાર બને છે. ઝડપી ગતિએ દોડતા જીવનમાં નિ:સ્વાર્થ ભાવથી 'રેડ ક્રોસની બ્લડ બેંક'નું સંતુલન જાળવી રાખતા રકતદાતાઓ માનવતા પ્રત્યેની શ્રદ્ધાને જીવંત રાખે છે. તંદુરસ્ત વ્યક્તિ રકતદાન કરે ત્યારે તે કંઈ ગુમાવતી નથી; ઊલટું, તે એક કે અનેક માનવજીવોના જીવન બચાવવાનું પવિત્ર કાર્ય કરે છે. રકતદાન દ્વારા મળતો આત્મસંતોષ અને આત્મગૌરવ ખરેખર અતુલ્ય હોય છે.

**રકતદાનથી થતા ફાયદા**

૧૮ વર્ષની ઉંમર અને ઓછામાં ઓછા ૪૫ કિલોગ્રામ વજન ધરાવતી તંદુરસ્ત વ્યક્તિ દર ત્રણ મહિને એક વખત રકતદાન કરી શકે છે. આ રીતે વર્ષમાં ચાર વખત નિયમિત રકતદાન કરવામાં આવે તો ૬૫ વર્ષની ઉંમર સુધીમાં અંદાજે ૧૯૨ વખત રકતદાન કરી શકાય. માનવ શરીરમાં આશરે પાંચ લીટર જેટલું રકત હોય છે, જેમાંથી દસમો ભાગ એટલે કે લગભગ ૪૫૦ મિલીલીટર રકત એક વખતના રકતદાનમાં સહેલાઈથી આપી શકાય છે. રકતદાનની સમગ્ર પ્રક્રિયા સુરક્ષિત રીતે માત્ર થોડા જ મિનિટોમાં પૂર્ણ થઈ જાય છે. દાન કરાયેલું પ્લાઝમા અને રકત ૨૪ થી ૪૮ કલાકમાં શરીર ફરી બનાવી લે છે અને લાલ રકતકણો ચારથી છ અઠવાડિયામાં સંપૂર્ણપણે પુન:સ્થાપિત થઈ જાય છે.

નિયમિત રકતદાનના અનેક આરોગ્યલાભ છે. રકતદાન પહેલાં બ્લડ કેમ્પમાં હિમોગ્લોબિન સહિતની જરૂરી તપાસ કરવામાં આવે છે. નિયમિત રકતદાન બ્લડ પ્રેશરને નિયંત્રિત રાખવામાં મદદરૂપ બને છે અને હૃદયરોગના જોખમને ઘટાડે છે. કેટલીક સંશોધનાત્મક માન્યતાઓ મુજબ તે કેન્સરનું જોખમ પણ ઓછું કરવામાં સહાયક બની શકે છે. નવા રકતકણોના સતત નિર્માણને કારણે રકતદાતાને ઊર્જા અને તાજગીની અનુભૂતિ પણ થતી રહે છે.

**ભારતમાં રકતદાનની રાજધાની – અમદાવાદ**

માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં રકતદાન ક્ષેત્રે અમદાવાદનું નામ અગ્રસ્થાને ગૌરવથી લેવાય છે. આશરે ૬૧ લાખની વસ્તી ધરાવતા આ શહેરમાં દર વર્ષે અંદાજે ૨,૪૫,૦૦૦ યુનિટ રકતદાન થાય છે, એટલે કે શહેરની કુલ વસ્તીના લગભગ ૪ ટકા લોકો રકતદાન કરે છે. સરેરાશ દર બે મિનિટે અમદાવાદમાં એક રકતદાન નોંધાય છે.

એક રકતદાન પૂર્ણ થવામાં અંદાજે ત્રણ મિનિટ જેટલો સમય લાગે છે, પરંતુ અમદાવાદમાં એક રકતદાતાનું દાન પૂરું થાય ત્યાં જ બીજા રકતદાતાનું દાન શરૂ થઈ જાય છે. જાણે માનવતાની નોન-સ્ટોપ રિલે રેસ ચાલી રહી હોય તેવો આ દાનયજ્ઞ છે. અમદાવાદમાં દરરોજ સરેરાશ ૧૨ રકતદાન કેમ્પ યોજાય છે, એટલે કે દર બે કલાકે એક કેમ્પ સતત, વર્ષભર.

આ પૃથ્વી પર દર ક્ષણે કોઈને કોઈને રકતની જરૂર પડતી જ હોય છે. તે કોઈપણ જાતિ, સમાજ કે વર્ગનો હોઈ શકે; પ્રસૂતિ પીડા સહન કરતી માતા, અકસ્માતમાં ઘાયલ થયેલો વ્યક્તિ, ઓપન હાર્ટ સર્જરી કરાવતા પિતા કે જીવલેણ રોગ સામે ઝઝૂમતું બાળક પણ હોઈ શકે. તેથી જ અમદાવાદ રેડ ક્રોસ દ્વારા જન્મદિન, લગ્નપ્રસંગ કે અન્ય ઉજવણીઓને સ્વૈચ્છિક રકતદાન સાથે જોડવાનો પ્રેરણાદાયી પ્રયાસ કરવામાં આવે છે. સ્વર્ગસ્થ સ્વજનોની સ્મૃતિને ચિરંજીવી બનાવવા માટે પણ રકતદાનને માનવસેવાના માધ્યમ તરીકે અપનાવવામાં આવે છે.

**અમદાવાદ રેડ ક્રોસની અનોખી સિદ્ધિઓ**

છેલ્લા અનેક દાયકાઓથી માનવસેવામાં સમર્પિત અમદાવાદ રેડ ક્રોસે સાચા અર્થમાં ચંદ્ર સુધીની યાત્રા સમાન સિદ્ધિ હાંસલ કરી છે. છેલ્લા ૬૦ વર્ષોમાં રેડ ક્રોસ દ્વારા ૫૬,૬૫,૦૦૦ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું છે, જેનું માપ અંદાજે ૨૫૪.૯ કરોડ મિલીલીટર થાય છે.



રેડક્રોસ ભવન ખાતે થેલેસેમિયા પીડિત બાળકોને અપાતી મફત રકતદાન સુવિધાની મુલાકાત લેતા Goodwill Ambassador બ્રહ્માકુમારી શિવાની દીદી તથા જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ શ્રી મુકેશ પટેલ

જો આ સમગ્ર રક્તને રક્તદાન વખતે વપરાતી ત્રણ મિલીમીટર વ્યાસની ટ્યુબમાં પસાર કરવામાં આવે તો તેની લંબાઈ લગભગ ૩,૬૦,૫૭૩ કિલોમીટર જેટલી થાય જે પૃથ્વીથી ચંદ્ર સુધીના અંતર જેટલી છે.

ભારતના Blood Donation Capital તરીકે ઓળખાતા અમદાવાદમાં દેશના સૌથી વધુ રક્તદાતાઓ છે. વિશ્વમાં અનોખી એવી આ રેડ ક્રોસ સંસ્થા પાસે પોતાનો આગવો મેસ્કોટ 'શેરદિલ' પણ છે. નિયમિત રીતે રક્તદાન કરતા ૩,૦૦૦થી વધુ રક્તદાતાઓ સમાજ માટે સાચા અર્થમાં શેરદિલ સમાન છે. સંસ્થા સાથે ૧૪૫ જેટલા 'સેન્ચ્યુરિયન' એટલે કે ૧૦૦થી વધુ વખત રક્તદાન કરનાર દાતાઓ જોડાયેલા છે.

Mission 25 by 25 અંતર્ગત ૨૫ વર્ષની ઉંમર સુધીમાં ૨૫ વખત રક્તદાન કરનાર યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઉપરાંત મહિલા રક્તદાતા ક્લબ, દિવ્યાંગ રક્તદાતા ક્લબ અને રેડ રિબન ક્લબ જેવી અનોખી પહેલો દ્વારા અમદાવાદ રેડ ક્રોસ વૈશ્વિક સ્તરે વિશિષ્ટ યોગદાન આપી રહ્યું છે.

સંસ્થા પાસે ચક્ષુદાન અને અંગદાન અંગે જાગૃતિ ફેલાવતા સમર્પિત સ્વયંસેવકો અને કર્મચારીઓ કાર્યરત છે. કુદરતી આફતો સમયે રેડ ક્રોસ ફેમિલી વેલફેર સેન્ટર આફતગ્રસ્તોને શક્ય તેટલી તમામ મદદ પૂરી પાડવા સદૈવ તત્પર રહે છે. ચાર બ્લડ મોબાઈલ વેન દ્વારા ૨૫ જાહેર હોસ્પિટલો અને બ્લડ સ્ટોરેજ સેન્ટરોને જોડતું બ્લડ ગ્રિડ નેટવર્ક પણ અમદાવાદ રેડ ક્રોસ દ્વારા સફળતાપૂર્વક સંચાલિત થાય છે.

**થેલેસેમિક બાળકો માટે આશીર્વાદ**

અમદાવાદ રેડ ક્રોસનું એક ભગીરથ કાર્ય છે- થેલેસેમિયાથી પીડાતાં બાળકોનાં જીવનમાં આશાનો સંચાર કરવાનું. અમદાવાદ રેડ ક્રોસના થેલેસેમિક બ્લડ ટ્રાન્સફ્યુઝન સેન્ટરે નિયમિત ધોરણે અને સમયસર બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા સેંકડો થેલેસેમિક બાળકોની જીવન દોર લંબાવી છે. ૧૯૮૩માં સ્થપાયેલા થેલેસેમિયા સેન્ટરે ૧૨૫૦ જેટલાં બાળકોને માતાની ગોદ જેવો શીતળ છાંયો આપ્યો છે.

થેલેસેમિક બાળકને વર્ષે સરેરાશ ૨૦ જેટલી વખત રક્ત ચઢાવવાની જરૂર પડે છે. અમદાવાદ રેડ ક્રોસમાં થેલેસેમિયાની તપાસ, સારવાર, આયર્ન ચિલેશન થેરાપી અને જરૂરી દવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સમાજમાં થેલેસેમિયા પ્રત્યે જાગૃતિ વધે અને થેલેસેમિયા માઈનર ધરાવતા માતા-પિતા સંતાન જન્મ પહેલાં જરૂરી તકેદારી રાખે તે માટે પણ સંસ્થા સક્રિય રીતે કાર્યરત છે.

જેમ લગ્ન પહેલાં જન્મકુંડળી મેળવવામાં આવે છે, તેમ રક્તકુંડળી અંગે જાગૃતિ વધે તો થેલેસેમિયા સાથે જન્મતા બાળકોની સંખ્યા ઘટાડવી શક્ય બને. ગુજરાતની શાળાઓ અને કોલેજોમાં આ વિષય અંગે સતત જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે.

એક મહત્વની વાત એ પણ છે કે કોઈપણ દર્દીને આપવામાં આવતું રક્ત સંપૂર્ણ ચકાસણી બાદ જ ઉપયોગમાં લેવાય છે. રક્તદાતાના રક્તનું HIV, HBsAg, HCV, મલેરિયા અને સિફિલિસ જેવા ચેપી રોગો માટે સઘન પરીક્ષણ કરવામાં આવે છે. તમામ પરીક્ષણોમાં યોગ્ય ઠર્યા બાદ જ તે રક્ત બ્લડ બેંકમાં સંગ્રહિત થાય છે. એકત્રિત થયેલા રક્તમાંથી અંદાજે ૩૨.૭૫% થેલેસેમિયા પીડિત બાળકો માટે, ૨૮.૧૪% હિમોફિલિયા દર્દીઓ માટે, ૨૫.૮૬% અન્ય તબીબી જરૂરિયાતો માટે અને ૧૩.૨૫% કેન્સરના દર્દીઓ માટે ઉપયોગમાં લેવાય છે.

**નવીનતમ ભવન અને અત્યાધુનિક સુવિધાઓ**

૧૯૨૩માં સ્થાપિત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની અમદાવાદ જિલ્લા શાખાએ પોતાની શતાબ્દી નિમિત્તે અદ્યતન સુવિધાઓથી સજ્જ વિશ્વસ્તરીય બ્લડ સેન્ટર સ્થાપવાનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ હાથ ધર્યો, જેના ભાગરૂપે અમદાવાદ રેડ ક્રોસ શતાબ્દી ભવનનું નિર્માણ થયું.

અમદાવાદ શહેરના મધ્યભાગમાં ૧૫,૦૦૦ ચોરસ ફૂટ જમીન પર નિર્માણ પામેલું ૩૫,૦૦૦ ચોરસ ફૂટનું આ અદ્યતન બ્લડ સેન્ટર આધુનિક સાધનો અને સુવિધાઓથી સજ્જ છે. ભારતમાં સૌથી વિશાળ અને ઉત્તમ બ્લડ સેન્ટર તરીકે તે ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે.

૧૯૬૩માં સ્થાપિત અમદાવાદ રેડ ક્રોસ બ્લડ પ્રોગ્રામે છેલ્લા છ દાયકાઓમાં સ્વૈચ્છિક રક્તદાન, થેલેસેમિયા કાળજી, જાગૃતિ અને નિવારણ ક્ષેત્રે અગ્રણી ભૂમિકા ભજવી છે અને માનવસેવાના ક્ષેત્રમાં વિશિષ્ટ ખ્યાતિ પ્રાપ્ત કરી છે.



અમારી આ યાત્રા કરુણા, સહકાર અને સમાજમાં રક્તદાન પ્રત્યે સકારાત્મક વાતાવરણ ઊભું કરવાના સંકલ્પથી પ્રેરિત રહી છે. રક્તદાન કેમ્પોથી માંડીને અનેક પ્રેરણાદાયી પ્રવૃત્તિઓનું સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવે છે, જે જરૂરિયાતમંદ લોકોની સેવા માટે અમને નવી શક્તિ અને પ્રેરણા પૂરું પાડે છે. સંસ્થાના તમામ રક્તદાતાઓ, સ્વયંસેવકો અને કર્મચારીગણની અડગ નિષ્ઠા તથા સમર્પણ જ સંસ્થાનું સાચું ચાલકબળ છે. તેમના સહકારથી કરુણાસભર અમદાવાદના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં અમે સતત આગળ વધી રહ્યા છીએ.


**– શ્રી અમિતભાઈ દોશી (ચેરમેન)**



વર્ષ ૨૦૨૨થી ગુજરાત રેડ ક્રોસના ચેરમેન તરીકે પદભાર સંભાળ્યા બાદ સંસ્થાએ અનેક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ એવું સશક્ત નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે કે જેના દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિને માત્ર એક કલાકમાં જ બ્લડ ઉપલબ્ધ થઈ શકે છે. રાજ્યમાં એક જ દિવસે ૭૩ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રોની શરૂઆત કરાવવામાં આવેલ, આજે આ કેન્દ્રોની સંખ્યા ૮૮ સુધી પહોંચી છે.

યૂથ રેડ ક્રોસ કાર્યક્રમ અંતર્ગત ૪ લાખથી વધુ સ્વયંસેવકો નોંધાયા છે. તેમની કામગીરીથી પ્રભાવિત થઈ ONGC, HUDCO અને NTPC જેવી કંપનીઓ તરફથી રૂ. ૨૦ કરોડથી વધુનું CSR ફંડ મળ્યું છે જેના કારણે રેડ ક્રોસની સેવાઓ હવે અતિ આધુનિક બની છે. દેશમાં સર્વાધિક રક્તદાન એકત્ર કરવા બદલ ગુજરાત રેડ ક્રોસને ભારતની સર્વશ્રેષ્ઠ શાખાનો એવોર્ડ રાષ્ટ્રપતિશ્રીના વરદ હસ્તે એનાયત થયો છે. તેથી કહી શકાય કે શ્રી અજયભાઈના નેતૃત્વમાં ગુજરાત રેડ ક્રોસે એક નવા યુગમાં પ્રવેશ કર્યો છે.

**– શ્રી અજયભાઈ પટેલ**




**સંસ્થાની ગૌરવશાળી સિદ્ધિઓ દર્શાવતી PRIDE OF AHMEDABAD પુસ્તિકાનું વિમોચન કરતાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા રેડ ક્રોસના હોદ્દેદારો તસવીરમાં દ્રશ્યમાન થાય છે.**

● દીપા દેસાઈ

# મી મુંબઈકર ગુજરાતી




આઝાદી પછી 'બૃહદ મુંબઈ રાજ્ય' બે અલગ અલગ ભાષાઓ અને સંસ્કૃતિઓ સાથે ભારતના વિકાસમાં યોગદાન આપી પોતાની આગવી ઓળખ સ્થાપવા પ્રયત્નશીલ બનતું હતું. પરંતુ બે ભાષાઓ અને બે સંસ્કૃતિઓનું આ સાયુજ્ય અનેક સવાલો અને વિકાસની અવઢવ વચ્ચે અટવાતું હતું. સમજણ હતી છતાં આંદોલનો થયા અને તેના પરિણામે ૧૯૬૦માં ભારતને બે રાજ્યો ગુજરાત અને મહારાષ્ટ્ર મળ્યાં. ૧ મે, ૧૯૬૦ના રોજ 'જય જય ગરવી ગુજરાત' અને 'જય જય મહારાષ્ટ્ર માઝા'ના સુમધુર નાદ સાથે ગુજરાત અને મહારાષ્ટ્ર જુદા થયા, છતાં આજે પણ એકમેક સાથે અડીખમ ઊભા છે.

આજે વિશેષ વાત કરીએ મુંબઈની. વર્તમાન મુંબઈનો નજારો અને નજરિયો ભલે બદલાયો હોય, છતાં આજે પણ મુંબઈમાં ગુજરાત વસે છે. મુંબઈની પોતાની 'મુંબૈયા' ભાષા છે. જન્મથી કે કર્મથી મુંબઈ સાથે જોડાયેલો ગુજરાતી ગર્વથી 'મી મુંબઈકર' બોલી જાણે છે, કારણ કે ગુજરાતીની બોલચાલ, કામકાજ, ધંધો-રોજગાર, રહેણીકરણી અને ખાનપાનમાં મુંબઈનો મોટો ફાળો રહ્યો છે. બીજી તરફ, મુંબઈને આગવો આકાર આપવામાં ગુજરાતીઓનું પણ વિશેષ પ્રદાન રહ્યું છે.

મુંબઈનો ગુજરાતી ભારતીય તો ખરો જ, પણ જ્યારે કહે કે દેશમાં જવાનું છે, ત્યારે એ દેશ એટલે ગુજરાત. વાર-તહેવારે દેશમાં જઈને મોકળાશ અનુભવતો મુંબઈકર, મુંબઈની ભીડભાડમાં પણ એક અલગ હાશકારો અનુભવે છે. બીજી બાજુ ગુજરાતના ખૂણે-ખૂણે મુંબઈ સેન્ડવિચ, મુંબઈ વડાપાવ, મુંબઈ પાંવભાજી, મુંબઈ ભેળ અને મુંબઈ હલવો માત્ર 'મુંબઈ' નામથી જ લોકપ્રિય બન્યાં છે. મુંબઈમાં દાબેલી, ખમણ, ઢોકળા, થેપલા, ઊંધિયું, ઘારી, હલવાસન અને નડિયાદી ભૂસું જેવી અનેક ગુજરાતી વાનગીઓ મુંબઈગરાના દિલમાં ઠરીઠામ થઈ ગઈ છે.

મુંબઈમાં વસેલો ગુજરાતી કેમ છો? મજામાં? બોલે છે, તો મી ચેતો... હો બરા, ચાંગલા, ઝાલા જેવી મરાઠી બોલીમાં પણ સહજ રીતે ઝલાઈ જાય છે. પછી ભલે એ કચ્છી માડુ હોય કે વાયા વિરમગામનો, અમદાવાદી, મહેસાણી, પાલનપુરી કે સુરતી લાલો બધા જ મુંબૈયા બનીને જીવતા, કમાતા અને મુંબઈને આર્થિક પાટનગરનો દરજ્જો અપાવી જાણે છે.

મુંબઈ મહારાષ્ટ્રનું છે અને તેમાં વસતો દરેક ગુજરાતી માણસ અને હરેક મરાઠી માનુસ બંને મુંબઈકર છે. ત્યારે આવો... મળીએ મુંબઈની આ માનીતી વ્યક્તિ વિશેષ પ્રતિભાઓને 'ફીલિંગ્સ મેગેઝિન'માં દીપા દેસાઈના માધ્યમથી...

### સનત વ્યાસ - કલાકાર (મુંબઈ)

મને યાદ આવે છે મારું બાળપણ. ૧લી મે મજૂર દિવસ તરીકે ઉજવાતો આવ્યો છે, એટલું જ મને ખબર હતું. મારો જન્મ મુંબઈમાં થયો, પરંતુ ઉછેર ગુજરાત અને પંજાબમાં પણ થયો હોવાથી મને ક્યારેય એવું લાગ્યું જ નહીં કે ગુજરાત અને મહારાષ્ટ્ર જુદા છે. મુંબઈ આવ્યા પછી પણ મને ભાષાને લગતી કોઈ મુશ્કેલી થઈ નથી. મુંબઈનો વિકાસ ખૂબ જ સરસ રીતે થતો આવ્યો છે. તેમાં મરાઠી પ્રજાનો તો ફાળો છે જ, પણ સાથે અન્ય ભાષાભાષી લોકોમાં ગુજરાતી પ્રજાનું યોગદાન પણ આગળ પડતું રહ્યું છે.

મુંબઈ પચરંગી છે. અનેક પ્રાંતોના લોકો રોજીરોટી માટે મુંબઈ આવ્યા અને મુંબઈકર બની ગયા. સ્વાભાવિક છે કે અહીં કોઈપણ ભાષાના માણસો મળે ત્યારે એકબીજાને પૂછે જ કે તમે કયા ગામના? મહારાષ્ટ્રિયન પણ પૂછે, ગુજરાતીઓ પણ પૂછે, પંજાબી, સિંધીઓ, દક્ષિણ ભારતીયો અને બંગાળીઓ પણ પૂછે. અંતે સર્વેનો એક જ સૂર નીકળે **मुंबई अपुन का, अपुन मुंबई के.** આ જવાબમાં એક અનોખી લાગણી વણાયેલી જોવા મળે છે. મુંબઈ તો બધાનું સહિયારું છે.

ગુજરાતના ખમણ, ઢોકળા, થેપલા, દાબેલી, ખાખરા તથા મહારાષ્ટ્રના ઉસળ, મિસળ, વડાપાંવ, થાળીપીઠ બધાએ મળીને મુંબઈગરાના સ્વાદને સમૃદ્ધ બનાવ્યો છે.

મુંબઈ મહારાષ્ટ્રમાં આવેલું હોવાથી અહીં મરાઠી ભાષી લોકોની વસ્તી વધારે હોવી સ્વાભાવિક છે. ભાષા પણ મરાઠી બોલાય અને સંભળાય એ સ્વીકાર્ય છે. અન્ય સમાજના મિત્રોએ પણ મુંબઈને પોતીકું માન્યું છે. મુંબઈમાં વસતો મુંબઈગરો મરાઠી ભાષાને સુંદર રીતે અપનાવી જાણે છે.

તમે બજારમાં જાઓ કે સરકારી ઓફિસોમાં જાઓ જો મરાઠી બોલાતી હોય, તો મુંબઈમાં વસતો અન્ય ભાષી માણસ પણ સરળતાથી મરાઠી સમજી શકે છે. કારણ કે અનેક પેઢીઓથી તેમનો પરિવાર મુંબઈમાં વસેલો છે. આ મુંબઈગરો અહીં જન્મેલો, ઉછરેલો અને મોટો થયેલો છે. જન્મ અને

કર્મના સંયોગથી તે મુંબઈની જમીન સાથે જોડાયેલો છે. મુંબઈની લોકલમાં દોડતો-ભાગતો માણસ અહીંનો જ બની ગયો છે.

મનોરંજનની દુનિયામાં મારી કારકિર્દી ઘડાઈ છે. આ સંદર્ભમાં વાત કરું તો 'દરેક ધરતીની પોતાની આગવી સંસ્કૃતિ, બોલી અને લઢણ હોય છે. કલાકાર એ બધાનો અહેસાસ કરીને આકાર પામે છે. કલાકાર માટે સંવાદ અગત્યનો છે, ભાષાને લગતા વાદ-વિવાદ નહીં.'

કોઈ રાજકીય વિચારસરણીમાં મને રસ નથી. હું એક કલાકાર છું અને કલાને કોઈ બંધન નડતાં નથી અમારો અભિનય, અમારો અવાજ અને પ્રેક્ષકોનો પ્રેમ - એ જ અમારી ઓળખ છે. મુંબઈના રંગમંચની રંગીનતા વૈવિધ્યસભર છે. આપણા ગુજરાતી કલાકારોનો તો અહીં કાફલો વસે છે. ગુજરાતના કલાકારો પણ મુંબઈ આવી જાણીતા બન્યા છે. મુંબઈ નગરીએ ગુજરાતી કલાકારોની કદર પણ કરી છે. અહીં ગુજરાતી કલાકારોના નામે માર્ગો અને ચોક છે - જેમ કે અમૃત કેશવ નાયક, વિજય દત્ત, વિષ્ણુકુમાર વ્યાસ વગેરે. અન્ય નામાંકિત ગુજરાતીઓના પૂતળાં, શાળાઓ અને કોલેજો પણ જોવા મળે છે, જે આપણા માટે ગૌરવની વાત છે.

મારા નાટકો ગુજરાતમાં પણ ભજવાય છે. પરંતુ સાચું કહું તો, ગુજરાતમાં જાઉં ત્યારે લોકો કહે 'તમે તો મુંબઈના ને?' અને મુંબઈના લોકો કહે 'તમે તો ગુજરાતના ને?' ત્યારે સ્વયંને પ્રશ્ન થાય કે 'આપણે ક્યાંના?' ગુજરાત માટે બહારના? મુંબઈ માટે પારકા? કેવી વિડંબના! મિત્રો, અમે તો મુંબઈના ગુજરાતીઓ છીએ. મુંબઈને આકાર આપવામાં અમારો પણ ફાળો છે, એટલે અમે મુંબઈકર પણ ખરા. ગુજરાત અને મહારાષ્ટ્ર બંનેની ધરતી વચ્ચે સંવાદિતાનું સેતુ બની રહેવાનો અદ્ભૂત આનંદ અમે અનુભવીએ છીએ. રાજીપા સાથે વંદન.

**નિરંજન પંડ્યા - સાહિત્ય-કલા પ્રસારક, ઝરૂખો, ડોમ્બિવલી, મુંબઈ**

સન્માનનીય સભ્ય (૨૦૨૩-૨૦૨૫), મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી

મુંબઈ એટલે વિશાળ ફલકની ધરતી. સ્વતંત્રતા પછી ૧૯૬૦ સુધી ગુજરાત અને મહારાષ્ટ્ર એક જ તંત્ર અને એક જ સૂત્રમાં બંધાયેલા હતા. બૃહદ મુંબઈમાંથી ગુજરાત અને મહારાષ્ટ્રની રચના થઈ અને મુંબઈ મહારાષ્ટ્રનું બની ગયું.

મુંબઈ મહાન છે, કારણ કે અહીં મહેનતુ લોકો વસે છે. અવિનાશ વ્યાસના ગીત-સંગીત અને કિશોરકુમારના કંઠમાં ગવાયેલું ગીત યાદ આવે 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' અને સાથે ૧ મે મજૂર દિવસની શુભેચ્છા. ગુજરાત મારી જન્મભૂમિ છે અને મુંબઈ મારી કર્મભૂમિ. આ બંનેનો હું સદાય ઋણી છું.

કયાંક વાંચેલી કવિતાના શબ્દો યાદ આવે છે -

**'ગુજરાતી મારી મા, અને મરાઠી મારી માસી,**
**જન્મભૂમિ ગુજરાત અને કર્મભૂમિ મહારાષ્ટ્ર.'**
**ગળથૂથીના સંસ્કાર લીધા સિદ્ધરાજ,**
**નરસૈયા અને નર્મદના,**
**અને શૂરતા-ભક્તિ મેળવી શિવાજી,**
**તુકારામ અને જ્ઞાનેશ્વર પાસેથી.**

આ વિશેષ દિવસ નિમિત્તે મુંબઈમાં વસીને મારા દિલમાં વસતા ગુજરાત અને મહારાષ્ટ્રને કોટિ કોટિ વંદન.

**મેહુલ બુચ - અભિનેતા (મુંબઈ)**

સામાન્ય રીતે લગભગ ત્રણ પેઢીથી મુંબઈમાં વસતા ગુજરાતી પરિવારમાં જન્મેલા માણસને સરનામાના સંદર્ભે મહારાષ્ટ્રિયન અને સંસ્કારના સંદર્ભે ગુજરાતી કહી શકાય. પરંતુ મારા જેવા અભિનેતાનું શું?

ગુજરાતી રંગભૂમિ મારા ધબકારમાં વસે અને મરાઠી રંગભૂમિના સંસ્કાર વિના પણ મારો શ્વાસ અટકે.

જયશંકર સુંદરીથી લઈને વિષ્ણુકુમાર વ્યાસ, પ્રવીણ જોશી, કાંતિ મડિયા, અરવિંદ જોશી, સરિતા જોશી, શૈલેષ દવે, પરેશ રાવલ અને સિદ્ધાર્થ રાંદેરિયા જેવા દિગ્ગજ નાટ્યકર્મીઓ સામે નતમસ્તક થઈ જવાય; તો બીજી તરફ બાલ ગંધર્વ, પ્રભાકર પણશીકર, વિજય તેંડુલકર, પી.એલ. દેશપાંડે, પ્રશાંત દામલે, વિક્રમ ગોખલે અને નાના પાટેકર જેવા મરાઠી રંગકર્મીઓનું નામ સાંભળતાં જ સન્માનથી માથું નમી જાય.

માના ગરબે નોરતાનો અનેરો ઉત્સાહ અનુભવાય તો ઘરમાં ગણેશચતુર્થીએ ગણપતિબાપ્પાનું સ્થાપન પણ એટલી જ શ્રદ્ધાથી થાય.

ગરમાગરમ ફાફડા અને કઢી ખાવાનું મન લલચાય, તો મિસળ અને વડાપાંવનો ચટાકો પણ એટલો જ ગમે. માતૃભાષા ગુજરાતી બોલવાની મજા તો આવે જ, પરંતુ મરાઠીમાં તૂટક-તૂટક બોલવું પણ બહુ ગમે.

ભલે ઈતિહાસની કોઈ તારીખે એક ભૂગોળના બે ભાગલા થયા હોય, પરંતુ મારા માટે ગુજરાત અને મહારાષ્ટ્ર એ કૃષ્ણ માટે દેવકી અને જશોદા જેવા છે.

**ડૉ. આદેશ છેડા - ફિઝિયોથેરેપિસ્ટ, મુંબઈ**

૧૯૬૦માં ગુજરાત અને મહારાષ્ટ્રની રચના થઈ, પરંતુ મારો જન્મ ત્યારબાદનો છે. કુટુંબના વડીલો પાસેથી જાણ્યું છે કે ૧૯૫૬માં કચ્છ પ્રદેશનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું હતું. એટલે અમારી ત્રણ પેઢીથી અમે મુંબઈમાં વસેલા છીએ.

મહારાષ્ટ્ર-મુંબઈના અમે કચ્છી માડુ. મૂળિયા ગુજરાતના, બોલી કચ્છી ને ગુજરાતી, પરંતુ અભ્યાસ, શિક્ષણ અને કારકિર્દી મુંબઈને મુબારક. આજે પણ મુંબઈના અનેક વિસ્તારો કચ્છીઓના વ્યવસાય અને વસવાટથી ધમધમે છે અને અમારા શ્વાસે શ્વાસે મુંબઈનો ધબકાર સંભળાય છે.

અમે મરાઠી, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી બધું જ જાણીએ, બોલીએ અને લખીએ છીએ. હા, કચ્છી બોલી લખાતી ભલે ન હોય, પરંતુ લાગણીથી આજે પણ ઘરોમાં બોલાય છે. એટલે જ ભાષાના પ્રશ્નોમાં અમે અટવાતા નથી. કચ્છીમાં અમે કહીએ 'અચો, ભલે આયા. કી અયો? કુરો હાલ આય?'
એટલે કે, 'આવો, કેમ છો? શું હાલચાલ છે?'

મુંબઈકર ગુજરાતી આંખોથી સમજાઈ જાય અને મરાઠી મુંબઈગરો સ્મિત સાથે કહે કે, **'या, या, कसे आहात? काय हालचाल? मजेत ना?'**

મુંબઈમાં મિનિ કચ્છ વસે છે અને કચ્છીઓના હૃદયમાં મુંબઈ ધબકે છે.

મારું બાપદાદાનું વતન કચ્છ-ગુજરાતમાં, પરંતુ બાળપણ મુંબઈના પશ્ચિમ પરા પાર્લેમાં વીત્યું. તબીબી અભ્યાસ અહમદનગરમાં અને હાલનો વસવાટ તથા સેવા નવી મુંબઈમાં. જીવનના દરેક પડાવમાં ગુજરાત અને મહારાષ્ટ્ર મારી પડખે ઊભાં રહ્યાં છે.
શત્ શત્ વંદન સાથે શુભેચ્છા.







સંગીતા જોશી

# હવે લતા શું કરશે?

લતા પટેલ, તમારી આઈ-૧૩૦ પિટિશન અમે નામંજૂર કરીએ છીએ, કારણ કે અમારી નજરે તમે લલિત સાથે કાયદેસર પરણેલા જ નથી.

લતા પટેલ અમારી પાસે યુનાઈટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસનો આ પ્રકારનો પત્ર લઈને લલિત સાથે આવી. 'મેં તો લલિત સાથે કાયદેસર લગ્ન કર્યા છે. મારા પહેલા પતિ સાથે મેં અમારી ન્યાતના રિવાજ મુજબ ન્યાતની ફારગતી મેળવી છે. ત્યારબાદ મેં લલિત સાથે લગ્ન કર્યા છે. લલિત અમેરિકાનો સિટિઝન છે, તો મને લગ્નના આધારે સિટિઝનશિપ કેમ ન મળે?' લતાએ કહ્યું.

'સારું થયું કે તમને સદબુદ્ધિ સુઝી અને તમે અમારી પાસે આવ્યા. જો તમે જણાવ્યું હોત કે તમારા પહેલા લગ્ન થયા જ નથી, તો એ ખૂબ મોટો ફ્રોડ ગણાત. બીજું એ કે જો તમને ભૂલથી પણ વિઝા મળી ગયો હોત, તો આવા લગ્નથી મેળવેલું ગ્રીનકાર્ડ છેતરપિંડીથી મેળવેલું ગણાત. જે રદ પણ થઈ શકત અને તમારું ડિપોર્ટેશન પણ થઈ શકત. તેમજ ફ્રોડના કારણે તમને જેલની સજા થવાની અને અમેરિકામાં પ્રવેશ માટે લાંબા સમયની બંધી લાગવાની શક્યતા પણ ઉભી થાત,' લતાને મેં આ પ્રમાણે જણાવ્યું. 'તો હવે મારે શું કરવું જોઈએ?' લતાએ મને પૂછ્યું.

લતાએ પહેલા લગ્ન ભારતમાં કર્યા હતા. પતિ સાથે એને ન ફાવતાં મહિનામાં જ બંને અલગ પડી ગયા. એમની જ્ઞાતિના રિવાજ મુજબ, જ્ઞાતિજનોની હાજરીમાં એમને ફારગતીના કાગળિયા આપી દેવામાં આવ્યા.

થોડા સમયમાં જ લતા માટે એક અમેરિકન સિટિઝન લલિતનું માગું આવ્યું. માતા-પિતાએ એમના લગ્ન કરાવી આપ્યા, ત્યારબાદ લલિત અમેરિકા પાછો ફર્યો.

લલિત અમેરિકાનો નાગરિક હોવાથી તેણે લગ્નના આધારે લતા માટે આઈ-૧૩૦નું ઈમિગ્રન્ટ વિઝા પિટિશન દાખલ કર્યું. આ પિટિશનમાં તેણે ફારગતીનો કાગળ પુરાવા તરીકે મૂક્યો. પોતાના લગ્નના પુરાવા તરીકે મેરેજ સર્ટિફિકેટ, લગ્નના ફોટા વગેરે પણ રજૂ કર્યા, છતાં એમનું પિટિશન રિજેક્ટ થઈ ગયું. આથી લતા અને લલિત અમારી પાસે આવ્યા હતા.

ભારતમાં કાયદેસરના છૂટાછેડા વગર થયેલા બીજા લગ્ન ગેરકાયદેસર ગણાય છે. આથી યુએસસીઆઈએસની નજરમાં લતા અને લલિતના લગ્ન માન્ય ગણાતા નથી. એટલે બંને કાયદેસર પતિ-પત્ની ન ગણાય. પરિણામે, પિટિશન કરવા માટે બંને વચ્ચે કાયદેસરનો સંબંધ જ ન હોવાથી આ પિટિશન માન્ય થઈ શકે નહીં.

આઈ-૧૩૦ પિટિશન જો લગ્નના આધારે કરવામાં આવે, તો એની સાથે અગાઉના લગ્નના કાયદેસર છૂટાછેડાના પુરાવા રજૂ કરવા જરૂરી બને છે. લતાએ પોતાના પ્રથમ પતિ સાથે ભારતીય કોર્ટમાંથી છૂટાછેડાની ડિક્રી મેળવી નહોતી, તેથી એના છૂટાછેડા કાયદેસર માન્ય ગણાયા નહીં.

લતાએ દલીલ કરી કે, 'હું તો મારા પહેલા પતિથી છેલ્લા ત્રણ વર્ષથી અલગ રહું છું. મારા પ્રથમ પતિએ બીજા લગ્ન પણ કરી લીધા છે અને એને બાળક પણ છે.' પરંતુ લતાની આ દલીલ માન્ય રાખી શકાય નહીં, કારણ કે જ્યાં સુધી કાયદેસર રીતે છૂટાછેડા ન થાય અને કોર્ટની ડિક્રી ન મળે, ત્યાં સુધી બીજા લગ્ન કરવા જોઈએ નહીં. નહીં તો એ લગ્ન પણ ગેરકાયદેસર ગણાય.

લતા અને લલિત એકદમ હતાશ થઈ ગયા, કારણ કે લતાએ આ લગ્ન ખરેખર લલિત સાથે જીવન વિતાવવા માટે કર્યા હતા, અમેરિકાની સિટિઝનશિપ મેળવવા માટે નહીં. તેથી એમને કોઈ કાયદેસરનો રસ્તો શોધીને સાથે રહેવું હતું.

સૌપ્રથમ તો લલિતે પહેલાનું આઈ-૧૩૦ પિટિશન પાછું ખેંચી લેવા અરજી કરવી પડશે. ત્યારબાદ લતાએ પોતાના પ્રથમ પતિ સાથે કોર્ટમાં જઈ કાયદેસર છૂટાછેડા લેવા પડશે. કોર્ટમાંથી છૂટાછેડાનો ઓર્ડર મળ્યા બાદ, જે તારીખથી છૂટાછેડા અમલમાં આવે, એ પછી લતા અને લલિતે ફરીથી કોર્ટ મેરેજ કરવા પડશે. એ લગ્ન કાયદેસર ગણાશે અને એમને માન્ય મેરેજ સર્ટિફિકેટ મળશે.

ત્યારબાદ લલિતે છૂટાછેડાના સર્ટિફિકેટ અને નવા મેરેજ સર્ટિફિકેટના પુરાવા સાથે નવું આઈ-૧૩૦ પિટિશન દાખલ કરવું પડશે. ૧ જાન્યુઆરી ૨૦૨૬થી જાહેર થયેલા નિયમ મુજબ, જો ઓનલાઈન ફાઈલિંગ કરવામાં આવે તો ૬૨૫ યુએસ ડોલર અને પેપર ફાઈલિંગ કરવામાં આવે તો ૬૭૫ યુએસ ડોલરની ફી ભરવી પડશે. આ ફી નોન-રિફંડેબલ છે.

આઈ-૧૩૦ દાખલ કર્યા બાદ લતાએ લગભગ ૧૦થી ૧૫ મહિના રાહ જોવી પડશે. લગ્નના આધારે કરાયેલા પિટિશનો ક્વોટાની મર્યાદાથી બંધાયેલા નથી. લતાના કેસમાં વધુ રાહ જોવી નહીં પડે, કારણ કે લલિત અમેરિકન સિટિઝન છે. જો તે ફક્ત ગ્રીનકાર્ડ હોલ્ડર હોત, તો લતાએ ચારથી પાંચ વર્ષ રાહ જોવી પડત.

લતાનું પિટિશન મંજૂર થયા બાદ એને ઈમિગ્રન્ટ વિઝાની ફી અને એફિડેવિટ ઓફ સપોર્ટની ફી ભરવી પડશે. ત્યારબાદ લતાએ મેડિકલ ટેસ્ટ, બાયોમેટ્રિક અને વિઝા ઈન્ટરવ્યૂ માટે હાજર રહેવું પડશે. જો લતા ઈન્ટરવ્યૂમાં સફળ થશે, તો એને પાસપોર્ટમાં ઈમિગ્રન્ટ વિઝા મળશે. ઈન્ટરવ્યૂ બાદ છ મહિનાની અંદર એને અમેરિકામાં પ્રવેશ કરી લેવો જોઈએ. ત્યારબાદ અંદાજે ત્રણ મહિનામાં એને ગ્રીનકાર્ડ મળી જશે.

ગ્રીનકાર્ડ મળ્યા બાદ લતા અને લલિતે ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી સાથે રહેવું જરૂરી છે. લલિતે પોતાની અમેરિકન સિટિઝનશિપ છોડવી ન જોઈએ. લતાએ અમેરિકાની બહાર સતત છ મહિનાથી વધુ સમય સુધી રહેવું ન જોઈએ. આ ત્રણ વર્ષ દરમિયાન લતાએ ઓછામાં ઓછું દોઢ વર્ષ અમેરિકામાં રહેવું જરૂરી રહેશે. ઉપરાંત, અમેરિકામાં નિયમિત ટેક્સ ભરવો, બેંક એકાઉન્ટ ખોલવું અને ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવું જેવી બાબતોનું પણ પાલન કરવું પડશે. આ બધા નિયમોનું પાલન કરીને અને જાણકારની યોગ્ય સલાહ લઈને પિટિશન ફાઈલ કરવામાં આવે, તો લતા પણ ભવિષ્યમાં યુએસની સિટિઝન બની શકે છે.


Read online : www.feelingsmultimedia.com


Chandan®
MOUTH FRESHENER
Khaane ki Happy Ending!
A REFRESH RANGE
CRAFTED WITH CARE,
Made for You !
PREMIUM INGREDIENTS
NATURAL & SAFE
AUTHENTIC TASTE
REFRESHING EXPERIENCE
Chandan
PERU PAPAD
Chandan
7 SEED MIX
For Export Dept
✉: exports@chandanmukhwas.com
✆: +91 8104107284
For Modern Trade Dept
✉: moderntrade@chandanmukhwas.com
✆: +91 8104107287
For Retail Dept
✉: retail@chandanmukhwas.com
✆: +91 8104107285
The house of Chandan hereby solicit enquiries for:
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts
Premium
Natural
Ethnic
▸Mouth Freshener, ▸Digestives, ▸Paan
▸Confectioneries ▸Superfood ▸Snacks
Reach us on /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas
Products are also Available at /www.chandanmukhwas.com
blinkit
zepto
bigbasket A TATA Enterprise
DMart
Reliance SMART SUPERSTORE
METRO
Walmart
A TATA and TESCO Enterprise star
amazon.in

દીપા દેસાઈ

# રંગોળીની રંગીન દુનિયામાં હૃષિતા ભટ્ટનો મલકતો પ્રવાસ



લાગણીના રંગો લઈ જ્યારે અવાજની આકૃતિ રચાય ત્યારે શબ્દોના સાથિયામાં હૃષિતા ભટ્ટના મલકાતા સ્મિતની ઝલક મુલાકાતની રંગોળીમાં સજાવી 'ફીલિંગ્સ'ના વાચકોને સમર્પિત કરવાનો અનોખો આનંદ અનુભવાય છે.

સપ્તાહના સાત દિવસોમાં આજે વાત છે રવિવારની. અમારા વાચકમિત્રો નીંદરરાણી સાથે સપ્તરંગી ઈન્દ્રધનુષની સેજમાં સ્વપ્નનગરીમાં મહાલતા હોય, ત્યારે સવાર સવારમાં સાત સૂરોની નજાકત માણવા હૃષિતા ભટ્ટના સંચાલનમાં પ્રસ્તુત થતા દૂરદર્શનના લોકપ્રિય કાર્યક્રમ 'રંગોળી'ને નિહાળવા હોંશે હોંશે ઊઠી જતા હોય છે. આ અતિશયોક્તિ નથી, પરંતુ હકીકત છે. છેલ્લા કેટલાય વર્ષોથી 'રંગોળી' અને હૃષિતાની રોમાંચક સંગીતયાત્રા સલામી પાત્ર બની રહી છે.

હૃષિતા આમ તો ગરવા ગુજરાતી અને મોજીલા મુંબઈની મૂલગી, પરંતુ 'આમી તોમાય ભાલો બાશી'ના કલકત્તીયા કામણ સાથે બંગાળી ભાષાની મીઠાશ પણ સહજ રીતે રજૂ કરી શકે છે. પોતાને સંપૂર્ણ ભારતીય નારીના ચિત્રાંકનમાં સ્થાપિત કરવા તેઓ સદાય તત્પર રહે છે, અને એ જ કારણ છે કે દેશ-વિદેશમાં તેમનો અભિનય અને કલાકારી પ્રસિદ્ધિ પામી રહ્યા છે.

તેમના નાનાજી પ્રેમશંકર ભટ્ટ જાણીતા સાહિત્યકાર હતા અને સમગ્ર પરિવાર પણ કલા-સાહિત્યના રંગે રંગાયેલો હતો. બાળપણના સંસ્કારોનું સિંચન આજે પણ હૃષિતાને સદાબહાર પ્રભાવમાં રાખે છે. મુલાકાત દરમિયાન જ્યારે તેમની આજની જિંદગીને થોડો Pause આપી Rewind કરવામાં આવી, ત્યારે બાળસહજ નિખાલસતા, ચંચળતા અને ખડખડાટ હાસ્ય સાથે તેમની સાલસતા વધુ નિખરી ઊઠતી હતી.

એક સાથે કેટલાંય સ્વપ્નો તેમણે સેવ્યાં હતાં! મનગમતા દરેક ક્ષેત્રમાં તેઓ ઉત્સાહથી ભાગ લેતા અને પારંગત થતા ગયા. ભણવામાં હોશિયાર, થોડાં શરમાળ, પરંતુ હિંમત અને મક્કમતાથી સતત મજબૂત બનતાં ગયા. તેઓ જણાવે છે કે ચિત્રકામ, નૃત્ય, રમતગમત, નાટક અને અભિનય-આ બધું જ તેઓ ભણતરની સાથે કરતા હતાં.

હૃષિતાના કુટુંબીજનો અને શિક્ષકો હંમેશાં તેમના પ્રેરણાસ્રોત રહ્યા. ડગલે ને પગલે ઉત્સાહનો જોશ તેમની સાથે હતો. પ્રભુના આશીર્વાદ અને પરિવારના સહકારથી હૃષિતા આજે અમૃતધાર સમાન સફળતા અનુભવી રહ્યા છે. બાળસહજ લહેકામાં તેઓ કહે છે, 'હું ભણવામાં પણ આગળ પડતી અને નૌટંકીબાજ પણ ખરી! ઈતર પ્રવૃત્તિઓમાં મોખરે એટલે ક્યારેક ડોક્ટર બનવાનું, ક્યારેક એન્જિનિયર, આર્કિટેક્ટ કે પાયલોટ બની આકાશમાં ઉડવાનું, તો ક્યારેક હિરોઈન બનવાનું સ્વપ્ન જોતાં હતાં.' જાણે બાળગીતની પંક્તિ-'નાની મારી આંખ એ તો જોતી કાંખ કાંખ' તેમના હાવભાવમાં જીવંત બની ઊઠતી હતી.

મુંબઈની જમનાબાઈ નરસી તેમની સ્કૂલ અને નરસી મોનજી તેમની કોલેજ. હૃષિતાની વાતોની ગતિ હવે યુવાનીમાં પ્રવેશે છે. વિજ્ઞાન પ્રવાહમાં આગળ ભણવાનું તેમણે મનથી નક્કી કર્યું હતું. કલા અને સંસ્કૃતિ તેમની રગેરગમાં વણાયેલી હતી અને વાણી-વિચારમાં પણ અડગ વિશ્વાસ ધબકતો હતો.

આર્કિટેક્ટ કે ડિઝાઈનર બની આકૃતિની કૃતિમાં



વૈવિધ્ય લાવી ઉચ્ચ શિક્ષણ મેળવવાનો આશય લઈને તેમણે અમદાવાદ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર અને NID - National Institute of Designની મુલાકાત પણ લીધી. પરંતુ વિધિના લેખમાં મુંબઈ લખાયેલું હતું અને અંતે નરસી મોનજી કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

હર્ષિતા અહીં પણ દરેક પ્રવૃત્તિમાં આગળ પડતાં રહ્યા. અભ્યાસ, અનુભવ અને અભિનય સતત આગળ વધતાં ગયા અને સફળતાના સોપાનો સર કરતા રહ્યા. પરીક્ષાની તૈયારી દરમિયાન કોલેજના પ્રિન્સિપાલે તેમને IITની એક સ્પર્ધામાં અન્ય કોઈની ગેરહાજરીને કારણે ભાગ લેવા સૂચવ્યું. પરીક્ષા સાથે મળેલી આ નવી તક તેમની જિંદગીમાં નવો વળાંક સાબિત થઈ-જે અંતે 'વિજયી ભવ' બની.

રેમ્પવોક, મોડેલિંગ, અભિનય અને એન્કરિંગ તરફનું તેમનું પ્રયાણ રોમાંચક રીતે ખ્યાતિ પ્રાપ્ત કરતું ગયું, જેને હર્ષિતા વિધાતાના આશીર્વાદ તરીકે સ્વીકારે છે. ૨૦૦૧ની 'અશોકા' ફિલ્મમાં બુદ્ધકન્યાના પાત્રથી લઈને શાહરૂખ ખાન, ગૌરી ખાન, જુહી ચાવલા જેવા કલાકારો સાથેનું જોડાણ અને સંતોષ સિવાનના દિગ્દર્શનમાં કામ કરવાનો મોકો તેમના માટે વરદાનરૂપ સાબિત થયો.

તેમની મહેનત રંગ લાવી. જાણીતા 'લીરિલ' સાબુની જાહેરાતમાં 'લીરિલ ગર્લ' તરીકે મળેલી ઓળખ આજે પણ સુખદ સંભારણા સમી છે. હર્ષિતાની પ્રસિદ્ધિના તાજમાં વધુ એક ચમકારો ત્યારે ઉમેરાયો, જ્યારે ભારતની DD1 ચેનલના લોકપ્રિય કાર્યક્રમ 'રંગોળી'ના સંચાલનની જવાબદારી તેમને સોંપાઈ.

તેમના હાવભાવ, ઉદ્‌ગાર, પોશાક, નૃત્ય અને ભાષાની ગરિમા સાથે હિન્દી ફિલ્મી ગીતોની રજૂઆત 'રંગોળી'ને ચાર ચાંદ લગાવી રહી છે. ખુશીભેર તેઓ કહે છે કે, 'રંગોળી એટલે સદાબહાર લોકપ્રિય ગીતોનો ખજાનો. હું નાની હતી ત્યારે પણ 'રંગોળી' જોતી હતી. કોને ખબર હતી કે એક દિવસ હું પણ એની સાથે આટલી ગાઢ રીતે જોડાઈ જઈશ?'

પરોક્ષ રીતે મારી સાથે જાણીતા હીરો-હિરોઈન, કાશ્મીરથી કન્યાકુમારી, સ્વિટ્ઝર્લૅન્ડથી સિંગાપુર, જાપાનથી જૂનાગઢના ગિરનાર સુધીના દશ્યો, બાગ-બગીચા, ખીણો, પહાડો, ઝરણાં, તળાવો, નદી-દરિયા, રસ્તાઓ, ગલીઓ, ફૂલો, વૃક્ષો, પશુ-પંખીઓ અને સંગીતકારો-શાયરોની અદ્‌ભૂત સૂરાવલી જોડાયેલી રહે છે. આ બધાના અહેસાસને એક લય-તાલ સાથે દર્શકો સુધી પહોંચાડવાનો અનુભવ મને માતા સરસ્વતીની વીણાના નાદ સમો લાગે છે. 'રંગોળી'ના આ સૂર, તાલ અને શબ્દોની હું સદાય ઋણી છું.

મુલાકાતના માહોલમાં રાજીપાની લાગણી સાથે પૂછાયું કે તેમની રહેણીકરણી, પોશાક, હાસ્ય અને ભાષાની રંગીનતાનું રહસ્ય શું છે? ફરી એક લાવણ્યમય મલકાટ સાથે તેઓ કહે છે, 'મને હંમેશાં સજીધજીને રહેવું ગમે છે. વિવિધ રંગો અને સુંદર કપડાંનો શોખ બાળપણથી જ છે, જેના માટે હું મારી મમ્મી અને માસીને આભારી છું. સ્કૂલમાં તો યુનિફોર્મ હતો, પરંતુ કોલેજમાં મેં ક્યારેય કપડાં Repeat કર્યાં નથી.'

પરિધાનની પસંદગી અને રંગીન પહેરવેશની સજાવટ તેમને હંમેશાં પ્રફુલ્લિત રાખે છે. જ્યારે 'રંગોળી'માં તેમની કલાકારી અને નૃત્યનો ઉમેરો થયો, ત્યારે તેમનું મન જાણે મોર બની થનગાટ કરવા લાગ્યું. તેઓ કહે છે કે, 'રવિન્દ્રનાથ ટાગોરની વાણી અને ઝવેરચંદ મેઘાણીની સંવેદના સાથે તેમણે જીવનના અનેક રંગોને અનુભવ્યા છે.'

ભવિષ્યના વિઝન અંગે તેઓ નિર્દોષ હાસ્ય સાથે કહે છે કે, 'મારી ભૂતકાળની કારકિર્દી, એવોર્ડ્સ, નોમિનેશન અને સફળતાઓ વિશે તો તમે જાણો જ છો. તમે બધા મને ગમો છો અને હું પણ તમને એટલી જ ગમું છું. મારા નવા પ્રોજેક્ટ્સ અને ભવિષ્યની કામગીરીમાં થોડું સસ્પેન્સ રહેવા દો. વિશ્વાસ છે કે મારા નવા આવિષ્કારો તમને ચોક્કસ ગમશે.'

અંતમાં તેઓ ખૂબ જ સ્નેહભેર કહે છે કે, 'જીવનમાં અનેક વળાંકો આવશે. દરેક તકને મનગમતી બનાવી લો. સારી કે નરસી દરેક તકમાંથી શીખો. વિધિની રીતિ, નીતિ અને ગતિને સ્વીકારી જીવનમાં ગમતાનો ગુલાલ કરો. જે પણ કામ હાથમાં લો, તેમાં આનંદ તમારે જાતે જ લાવવાનો છે. રંગીનતા અને રાજીપા સાથે કામ કરો. તમે બધા સ્વસ્થ, મસ્ત અને વ્યસ્ત રહો-એ જ આપની હર્ષિતા બહેનની શુભેચ્છા.'





મનોજ ખેંગાર

# આવો જાણીએ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી છૂટા પડેલા 'ડાંગ' સાથેના મહાગુજરાત ચળવળના કેટલાક અંશો

ગુજરાતની અસ્મિતા - એવો પહેલ વહેલો શબ્દ પ્રયોગ કરનાર સ્વ. શ્રી કનૈયાલાલ મુનશીએ, બૃહદ મુંબઈ દ્વિભાષી રાજ્યના વિભાજન સાથે ગુજરાતમાં, મહાનગર મુંબઈ પણ જોઈએ તેવી લાગણી વ્યક્ત કરતાં 'મહાગુજરાત જનતા પરિષદ' સાથેના સૈદ્ધાંતિક વિરોધ બાદ, રાજસ્થાનની સરહદે 'આબુ' અને મહારાષ્ટ્રની સરહદે 'ડાંગ' માટે પણ વિરોધ ખેંચતાણ શરૂ થયાનું 'મહાગુજરાતની ચળવળ'માં નોંધાયું છે.

તત્કાલીન કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર-ગુજરાત અને મુંબઈ એમ ત્રણ હિસ્સાના સમર્થનમાં હતી. જેને કારણે મરાઠી ભાષીઓને એવુ લાગતું હતું કે, ગુજરાતીઓને કારણે મુંબઈને, મહારાષ્ટ્રમાંથી છીનવી લેવાશે. જેને કારણે ઊભી થયેલી ગેરમાન્યતાને કારણે સંઘર્ષ ઉગ્ર બન્યો હતો.

આ બધાની વચ્ચે ડાંગનો પ્રશ્ન પેચિદો બન્યો હતો. ડાંગની પ્રજાની બોલી 'મરાઠી' જેવી હતી. અહીંના લોકોની રહેણીકરણી અને પહેરવેશ પણ મહારાષ્ટ્રીયન લોકોને મળતો આવતો હતો. જેને કારણે ભારે ખેંચતાણ વચ્ચે પહેલાં ડાંગ અને પછી સાપુતારાને ગુજરાત સાથે રાખવા માટે તે વખતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી, ગુજરાતની અસ્મિતાને અહીં સુપેરે લાગુ કરવા માટે લોઢાના ચણા ચાવવા પડયા હતા.

ઈ.સ. ૧૯૫૬ની 'મહાગુજરાત ચળવળ' અને ડાંગ સાથેના ગુજરાત રાજ્યના સ્વપ્નદ્રષ્ટા એવા, ડાંગ સ્વરાજ આશ્રમના નાયક બંધુઓ તથા તેમના નિષ્ઠાવાન કાર્યકરોની ધારદાર રજૂઆત અને તત્કાલીન વડાપ્રધાનશ્રી પંડિત જવાહરલાલ નહેરુની દિલ્હી ખાતેની શ્રેણીબદ્ધ રૂબરૂ મુલાકાત બાદ 'ડાંગ સાથેના ગુજરાત'ની તા. ૧મે ૧૯૬૦ના રોજ સ્થાપના થઈ હોવાની જાહેરાત આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર ઉપરથી વિધિસર રીતે થઈ, ત્યારે બાર-બાર વર્ષોના સંઘર્ષનો અંત આવ્યો હતો.

તે વેળા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીશ્રી ડૉ. જીવરાજ મહેતાએ ડાંગ નામનુ બાળક મા ગુર્જરીના ખોળે બેઠું છે ત્યારે સરકાર, ડાંગને શું ભેટ આપે? તેવી વાત રજૂ કરી ત્યારે ડાંગને કર્મભૂમિ બનાવનાર નાયક બંધુઓએ ડાંગના લોકોને માથે ચઢેલા સરકારી દેવાને માફી આપવા સાથે, તે વખતના 'ડાંગ ફંડ'ને 'ડાંગ વિકાસ ફંડ'ના નામે તિજોરીમા જમા કરી, તેના વ્યાજની આવકમાંથી ડાંગના વિકાસ કામો હાથ ધરવાની માંગણી કરી હતી. જેનો મુખ્યમંત્રીશ્રીએ સહર્ષ સ્વીકાર કર્યો હોવાની નોંધ, સ્વ. શ્રી ઘેલુભાઈ નાયકે તેમના 'મારી સ્મરણયાત્રા' નામના પુસ્તકમાં કરી છે.

દ્વિભાષી મુંબઈ રાજ્યના એક ભાગ તરીકે ગણાતા ડાંગ પ્રદેશ માટે ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે જે તે વખતે ભારે ખેંચતાણ થઈ હતી. ડાંગ જિલ્લા લોકલ બોર્ડની ચૂંટણી ઉપર આખી વાત નિર્ભર હતી. ૩૦ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાંથી ૨૬ બેઠકો સાથે ગુજરાત તરફી પેનલનો વિજય થયો અને લોકલ બોર્ડના પ્રથમ પ્રમુખ તરીકે સ્વ શ્રી છોટુભાઈ નાયકના અધ્યક્ષપદે ડાંગ પ્રદેશ ગુજરાત સાથે જોડાશે તેવો ઠરાવ થયો. આ ઠરાવના વિરોધમા ડાંગ જિલ્લા લોકલ બોર્ડના ચાર સભ્યો કે જેઓ ડાંગ પ્રદેશ, મહારાષ્ટ્ર સાથે જોડાય તેમ ઈચ્છતા હતા તેમણે ઉગ્ર વિરોધ નોંધાવતા સભા ત્યાગ પણ કર્યો હતો.

ગુજરાત પેનલમાંથી ચૂંટાયેલા કાર્યકરો પૈકી દસ કાર્યકરો ગુજરાતના હતા અને સોળ કાર્યકરો સ્થાનિક આદિવાસી કાર્યકરો હતા. જેમને પલટાવવા માટે પણ ખૂબ જ પ્રયત્નો થયા, પણ તેઓ જરાપણ ડગ્યા વિના ગુજરાત સાથે જોડાયા. આમ, ડાંગ જિલ્લામાં પહેલી વહેલી ચૂંટણી પણ સને ૧૯૫૭-૫૮માં યોજાઈ હતી. જેમાં ગુજરાત તરફી પેનલ ૮૬ ટકા મત (૩૦ માંથી ૨૬ બેઠકો) સાથે વિજયી બની હતી. ધીમે ધીમે ભાષાવાદની ભૂતાવળ પણ ભૂંસાતી ગઈ. અંતે ૧મે ૧૯૬૦એ આ તમામ ખટપટનો અંત આવ્યો અને ડાંગ નામનું બાળક મા ગુર્જરીના ખોળે બેઠું.

સાપુતારાનો પણ ડાંગમાં સમાવેશ થાય તે માટે શરૂ થયેલી ચળવળ વેળા બે રાજ્યોના સીમાંકન વખતે ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે જે સ્થળે નવરચિત બંને રાજ્યોના ગવર્નરોએ સીમાંકનની પ્રક્રિયા હાથ ધરી હતી એ જગ્યા એટલે આજનું 'ગવર્નર હિલ' તરીકે ઓળખાતું સ્થાન.

પ્રવાસીઓથી બારેમાસ ઉભરાતા સાપુતારાએ ઐતિહાસિક સંઘર્ષની સાથે અનેક ચડતીપડતી જોઈ છે.

આજે, ડાંગ પણ ગુજરાતની જેમ ૬૬ વર્ષનું થયું. એક સમયે અંધારીયા મુલક તરીકે ઓળખાતું ડાંગ, આજે 'પ્રાકૃતિક ડાંગ' તરીકે ઓળખાઈ રહ્યું છે. દેશનો સૌ પ્રથમ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો એટલે ડાંગ, રાજ્યનો સૌથી પહેલો જ્યોતિર્ગ્રામ જિલ્લો એટલે ડાંગ, નલ સે જલ યોજનાનો સો ટકા લક્ષ સિદ્ધિ ધરાવતો જિલ્લો એટલે ડાંગ. કોરોનામાં સૌથી વધુ સુરક્ષિત રહેલો જિલ્લો એટલે ડાંગ.

આમ, ડાંગ જિલ્લો વિકાસની તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. પ્રાથમિક જરૂરિયાતોની તમામ સુખ સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય અને પ્રવાસન પ્રવૃત્તિઓનો વિકાસ, પ્રાકૃતિક ઓર્ગેનિક અન્ન ઉત્પાદન, નોખી અનોખી જીવનશૈલી, હરિયાળા વન અને વન્યપ્રાણી સાથે આજનું ડાંગ પ્રતિભાઓથી ઉભરાતું ડાંગ તરીકે સાબિત થઈ રહ્યું છે.

# સમૃદ્ધ જીવનથી સશક્ત ભારત સુધી



**પ્રગતિશીલ ભારતનો ધબકાર**

છ દાયકાના વધુ સમયથી, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC) ભારતને આત્મનિર્ભર બનાવવામાં મહત્વનું યોગદાન આપી રહ્યું છે. અન્ન આપતી ફળદ્રુપ ધરતીથી લઈને અર્થતંત્રને ચલાવતા હાઈટેક ઉદ્યોગો સુધી, **'અમે લોકોના જીવનને સમૃદ્ધ બનાવી રહ્યા છીએ.'**



**ઔદ્યોગિક જગતનો મજબૂત આધાર: મોટા પાયે નવતર પ્રયોગો**

અમારું કાર્યક્ષેત્ર માત્ર ખેતરો પૂરતું સીમિત નથી. ઔદ્યોગિક ક્ષેત્રે, GSFC એ ગુણવત્તા અને વિશ્વસનીયતાનો પર્યાય છે. ભારતમાં મેલામાઈન, મિથાઈલ ઈથિલ કેટોક્ઝાઈમ (MEKO) અને હાઈડ્રોક્સિલામાઈન સલ્ફેટ ક્રિસ્ટલ (HX Sulphate) ના એકમાત્ર ઉત્પાદક હોવા પર અને કેપ્રોલેક્ટમ અને નાયલોન-૬ ના સૌથી મોટા ઉત્પાદક હોવા પર અમને ખૂબ જ ગર્વ છે. ઓટોમોટિવ ક્ષેત્રથી લઈને હાઈ-પર્ફોર્મન્સ પોલિમર્સ સુધી, સાયક્લોહેક્સેનોન જેવા અમારા ઉત્પાદનો આધુનિક ભારતીય ઉદ્યોગોના મુખ્ય અને અનિવાર્ય આધારસ્તંભ છે.

**જમીનનું જતન, કૃષિનું સંવર્ધન**

GSFCમાં અમે માનીએ છીએ કે સમૃદ્ધ ભારતની શરૂઆત ખુશહાલ ખેડૂતથી થાય છે. યુરિયા અને એમોનિયમ સલ્ફેટથી લઈને અદ્યતન જૈવિક ખાતર અને બાયો સ્ટીમ્યુલન્ટ સુધીના અમારા ખાતરો, પાકનું ઉત્પાદન વધારવા અને જમીનની ફળદ્રુપતા સુધારવા માટે ખાસ વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં આવ્યા છે. ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપીને, અમે માત્ર કૃષિ ઉત્પાદનો જ પૂરા નથી પાડી રહ્યા, પરંતુ આવનારી પેઢીઓ માટે ભારતની ખાદ્યાન્ન સુરક્ષા પણ સુનિશ્ચિત કરી રહ્યા છીએ.

**રાષ્ટ્રીય ભાવના સાથે વૈશ્વિક વિઝન**

વડોદરા અને સિક્કા ખાતે આવેલા અમારા મેન્યુફેક્ચરીંગ યુનિટ અને દેશ-દુનિયામાં વિસ્તરેલું અમારું માર્કેટિંગ નેટવર્ક, આ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અમારી વિશાળતા અને શ્રેષ્ઠ કામ કરવાની ધગશ બતાવે છે. GSFC માત્ર એક કંપની નથી, પણ પ્રગતિનું એક માધ્યમ છે. અમારી પાસે ૬૦ વર્ષનો વારસો છે, આજની નવી ટેક્નોલોજી છે અને સુરક્ષિત ભવિષ્યનો ભરોસો છે.

**ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ**

ફર્ટીલાઇઝરનગર - ૩૯૧ ૭૫૦, વડોદરા, ગુજરાત    www.gsfclimited.com


## સામાજિક-આર્થિક અને માનસિક સમસ્યાઓથી ઘેરાયેલા વ્યક્તિઓને સધિયારો પૂરું પાડતું

# 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'

**'ફીલિંગ્સ' ફાઉન્ડેશન ચક્ષુદાન, અન્નદાન, ઓર્ગન ડોનેશન તેમજ શાકાહારી ભોજનના પ્રચાર-પ્રસાર માટે અવિરતપણે અનેક લોકોના જીવનમાં અજવાળું પાથરવાનું કાર્ય કરે છે.**



SPIRIT OF LIFE

Feelings Foundation

તાજેતરમાં વિશ્વના અનેક દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યાં છે. ભારતમાં પણ મોંઘવારી અને બેરોજગારીના કારણે અનેક પરિવારોની સ્થિતિ ખરાબ થઈ છે. તેઓ તેમની આર્થિક સમસ્યાનો કોઈ ઉકેલ નજરે ન પડતાં, હતાશ થઈ, જીવલેણ પગલું ભરી બેસે છે.

આવી સમસ્યાના ઉકેલ માટે તથા મદદ પૂરી પાડવાનું કામ 'ફીલિંગ્સ' પબ્લિકેશન દ્વારા પ્રેરિત 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના સ્થાપક પ્રમુખ શ્રી અતુલભાઈ શાહના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ તેમની ટીમ ડિપ્રેશનમાં આવેલ લોકોને જરૂરી માર્ગદર્શન અને હૂંફ આપી ડિપ્રેશનમાંથી બહાર લાવી તેઓનું જીવન બચાવે છે.

'ફીલિંગ્સ' મેગેઝિનનું વિશ્વમાં ૫૫થી વધુ દેશોમાં નેટવર્ક હોવાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના બેનર હેઠળ નોકરીની જરૂરિયાત હોય તેવા કોઈપણ ક્ષેત્રમાં નોકરી કરવા ઈચ્છતા યુવક-યુવતીઓને તેમના ક્વોલિફિકેશનને અનુરૂપ નોકરી શોધી આપવામાં સહાય કરે છે.

'ફીલિંગ્સ ફાઉન્ડેશન' ચક્ષુદાન તેમજ શાકાહારી ભોજનનો પ્રચાર-પ્રસાર કરી પોતાનું સામાજિક ઉત્તરદાયીત્વ નિભાવી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે દેશમાં ૫૦ લાખથી વધારે અંધજનો તેમના જીવનમાં પ્રકાશ રેલાય તેની રાહ જોઈ રહ્યાં છે. આ ફાઉન્ડેશન વિવિધ માધ્યમો દ્વારા સમાજમાં ચક્ષુદાન માટે લોકોને જાગૃત કરે છે. કૃત્રિમ રીતે ન બનાવી શકાતી આંખો, મૃત્યુબાદ શરીર સાથે બળી જાય છે કે દટાઈ જાય છે. તેના બદલે જો તેનું દાન કરવામાં આવે તો બીજી નેત્રહીન વ્યક્તિના જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે! નેત્રદાન માટેના આ પ્રયાસોને સદીના મહાન અભિનેતા અમિતાભ બચ્ચને પણ બિરદાવ્યા છે.

માર્કેટિંગની આ દુનિયામાં માંસાહારના પોષણ યુક્ત ભ્રામક પ્રચારના કારણે જીવહત્યાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે લોકોને શાકાહાર અને પ્રકૃતિ તરફ વાળવા માટે 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' શાકાહારની હિમાયત કરનારા, વિશ્વના અગ્રણીઓના વિચારોને 'રત્નકણિકા' પુસ્તિકા દ્વારા લોકો સુધી પહોંચાડે છે.

મનોદિવ્યાંગ બાળકો તેમજ વૃદ્ધો માટે વડોદરા નજીક આધુનિક સુવિધાઓથી સજ્જ એક વિશાળ રેસિડેન્શિયલ કેમ્પસનું પ્લાનિંગ ચાલી રહ્યું છે જેમાં ગૌશાળા સાથે વર્લ્ડબેસ્ટ સુવિધા ધરાવતું નેચરોપેથી સેન્ટર પણ નિર્માણ પામશે.

દેશ-વિદેશમાં લગ્ન માટે યોગ્યપાત્રની પસંદગી કરવામાં પણ ફીલિંગ્સ આપને સહાયરૂપ બનશે. આપનો બાયોડેટા ફીલિંગ્સ કાર્યાલય પર મોકલી શકો છો.

મિત્રો, શુભેચ્છકો અને માનવ માત્રને ઉપયોગી થવાની ભાવનાવાળા એવમ્ સંબંધીઓનો પ્રોત્સાહક સહયોગ મેળવતા ખુશનસીબ શ્રી અતુલભાઈ શાહ આ કાર્યને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના બદલે સેવાભાવે સહજ પરમાર્થરૂપે કરે છે. તેઓ માને છે કે, જે સમાજે આપણને ઘણું આપ્યું છે તે સમાજને આપણે કંઈક ઉપયોગી બનીએ. આવી ભાવનાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આપને મદદરૂપ થઈ શકે છે. વધુ માહિતી માટે આપ 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'નો નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો.

**Whatsapp No : +91-98253 28488**
**feelingsfoundation2010@gmail.com**




સંજય શાહ, SME બિઝનેસ કોચ

# ધંધાનું મેનેજમેન્ટ નેક્સ્ટ જનરેશનને સોંપવું અનિવાર્ય છે?

બિઝનેસ જગતમાં એક પ્રચલિત માન્યતા છે કે વેપારીના સંતાનોના તો લોહીમાં જ વેપાર હોય છે. એક પેઢીએ જે વટવૃક્ષ રોપ્યું હોય, તેને નવી પેઢી પોતાની સૂઝબૂઝથી એને નંદનવન બનાવશે જ એવી અપેક્ષા રાખવામાં આવે છે. આપણે એવા અનેક કિસ્સાઓ જોયા છે જ્યાં સંતાનોએ પિતાના રૂા. ૧૦૦ કરોડના ધંધાને રૂા. ૧૦,૦૦૦ કરોડ કે એનાથી પણ વધુ મોટા સામ્રાજ્યમાં ફેરવી નાખ્યો હતો. પરંતુ, સિક્કાની બીજી બાજુ પણ એટલી જ વાસ્તવિક છે. એક જૂની કહેવત છે : 'એક પેઢી ધંધો સ્થાપીને વિકસાવે છે, બીજી પેઢી તેને જાળવે છે અને ત્રીજી પેઢી તેને ખેદાન-મેદાન કરીને વેચી ખાય છે.' આ માત્ર કોઈ કહેવત નથી, પણ બિઝનેસ જગતનું કડવું સત્ય છે. આપણને આવા અનેક ઉદાહરણો જોવા મળે છે.

★ માલિકી અને મેનેજમેન્ટમાં તફાવત

અહીં સમજવા જેવો મુખ્ય તફાવત એ છે કે, સંપત્તિની માલિકી લોહીના સંબંધે મળી શકે, પણ મેનેજમેન્ટ એ માત્ર કૌશલ્યનો વિષય છે. ધંધાર્થી પરિવારની દરેક વ્યક્તિ કુશળ મેનેજર કે બિઝનેસ લીડર પણ હોય જ, એ જરૂરી નથી.

દુનિયાના સૌથી સફળ ઈન્વેસ્ટર વૉરન બફેટ આ બાબતે બહુ સચોટ ઉદાહરણ આપે છે.

'ધંધાનું મેનેજમેન્ટ આંખો મીંચીને સંતાનોને સોંપી દેવું એ એવું માની લેવા જેવું છે કે ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટનું સંતાન પણ ગોલ્ડ મેડલ લાવશે જ. કદાચ એના જીન્સમાં પ્રતિભા હોય, તો પણ મેદાન અને સ્પર્ધાનું સ્તર બદલાઈ ગયાં હોય છે.'

જે રીતે ૮૦% નવા ધંધાઓ પહેલા પાંચ વર્ષમાં જ નિષ્ફળ જાય છે, તેવી જ રીતે વારસામાં મળેલો ધંધો જો અયોગ્ય હાથમાં જાય, તો તે પણ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ શકે છે.

★ મેનેજમેન્ટ ક્યારે સોંપવું જોઈએ?

અનેક ફેમિલી બિઝનેસની સફળ અને નિષ્ફળ બંને પ્રકારની યાત્રાઓ નજીકથી જોયા પછી હું માનું છું કે આગામી પેઢીને સુકાન ત્યારે જ સોંપવું જોઈએ જ્યારે નિમ્નલિખિત ત્રણ સ્તંભો મજબૂત હોય :

(૧) રસ અને રુચિ (Passion) : શું નવી પેઢીને આ ક્ષેત્રમાં ખરેખર દિલચસ્પી છે? પરાણે ધંધા પર બેસાડેલા વારસદાર ધંધામાં બધું કમને, જબરદસ્તી કરે છે. એનામાં પોતાના ધંધા પ્રત્યે કોઈ ઉત્સાહ ન હોવાથી એ ક્યારેય ધંધામાં ઈનોવેશન (નવીનતા) લાવી શકતો નથી.

(૨) ક્ષમતા અને કૌશલ્ય (Competence) : શું તેમની પાસે બદલાતા સમય સાથે ધંધાને અનુકૂળ થવાની આવડત છે? એમની પાસે મેનેજમેન્ટ ડિગ્રી હોય તો પણ ડિગ્રી હોવી અને ધંધાની રગ પારખવી એ બે અલગ વાતો છે.

(૩) મહત્ત્વકાંક્ષા અને વિઝનનું મિલન (Alignment of Vision and Ambitions) : શું નવી પેઢીની મહત્ત્વાકાંક્ષાઓ અને જીવનશૈલી ધંધાના નૈતિક મૂલ્યો અને એના સ્થાપકના વિઝન સાથે મેળ ખાય છે? જો દીકરો કે દીકરી કોઈ અન્ય ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવવા માગતા હોય, તો તેમને પારિવારિક ગાદી પર બેસાડવા એ બંને પક્ષે અન્યાય છે.

ટૂંકમાં લાગણી નહીં, તર્કથી વિચારો

ધંધાના સ્થાપક માટે પોતાના સંતાનને પોતાની ખુરશી પર જોવું એ ગર્વની વાત છે, પણ એક પ્રેક્ટિકલ ધંધાર્થી એ જ છે જે લાગણીમાં વહ્યા વગર નિર્ણય લે. જો આગામી પેઢી સક્ષમ ન હોય અથવા તેમને રસ ન હોય, તો પ્રોફેશનલ મેનેજમેન્ટ રાખવું એ ધંધાના હિતમાં હોય છે.

યાદ રાખો, ધંધો એ માત્ર પરિવારની મિલકત નથી, પણ અનેક કર્મચારીઓના ઘરની આજીવિકા પણ છે. આ એક સામાજિક જવાબદારી છે. એટલે જ, નેક્સ્ટ જનરેશનને મેનેજમેન્ટ આપતાં પહેલાં તેમના ગમા-અણગમા, ક્ષમતા અને એટિટ્યૂડનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરવું અનિવાર્ય છે. તમારો ધંધો તમારી વિરાસત છે, તેને ટકાવવા માટે ક્યારેક 'મોહ' છોડીને ''માર્ગ'' બદલવો જરૂરી હોય છે.

## ધંધાની વાત

સાચો નિર્ણય પણ જો યોગ્ય સમયે ન લેવામાં આવે, તો એ પણ ખોટો સાબિત થઈ શકે છે. ધંધામાં નિર્ણયો સમયસર લેવાય એ જરૂરી છે. એમાં બિનજરૂરી વિલંબ ન થાય, એ જુઓ.

★

સ્ટાફ મેમ્બર્સને સિલેક્ટ કરતી વખતે ઉતાવળ ન કરો. ટીમમાં કોઈકની નિમણૂક કરતી વખતે જો યોગ્ય માણસ ન મળે તો રાહ જુઓ. ઉતાવળમાં જે હાથમાં આવ્યું એ લઈ લેશો, તો મોટે ભાગે પસ્તાવું પડશે.આપણે જે કહેએ છીએ એનાથી નહીં, આપણે જે કરીએ છીએ, એનાથી જ આપણી બ્રાન્ડ બને કે બગડે છે.

★

જે ધંધો સતત કસ્ટમરને સારી સર્વિસ આપવાની ચિંતા કરતો રહે છે, એણે બીજી બહુ ચિંતાઓ કરવી પડતી નથી.

★

કસ્ટમર પાસેથી ઓછામાં ઓછા પૈસા લઈને એને વધારે ન વધારે વળતર કેવી રીતે આપી શકાય એ માટે તમારી આવડત, અનુભવ અને શક્તિઓને સતત કામે લગાડો. આટલું કરતા રહેશો, તો સફળતા માટે બહુ ચિંતા નહીં કરવી પડે.

★

બધા જ નિર્ણયો પોતે લેવાને બદલે અમુક નિર્ણયો લેવાની સત્તા આપણા ટીમ મેમ્બરોને પણ આપવી જોઈએ. પોતે જેનો નિર્ણય લીધો હોય, એ કામ કરવામાં લોકોની રૂચિ વધતી હોય છે.

★

સફળ બિઝનેસ લીડર બનવા માટે લોકોની ભૂલો, ખામીઓ અને કમજોરીઓ શોધવાની તાલાવેલીનો ત્યાગ જરૂરી છે. આપણા સહિત બધા જ કંઈક ને કંઈક ખામીયુક્ત તો હોય જ છે. ખૂબીઓ શોધવા ખામીઓ ગોતવાની આદતને વિરામ આપવો પડે.




## જેમાં તમને તમારા મોબાઈલ કે કોમ્પ્યુટરના સ્ક્રીન પર મળશે

વિશ્વભરની અવનવી માહિતી, અનેક વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાતો અને તે સિવાય ઘણુંબધુ...

FOLLOW US ON

**આજે જ સબસ્ક્રાઈબ કરો ફીલિંગ્સ ગ્લોબલ મીડિયા**

**@feelingsglobalmedia**

યજ્ઞેશ આચાર્ય




## હાઉસફુલ 'ઓફ-બ્રોડવે' શો દ્વારા ન્યુજર્સીમાં ગુજરાતી સંસ્કારોની છાપ

# અમેરિકામાં સ્થાયી ગુજરાતણ ફોરમ શાહે કેન્સરગ્રસ્ત બાળકો માટે ૨૫,૦૦૦ ડોલર એકત્ર કર્યા

ભાવનગરના રાજમહેલ સામે આવેલી શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયમાં સ્થાપના વર્ષ ૧૯૫૧થી વિદ્યાર્થીનીઓને દીકરી કહીને જ સંબોધવાની પ્રથા છે. અઠવાડિયે એકવાર ફરજિયાત સાડી પહેરીને શાળામાં આવવું તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની દીકરીઓ માટે લાઈબ્રેરીમાં વાંચનનો પિરિયડ રાખવામાં આવે છે. ફરજના ભાગરૂપે એસ.એસ.સી.ના પરીક્ષા કેન્દ્રોની મુલાકાત દરમિયાન આ સંસ્થાના પ્રિન્સિપાલ દીનુબેન સિનોરને એક વિદ્યાર્થીનીને 'દીકરી' કહી સંબોધતા સાંભળ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે, 'શિક્ષક-વિદ્યાર્થીની વચ્ચે આત્મીય ભાવ જાગે, તેમજ સારા પુસ્તકો વાંચે તેવા વિવિધ હેતુઓથી અમારી સંસ્થામાં સંસ્કાર ઘડતરની આ પ્રથા અમલમાં છે.'

દક્ષિણામૂર્તિ બાળ મંદિરના બાળકોને લેવા-મૂકવા ઘોડાગાડી ચલાવતા ઈશાભાઈ એક રવિવારે સવારે લગભગ ૧૧થી ૧૧:૩૦ વાગ્યે 'સૌરાષ્ટ્ર સમાચાર' કાર્યાલયમાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, 'આ સાહેબને કહો ને, મારો રૂ.૫૦૦નો ફાળો લઈ લે.' મેં કહ્યું, આપી દો. તો તેઓ બોલ્યા, 'ફાળો લેવાનું બંધ કરી દીધું છે?' મેં તો ફાળા માટે જ પૈસા બચાવ્યા છે. આવા અસંખ્ય સામાન્ય પરિવારોના યોગદાનથી ભાવનગરમાં 'નિર્વાણતીર્થ' નામે ઓળખાતા ઈલેક્ટ્રિક સ્મશાનનું નિર્માણ થયું હતું.

એક અખબારમાં જાહેર ટહેલથી ૧૫ દિ'માં રૂ.૩૦ લાખનો માતબર ફાળો મળી ગયા પછી સ્વીકારવાનું બંધ કરવાની જાહેરાત છતાં પોતાનું યોગદાન સ્વીકારાય તે માટે લાગવગ લગાવવી પડે તે મેં પહેલી વાર અનુભવ્યું ત્યારે આદરણીય સ્વ.દીનુબેન સીનોરની આ વાત યાદ આવી.

આ સંસ્કારસિંચનના મૂળિયા રોપનાર મરહૂમ નેકનામદાર મહારાજા સર કૃષ્ણકુમારસિંહજીએ આઝાદી પછી રજવાડાઓના વિલીનીકરણ સમયે સૌપ્રથમ પોતાનો સમૃદ્ધ રાજખજાનો સરદાર પટેલને સોંપ્યો હતો. તેમના આ ત્યાગ અને સમર્પણના કારણે ભાવનગરને 'સંસ્કાર નગરી'નું વણલખ્યું બિરુદ મળ્યું અને દરિયાદિલીના વિરલ દર્શન કરાવતો ઈતિહાસ રચાયો.

એક તરફ અખાત્રીજના દિવસે ભાવનગરનો ૩૦૪મો અવતરણ દિવસ ઉજવાઈ રહ્યો હતો, ત્યારે બીજી તરફ અમેરિકાના ન્યુયોર્કમાં ભાવનગરના રોહિત મહેતાની દીકરી ફોરમ શાહે કેન્સરગ્રસ્ત બાળકો માટે ચેરિટી શો યોજીને ૨૫ હજાર ડોલર એકત્ર કર્યા હોવાના સમાચાર વાંચવા મળ્યા. જાતે ઘસાઈને પણ બીજાને ઉજળા કરવાના સંસ્કાર ભાવનગરના લોકોના લોહીમાં વસેલા છે અને તેનો સંચાર દરિયાપાર અમેરિકામાં પણ થાય છે તે ગૌરવની વાત છે.

માતાના મહિયર મુંબઈમાં જન્મેલી અને ભાવનગરથી વલ્લભ વિદ્યાનગરમાં નોકરી અર્થે સ્થાયી થયેલા પિતા રોહિત મહેતાની નાની દીકરી ફોરમને મુંબઈના સંસ્કૃતિ અને સંગીતપ્રેમી નાગરોનું વાતાવરણ ગળથૂથીમાં મળ્યું હતું. વલ્લભ વિદ્યાનગરે તેના સંગીતના લગાવને તાલીમનો ઢોળ ચડાવ્યો. સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી સમૃદ્ધ આ વાતાવરણમાં તેણે સંગીતના સંસ્કારો વિકસાવ્યા. સ્કૂલના સંગીત શિક્ષક લક્ષ્મી પ્રસાદજીના માર્ગદર્શન હેઠળ તેણે શાસ્ત્રીય સંગીતમાં વિશારદ કર્યું. બી.કોમ થયા બાદ ૨૦૦૨માં નિકુલ શાહ સાથે લગ્ન પછી ફોરમ અમેરિકા સ્થાયી થઈ. આમ, કલા, સંસ્કાર અને સંગીતની તેની સફર ભાવનગર, વલ્લભ વિદ્યાનગર અને મુંબઈ થઈ અમેરિકા સુધી પહોંચી.

સ્થાનિક સંગીત કાર્યક્રમો ઉપરાંત ફોરમે વલ્લભ વિદ્યાનગરના મ્યુઝિક સેન્ટરમાં બ્રિજ જોશીના સંગીત નિર્દેશન હેઠળ ગરબા, લગ્નગીતો, સ્વામિનારાયણ તથા સત કૈવલ અને પુષ્ટિમાર્ગી ભજનોની અનેક કેસેટ અને સીડી રેકોર્ડ કરી છે. સંગીતકાર ગૌરાંગ વ્યાસ અને બ્રિજ જોશીના નિર્દેશન હેઠળ તેણે ગુજરાતી ફિલ્મોમાં પ્રફુલ દવે અને મહેન્દ્ર કપૂર સાથે પાર્શ્વગાયન પણ કર્યું છે.

મૂળ મોસાળિયા અને એક સમયના દોમદોમ સાહેબી ભોગવતા ભાવનગરના શ્રી અમુલખરાય ઓઝા પરિવારની દીકરી ફોરમમાં તેના નાનાજી અને પિતાના સંગીતના સંસ્કાર ઉતર્યા છે. કાઠિયાવાડ સંગીત શાળા સાથે સક્રિય રીતે સંકળાયેલા અમુલખરાય ઓઝા સ્વયં શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં વિશારદ ઉપાધિધારક અને એક સમયના જાણીતા કલાકાર હતા. ઉસ્તાદ બડે ગુલામઅલી ખાં સાહેબ સાથે તેમનો ઘરોબો હતો અને તેમણે અનેકવાર તેમની સાથે વાદ્યસંગત પણ કરી હતી.

'ખબર નથી કેમ, પરંતુ ચાલુ વર્ષના ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન અચાનક મનમાં વિચાર આવવા લાગ્યો કે અહીં ખૂબ પીડાદાયક જીવન જીવતા બાળકોની મદદ કરવી જોઈએ. ચૈત્રી નવરાત્રિ નજીક આવી રહી હતી. સાચું કહું તો એવું લાગ્યું કે જાણે માતાજીએ જ મને દિશા બતાવી હોય. પૈસા એકત્ર કરવાનો એક જ રસ્તો હું જાણતી હતી અને તે હતી મા સરસ્વતી પ્રેરિત મારી કલા અને મારું સંગીત.'

લગ્નગીતો, ગરબા, ગીત-ગઝલ માટે અમેરિકાના ન્યુજર્સી ઉપરાંત યુકે, સ્પેન, કેનેડા અને મેક્સિકો સહિતના અનેક શહેરોમાં જાણીતી બનેલી ફોરમ શાહે ૧૨ એપ્રિલે યોજાયેલા ચેરિટી શો અંગે જણાવ્યું કે, 'બાળકો માટે યોજાયેલા કાર્યક્રમમાં ચોથા સ્ટેજના કેન્સરથી પીડાતા એક બહેન પણ જોડાયા હતા. તેમણે મારા અંતરના અવાજને વધુ પ્રેરણા આપી હતી.'

અમેરિકામાં બાળકોના શિક્ષણ, પરિવહન અને તબીબી સહાય માટે કાર્યરત 'નેશનલ ચિલ્ડ્રન કેન્સર સોસાયટી' (NCCS) નામની સંસ્થા સાથે જોડાઈને ફોરમે કહ્યું, 'મેં ઘણા એવા પરિવારો જોયા છે કે જેમની પાસે કટોકટીના સમયમાં બાળકને હોસ્પિટલ લઈ જવા માટે વાહનભાડાના પૈસા પણ નથી હોતા, અથવા હોસ્પિટલનો ખર્ચ ઉઠાવવાની આર્થિક સ્થિતિ નથી હોતી.'

ન્યુજર્સીમાં ૨૦ વર્ષ પહેલાં સૌપ્રથમવાર ચૈત્રી નવરાત્રિમાં ગુજરાતના ગરબાની રજૂઆત કરનાર ગુજરાતણ ફોરમ પોતાના 'ઓફ બ્રોડવે'માં હાઉસફુલ થયેલા શોથી ખૂબ ખુશ છે. ઓફ-બ્રોડવે થિયેટર એ ન્યુયોર્ક સિટીમાં ૧૦૦થી ૪૯૯ લોકોની બેઠક ક્ષમતા ધરાવતું એક વ્યાવસાયિક થિયેટર સ્થળ છે. આ થિયેટરો બ્રોડવે થિયેટર કરતા નાના પરંતુ ઓફ-બ્રોડવે થિયેટર કરતા મોટા છે, જેની બેઠક ક્ષમતા ૧૦૦થી ઓછી હોય છે. ન્યૂયોર્કના બ્રોડવેના મેઈન રોડ પર જે તે દેશના પ્રખ્યાત સંગીતકારોના સંગીત કાર્યક્રમોના જલ્સા લાખો ડોલરના ખર્ચે યોજાતાં રહે છે. અહીં થતાં કાર્યક્રમ Broadway Showsના નામે ઓળખાય છે.

પોતાના ઉપર મા સરસ્વતીની કૃપા માનતી ફોરમે 'ઓફ બ્રોડવે'ના એક નાટક માટે ગરબા પણ રેકોર્ડ કર્યા છે. પ્રમાણમાં નાના પાયે યોજાતા હોવા છતાં ઓફ બ્રોડવે શોની કલાત્મક ગુણવત્તા અત્યંત ઊંચી માનવામાં આવે છે.

આ શો થકી ફોરમે ૨૫,૦૦૦ ડોલર એકત્ર કરીને સંસ્થાને દાનમાં આપ્યા છે. ન્યુયોર્કના 'ટાઈમ સ્કવેર' ઉપર સૌ પ્રથમવાર ગુજરાતણ ફોરમના શોની જાહેરાત એક ગુજરાતી તરીકે સહુ ગુજરાતીઓ માટે ગૌરવપ્રદ ઘટના છે.

ન્યુજર્સીમાં હિન્દુસ્તાની સંગીતના પ્રચાર-પ્રસાર માટે પ્રવૃત્ત ફોરમે ન્યુજર્સીમાં શાસ્ત્રીય રાગ આધારિત તાલીમ માટે પહેલીવાર વર્કશોપ શરૂ કર્યા છે. Under Privileged બાળકો માટે કાર્યરત 'ફૂડ બેંક' સાથે યથાશક્તિ દાનથી નાતો જોડનાર ફોરમે જણાવ્યું કે, 'અહીં સરકારી શાળાઓમાં શિક્ષણ મફત છે. બાળકો સમૃદ્ધ પરિવારોના બાળકો સાથે ભણતા હોવા છતાં, કેટલાક બાળકોના ઘરમાં ખાવાના પણ સાંસા હોય છે. આવી સ્થિતિમાં શાળાના શિક્ષકો ચોરીછૂપીથી તેમના દફતરમાં ખાદ્યસામગ્રી મૂકી દે છે, જેથી બાળકને પોતાની ગરીબીની પીડાનો અહેસાસ ન થાય.'

'પરમ શક્તિએ આપણને ઘણું બધું આપ્યું છે. હવે તે જરૂરિયાતમંદોને પરત આપવાનો સમય છે અને એ અદશ્ય શક્તિએ મને સંગીત દ્વારા આ સેવા કરવાનો મોકો આપ્યો છે.' તેવું માનતી ફોરમને આ ઉમદા સેવા કાર્ય બદલ અભિનંદન. ફી



## જરૂરિયાતમંદો માટે અંતિમ સંસ્કારની સેવા કરતા : ભોપાલના પાંડુરંગ નામદેવ

ભોપાલના પાંડુરંગ નામદેવ કેવલાની એક જાણીતા સમાજસેવક છે. જેઓ છેલ્લા ૪૮ વર્ષથી વધુ પણ સમયથી ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે નિઃશુલ્ક અંતિમ સંસ્કાર કરવાની સેવા આપી રહ્યા છે. તે ન્યૂ માર્કેટમાં નામદેવ પૂજા સ્ટોર નામની દુકાન ચલાવે છે. પૂજાની વસ્તુઓની નાની દુકાન ચલાવતા પાંડુરંગે અત્યાર સુધીમાં લગભગ ૪,૦૦૦ લોકોના અંતિમ સંસ્કાર કર્યા છે.

એક દિવસ એક ગરીબ છોકરો તેમની દુકાને આવ્યો અને તેની માતાના અંતિમ સંસ્કારમા મદદ માંગી. પાંડુરંગને શરૂઆતમાં શંકા હતી, પરંતુ જ્યારે તે ઘરે પહોંચ્યા, ત્યારે સત્ય હકીકતે તેને હચમચાવી નાખ્યો. ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવાર પાસે ન તો પૈસા હતા કે ન તો ટેકો.

પાંડુરંગે અંતિમ સંસ્કારની તો બધી વ્યવસ્થા કરી પરંતુ મહિલાના શરીરને ખભા પર રાખીને અંતિમ વિદાય પણ આપી.

આ ઘટનાએ તેમને જૂના દિવસો યાદ કરાવી દીધા.

૧૯૭૮માં જ્યારે તે આર્થિક રીતે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે એક નાની છોકરી તેની માતાના અંતિમ સંસ્કારમાં મદદ માંગવા માટે તેની પાસે આવી હતી. જ્યારે તેમને બીજાઓ પાસેથી મદદ માંગી, ત્યારે એક દુકાનદારે પાંડુરંગને 'ભીખારી' કહ્યો. આ અપમાનથી પાંડુરંગને ખૂબ દુઃખ થયું, પરંતુ તે દિવસથી તેમણે પોતાના પૈસાનો ઉપયોગ જરૂરિયાતમંદોને મદદ કરવા માટે કરવાનો નિર્ણય કર્યો.

ત્યારથી તેઓ દર મહિને ૧૨ થી ૧૫ જેટલા લોકોને અંતિમ સંસ્કારમાં મદદ કરે છે. એક અંતિમ સંસ્કારનો ખર્ચ લગભગ ૬૦૦૦થી ૭૦૦૦ રૂપિયા થાય છે, પરંતુ પાંડુરંગ ક્યારેય પૈસાની ગણતરી કરતા નથી. તેમના માટે સૌથી મહત્વની બાબત એ છે કે દરેક વ્યક્તિને આદરપૂર્ણ અંતિમ વિદાય મળે.

લોકો ક્યારેક તેમની સાદગીનો ગેર ફાયદો ઉઠાવે છે છતાં તેઓ માને છે કે આપવાની ભાવના જ તેમની સૌથી મોટી સંપત્તિ છે.

આ ઉમદા કાર્યમાં તેમનો પરિવાર પણ તેમને સંપૂર્ણ સહયોગ આપે છે. આજે તેમના બાળકો પોતપોતાના ક્ષેત્રમાં સફળ છે, અને તેમનું ઘર ખુશીઓથી ભરેલું છે. પાંડુરંગ કહે છે કે તેઓ જીવે ત્યાં સુધી બીજાઓની સેવા કરતા રહેશે, કારણ કે બીજાના દુઃખમાં સાથ આપવો એ જ સાચી માનવતા છે.



પ્રદીપ ત્રિવેદી

# અમેરિકામાં ગુજરાતનું નામ રોશન કરતી આકાશગંગા પરી

# ડૉ. એકતા શાહ

અમેરિકાની University of California, Davisમાં પોસ્ટડોક્ટરલ રિસર્ચ ફેલોશિપ દરમિયાન બ્રહ્માંડના પ્રારંભિક સમયમાં અસ્તિત્વ ધરાવતા છ નવા ગેલેક્સી સમૂહોની શોધ કરીને આણંદ શહેરની એકતા એ ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે અનોખી સિદ્ધિ મેળવી છે.

એકાગ્રતા, જિજ્ઞાસા, ઉત્સાહ અને હિંમતથી આગળ વધતી એકતાને બ્રહ્માંડના બાળપણમાં રસ પડતા પહેલાં જ તેના બાળપણથી આકાશમાં ચમકતા તારાઓ અને અવકાશીય ઘટનાઓ પ્રત્યે ખૂબ આકર્ષણ હતું. તેને સતત જિજ્ઞાસા થતી કે આ બ્રહ્માંડ, આકાશ, રાત-દિવસ ફરતા ચાંદ-સૂરજ અને ચમકતા તારાઓ શું છે? આ જિજ્ઞાસા અને કુતૂહલવૃત્તિ જ તેને આણંદથી અમેરિકા સુધી અને ત્યાંથી છેક બ્રહ્માંડ સુધી લઈ ગઈ! અને જોતજોતામાં તેણે બ્રહ્માંડના બાળપણમાં રહેલા ગેલેક્સીના છ નવા સમૂહોની શોધ કરી કાઢી.

'રૂક જાના નહીં તું કહીં હાર કે' આ ગીતની પંક્તિને સાર્થક કરતી એકતા અનેક આર્થિક સંઘર્ષો સામે ક્યારેય હારી નહીં. બ્રહ્માંડના રહસ્યોને જાણવા અને અસંખ્ય આકાશગંગાઓમાં ડૂબકી મારવામાં તે એવી તલ્લીન થઈ ગઈ કે પોતાની દિવ્ય દૃષ્ટિ અને ભવ્ય મગજને કામે લગાવી ૧૩.૮ અબજ વર્ષ જૂના બ્રહ્માંડને સમજવાના પ્રયત્નો કરવા લાગી.

હંમેશા આકાશીય સૌંદર્યને માણવા અને જાણવા ઉત્સુક રહેતી એકતા પોતાના વ્હાલા મમ્મી-પપ્પા શ્રીમતી લતાબેન અને અર્જુનભાઈને અનેક પ્રશ્નો પૂછતી હતી. ત્યારે તેના પ્રોત્સાહક અને વ્હાલના ઝરણાં સમા પિતા અર્જુનભાઈ તેની આ ખગોળીય-અવકાશીય જિજ્ઞાસાઓને સંતોષવા વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા 'સફારી', 'વિજ્ઞાન દર્શન', 'કુમાર' જેવા મેગેઝિનના નવા-જૂના અંકો જ્યાંથી મળે ત્યાંથી લાવી આપતા. પરિણામે એકતાનો શારીરિક ઉછેર ભલે 13x13ની નાનકડી ઓરડીમાં થયો હોય, પરંતુ તેનો માનસિક વિકાસ તો વિશાળ આકાશની દુનિયામાં થયો હતો! ઉપર ગગન અને મનમાં વિશાળ સપનાઓ! દિવસ દરમિયાન સીવણકામ કરતી મમ્મી અને ખાનગી કંપનીમાં સેલ્સમેન તરીકે કામ કરતા પપ્પા સાથે વિદેશમાં રહેતા માલિકના બંગલાના નાનકડા સર્વન્ટ રૂમમાં રહેતી આ આકાશપરી રાત્રે બંગલાના ગાર્ડનવાળા ફળિયામાં ખાટલો નાખીને અવકાશીય દુનિયામાં ભ્રમણ કરતી હતી.

એકતાને અભ્યાસમાં ફિઝિક્સ અને મેથ્સ વિષયો ખૂબ જ ગમતા હતા. તેથી જ તેણે અમેરિકાની University of Rochesterમાંથી 'એસ્ટ્રોફિઝિક્સ'માં પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. ચિત્રકલા, નાના બાળકો સાથે રમતો રમવી, ગરબા અને ગીતો ગાવા તેમજ નદી-તળાવ કે દરિયાના પાણીમાં પગ પલાળી બેસવાનું અને સતત નવું વિચારવાની શોખીન એકતુએ પ્રાથમિક શિક્ષણ આણંદની 'કે.જે. ઠક્કર બાળશાળા'માં તેજસ્વી વિદ્યાર્થીની તરીકે મેળવ્યું હતું. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આણંદની 'ડી.ઝેડ. પટેલ હાઈસ્કૂલ'માં લીધું હતું. ઉત્તમ પરિણામને કારણે તેને ઈજનેરી કોલેજમાં સરળતાથી પ્રવેશ મળી શક્યો હોત, પરંતુ તેની નજર તો આકાશ તરફ હતી! તેને બ્રહ્માંડના રહસ્યોનો તાગ મેળવવો હતો અને આકાશગંગામાં ડૂબકી લગાવવાના સ્વપ્નો પૂરા કરવા હતા. તેથી તેણે 'ફિઝિક્સ' વિષયમાં આગળ અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો.

વડોદરાની Maharaja Sayajirao University of Barodaમાં તેણે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું. આ દરમિયાન 'નેશનલ ગ્રેજ્યુએટ ફિઝિક્સ એક્ઝામિનેશન-૨૦૧૩'માં જવલંત સિદ્ધિ મેળવી અને સ્વપ્નસિદ્ધિના માર્ગ પર પ્રથમ સફળતા પ્રાપ્ત કરી. ત્યારબાદ માસ્ટર ડિગ્રી મેળવવા મુંબઈ તરફ પ્રયાણ કર્યું. ફિઝિક્સ અને ગણિતમાં વિશેષ રસ ધરાવતી એકતાએ Indian Institute of Technology Bombayમાંથી 'ફિઝિક્સ'માં માસ્ટર ડિગ્રી મેળવી.

એકતાએ અમેરિકાની University of Rochesterમાંથી એસ્ટ્રોફિઝિક્સમાં પી.એચ.ડી. કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ આ યુનિવર્સિટી અને આ વિષયમાં પ્રવેશ મેળવવો અત્યંત મુશ્કેલ હતો. તેમ છતાં વિશિષ્ટ કૌશલ્ય અને દ્રઢ આત્મવિશ્વાસના બળે દુનિયાભરમાંથી પસંદ થયેલા માત્ર ત્રણ વિદ્યાર્થીઓમાં ગુજરાત અને ભારત દેશની ગૌરવશાળી દીકરી 'એકતા'નો સમાવેશ થયો. ગુજરાતી માધ્યમમાં ભણી, નબળી આર્થિક પરિસ્થિતિમાં અને રસોડા જેવી નાનકડી ઓરડીમાં રહીને પણ તેણે અગાધ આકાશગંગામાં ફરવાના ઊંચા સપનાઓ જોયા હતા. તીવ્ર ઈચ્છાશક્તિ અને બૌદ્ધિક કૌશલ્યના બળે તે અમેરિકા પહોંચી ગઈ.

એકતાએ ૨૦૧૫થી ૨૦૨૧ દરમિયાન અમેરિકાના ન્યૂયોર્ક ખાતે અભ્યાસ કરીને પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી. તેના ગાઈડ ડૉ. જેહાન કર્તાલટેપેના માર્ગદર્શન હેઠળ તેણે અવિરત મહેનત કરી. 'મક્કમ મનના માનવીને હિમાલય પણ નડતો નથી' આ ઉક્તિને એકતાએ સાબિત કરી બતાવી.






આઈનસ્ટાઈન અને સરદાર વલ્લભભાઈ પટેલ જેમના પ્રેરણાસ્ત્રોત રહ્યા છે એવી એકતાને પ્રસિદ્ધ અમેરિકન સંસ્થા NASA દ્વારા અનુદાનિત પ્રોજેક્ટમાં કામ કરવાની સુવર્ણ તક મળી અને તેનું રસપ્રદ સંશોધન શરૂ થયું.

'નોર્ધન લાઈટ્સ' માટે વિશ્વવિખ્યાત આઈસલેન્ડને જોવાની અને માણવાની શોખીન એકતાનું સંશોધન કાર્ય હવાઈ ટાપુ પર આવેલા ભવ્ય ટેલિસ્કોપ સેન્ટરમાંથી શરૂ થયું. હવાઈના બિગ આઈલેન્ડ Mauna Kea Observatoriesના ૫૨૫ એકરના એસ્ટ્રોનોમી પ્રિસિન્ક્ટમાં ૧૩ ટેલિસ્કોપ આવેલાં છે. વિશ્વના સૌથી મોટા ટેલિસ્કોપમાં ગણાતા W. M. Keck Observatory પર એકતાએ ગૌરવપૂર્વક કાર્ય કર્યું. આ ટેલિસ્કોપ પર એક રાત્રીનું ભાડું લગભગ એક કરોડ રૂપિયા જેટલું થાય છે! એકતાએ અહીં સતત સત્તર રાત્રી સુધી સખત મહેનત કરીને ઐતિહાસિક સંશોધન કર્યું અને ગુજરાત તેમજ ભારતનું નામ આકાશગંગામાં ઝળહળતું કર્યું.

ઓસ્ટ્રિયાના ન્યુરોલોજિસ્ટ અને મનોચિકિત્સક Viktor Frankl જેમના પ્રિય લેખક રહ્યા છે એવી એકતાનું એક સંશોધન 'બે ગેલેક્સી અથડાયા બાદ તેની અસર' પર આધારિત હતું. સંશોધનના અંતે જાણવા મળ્યું કે, હાલના બ્રહ્માંડમાં જ્યારે બે ગેલેક્સી અથડાય છે ત્યારે નવા તારાઓનું સર્જન લગભગ બે ગણું વધી જાય છે, પરંતુ બ્રહ્માંડના પ્રારંભિક યુગમાં આવી અથડામણો છતાં તારાઓના સર્જનમાં ખાસ વધારો થતો નહોતો.

વિશ્વવિખ્યાત સંગીતકાર પંડિત રવિશંકર અને એ.આર. રહેમાનનું સંગીત તેમજ અરિજિતસિંઘ, લતા મંગેશકર અને શ્રેયા ઘોષાલના કંઠે ગવાયેલા ગીતો સાંભળવાની શોખીન એકતાએ છ વર્ષના સંશોધન બાદ પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી અને 'ડોક્ટર એકતા'નો ગૌરવશાળી તાજ ધારણ કર્યો.


સેવખમણી અને પાણીપૂરીની શોખીન એકતાએ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન અમેરિકાની University of California, Davisમાં પોસ્ટડોક્ટરલ રિસર્ચ ફેલોશિપ મેળવી અને ત્રણ મહત્ત્વપૂર્ણ સંશોધનો કર્યા. આ દરમિયાન તેણે બ્રહ્માંડના પ્રારંભિક યુગમાં રહેલા ગેલેક્સીના છ નવા સમૂહોની શોધ કરી, જેને વિશ્વભરમાં ખ્યાતિ મળી. આ નવા સમૂહોને તેણે ભારતીય સંસ્કૃતિ અને ઈન્દ્રિયોના આધારે 'દ્રષ્ટિ, શ્રવણ, સુરભિ, રૂચિ, સ્પર્શ અને સ્મૃતિ' જેવા નામ આપ્યા. ધાર્યું હોત તો તે આ શોધને પોતાનું નામ આપી શકી હોત, પરંતુ તેણે પોતાના નામ કરતાં એવી ઓળખ પસંદ કરી કે જેમાં દરેક વ્યક્તિ પોતાને જોડાઈ શકે. કેમ કે એક રીતે આપણે સૌ બ્રહ્માંડનો જ ભાગ છીએ. આપણી ઈન્દ્રિયો અને ચેતના દ્વારા જ આપણે બ્રહ્માંડને અનુભવી શકીએ છીએ. આથી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખતા નામો આપીને તેણે અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું.

આ શોધાયેલા છ નવા ગેલેક્સી સમૂહો સુધી પહોંચવું હાલ તો અશક્ય છે. પ્રકાશવર્ષની ગતિએ પણ ત્યાં પહોંચતાં કરોડો વર્ષ લાગી જાય. પૃથ્વી પરથી આ ગેલેક્સી માત્ર ડિસેમ્બરથી જાન્યુઆરી દરમિયાન જ વિશાળ ટેલિસ્કોપ દ્વારા જોઈ શકાય છે. આ માટે એલ્યુમિનિયમની વિશેષ જાડાઈ ધરાવતા પડનો ઉપયોગ કરીને નિરીક્ષણ કરવું પડે છે, જેથી અન્ય ગેલેક્સીઓનો પ્રકાશ અવરોધરૂપ ન બને.

વડલાના વૃક્ષ અને તેની ભવ્ય છાયાથી પ્રભાવિત એકતાએ શોધેલા આ છ સમૂહોને ઈન્દ્રિયોના આધારે નામ આપીને ભારત અને આધ્યાત્મિકતાનું નામ આકાશમાં રોશન કર્યું છે. આ સંશોધનને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે, જે તેના માટે ગૌરવની વાત છે.

ભારતીય આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને સંસ્કારોમાં ઊંડો વિશ્વાસ ધરાવતી એકતા વતનપ્રેમી છે. નવ વર્ષ સુધી અમેરિકામાં સંશોધન કાર્ય કર્યા બાદ અને NASAની સબ્જેક્ટ એક્સપર્ટ પેનલમાં સમાવેશ થયા પછી પણ અમેરિકામાં મળતા નામ અને દામ માટે તે રોકાઈ નહીં. મોટી મોટી ઓફરો હોવા છતાં તે સ્વદેશ પરત ફરી છે અને હવે ભારતમાં રહી કાર્યરત થવા માંગે છે.

તે દેશ અને ગુજરાતના યુવાધનને ખગોળ વિજ્ઞાનમાં રસ લેતા કરવા માંગે છે. યુવાનોને ખગોળશાસ્ત્રના સંશોધન ક્ષેત્રે રહેલી વિશાળ તકો વિશે જાગૃત કરવા અને આગળ વધવા પ્રેરવા માંગે છે. ગુજરાત જ્યારે વિવિધ ક્ષેત્રોમાં વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે ગુજરાતના યુવાનો અવકાશીય વિજ્ઞાન ક્ષેત્રે પણ આગળ આવે અને વિશ્વસ્તરે યોગદાન આપે – એવી આકાશગંગા પરી 'એકતા'ની હાર્દિક ઈચ્છા છે.






ફીલિંગ્સ ટીમ

# કોલંબિયા વિશ્વ પુસ્તકમેળામાં કવયિત્રી ડૉ. ઉષા ઉપાધ્યાય ભારતીય ડેલિગેશનમાં આમંત્રિત

સુપ્રસિદ્ધ કવયિત્રી અને વિવેચક ડૉ. ઉષા ઉપાધ્યાયે દક્ષિણ અમેરિકાના કોલંબિયામાં આયોજિત આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળામાં ભારતીય ડેલિગેશનમાં આમંત્રિત સભ્ય તરીકે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કોલંબિયામાં આયોજિત 'વિશ્વ પુસ્તકમેળા'ના ભારતીય પ્રતિનિધિમંડળમાં એમને વરિષ્ઠ સાહિત્યકાર તરીકે આમંત્રણ મળ્યું એ ગુજરાતનું ગૌરવ છે. આ પુસ્તકમેળામાં ડૉ. ઉષા ઉપાધ્યાય 'ભારતીય સાહિત્યના સાંપ્રત પ્રવાહો', 'બહુભાષી કવિસંમેલન', 'ભારતીય સંત કવયિત્રીઓ' તથા 'સમાપન સત્ર : પ્રતિભાવ'એ ચાર સત્રમાં સહભાગી બન્યાં હતાં.

કોલંબિયાના પાટનગર બોગાટામાં તાજેતરમાં આડત્રીસમો આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળો યોજાયો હતો. દર વર્ષે યોજાતા આ આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળામાં આ વર્ષે ભારતને 'ગેસ્ટ ઓફ ઓનર'નું સન્માન મળ્યું હતું. આ સંદર્ભે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનના માર્ગદર્શન હેઠળ ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા અને કોલંબિયાના ભારતીય દૂતાવાસના સહયોગથી નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના ઉપક્રમે ભારતના પ્રતિનિધિમંડળે દક્ષિણ એશિયાઈ દેશ તરીકે પોતાની સાહિત્યિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિઓની પ્રસ્તુતિ કરી હતી. કોલંબિયા વિશ્વ પુસ્તકમેળામાં 'ભારત મંડપમ્' પેવેલિયનમાં યોજાયેલ અનેકવિધ કાર્યક્રમોનો લાભ લગભગ ત્રણ લાખથી પણ વધારે મુલાકાતીઓએ લીધો હતો. પેવેલિયનમાં ભારતના મહાન સાહિત્યકારોના પરિચય સાથેની તસવીરો સુંદર રીતે સજાવાઈ હતી. સંગીતરસિકો ભારતીય શાસ્ત્રીય સંગીતને હેડફોન દ્વારા માણી શકે એવી વ્યવસ્થા, AIની મદદથી ભારતના સુપ્રસિદ્ધ સ્થળોની તમે મુલાકાત લીધી હોય એવી તસવીરો માટેની વ્યવસ્થા, બાળકો માટે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ સાથે વાર્તાકથન અને ચિત્રકળાની તાલીમના સત્ર, કોલંબિયાના જ કલાકારો દ્વારા ભરતનાટ્યમ્, કથ્થક, રાજસ્થાની નૃત્ય, શાસ્ત્રીય સંગીતસત્ર વગેરેથી સમૃદ્ધ સત્રોનું આયોજન કોલંબિયાના કળારસિકોએ અહીં મન ભરીને માણ્યું હતું. પુસ્તકમેળા દરમિયાન ભારત મંડપમ્માં ભારતીય સર્જકો, ભારતીય સાહિત્ય પ્રતિનિધિ મંડળની સાહિત્યકૃતિઓ, સ્પેશિ ભાષામાં અનુદિત ભારતીય સાહિત્ય, બાળસાહિત્ય વગેરે સાત પ્રદર્શનો, કુલ ૧૦૫થી વધારે સત્રો ૨૭ ફિલ્મોનું સ્ક્રીનિંગ તથા ૧૪ સાંસ્કૃતિક કાર્યક્રમોની અહીં પ્રસ્તુતિ થઈ હતી. આ સત્રો અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ ભારત અને લેટિન અમેરિકા વચ્ચેના સાહિત્યિક એવમ્ સાંસ્કૃતિક સંબંધને મજબૂત કરવાનું કાર્ય કર્યું છે.

તા. ૨૧ એપ્રિલે આ આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળાનું ઉદ્ઘાટન થયું એ પછી તરત ભારતના પેવેલિયનમાં 'ભારત મંડપમ્'નું ઉદ્ઘાટન કોલંબિયાના સંસ્કૃતિ, કળા અને નોલેજ મંત્રાલયના મંત્રી યાનોઈ ફેનરોડોનાના વરદ્ હસ્તે થયેલ. 'ભારત મંડપમ્'ના ઉદ્ઘાટન સમયે ચાર મિનિટની સુંદર હિન્દી ડોક્યુમેન્ટ્રી દ્વારા 'ભારત મંડપમ્'ની સજાવટનો પરિચય કરાવાયો હતો. આ ડોક્યુમેન્ટ્રીના સબ ટાઈટલ સ્પેનિશ ભાષામાં અપાયા હતા. આ ઉદ્ઘાટન પ્રસંગે સંસ્કૃતિ મંત્રી ફેનરોડોનાએ જણાવ્યું હતું કે, 'સૌએ પોતાની ભાષા સાથે જ મંચ ઉપર સગૌરવ ઉપસ્થિત થવું જોઈએ. ક્યારેય પોતાની ભાષા છોડવી જોઈએ નહીં, કારણ કે આપણી ભાષા જ આપણી ઓળખ છે.' એમણે પોતાનું વક્તવ્ય ગૌરવ સાથે સ્પેનિશ ભાષામાં જ આપ્યું હતું અને સ્પેનિશ ન જાણનાર લોકોએ ઈન્ટરપ્રિટર હેડફોન દ્વારા અંગ્રેજીમાં એમનું ભાષણ સાંભળ્યું હતું. એક વાત તરત ધ્યાનમાં આવતી હતી કે આ પુસ્તકમેળામાં આવનાર બોગાટાના સાહિત્યરસિકોમાંથી મોટા ભાગના લોકો અંગ્રેજી બોલતા-સમજતા ન હતાં. તેઓ એમની ભાષા સ્પેનિશનો જ ઉપયોગ કરતાં હતાં.

**'भारत को पढ़ें और जानें।'** સૂત્ર સાથે આયોજિત 'ભારત મંડપમ્'માં નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ ભારતીય સાહિત્યના પંચોતેર પુસ્તકોનો સ્પેનિશ અનુવાદ કરાવીને એનું પ્રકાશન કર્યું હતું. પુસ્તકમેળામાં આ પુસ્તકોનું ખૂબ વેચાણ થયું હતું, જે દર્શાવે છે કે ભારતીય સંસ્કૃતિ અને સાહિત્ય માટે વિશ્વભરમાં જિજ્ઞાસા અને રૂચિ વધી રહ્યાં છે. કોલંબિયાના ભારતીય દૂતાવાસના રાજદૂત શ્રી વેનલલ્હૂમાએ સમાપન સત્રમાં કહ્યું હતું કે 'આ પુસ્તકમેળામાં ભારત 'વિશિષ્ટ અતિથિ' તરીકે આમંત્રિત થયું છે. આ ઘટના કોલંબિયા અને ભારતના સંબંધોને વધારે મજબૂત બનાવશે.

આ આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળાનો પ્રત્યેક દિવસ જાણે ઉત્સવમય હતો. મુલાકાતીઓની વણથંભી વણઝાર, એમના ચહેરા પરની ઉત્સુકતા અને પ્રસન્નતા કોલંબિયા અને ભારત વચ્ચે રચાઈ રહેલા એક નૂતન સાંસ્કૃતિક સેતુની પ્રતીતિ કરાવતા હતા. ફી



*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**
Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.



S.S. White Technologies Milton Keynes, UK



S.S. White Technologies Wadhwan, Gujarat, India



S.S. White Technologies Inc. **Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com



# કેન્દ્રશાસિત પ્રદેશોની કાયાપલટ કરતાં
# શ્રી પ્રફુલ કે. પટેલ

શ્રી પ્રફુલ કે. પટેલ એવા પ્રશાસક તરીકે ઓળખાય છે, જેમણે ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં સેવા આપતી વખતે વિકાસ, શિસ્ત અને સાંસ્કૃતિક સંવેદનશીલતાનું અનોખું સંકલન રજૂ કર્યું છે. દાદરા અને નગર હવેલી તેમજ દમણ અને દીવના પ્રશાસક તરીકે અને ત્યારબાદ લક્ષદ્વીપના પ્રશાસક તરીકે તેમની કાર્યશૈલીનો મુખ્ય ઉદ્દેશ એક જ રહ્યો હતો – આ વિસ્તારોને સંતુલિત અને આધુનિક વિકાસના મોડેલ તરીકે ઉભા કરવા, જ્યાં પરંપરા અને પ્રગતિ બંને સાથે ચાલે.

પ્રફુલભાઈનો કાર્યકાળ કાર્યક્ષમતા, પારદર્શિતા અને જવાબદારી પર આધારિત રહ્યો છે. પરંપરાગત વહીવટી પદ્ધતિઓને આધુનિક બનાવતાં તેમણે ડિજિટલ પ્રણાલીઓ, ઈ-ગવર્નન્સ અને નાગરિક કેન્દ્રિત સેવાઓ પર ભાર મૂક્યો. જાહેર સેવાઓ સરળ બનાવવી, બ્યુરોક્રેટિક વિલંબ ઘટાડવો અને સામાન્ય નાગરિક સુધી ઝડપી સેવા પહોંચાડવી તેમના પ્રશાસનની વિશેષતા રહી છે. તેમની કાર્યશૈલીમાં હંમેશા આ વિચાર સ્પષ્ટ જોવા મળે છે કે પ્રશાસન માત્ર નિયંત્રણ માટે નહીં, પરંતુ વિકાસ અને તકો સર્જવા માટે પણ હોય છે.

દમણ અને દીવમાં તેમના સમયમાં માળખાકીય વિકાસને વિશેષ ગતિ મળી હતી. દરિયાકાંઠાના વિસ્તારોનું સૌંદર્યવર્ધન, આધુનિક રોડ નેટવર્ક, જાહેર સુવિધાઓમાં વધારો અને શહેરોના નવીનીકરણ જેવા અનેક કામો હાથ ધરાયા. પરિણામે આ વિસ્તારો વધુ આકર્ષક બન્યા. ખાસ કરીને પર્યટન ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી. શહેરોમાં સ્વચ્છતા અભિયાન, ગાર્ડન વિકાસ, વોક-વે, દરિયાકાંઠાના પ્રોમેનાડ અને જાહેર સ્થળોના આધુનિકીકરણ જેવા પ્રયાસો સ્થાનિક જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવનારા બન્યા.

પર્યટન ક્ષેત્ર તેમના વિકાસ દ્રષ્ટિકોણનું કેન્દ્ર રહ્યું છે. ઈકો-ટુરિઝમ અને હેરિટેજ ટુરિઝમને પ્રોત્સાહન આપી તેમણે દરિયાકાંઠાના વિસ્તારોમાં હોટેલ, મનોરંજન કેન્દ્રો અને પ્રવાસીઓ માટેની સુવિધાઓ વિકસાવવાની. આ પહેલોના કારણે દમણ, દીવ અને અન્ય વિસ્તારો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે હવે મહત્વપૂર્ણ આકર્ષણ કેન્દ્ર બની રહ્યા છે. તેમના પ્રયાસોથી પર્યટન માત્ર ઉદ્યોગ ન રહ્યું, પરંતુ સ્થાનિક સંસ્કૃતિ અને આર્થિક સશક્તિકરણનું મહત્વપૂર્ણ સાધન બન્યું છે. સ્થાનિક હસ્તકલા, ખાદ્ય સંસ્કૃતિ અને પરંપરાગત ઉત્સવોને પણ પ્રોત્સાહન મળતાં પર્યટન અને સ્થાનિક અર્થતંત્ર વચ્ચે સશક્ત જોડાણ ઉભું થયું છે.

તેમના સમયમાં દમણ, દીવ, ગોવા અને દાદરા-નગર હવેલીનો ઈતિહાસ, પોર્ટુગીઝ સ્થાપત્ય અને કુદરતી સૌંદર્ય પર આધારિત કોફી ટેબલ બુકનું પણ પ્રકાશન થયું હતું, જે ડૉ. કે.સી. સેઠી અને શ્રીમતી સુનિતા સેઠી દ્વારા





લખાઈ હતી. આ પ્રોજેક્ટ વિકાસની સાથો-સાથ સંસ્કૃતિના સંરક્ષણ પ્રત્યેની તેમની દ્રષ્ટિ દર્શાવે છે. તેમની માન્યતા રહી છે કે વિકાસ માત્ર ઈમારતો અને રસ્તાઓથી નહીં, પરંતુ સંસ્કૃતિ અને વારસાને સંરક્ષિત કરવાથી આવે છે.

દાદરા અને નગર હવેલીમાં તેમનું ધ્યાન ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ પર કેન્દ્રિત રહ્યું. રોકાણને પ્રોત્સાહન, વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણ અને સરળ વહીવટી પ્રક્રિયાઓના કારણે અહીં ઉદ્યોગોને ગતિ મળી. રોજગારીની તકોમાં વધારો થતાં આ વિસ્તાર રાષ્ટ્રીય અર્થતંત્ર સાથે વધુ મજબૂતીથી જોડાયો. નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના પ્રયત્નોથી સ્થાનિક યુવાનો માટે નવી રોજગારી અને સ્વરોજગારની તકો પણ ઊભી થઈ.

**લક્ષદ્વીપમાં પ્રશાસન સંભાળ્યા બાદ તેમણે ટકાઉ વિકાસ અને આધુનિક સુવિધાઓ પર ભાર મૂક્યો. પર્યાવરણની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને વિકાસ અને સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. બંદર આધારિત વિકાસ, નવી જેટી સુવિધાઓ, ટાપુઓ વચ્ચેની કનેક્ટિવિટી, નવા જહાજો અને બાર્જની વ્યવસ્થા જેવી યોજનાઓને વેગ આપવામાં આવ્યો. સાગરમાલા પ્રોજેક્ટ હેઠળ અનેક બંદર અને દરિયાઈ સુવિધાઓને વધુ સક્ષમ બનાવવાના પ્રયાસો થયા**

અગાટી એરપોર્ટના વિસ્તરણ અને પ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કદમત અને સુહેલી ટાપુઓ પર વૈશ્વિક સ્તરના ઈકો-ટુરિઝમ પ્રોજેક્ટ્સ માટે ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારીના પ્રયાસો પણ આગળ વધારાયા છે. સાથે જ કોચી-લક્ષદ્વીપ સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કેબલ દ્વારા ટાપુઓને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ સાથે જોડવામાં આવ્યા, જેના કારણે ઈ-ગવર્નન્સ અને ઓનલાઈન સેવાઓ હવે વધુ સશક્ત બની છે. ડિજિટલ કનેક્ટિવિટી વધતાં શિક્ષણ, આરોગ્ય અને સરકારી સેવાઓમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ અનેક પહેલો હાથ ધરાઈ. સરકારી શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમમાં પરિવર્તિત કરવાની કામગીરી, નવી હોસ્પિટલો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટેની યોજનાઓ તથા શુદ્ધ પીવાના પાણી માટે ડિસેલિનેશન પ્લાન્ટ્સ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. માછીમારો માટે આઈસ પ્લાન્ટ જેવી સુવિધાઓ ઉભી કરી સ્થાનિક અર્થતંત્રને મજબૂતી આપવાનો પ્રયત્ન થયો છે. આરોગ્ય સેવાઓને વધુ સુલભ અને આધુનિક બનાવવા માટે ટેલીમેડિસિન અને વિશેષ તબીબી કેમ્પ જેવા પ્રયાસોની પણ અત્રે નોંધ લેવી પડે તેમ છે.

અલબત્ત, લક્ષદ્વીપમાં તેમના કેટલાક નિર્ણયો વિવાદાસ્પદ પણ રહ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૦માં પ્રશાસક તરીકેની નિમણૂક બાદ ક્વોરેન્ટાઈન નિયમોમાં છૂટછાટ આપવામાં આવી, જેના પછી COVID-19 કેસોમાં વધારો નોંધાયો હતો. વિરોધ પક્ષો અને સ્થાનિક નેતાઓએ આ માટે વહીવટીતંત્રની નીતિઓને જવાબદાર ગણાવી હતી, જ્યારે પ્રશાસને વધતા કેસો માટે નવા વાયરસ સ્ટ્રેન, આર્થિક પ્રવૃત્તિઓના પુન:પ્રારંભ અને પડોશી રાજ્યોની પરિસ્થિતિને જવાબદાર ગણાવી હતી.

એ પણ સાચું છે કે પરિવર્તન લાવવાના દરેક પ્રયાસ સાથે પડકારો જોડાયેલા હોય છે. તેમ છતાં, પ્રફુલ પટેલનું પ્રશાસન એ વાતનું ઉદાહરણ છે કે મજબૂત દ્રષ્ટિકોણ અને સતત અમલ દ્વારા નાના વિસ્તારોને પણ વૈશ્વિક સ્તરે ઓળખ અપાવી શકાય છે. તેમના પ્રયાસોએ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિકાસની નવી સંભાવનાઓ ઉભી કરી છે અને ભવિષ્ય માટે એક નવી દિશા પણ દર્શાવી છે.

પ્રફુલ પટેલનું નેતૃત્વ કડક, નિર્ણાયક અને સુધારાવાદી તરીકે ઓળખાય છે. તેમની નીતિઓ અંગે મતભેદો હોવા છતાં, એ સ્પષ્ટ છે કે તેઓ કેન્દ્રશાસિત પ્રદેશોને વિકાસ, આધુનિકતા અને આત્મનિર્ભરતાની દિશામાં આગળ ધપાવવાનો પ્રયત્ન કરતા રહ્યા છે.







ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, પર્યટન, ડિજિટલ સેવાઓ અને પ્રશાસનિક સુધારાઓ દ્વારા તેમણે આ વિસ્તારોને રાષ્ટ્રીય વિકાસમાં મહત્વપૂર્ણ સ્થાન અપાવવાનો પ્રયાસ કર્યો છે.

આ ઉપરાંત, તેમની વહીવટી દ્રષ્ટિમાં સમાન વિકાસનો વિચાર સ્પષ્ટ રીતે જોવા મળે છે - એટલે કે વિકાસનો લાભ માત્ર શહેરો સુધી મર્યાદિત ન રહે, પરંતુ દૂરના અને નાના વિસ્તારો સુધી પણ પહોંચે. કેન્દ્રશાસિત પ્રદેશોને માત્ર વહીવટી એકમ તરીકે નહીં, પરંતુ દેશના વિકાસના સક્રિય ભાગીદાર તરીકે ઉભા કરવાની તેમની વિચારસરણી નોંધપાત્ર રહી છે.

આજના સમયમાં જ્યારે વિકાસ અને સંસ્કૃતિ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રશ્ન દરેક રાજ્ય અને પ્રદેશ સામે ઉભો છે, ત્યારે પ્રફુલ પટેલની કાર્યપદ્ધતિ એક અલગ દિશા દર્શાવતી દેખાય છે. તેમણે કેન્દ્રશાસિત પ્રદેશોને માત્ર પ્રશાસનિક એકમ તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય વિકાસના સશક્ત કેન્દ્ર તરીકે વિકસાવવાનો પ્રયાસ કર્યો છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ગવર્નન્સ, પર્યટન વિકાસ અને જનસુવિધાઓમાં સુધારાઓ દ્વારા તેમણે લાંબા ગાળાની દ્રષ્ટિએ અનેક પહેલોને આગળ ધપાવી છે.



તેમની કાર્યશૈલીમાં ઝડપ, નિર્ણયક્ષમતા અને પરિણામલક્ષી અભિગમ સ્પષ્ટ રીતે જોવા મળે છે. વિકાસ સાથે સ્થાનિક સંસ્કૃતિ, કુદરતી સંસાધનો અને લોકોની જરૂરિયાતોને પણ મહત્વ આપવાનો પ્રયત્ન થયો છે. ખાસ કરીને ટાપુ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં તેમણે કનેક્ટિવિટી, રોજગારી અને પ્રવાસન દ્વારા નવા આર્થિક અવસર ઊભા કરવાનો પ્રયાસ કર્યો છે.



એટલે ચોક્કસ કહી શકાય કે, પ્રફુલ પટેલનું પ્રશાસન એક એવી કાર્યશૈલીનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં દ્રષ્ટિ, કડક અમલ અને વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ મજબૂત ઈચ્છાશક્તિ, આયોજન અને સતત અમલ દ્વારા કોઈપણ વિસ્તારને આધુનિક, આત્મનિર્ભર અને વૈશ્વિક ઓળખ ધરાવતા પ્રદેશ તરીકે વિકસાવી શકાય છે. ફી



## અમદાવાદની માત્ર ૧૬ વર્ષની જિનિયસ

# 'જાવા ગર્લ' ડૉ. બિયાંકા દલવાડી



અમદાવાદના ચેતનભાઈ દલવાડી અને એમના મેકઅપ આર્ટિસ્ટ પત્ની ચેલ્સીબેનના ઘરે ઈ.સ. ૨૦૦૯માં જન્મેલ પુત્રી બિયાંકા દલવાડી આજે નાનીવયે ટેકનોલોજીમાં ભલભલાને ટક્કર આપે છે. જન્મ સમયે ઓછું વજન લઈને જન્મેલી બિયાંકા જીવશે કે કેમ તે ડૉક્ટરોને પણ શંકા હતી. પરંતુ કહેવાય છે કે પરમેશ્વર જે વ્યક્તિને પોતાના કાર્યમાં નિમિત્ત બનાવે છે તેને વિચક્ષણ બુદ્ધિ પ્રતિભાની ભેટ પણ આપે છે.

જે પરીક્ષા એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ આપતા હોય છે અને તેમાં બેથી ત્રણ પ્રયત્નો કર્યા પછી સફળતા મળે છે. તે માત્ર સાત વર્ષની ઉંમરે બિયાંકાએ ઓરેકલ યુનિવર્સિટીની C, C++, JAVA જેવી પ્રોગ્રામિંગની કઠિન પરીક્ષા માત્ર ૧૫ મિનિટમાં આપી ૮૯ માર્કસ મેળવી વિશ્વ રેકોર્ડ કરી યંગેસ્ટ 'જાવા ગર્લ' તરીકે પોતાની આગવી ઓળખ ઉભી ''કરી 'યંગેસ્ટ ઓરેકલ પ્રોગ્રામર ઓફ ધ વર્લ્ડ' બની છે. માત્ર ૧૩ વર્ષની ઉંમરે ન્યૂયોર્કમાં વર્લ્ડ વિમેન રાઈટસ પ્રોટેકશન કમિશન દ્વારા બિયાંકાને ડૉક્ટરેટની ડિગ્રી પ્રદાન કરતા હવે તે ડૉ. બિયાંકા દલવાડી તરીકે ઓળખાય છે. ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ તથા ઈન્ટરનેશનલ રેકોર્ડ ઓફ એક્સેલન્સમાં પણ બિયાંકા દલવાડીનું નામ ચમક્યું છે. અમદાવાદનું ગૌરવ વધારતી આ સુપર કિડ રમકડાં રમવાની ઉંમરે તેના પિતા ચેતનભાઈ દલવાડી પાસે એવું ગેજેટ માંગતી જેમાંથી કંઈક નવું બનાવી શકાય.

પુત્રીના લક્ષણ પારણામાંથી એ કહેવત યથાર્થ સિદ્ધ કરતી બિયાંકા માત્ર ત્રણ વર્ષની ઉંમરથી જ ટેકનોલોજીમાં રસ દાખવતાં માતા-પિતાએ બિયાંકાનો DMIT ટેસ્ટ (ડર્મેટોગ્લિફિક્સ મલ્ટિપલ ઈન્ટેલિજન્સ) કરાવ્યો. એ ટેસ્ટના રિપોર્ટમાં જાણવા મળ્યું કે બિયાંકા ટેકનોલોજીના ક્ષેત્રમાં અસાધારણ બુદ્ધિ પ્રતિભા અને તીવ્ર ગ્રાસ્પિંગ પાવર ધરાવે છે.

વર્ષોની રાહ જોયા પછી માતા-પિતા બનવાનો આનંદ દલવાડી દંપતી માટે બેવડો હતો, કારણ કે એમને બિયાંકા જેવી અસાધારણ બુદ્ધિ ધરાવતી દીકરી મળી, પરંતુ આ ખુશીની સાથે દુઃખે પણ દસ્તક દીધી. ચેતનભાઈને હૃદયની બીમારીને કારણે કામ છોડવું પડ્યું. એ પત્ની સાથે ઈવેન્ટ મૅનેજમેન્ટના કામમાં જોડાયા. આ મુશ્કેલ સમયમાં ઘર, પતિ અને દીકરીની જવાબદારી ચેલ્સીબહેનના ખભે આવી. આમ છતાં એમણે બિયાંકાને ઉચ્ચ શિક્ષણ અપાવવાનો નિશ્ચય કર્યો.

બિયાંકા સાડા ત્રણ વર્ષની થઈ ત્યારે માતા એને લઈને રોયલ ટેકનોસૉફ્ટ કલાસમાં પહોંચ્યા. શિક્ષક ધીરજ પૂજારાને કહ્યું : 'મારી દીકરીને ટેકનોલોજીમાં રસ છે, તમે એને શીખવશો?' ચેલ્સીબહેનની વાત સાંભળી ધીરજભાઈ હસી પડ્યા અને કહ્યું : 'આ ઉંમર તો રમવાની છે, ટેકનોલોજી શીખવાની નહીં.' પરંતુ માતાએ દૃઢતાથી જવાબ આપ્યો : 'ટેકનોલોજીમાં તો એના પગરવ થઈ ગયા છે, તમારે ફક્ત માર્ગદર્શન આપવાનું છે.' આ નિશ્ચયથી પ્રભાવિત થઈ ધીરજભાઈએ બિયંકાને શીખવવાનું શરૂ કર્યું. ધીમે ધીમે એ કોડિંગ શીખવા લાગી. સાત વરસની ઉંમરે બિયાંકાએ C, C++ અને JAVA જેવી પ્રોગ્રામિંગ ભાષાઓની ટ્રેનિંગ પૂર્ણ કરી લીધી.

ઘરમાં ખુશીનું વાતાવરણ છવાઈ ગયું. બધાં ખૂબ ખુશ હતાં, પણ ત્યાં પરિવાર પર મોટી આફત આવી પડી. ૨૦૧૯માં ચેતનભાઈનું મૃત્યુ થયું. આ આઘાત ચેલ્સીબહેન માટે ખૂબ પીડાદાયક હતો. દીકરીના ભવિષ્યની સાથે એના ઉછેરની જવાબદારી પણ એમના માથે આવી પડી. થોડોક સમય તો એ ચિંતામાં રહ્યાં, પણ મનને મનાવ્યું કે હું હાર માનીશ તો દીકરીનું શું થશે?

બિયાંકા દલવાડી ટેકનોલોજીના માધ્યમથી સમાજને પરિવર્તનની દિશામાં લઈ જવા માગે છે. એ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત એક એવી ઍપ્લિકેશન વિકસાવી રહી છે જે ગામડાંના વિદ્યાર્થીઓને મફત કોડિંગ શીખવાની તક પૂરી પાડશે.

આ ઍપ વિવિધ ગામોમાં શાળાની સંખ્યા, સરકારી શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે ડેટા એકત્ર કરશે.

બિયાંકાની આ ઍપ્લિકેશન ગામડાંના વિદ્યાર્થીઓને ટેકનોલોજીની દુનિયામાં આગળ વધવાની તક આપશે, જેથી એ બાળકો પણ ભવિષ્યમાં કંઈક નવું બનાવી શકે. શિક્ષણક્ષેત્રે આવા યોગદાન બદલ ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડ્સ ફાઉન્ડેશન દ્વારા એક્સેલન્સ એવોર્ડ માટે બિયાંકાની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદની આ જિનિયસ 'જાવા ગર્લ'ને ફીલિંગ્સ તરફથી અનેક અનેક શુભેચ્છાઓ.





# બગાસું, ઝોકું, ઊંઘ...

'બધિર' અમદાવાદી

વિખ્યાત લેખક અર્નેસ્ટ હેમિંગ્વેનું એક ક્વોટ છે જેમાં એ કહે છે કે મને ઊંઘવું ગમે છે કારણ કે હું જાગતો હોઉં ત્યારે મારી દુનિયા વેરવિખેર થઈ જાય છે. ખરેખર! અત્યારે જાગીને જોઈએ કે જુદાજુદા મોરચે ચાલતા યુદ્ધનાં લીધે શેરબજાર અને ચીજવસ્તુઓના ભાવમાં અફડાતફડી થઈ રહી છે ત્યારે લાગે કે આપણે સૂતા હતા એ જ સારું હતું. જાગતા હોઈએ ત્યારે આપણને લાગતું હોય છે કે શેરીનું કૂતરું આપણી પાછળ પડે એમ દુનિયાની બધી જ બબાલો આપણી પાછળ પડી છે; પણ એકવાર નિદ્રાદેવીના શરણમાં ગયા પછી ફરી જાગો ત્યાં સુધી છુટકારો મળી શકે છે. સંશોધનો પણ એવું કહે છે કે સારી ઊંઘથી તાજગી મળે છે અને માણસને સ્વસ્થતાથી વિચારવાની તક મળે છે.

ઊંઘમાં ઘણીવાર સમસ્યાઓના ઉકેલ પણ મળી જતા હોય છે. હું સ્કૂલમાં હતો ત્યારે દિવાળીના લેસનમાં ટીચરે અમને અગિયારાથી વીસાના ઘડિયા દસ દસ વાર લખવા આપેલા. એ વખતે રાત્રે મને પણ એવું સપનું આવેલું કે મેં કોઈની લેસનની નોટ અને મારી નોટ ભેગી કરીને કબાટમાં મૂકી અને સવારે જોયું તો ઘડિયા લખાઈ ગયેલા! જોકે સવારે ઉઠ્યા પછી નોટ જોઈ તો એ કોરી જ હતી! હજી મને ડાઉટ છે કે ઊંઘમાં મને જે દેખાયું એમાંથી કોઈએ આઈડિયા ચોરીને પહેલાં ફોટો કોપીયર મશીન અને પછી આગળ જતા માઈક્રોસોફ્ટ એક્સેલની શોધ કરી છે! સપનામાં એ કબાટ પાસે કોક ફરતું દેખાયું હતું પણ એનું નામ પૂછવાનું રહી ગયું.


નિરાંતની ઊંઘ ભાગ્યશાળીઓને જ સુલભ છે. વ્યક્તિ પોતાની તમામ જવાબદારીઓ કે ફરજો પૂરી કરીને નિશ્ચિંત થઈને બેઠો હોય કે આરામ કરતો હોય એના માટે ગુજરાતીમાં રૂઢિપ્રયોગ છે કે, 'ઘોડા વેચીને સૂઈ જવું'. આ રૂઢિપ્રયોગ અવસ્થાની સમજૂતી આપવા માટે છે. આમાં ખરેખર ઘોડા વેચવાના હોતા નથી. હા, ઘોડો વેચ્યા પછી એને ઘાસ ખવડાવવાની, માલિશ કરવાની અને એનો તબેલો સાફ કરવાની બધી જવાબદારીઓમાંથી માણસ મુક્ત થઈ જાય એટલે નિરાંતે ઊંઘ આવતી હશે એવું આપણે માની શકીએ. બાકી ઘોડો વેચ્યા પછી કેવી ઊંઘ આવે એ બાબતે પણ ઘોડો વેચવાના અનુભવીને પૂછવું પડે. આને હોર્સ ટ્રેડિંગ કહે છે. એમાં ઊંઘનો આધાર કઈ નસલનો ઘોડો છે અને કેટલા રૂપિયામાં વેચાયો એની ઉપર છે. ઊંચા ભાવે વેચાયો હોય તો ઊંઘ સારી આવતી હશે એ દેખીતું છે. બાકી મને સપનામાં ઘોડો આવે તો એના તબેલાની અને ઘાસની ચિંતામાં મારી ઊંઘ ઉડી જાય એવું બને. આમ પણ આજકાલ અઢી બીએચકેના ફ્લેટના પાર્કિંગમાં સ્કૂટી પાર્કિંગના ડખા હોય ત્યાં માણસ ઘોડો બાંધી શકે એ વાતમાં માલ નથી. જે ભાવ આવે એ ભાવે વેચી જ દેવો પડે.

એવું કહે છે કે બગાસું એ નિદ્રાદેવીનો છડીદાર છે. બગાસું આવે એટલે સમજી લેવું કે નિદ્રાદેવીની સવારી આવી રહી છે. બગાસું એ વક્તાઓ માટે એક સંકેત છે. સામે બેઠેલા લોકો ઉપર એમના વક્તવ્યની શું અસર થઈ રહી છે એ જાણવાની એક ચાવી પણ ગણાય. જ્યારે હોલમાં બગાસા ખાનારની સંખ્યા વધી જાય ત્યારે ઘણીવાર વક્તાઓ શ્રોતાઓમાંથી જે જાગતા હોય એમની પાસે તાળીઓ પડાવીને બાકીનાને જગાડતા હોય છે. કંપનીઓના ટ્રેઈનિંગના સેશન્સમાં સૌથી આગળની હરોળમાં બેસનારામાંથી જેમણે મફતનું જમતી વખતે સ્વીટ અને ફરસાણ ઝાપટ્યા હોય એ લોકો લંચ પછીના સેશનમાં પાછળની સીટ શોધતા હોય છે. બગાસું પાછું ચેપી હોય છે. અમે ઓડિયન્સમાં બેઠેલા લોકોને બગાસું ખાતા જોઈને વક્તાને બગાસું ખાતા જોયા છે.

ઝોકું ખાવું એ બગાસા અને ઊંઘ બંને વચ્ચેનું એક સ્ટેજ છે. ડ્રાઈવિંગ કરતી વખતે આવેલું ઝોકું અકસ્માતનું કારણ બની શકે છે. બગાસા પછી આવતું ઝોકું એક એવી ક્રિયા છે જેના ઘણા સૂચિતાર્થો છે – જેમ કે તમને બોર કરી રહેલી વ્યક્તિને તમે જે સભાન અવસ્થામાં ન કહી શકતા હોવ એ અર્ધતંદ્રાવસ્થામાં આવેલું ઝોકું કહી દેશે. બસમાં તમારી બાજુમાં બેઠેલી અજાણી વ્યક્તિનાં ખભે માથું મૂકીને સૂઈ જવું શક્ય નથી. પણ ઝોકું આવ્યા પછી તમે સહપ્રવાસીના ખભા ઉપર માથું ઢાળીને બિન્ધાસ્ત સૂઈ શકો છો. ક્યારેક પિસાના મિનારાની જેમ ધીમેધીમે ઢળતા તો ક્યારેક અડધી ઊંઘમાં નાગદાદાની જેમ ડોલતા આવા લોકો ભરપૂર મનોરંજન પૂરું પાડતા હોય છે.

હિન્દીમાં એક ઉક્તિ છે કે 'પ્યાસ ના દેખે ધોબી ઘાટ ઔર નીંદ ના દેખે મુર્દે કી ખાટ.' અર્થાત ઊંઘની પ્રકૃતિ એવી છે કે માણસ સ્થળકાળનું ભાન પણ ભૂલી જાય. આપણા એક ભૂતપૂર્વ વડાપ્રધાન ચાલુ કાર્યક્રમમાં ઝપકી મારી લેવા માટે જાણીતા હતા. ચાન્સ મળે ત્યારે આવી પાંચ કે દસ મિનિટની ઝપકી મારી લેવાની ક્રિયાને 'પાવર નેપ' કહે છે. 'થ્રી ઈડિયટસ' ફિલ્મમાં પ્રોફેસર વીરુ સહસ્ત્રબુદ્ધે ઉર્ફે વાઈરસને આવી 'પાવર નેપ' લેવાની ટેવ હતી. અમારા ઘણા પ્રોફેસર પાસે એવો હુન્નર હતો કે એમના લેક્ચરની પાંચમી કે બારમી મિનિટે ક્લાસમાં કોઈને ને કોઈને તો બગાસું આવી જતું. એમાં જે ઝડપાતું એણે મોઢું ધોવા જવું પડતું. ગઈસાલ યોગ દિવસે સોસાયટીના બગીચામાં અમારા પાડોશી શવાસન કરતાં કરતાં એવા ઘસઘસાટ ઊંઘી ગયેલા કે બધા ઉભા થઈને આસનીયા ઝાપટવા માંડ્યા એમાં જે ઘાસ પાંદડા એમની ઉપર પડ્યા ત્યારે ઝબકીને જાગ્યા! શરમાઈને મને કહે મારુ હારું હવાર હવાર મોં પોચ વાગે ઉઠી જ્યો' તો તી ઊંઘ પૂરી નો'તી થઈ. મેં કહ્યું તમે એટલું પરફેક્ટ શવાસન કરેલું કે અમે તમને કાઢી જવાના હતા. જેસી ક્રષ્ન.

## સુનભાઈ સાધો...



ફૂતરું આપણને સૂંઘે
એનો વાંધો નથી,
ચાખે એનો વાંધો છે.



Read online : www.feelingsmultimedia.com

રસોઈ માટે તૈયાર...

# શ્રી હરિ®

## રેડી-ટુ-કૂક મસાલા

NO onion garlic | NO tuber-roots | 100% natural product

## કાઠિયાવાડી અને માય ચાઈનીઝ મસાલા

# COMBO PACK

**MRP Rs.~~162~~/-**

**Pay only Rs.120/-**

**SAVE Rs. 42/- +**

**સરપ્રાઈઝ ગીફ્ટ ઈન-સાઈડ**

( 6 KATHIYAWADI MASALA + 4 CHINESE MASALA
+ SURPRISE GIFT INSIDE THE COMBO PACK )



## શ્રેષ્ઠ સ્વાદ, અપાવે કાઠિયાવાડની યાદ !

# કાઠિયાવાડી મસાલા




બટાકા (લસણીયા) સબ્જી મસાલા | સેવ ટમાટર સબ્જી મસાલા | મસાલેદાર ખિચડી મસાલા | રવૈયા ભરવા સબ્જી મસાલા | બેંગન ભરથા મસાલા | સુરતી મમરા (ભુસુ) મસાલા

અગ્રગણ્ય પ્રોવિઝન / કિરાણા સ્ટોર્સમાં ઉપલબ્ધ

હવે ઑનલાઈન શૉપીંગ કરો....

**CUSTOMER CARE +91 94092 00015**

**www.shriharimasala.com**


Mfg. by: **SHRI HARI MASALA,** Halol, Gujarat, INDIA.

**Email:** shriharimasalahalol@gmail.com

IMAGE MAKER-09327020557



# સારું વાંચન
# એ આત્માનો ખોરાક છે



## ફીલિંગ્સ મેગેઝિનની વિશેષતાઓ

- સકારાત્મક, રસપ્રદ, સચોટ માહિતીસભર અને ગુણવત્તાયુક્ત લેખોનો ખજાનો
- રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને વિવિધ મહત્ત્વપૂર્ણ ઈવેન્ટ્સની જાણકારી
- ઉત્કૃષ્ટ લેખકોની ટીમ સાથે દરેક અંક લાઈફટાઈમ કલેક્ટર એડિશન
- ફેમિલીમાં દરેક જણ વાંચી શકે અને જ્ઞાન સમૃદ્ધ કરી શકે

## ચાલો, જાણીએ દિગ્ગજ મહાનુભાવોની 'ફીલિંગ્સ'....

અમારા પ્રેરણાસ્ત્રોત...

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, ભારત**



અખબારી સ્વાતંત્ર્ય એ લોકશાહીનું આભૂષણ છે અને લોકશાહીમાં લોકોની સાચી વાત, સાચી સમસ્યા અને સાચી દિશાનું પ્રતિબિંબ અખબારો પાડતા રહે તે સ્વાભાવિક છે. 'ફીલિંગ્સ' મેગેઝિન પણ પત્રકારિત્વના આદર્શો અને મૂલ્યોનું સુપેરે જતન કરી રહ્યું છે.

**પૂજ્ય મોરારિબાપુ**




સત્યને પામવાની લાગણી જ્યારે કોઈ સાધકમાં જન્મે છે ત્યારે ફીલિંગ્સ વડે સૌમાં આવી જિજ્ઞાસા જાગે અને સૌ વિકાસ સાથે વિરામ અનુભવે તેવી પ્રભુપ્રાર્થના!

**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**



દિલ હોય તેને જ ફીલ થાય ફીલિંગ્સ પરિવારની પ્રગતિ...શુભ શાંતિ અને પ્રશાંતતા વધે એ જ શુભકામના.

**વિશ્વ વંદનીય પૂ. પ્રમુખ સ્વામી**



ફીલિંગ્સ તેની ઝળહળતી સિદ્ધિ અને લોકચાહનાની પ્રજાજનોને પ્રતીતિ કરાવી રહ્યું છે. તેની ઉત્તરોત્તર સફળતા માટે હાર્દિક શુભકામના.

**પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ**



લાગણીઓ અર્થાત હૃદયમાંથી ઉદ્ભવતા ભાવોના તરંગ. જનસમાજની લાગણીઓને વાચા આપનાર ફીલિંગ્સ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

**પ.પૂ. ધીરજમુનિ મ.સા.**



જીવન જીવતાં શીખો,
જીરવતા શીખો અને જીતતાં શીખો...
ફીલિંગ્સ પરિવારને અંતરની શુભેચ્છાઓ...

**Amitabh Bachchan**



Hearty congratulation to Feelings Magazine for covering wonderful stories.

**પૂ.પા.શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી**




'ફીલિંગ્સ' મેગેઝિન પોતાના અક્ષરે-અક્ષરમાં સત્ય, નિષ્ઠા, પ્રામાણિકતા, સચોટતા અને સાત્વિકતાનો અહેસાસ કરાવે છે. સમાજ માટે તે એક અણમોલ ભેટ છે. તેમાં પ્રકાશિત થતા દિવ્ય વિચારો સંતોષ તથા આનંદ આપનાર છે.

**પ.પૂ. નયપદ્મ સાગરજી**



ફીલિંગ્સ તેની પ્રગતિના શિખરો સફળતાથી સર કરે તેવા આશીર્વાદ

## ૨૮ વર્ષ, ૫૫ દેશો, ૪૦ લાખથી વધુ વાચકોનું ગ્લોબલ નેટવર્ક



'Feelings'-International Gujarati Family Magazine

# ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

## Subscription Offer

1 Year Subscription — INDIA ₹ 1100

1 Year Subscription — ABROAD US $100

## Subscription Form

Name : Mr/Ms.................................................... Period :....................

Address :..........................................................................

.................................................................... City :...............

Pin :.................. Ph (Off):.................. (Resi)..............................

Mobile:.................. E-mail :...............................................

Please find enclosed Cheque/DD no:.................. Dated.................. for Rs.................. favoring

**FEELINGS MULTIMEDIA LTD.**

Date :...../...../.................. Receipt No.:.................. Signature :..................

Website: www.feelingsmultimedia.com


## FEELINGS MULTIMEDIA LIMITED

**Corporate Office:** 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India).

Cell: 088663 99530, **E-mail:** info@feelingsmultimedia.com, atulshah496@gmail.com

**USA (NEW JERSEY) :** 266 MIDDLESEX ESSEX TPK., SUITE 207 ISELIN, NJ 08830 E-mail : infousa@feelingsmultimedia.com

**INTERNATIONAL ASSOCIATES :** USA | UK | CANADA | AUSTRALIA | KENYA | MUSCAT | DUBAI | MALAYSIA

# BOMBAY FRUIT MERCHANT

## Anil Aamwala

**Ratnagiri / Devgadh Alphonso Mango**
**Mahabaleshwar Strawberry**

**ORGANIC**

EXPORT QUALITY



**Mob.: 9967823329**
**9555988255**

**All Types Fruits Suppliers**

**Free Home Delivery**

All Over INDIA: Mumbai, Hyderabad, Indore, Bengaluru, Chennai, Gurgaon Noida, Bhopal, Ratlam, Lucknow, Kolkata, Ahmedabad, Baroda, Surat, Bhavnagar, Jaipur, Jodhpur, Delhi, U.P.

# જૂન ૨૦૨૬નું માસિક ફળકથન

**મેષ (અ.લ.ઈ.)**

આ મહિનો તમારા માટે મિશ્ર પરિણામો લાવનારો રહેશે, પરંતુ પારિવારિક જીવનમાં વધુ સમસ્યાઓ આવશે. તમે આ મહિને મુસાફરીમાં ઘણા પૈસા ખર્ચ કરી શકો છો, તમને પૂરતા પૈસા મળવાથી ખુશી થઈ શકે છે. આ મહિને શેરબજાર વગેરેમાં તમને ભાગ્યનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ મહિને વિક્ષેપને કારણે પરીક્ષાની તૈયારીમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

**વૃષભ (બ.વ.ઉ.)**

આ મહિનો તમારા માટે મિશ્ર ફળદાયી રહેવાનો છે. જો તમે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેશો, તો તમારી સમસ્યાઓમાં વધારો થઈ શકે છે. થોડી સાવધાની સાથે વાહનોનો ઉપયોગ કરવો. નોકરી કરતા લોકોએ બીજાના પ્રભાવ હેઠળ પોતાની બુદ્ધિ અને વિવેકથી નિર્ણયો ન લેવા જોઈએ. તમારે વધુ પડતા આત્મવિશ્વાસની આદત બદલવી જોઈએ. આ મહિને તમને તમારા મિત્રો સાથે રહેવાનો સારો સમય મળશે.

**મિથુન (ક.છ.ઘ.)**

આ મહિનો તમારા માટે સકારાત્મક પરિણામો લાવનારો રહેશે. આ સમય દરમિયાન તમારે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાનું ટાળવું. કામ અંગે વધુ તણાવ રહેવાના કારણે તમારું સ્વાસ્થ્ય તમને વ્યથિત કરી શકે છે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ અંગે ચિંતિત રહેશે. તમારી નાણાકીય સ્થિતિ મજબૂત રહેશે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને પોતાના પ્રિયજનની પ્રાપ્તિ થશે.

**કર્ક (ડ.હ)**

આ મહિનો તમારા માટે સારો રહેશે. આ મહિને કેટલાક બહારના લોકોના આગમનને કારણે તમને તમારા લગ્ન જીવનમાં સમસ્યાઓનો અનુભવ થશે. તમે કેટલીક એવી વસ્તુઓ ખરીદશો જેની તમને જરૂર નહોતી. આ મહિને તમારે થોડી સાવધાની રાખવાની જરૂર છે. વિદ્યાર્થીવર્ગ પરીક્ષાની તૈયારીમાં સખત મહેનત કરવાનો પ્રયાસ કરશે. તમારા સ્વાસ્થ્યમાં ઉતાર-ચઢાવ આવી શકે છે.

**સિંહ (મ.ટ.)**

આ મહિનો તમારા માટે ખૂબ સારો રહેવાનો છે. આ મહિનો તમને ઈચ્છિત લાભ અપાવશે. તમારો વ્યવસાય પણ સારો ચાલશે. પરિવારમાં ચાલી રહેલા વિવાદો પણ અમુક હદ સુધી દૂર થશે. તમારે તમારા લગ્ન જીવનમાં થોડું સંકલન જાળવવાની જરૂર છે. આ મહિને તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સારું પ્રદર્શન કરશે, નોકરી કરતા લોકોએ થોડું ધ્યાન આપવાની જરૂર છે.

**કન્યા (પ.ઠ.ણ.)**

આ મહિનો તમારા માટે ખૂબ સારો રહેવાનો છે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકો આ મહિને પોતાના પ્રિય સાથે પોતાના દિલની લાગણીઓ પણ વ્યક્ત કરી શકે છે. તેથી બહારની કોઈ વ્યક્તિને સંબંધમાં આવવા દેવી નહીં. વધુ કામને કારણે તમારા સ્વાસ્થ્ય પર અસર થઈ શકે છે. વ્યવસાય કરતા લોકોએ તેમના કામમાં ઉતાવળ ન કરવી જોઈએ, તમે નવી મિલકત ખરીદી શકો છો.

**તુલા (ર.ત.)**

આ મહિનો તમારા માટે સામાન્ય રહેવાનો છે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. તમારે એકાગ્રતા પર પણ સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ. આ મહિને તમારે મિત્રો કરતાં અભ્યાસને વધુ મહત્વ આપવું પડશે. સ્વાસ્થ્ય પહેલાની સરખામણીમાં વધુ સારું રહેવાનું છે. તમે આ મહિને વધુ મુસાફરી કરી શકો છો. પ્રેમ જીવન જીવતા લોકો તેમના પ્રિય સાથેના સંબંધોમાં નવીનતા અનુભવશે.

**વૃશ્ચિક (ન.ય.)**

આ મહિનો તમારા માટે સામાન્ય રહેશે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકો પોતાના પ્રિયનું ખૂબ ધ્યાન રાખશે. વિવાહિત લોકો પોતાના વિવાહિત જીવનમાં પણ, આ મહિને પહેલાની સરખામણીમાં ઘણું સારું અનુભવશે. આ મહિને સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ રહેશે. જે લોકો નોકરી કરે છે તે લોકો પોતાની પસંદગીનું કામ ન મળવાને કારણે પરેશાન રહેશે.

**ધન (ભ.ધ.ફ.)**

આ મહિનો તમારા માટે મિશ્ર ફળદાયી રહેવાનો છે. વ્યવસાય કરનારા લોકો વ્યવસાયમાં બુદ્ધિપૂર્વક કામ કરીને લાભ મેળવી શકે છે. ગુસ્સા પર નિયંત્રણ રાખવાથી કેટલાક મોટા કામ મળી શકે છે. તમે સામાજિક કાર્યમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લેશો. આ મહિને નાણાને લઈને સારું રહેશે. આ મહિને તમને કોઈ મિલકત પણ મળી શકે છે. વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસ પ્રત્યે બેદરકાર ન રહેવું જોઈએ, સખત મહેનત કરતા રહેવું જોઈએ.

**મકર (ખ.જ)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. તમને તમારા કામમાં સારી સફળતા મળી શકે છે. પૈસાને કારણે તમારું કોઈ કામ અટકશે નહીં. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સારું પ્રદર્શન કરી શકે છે. તમને સ્વાસ્થ્યમાં પણ ઘણું સારું લાગશે. તમારે રોકાણ કરતા પહેલા કોઈની સલાહ લેવી જોઈએ. તમને તમારી હમણાની નોકરીમાં બધું જ સરસ મળી શકશે. પ્રેમ જીવનમાં પણ રોમાંસનો અનુભવ કરી શકશો.

**કુંભ (ગ.શ.સ.)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોમાં નવી ઊર્જા આવશે. તમારે પોતાનામાં પરિવર્તન લાવવાની જરૂર છે. આ મહિને તમારી આવકના સ્રોત વધી શકે છે. તમારું સ્વાસ્થ્ય તમારા હાથમાં રહેશે. તમારે તમારા કામની સાથે પરિવારના સભ્યો માટે પણ સમય કાઢવો. સોશિયલ મીડિયાથી દૂર રહેવાથી, તમારું ધ્યાન અભ્યાસ પર વધુ રહેશે. વેપારીવર્ગે થોડું વિચારીને વ્યવસાયમાં રોકાણ કરવું જોઈએ.

**મીન (દ.ચ.ઝ.)**

આ મહિનો તમારા માટે પ્રગતિ લાવનારો મહિનો રહેશે. તમારા બજેટ અને કામ પર સંપૂર્ણ ધ્યાન આપવું. તમારે સ્વાસ્થ્યને લગતી કોઈપણ સમસ્યાને નાની ન ગણવી જોઈએ. વેપારીવર્ગ આ સમયે ખોટો નિર્ણય લઈ શકે છે. વિદ્યાર્થીઓએ સંપૂર્ણ પ્રામાણિકતા સાથે શિક્ષણમાં સખત મહેનત કરવી પડશે. નોકરી કરતા લોકોને સારી તક મળવાથી ખૂબ આનંદ થશે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને પ્રિય સાથેના સંબંધો પણ સારા બનશે.


GaneshaSpeaks®.com
Your friend, astrologer & guide

કેવું રહેશે ૨૦૨૬!
જાણો, ગણેશાસ્પીક્સ ના
વિદ્વાન જ્યોતિષિયો પાસેથી
ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો, અને મેળવો
₹ 100/- ના રિચાર્જ પર ₹ 200/- નું બેલેન્સ

QR સ્કેન કરો ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો

આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.

જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.



વિષ્ણુરામ ચેવડાવાળા
જુના અને જાણીતા... દેશ-વિદેશમાં નામાંકિત...
SINCE 1932
VISHNURAM
CHEVEDAWALA
અસલ સોલાપુરી ચેવડો
લીલો સુકો ચેવડો
લીલો (નરમ) ચેવડો
મકાઈનો ચેવડો
ફરાળી ચેવડો
લસણ ચેવડો
સ્પે. નડીયાદી મીક્ષ
ઘઉંનો ચેવડો
ભાખરવડી
દરેક જાતના સ્વાદિષ્ટ ચેવડા અને ફરસાણ મળશે
Vishnuram F. & Co.
Near Amdavadi Pole, Raopura, Vadodara -1.
M. +91 9824796796 / 9499778778
Home Delivery Any Where (By Courier)




CHIPS
INTERNATIONAL
પરદેશ
પાર્સલ સેવા
WE
MOVE IT
FAST
GUARANTEED
CHIPS
આપણા સગા સંબંધીઓને કપડા, વાસણ, નાસ્તા,
મિઠાઈ, અથાણા, મુખવાસ, મરી-મસાલા ઘરવખરી હાન્ડીક્રાફ્ટ
મંદિર, મુર્તિ વગેરે આઈટમ ડોર ટુ ડોર મોકલાવી આપીશું.
SELF
COMMITED
RESPONSIVE
ECONOMICAL
RELIABLE
TRUSTED
Contact Us
98980 95632, 85111 95632
B-2, GALAXY COMPLEX, B/H NATIONAL PLAZA, R.C.DUTT ROAD, ALKAPURI, VADODARA.




NUMEROLOGY
CONSULTATION
" Numerology can change your destiny "
SS Numerologist
Numerologists claim to divine the future through ancient practices related to the numbers associated with a person's name, birth date, and other basic aspects of life.
They also profess to interpret the past, discern a person's character, and measure the amount of luck a person has.
Fix your Career, Health, Wealth & Relationship by fixing the numbers in your life.
Fourtune Teller Sangeeta Shukla
Call For Appointment
+91- 7678427245
HOW DO WE GUIDE?
Analysis of date of birth
Lucky Colour & Numbers
Name spelling correction
Signature Correction
Relationship & Health
Business Guidence
Mobile Numerology
Vastu Guidence




વડોદરામાં પ્રથમવાર સિમ્યુલેટર દ્વારા
મોટર કાર - ફોર વ્હીલર ચલાવતા શીખો
ફાલ્ગુનીબેન : (O) ૮૨૩૮૦૯૮૮૫૦
શ્રી આસ્થા મોટર ટ્રેનીંગ સ્કૂલ
DRIVING SCHOOL
lessons and practice
STOP
ફોરેન ટાઈપ સિમ્યુલેટર દ્વારા
આપવામાં આવતુ શિક્ષણ
FF- 6, આદિત્ય એવન્યું, કોટક મહિન્દ્રા બેંક સામે,
મહાવીર હોલ ચાર રસ્તા, આજવા રોડ, વડોદરા.




## JITO દ્વારા વડોદરામાં યોજાઈ અમેરિકન કપ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ

વડોદરાના મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર તાજેતરમાં જીતો વડોદરા દ્વારા અમેરિકન કપ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ (જૈન પ્રીમિયર લીગ-૬)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૯/૪/૨૬ થી ૩/૫/૨૬ સુધી યોજાયેલ આ ટુર્નામેન્ટમાં ૧૯ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં યુવકો અને યુવતીઓ માટેની અલગ-અલગ મેચોનું આયોજન કરાયું હતું. જેમાં મુખ્ય ટીમો હતી પી.એચ.સી. કિંગ્સ વર્સીસ અવની ઈલેવન, જે.બી.એન. વર્સીસ રાજપુતાના રેન્જર્સ, ઈલેવન કયુબ ઈલેવન વર્સીસ જીતો ઈલેવન, તનિષ્ક કવીન વર્સીસ આતાપી પિંક પેન્થર્સ જેવી ટીમો હતી. આ ટુર્નામેન્ટનો ભવ્ય ઉદ્‌ભાટન સમારોહ ૨૯/૪/૨૬ના રોજ મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઉજવાયો હતો.

આ ટુર્નામેન્ટના ભવ્ય આયોજનમાં જીતો (વડોદરા)ના ચેરમેન શ્રી પુખરાજ દોશી, ચીફ સેક્રેટરી વિમલ બોકડીયા, કન્વીનર શ્રી પવનરાજ બોકડીયા તથા સહ કન્વીનર શ્રી રાજાભાઈ ઝાબકનો સિંહફાળો રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને જે અમેરિકન કપ આપવામાં આવ્યો હતો તેના પ્રયોજક હતા શ્રી પુખરાજજી પિરાજી દોશી. આવા સુંદર આયોજન બદલ જીતો (વડોદરા)ને હાર્દિક અભિનંદન.










**Youngest to Chant Sanskrit Shloka in One Minute**

વડોદરાના શ્રીમતી પરિતા અને શ્રી રૂદ્રેશ શાહના પુત્ર શ્લોકે નાની ઉંમરે (૦૫ વર્ષ ૦૫ મહિના ૧૯ દિવસ) એક મિનિટમાં અગિયાર સંસ્કૃત શ્લોકનો જાપ કરી સૌથી વધુ જાપ કરવાનો વિશ્વ રેકોર્ડ પોતાના નામે સ્થાપિત કરી વડોદરાનું ગૌરવ વધાર્યું છે.




## માર્ગ અકસ્માતો ટાળવા રાજયના તમામ APMC ખાતે આવતાં વાહનોમાં રેડિયમ રિફલેક્ટિવ ટેપ લગાવવાની શરૂ થયેલ ઝૂંબેશ

રાજયમાં જાહેર માર્ગો ઉપર થતા માર્ગ અકસ્માતો ટાળવા અને ખાસ કરીને સાંજના સમયે કે રાત્રિના સમયે વાહનોમાં પાછળના ભાગે ટેલ લાઈટ કે રેડિયમ રિફલેકટર ન હોવાના કારણે પ્રાણઘાતક અકસ્માતોમાં નિર્દોષ નાગરિકો પોતાનો અમૂલ્ય જીવ ગુમાવતા હોય છે.

રાત્રિના સમયે થતા આવા પ્રાણઘાતક અકસ્માતો સામે માર્ગ સલામતી સુદ્રઢ કરવા ગુજરાત રોડ સેફટી ઓથોરિટી દ્વારા તારીખ ૭/૪/૨૦૨૬ થી સમગ્ર રાજયમાં આવેલ ૨૧૪ જેટલી ખેત બજાર સમિતિઓ (APMC) ખાતે જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (RTO) અને જિલ્લા ટ્રાફિક પોલીસના સહયોગથી વાહનોમાં રેડિયમ લગાવવાની ઝૂંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના માર્કેટયાર્ડ, રાંધેજા ખાતે ગુજરાત રોડ સેફટી ઓથોરિટીના કમિશનર શ્રી સતીશ પટેલ અને ગાંધીનગર જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની ઉપસ્થિતિમાં રેડિયમ રિફલેકટર્સ લગાવવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષે એપ્રિલ-મે માસ દરમિયાન સમગ્ર રાજયમાં આ ઝૂંબેશ ચલાવી ૨૩,૦૦૦ કરતાં વધુ વાહનોમાં APMC ખાતે રેડિયમ રિફલેકટર્સ લગાવવાની કામગીરી કરવામાં આવી હતી APMC ખાતે ૫૦,૦૦૦ કરતાં વધુ વાહન ચાલકો/ખેડૂતોને માર્ગ સલામતી લગતું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



## વડોદરા પત્રકાર એકતા પરિષદ અને 'સત્યની શોધ' અખબારના સહયોગથી યોજાયો બ્લડ ડોનેશન કેમ્પ

વડોદરાના વાડી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં તાજેતરમાં કોમી એકતાનો સંદેશ આપતા બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન વડોદરા પત્રકાર એકતા પરિષદના અધ્યક્ષશ્રી લાભુભાઈ કાત્રોડીયા તથા સત્યની શોધ અખબારના સહયોગથી કરવામાં આવેલ. જેનું ઉદ્‌ઘાટન પત્રકાર એકતા પરિષદ ગુજરાતના અધ્યક્ષશ્રી લાભુભાઈ કાત્રોડીયા, આઈ.ટી. સેલના નિતિન ધેલાણી, વાડી સ્વામિનારાયણ મંદિરના પૂ. ઘનશ્યામ સ્વામી કોર્પોરેટર દીપાબેન શ્રીવાસ્તવ તથા મુસ્લિમ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું. કોમી એકતાનો સંદેશ ફેલાવતા આ કેમ્પમાં સૌએ ખૂબજ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી આ કેમ્પને સફળ બનાવ્યો હતો. કેમ્પના સફળ આયોજનમાં સત્યની શોધના શ્રી નિલેશભાઈ પાઠક, પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી હુસેનભાઈ મન્સુરી તથા મહિલા અધ્યક્ષ સેજલબેન ઉપાધ્યાય સહિતના હોદ્દેદારોનું મોટું યોગદાન રહ્યું હતું.




તાજેતરમાં યુએસએના રવાન્ડા ખાતે રમાયેલ ICC મહિલા T20I ચેલેન્જ ટ્રોફી ચેમ્પિયન્સની ફાઈનલમાં યુએસએની સિનિયર મહિલા રાષ્ટ્રીય ક્રિકેટ ટીમે કુલ ૮ માંથી ૬ મેચ જીતી ટોચનું સ્થાન મેળવી પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા ટાઈટલ જીત્યું હતું આ મહિલા ક્રિકેટ ટીમમાં નિખાર દોશી સહિત સમગ્ર ટીમને આવી ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરવા બદલ ફીલિંગ્સ પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.




## તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ૪,૭૦૦ એપિસોડ પૂર્ણ.

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'એ ભારતીય ટેલિવિઝન ઈતિહાસમાં ૪,૭૦૦ એપિસોડ પૂર્ણ કરી મહત્વપૂર્ણ સીમાચિહ્‌ન સ્થાપિત કર્યું છે. આ સિદ્ધિ બદલ આનંદ વ્યક્ત કરતા પ્રોડ્યુસર શ્રી અસિતકુમાર મોદીએ કહ્યું હતું કે '૪,૭૦૦ એપિસોડ સુધી પહોંચવું એ અમારા માટે ભાવનાત્મક અને ગર્વની ક્ષણ છે.' ભારતીય ટેલિવિઝન પર સૌથી લાંબા સમય સુધી ચાલતો અને સૌથી લોકપ્રિય કાર્યક્રમમાં પોતાનું સ્થાન મજબૂત બનાવતો આ શો શરૂઆતથી જ કોમેડી-મસ્તીના કારણે દર્શકોનો મનપસંદ રહ્યો છે.



## ગૃહમંત્રી અમિત શાહના હસ્તે સોલિસિટર જનરલના બે પુસ્તકોનું વિમોચન કરાયું.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીશ્રી અમિત શાહે નવી દિલ્હીમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાના બે પુસ્તકો 'ધ બેન્ચ, ધ બાર, એન્ડ ધ બિઝાર અને ધ લોફુલ એન્ડ ધ ઓફુલ'નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, 'લોકશાહીની શક્તિ સંઘર્ષથી નહીં પરંતુ સંસ્થાકીય સંતુલન અને બંધારણીય ઔચિત્ય પ્રત્યેના પરસ્પર આદરથી આવે છે.'

કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચેના સારી રીતે સંતુલિત સંબંધોને વધુ મજબુત કરવા આપણે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'દેશના લોકોને શ્રદ્ધા છે કે જો તેમની સાથે કોઈ અન્યાય થશે તો બંધારણ જીવંત અને જાગ્રત છે.'

'સામાન્ય નાગરિકની ન્યાય માટેની આશા એ સામાજિક સંતુલન અને રાષ્ટ્રના ચારિત્ર્ય બંનેનું મહત્વનું પ્રતિબિંબ છે. આ સિસ્ટમમાં હજુ પણ અસ્તિત્વમાં રહેલી નાની ખામીઓને ઓળખવાની અને તેને સુધારવાની જવાબદારી આપણા સૌની છે અને તે સુધારવા માટે ન્યાયતંત્ર અને કારોબારી બંનેએ સાથે મળીને કામ કરવું જોઈએ.' તેમણે ઉમેર્યું હતું કે આ માટે નક્કર અને સમયબદ્ધ રોડમેપ સાથે આગળ વધવાની જરૂર પડશે.

૭૬ વર્ષમાં કદાચ બહુ ઓછા દેશો આ તમામ બંધારણીય પરંપરાઓ અને મૂલ્યોને જાળવી રાખીને આગળ વધ્યા હશે.

Feelings મિર્ચી

## હા, હું ગુજરાતી છું.

માનવતા મારી નસેનસમાં છે.
સ્નેહમાં શક્તિ છું.
સેવામાં ભક્તિ છું.
દાનમાં અંકિત છું.
હું 'એકતા'નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.

વીરતા મારા રોમેરોમમાં છે.
સત્યનો ઉપાસક છું.
અહિંસાનો આરાધક છું.
પ્રેમનું અમૃત છું.
હું 'વિશ્વશાંતિ'નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.

વ્યાપાર મારી રગેરગમાં છે.
પ્રકૃતિમાં સાહસિક છું.
પ્રતિષ્ઠામાં યુગાનુયુગ છું.
પ્રદક્ષિણામાં વિશ્વપ્રવાસી છું.
હું 'પ્રગતિ'નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.

'વસુધૈવ કુટુંબકમ્' મારા શ્વાસેશ્વાસમાં છે.
દ્વારકાધીશની વાંસળીમાં 'ગીતા'નો સહવાસ છે.
ગાંધી, સરદાર અને નરેન્દ્ર મોદીની 'નિડરતા'નો
અહેસાસ છું.
મહાકાળીની હારમાળામાં આતંકીનો વિનાશ છું.
હું 'મહાશક્તિ'નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.

યાંત્રિક દુનિયાના જગે-જગમાં છું.
શ્રદ્ધા - આસ્થાનો ધોધ છું.
દયા - કરુણાનો બોધ છું.
પરંતુ, પ્રતિરોધમાં તાંડવનો ક્રોધ છું.
હું 'શિવ સોમનાથ'નું પ્રતીક છું.
હા, હું ગુજરાતી છું

– ભરત પંડ્યા

## એક ડિલિવરી જે જીવન બદલી ગઈ

હું એક ડિલિવરી બોય છું અને મોટાભાગે સાંજની શિફ્ટમાં કામ કરું છું. એક સામાન્ય દિવસની જેમ તે દિવસ પણ કામ ચાલુ હતું. રાત્રે લગભગ ૯ વાગ્યે મેં છેલ્લો ઓર્ડર ઉપાડ્યો. રેસ્ટોરન્ટમાંથી પેકેટ હાથમાં લીધું ત્યારે ધ્યાન ગયું કે ઓર્ડર ખૂબ જ નાનો હતો-સાદી ખીચડી, દહીં અને બે કેળાં.

સરનામું શહેરના જૂના વિસ્તારમાં આવેલી એક જર્જરિત બિલ્ડિંગનું હતું. ત્રીજા માળે પહોંચી ડોરબેલ વગાડી. થોડી પળોમાં દરવાજો એક વૃદ્ધ અમ્માએ ખોલ્યો. સફેદ વાળ, કાંપતા હાથ અને આંખે જાડા ચશ્માં-ચહેરા પર થાક હોવા છતાં અવાજમાં મીઠાશ હતી.

તેમણે ધીમેથી કહ્યું, 'બેટા, જરા અંદર મૂકી દે હાથ કાંપે છે.'

હું ખાવાનું અંદર મૂકી પાછો ફરવા લાગ્યો, ત્યારે તેમણે વિનંતી કરી, 'બે મિનિટ બેસીશ? એકલા ખાવું ગમતું નથી.'

શિફ્ટ પૂરી થઈ ગઈ હતી અને હું થાકેલો પણ હતો, છતાં કોઈ અજાણી લાગણીથી હું બેસી ગયો. રૂમમાં સન્નાટો હતો. દીવાલ પર જૂની ઘડિયાળ ટક-ટક કરતી હતી, ખૂણામાં ભગવાનની નાની તસવીર અને સામે દીવાલ પર અનેક જૂના ફોટોગ્રાફ્સ લાગેલા હતા.

અમ્મા ધીમે ધીમે ખીચડી ખાવા લાગ્યાં. દર બે કોળિયા પછી મારી તરફ જોઈને હળવું સ્મિત કરતા. થોડા સમય પછી તેમણે વાત શરૂ કરી- 'હું રોજ બહારથી ખાવાનું મંગાવતી નથી બસ મન થયું કોઈ માણસનો અવાજ સાંભળવાનું.'

તેમણે ફોટાઓ તરફ ઈશારો કરીને તેમના જીવનની વાતો શેર કરી. પતિનું પાંચ વર્ષ પહેલાં અવસાન થયું હતું. દીકરો કેનેડામાં રહેતો અને દીકરી બેંગલુરુમાં. બંને પોતાની દુનિયામાં વ્યસ્ત-પૈસા તો મોકલતા, પણ સમય નહોતો.

થોડીવારની શાંતિ પછી તેમણે એક વાત કહી, જે મારા દિલમાં ઊંડે ઉતરી ગઈ – 'મા-બાપ પૈસા ગણતા નથી બેટા અવાજ ગણતા હોય છે.'

આ શબ્દોએ મને અંદરથી ઝંઝોળી નાખ્યો. હું વિચારવા લાગ્યો કે મે પોતે કેટલાય દિવસોથી મારી માને ફોન કર્યો નહોતો.

ખાવાનું પૂરું થયા પછી તેમણે ૫૦૦ રૂપિયા મારી તરફ ધર્યા અને કહ્યું, 'આ ટિપ નથી આ એ અડધા કલાકની કિંમત છે, જેમાં તેં મને એકલા ખાવા ન દીધી.'

મારો ઈનકાર છતાં તેમણે હસીને કહ્યું, 'આજે તે ખાવાનું પહોંચાડ્યું નથી, સાથ પહોંચાડ્યો છે.'

તે રાત્રે બિલ્ડિંગની નીચે ઊભા રહી મેં બાઈક સ્ટાર્ટ કરવાને બદલે પહેલાં મારી માને ફોન કર્યો. સામેથી અવાજ આવ્યો 'આજે અચાનક? બધું ઠીક છે ને?' બસ એટલું સાંભળતાં જ ગળું ભરાઈ આવ્યું. મેં કહ્યું, 'હા મા બસ તમારો અવાજ સાંભળવો હતો.' એટલું કહી હું રડી પડ્યો.

આ ઘટના પછી મારી દૃષ્ટિ બદલાઈ ગઈ. ડિલિવરી હવે માત્ર કામ ન રહી. દરેક દરવાજા પાછળ એક અલગ કહાનીઓ હોય છે – ક્યાંક એકલતા, ક્યાંક રાહ, ક્યાંક કોઈનો અવાજ સાંભળવાની ઈચ્છા.

બે મહિના પછી ફરી એ જ સરનામે ઓર્ડર આવ્યો. હું ઉત્સાહથી ગયો, પણ દરવાજો પાડોશીએ ખોલ્યો. તેમણે જણાવ્યું કે, 'અમ્માનું ગયા અઠવાડિયે અવસાન થઈ ગયું.'

તેમણે મને એક નાનું કવર આપ્યું, જે અમ્માએ મારા માટે રાખી મૂક્યું હતું. અંદર ૫૦૦ રૂપિયા અને એક ચિઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું કે, 'બેટા, જો આ વાંચી રહ્યો છે, તો હું જતી રહી છું. આભાર તે રાત્રે મારી સાથે જમવા બદલ. તેં મને ખાવાનું નહીં, સન્માન આપ્યું. અને હા, મા ને ફોન કરતો રહેજે – અમ્મા.' આજે પણ એ ૫૦૦ રૂપિયા હું મારી બેગમાં સાચવીને રાખું છું. કારણ કે એ માત્ર પૈસા નથી- એ એક બોધ પાઠ છે.

આ અનુભવથી મને સમજાયું કે દરેક ડિલિવરી માત્ર એક ઓર્ડર નથી. ક્યારેક તે કોઈની એકલતાનો જવાબ હોય છે, ક્યારેક એક અંતિમ વાતચીત.

અંતે વાત એટલી જ છે- આપણે સૌ કોઈ પોતાની ભૂખ લઈને જીવીએ છીએ. કોઈને રોટલી જોઈએ, કોઈને દવા અને કોઈને બસ બે મિનિટનો સાથ.

'ક્યારેક માણસને પૈસા નહીં, માત્ર હાજરીની ડિલિવરી જોઈએ છે.'

'શ્વાસ, સંબંધો, સંદર્ભો સૌ વેરણ છેરણ
ક્ષણે ક્ષણે હું જીવી લઉં છું ઉભડક જેવું..!'

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road,
Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah



SBI
The banker to every Indian
Happy New Yono
આ નવા વર્ષે,
દરેક ભારતીયની બૅન્ક દરેક
ભારતીયને બનાવે છે વધુ સક્ષમ
All-new
Yono SBI
Yono SBI
તદ્દન નવું Yono આવી ગયું છે
ખરા અર્થમાં ઓમ્નિચૅનલ બૅન્કિંગ;
એક ડિવાઈસ પર શરૂ કરો, બીજા પર પૂરું.
બાયોમેટ્રિક ઑથેન્ટિકેશન, ઈ-સીક્યોર લૉક સાથે વધારાની સીક્યોરિટી
તમારા વ્યક્તિત્વ અનુસાર તૈયાર કરાયેલ હાઈપર-પર્સનલાઈઝ્ડ અનુભવો
અનોખી ખૂબીઓ જે સહજ અને બહુભાષી છે
સમજદારી ભર્યાં નિર્ણયો માટે ગેમિફાઈડ ક્રેડિટ ઈનસાઈટ્સ અને ગોલ પ્લાનિંગ
બૅન્કિંગની તમારી યાત્રાને સક્ષમ
બનાવવા હમણાં જ ડાઉનલોડ કરો
NEW
Yono SBI
એપ
ઈન્ટરનેટ બૅન્કિંગ
શાખા
સહાયતા માટે 1800 1234 | 2100 પર કૉલ કરો અથવા મુલાકાત લો sbi.bank.in
અમને અહીં ફૉલો કરો

# આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

**સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા**

રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

વૃદ્ધિ એ જ જીવન